# ભગવતી સૂત્ર

## ગુર્જર ભાષાંતર.

પ્રથમ ભાગ.

ભાષાન્તરને શુદ્ધ રીતે તપાસનાર ધર્મોપદેષ્ઠા વિદ્યાસાગર
ન્યાયરત્ન મુનિ મહારાજશ્રી **શાંતિવિજયજી.**

પ્રથમ આવૃત્તિ. નકલ ૧૨૦૦

સંવત ૧૯૭૪.

પ્રગટ કર્તા.

પુરૂષોત્તમદાસ ગીગાભાઇ શાહ.

અધિપતી જૈનશાસન—ભાવનગર.

કીંમત અઢીરૂપીયા.

ભાવનગર.
ધી વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ પુરૂષોત્તમદાસ ગીગાભાઇ
પાંચભાયાએ પોતાને માટે છાપ્યું.

# समर्पण.

ઉદારચિત સ્વધર્મ બંધુ.

રા. રા. શેઠ **પુનમચંદ કરમચંદ.**

કોટાવાલા નિવાસ—પાટણ.

શ્રીમંતોનું કર્તવ્ય લક્ષ્મીનો સદ્વ્યય કરવો તેમાંજ સમાયેલું છે, લક્ષ્મિવાન કરતાં કીર્તિવાન પુરૂષ હમેશાં અમર જોવાય છે, આપની કીર્તિ સ્વધર્મ પ્રત્યે તેમજ સ્વકોમના નિરાધાર પુરૂષોને પ્રેમ ભરેલી લાગણીયે ઉદાર આશ્રય આપવામાં સમાયેલી જોવાય છે.

આપશ્રીને એક ઉદાર વૃતિવાળા તેમજ વિરલ સત્ય કાર્યોના પોષક તરીકે કાર્ય કરતા જોઇ, આપની ધાર્મિક તેમજ દિનજનોના તરફ પ્રેમ વાત્સલ્ય ભરેલી અમીની દ્રષ્ટિ જોઇને મને અપાર આનંદ થાય છે.

આ સામ્રાજ્યમાં શ્રીમંત એ એક સત્તાવાન વ્યક્તિ છે એ ખરૂં ? પરંતુ તે સત્તાનો સદ્ઉપયોગ કરનાર આ જગતમાં તો આપણને ભાગ્યેજ મળી શકે છે.

આપને ગુર્જર સાહિત્યપર તેમજ ધર્મોન્નતિપર પૂર્ણ પ્રેમ દ્રષ્ટિ છે અને તેને ખીલાવવા આપ આપની લક્ષ્મિનો સદ્વ્યય હમેશાં સહાયતા આપી કરો છો તેજ તમારી ઉદારતાની સાબીતી થાય છે.

આપે આ ગ્રંથને બહાર લાવવા જે ઉદારતા બતાવી છે તેને માટે હું આપનો ઉપકારી છું અને આપના આવા અલંકારો ભૂષિત કાર્યોને અવલંબી આ પુસ્તક સહૃદય-આપનેજ અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. આપનો.

**પુરૂષોત્તમદાસ ગીગાભાઇ શાહ.**

# શ્રીમાન શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાનું જીવન વૃત્તાંત.

**જીવન વૃત્તાંતો**

ભૂતકાળના આદર્શો એ વર્તમાન જગતની અઢળક સમૃદ્ધિ છે. જે શક્તિ, સંપત્તિ અને વિજ્ઞાન અત્યારે આપણી પાસે છે તે ભૂતકાળ જ આપણા માટે મૂકી ગયો છે અને ભૂતકાળ ઉપર જો પડદો નાખી દેવામાં આવે તો પ્રાણીમાત્ર તત્કાળ દુઃખ અને ત્રાસનો જ ભોગ થઇ પડે; આથી કરીને ભૂતકાળની સમૃદ્ધિનો સંગ્રહ કરવાને અનેક માર્ગો યોજાયા છે. ઇતિહાસ અને જીવન ચરિત્રો એ ભૂતકાળના આદર્શો છે, અને વર્તમાનકાળની ઘટનાઓ જે ઇતિહાસોમાં આલેખાશે તથા વર્તમાન વીરાત્માઓનાં જીવનના જે વૃત્તાંતો લખાશે તે પણ ભવિષ્યની પ્રજાનો આદર્શ બનશે. જીવનવૃત્તાંતો મહાન પુરૂષોનાં જ લખાવા જોઇએ કારણકે વાંચનારાની નીતિરીતિ પર તેની સચોટ અસર થાય છે. જેમના જીવનની ઘટનાઓ મનુષ્ય સમાજને અનુકરણિય હોય, જેમના પુરૂષાર્થોમાંથી બુદ્ધિમાનોને કંઇને કંઇ નવિન શીખવાનું હોય અને જેમના જીવનના હેતુઓ મનુષ્યોનાં અંતઃકરણોમાંના દૈવી અંશોને જાગ્રત કરી શકે તેમ હોય તેમનાંજ જીવનવૃત્તાંતો સમાજને ઉપયોગી છે: આદર્શમય જીવનનો સમાજને અભ્યાસ કરાવવો એ લેખકોનો પરમધર્મ છે અને જેમાં આદર્શ જેવું કાંઇ ન હોય તેવો બોજો સાહિત્યમાં ઉમેરવો એ સાક્ષરોની માતૃભાષા તરફ કૃતઘ્નતા છે-- આત્મદ્રોહ છે.

**શેઠ કોટાવાળા**

આ જીવન વૃત્તાંત પાટણ નિવાસી એક કુલિન વંશના સુપ્રસિદ્ધ પરોપકારી જૈન સદ્‌ગૃહસ્થનું આલેખાય છે અને એમના પુરૂષાર્થમય જીવનમાં જે સુંદર પ્રસંગો બન્યા છે તે વાંચનારાને દૈવિસંપત્તિઓ આપી શકે તેમ છે. આ જૈન કોમનું રત્ન પાટણમાં જ નહિ પરંતુ હીંદુસ્થાનના જૈન જગત્‌માં અને સર્વત્ર તેજસ્વી ગણાયું છે એટલું જ નહિ પણ ઐતિહાસિક પ્રાચિનતા અને એ પ્રાચિનતા જે સમૃદ્ધિને માટે ગૌરવ ધરાવે છે તે સમૃદ્ધિનો જેમ પાટણ શહેરે સંગ્રહ કરી રાખ્યો છે અને તેના માટે તે શહેર મગરૂર છે તેમ "કોટાવાળા" જેવું ખાનદાન કે જે પાટણના પ્રાચિન નામાંકિત શેઠી-

ઓનું સ્મરણ કરાવે છે તે પોતાના પ્રતાપિ ઉત્સંગમમાં રાખવાને માટે પણ પાટણને કાંઇ ઓછું માન નથી.

રાજકીય ઉથલ પાથલને લીધે છેલ્લાં થોડાક સૈકાઓમાં પાટણ શહેરે ઘણાં મોભાદાર અને યશસ્વી કુટુંબો પરદેશને સોંપ્યાં છે અને પરદેશમાં પડી રહીને માત્ર ( પટણી ) અટક કાયમ રાખી પાટણની ભૂમિનું ઋણ તેઓ ચુકવે છે પરંતુ આ એક જુના ખાનદાન કુટુંબે પાટણની પડતી અને અવનતિના સમયમાં પણ જન્મભૂમિનો પ્યાર અને તેના પ્રતિનું સન્માન છાતી સરસું રાખ્યું છે અને પોતાની કીર્તિને પાટણની કીર્તિથી કદી પણ જુદી પાડી નથી એ માટે એક વખત પાટણના છત્ર નીચે જે જે વિશાળ પ્રાંતોએ સુખ અને સમૃદ્ધિ તથા ધર્મ અને ફરજોનો પુષ્કળ લાભ લીધો છે તે સર્વ પ્રાંતો આ મોભાદાર અને જુના ખાનદાન-કુટુંબને માટે મોટું માન ધરાવે છે અને ભવિષ્યના પાટણનો ઇતિહાસ ' કોટાવાળા ' ના ખાનદાનથી છુટો પડી શકતો નથી.

**જન્મ અને આપત્તિમાં પૂણ્ય પ્રભાવ.**

વિક્રમ સંવત ૧૯૩૦ ના જેઠ શુદ ૧૧ ના દિવસે આ શ્રીમાન્ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાનો જન્મ થયો હતો અને જન્મ પછી છઠ્ઠે જ દીવસે તેમનાં માતુશ્રી ચંદનબાઇનો દેહ વિલય થયો હતો. હજુતો માતુશ્રીનું ધાવણ રગેરગોમાં પ્રસરે તે પહેલાં જ જે બાળક માતા વિનાનું થઈ પડે તેના કષ્ટની સીમાજ શી ? પણ પૂણ્યશાળી અને સંસ્કારી બાળકોની પરિક્ષા પારણામાં જ થયા વિના રહેતી નથી ' પુત્રનાં લક્ષણ પારણે ' એ ગુજરાતી કહેવત આ વાતની સાક્ષી પુરે છે અને શેઠ પુનમચંદના જીવનના છઠ્ઠા જ દીવસે તેમનાં પૂર્વનાં પૂણ્યો અને સંસ્કારોએ એક અદ્ભૂત ઘટના બની છે કે જે વાંચતાં વાંચનારને આનંદ અને આશ્ચર્ય થયા વિના રહેશે નહિ. શેઠ પુનમચંદના પિતા શેઠ કરમચંદ કોટાવાળા ઘણા ધાર્મિક અને નીતિજ્ઞ પુરૂષ હતા પરંતુ કેટલાક કારણોને લઈ દ્વિતિય લગ્ન કરવું પડયું હતું; આમ છતાં બન્ને સપત્નિઓ વચ્ચે સગીબ્હેનો જેવો સ્નેહ હતો અને ચંદનબાઇના મૃત્યુ સમયે આ બાળક કુદ્રતી રીતેજ તેમનાં અપરમાતા ઝરમરબાઇના ખોળામાં સોંપાયું. અત્યંત મમતા અને વાત્સલ્યથી પોતાનો જ પુત્ર હોય તેમ લાગણીથી ઝરમરબાઇએ એને ઉછેરવાની અંતઃકરણની ઇચ્છા ધારણ કરતાં જ અપરમાતાના સ્તનમાં પૂર્વના પૂણ્યોએ ધાવણનો સંચાર કર્યો અને આ પવિત્ર વિચારો અને ઉચ્ચ કુલિન સંસ્કારોવાળાં અપરમાતાએ શેઠ પુનમચંદને પુર્ણિમાના ચંદ્ર સમાન

શાંત, તેજસ્વિ અને પરોપકારી બનાવ્યા. આજે એ માતા આ જગતમાં હસ્તીમાં નથી પણ પુત્ર વાત્સલ્યનો એક અદ્ભુત સિદ્ધાંત તેમના યશનું ગાન કરી રહ્યો છે.

**દીલ્હી દરબારને લગતા એક પુસ્તકમાં તેમનો પરિચય**

શેઠ પુંનમચંદ કરમચંદ કોટાવાળાનો પરિચય કરાવતા 'ધી ઇમ્પીરીયલ કોરોનેશન દરબાર–દીલ્હી (ઇ. સ. ૧૯૧૧) ના પ્રથમ વોલ્યુમમાં તેના પ્રકાશક મેસર્સ ઓડીયા બ્રધર્સ આ પ્રમાણે લખે છે:–

Seth Punemchand K. Kotawala is an inhabitant of Patan in the Gaikwar's territory. His ancestors opened a cloth shop in Kota 150 years ago, His age is 37 years and is a Jain by nationality and when his father died he fed 1,00,000 persons in his district in a particular day since then this day is being observed as a holiday in the district.

He was the chairman of the reception committee of the Jain conference held at Patan and his speech deliverd on this occasion was really very instructive and full of high ideals. He was a member of His Highness the Gaikwar's Council and is still the President of the Mahajana Sabha of Kadi. He is a pioneer merchant of opium, jewellery and corn.

There is a famine in Gujarat this year, and he has opened a charitable house where he gives food to the poor without having any cast distinction. Amongst his charities a few may be mentiond, different Jain Siarths 2,00,000, help different Jain Funds, 1,00,000 one dinner to residents of Patan, 40,000, Ujamnas (Jain ceremony) Rs. 25,000, several others of lakho of rupees.

( The Imperial coronation Dabar illustrated ) Delhi 1911, in his Vol. I. publisher Mr. Khoda bros. Wits. )

સંવત ૧૭૦૦ માં ગુજરાતમાં ભારે દુષ્કાળ પડયો હતો તે વખતે શેઠ પુનમચંદજીના પૂર્વજોએ ધંધારોજગારને ખીલવવાને અને દિનપ્રતિદિન પડતી આવતા પાટણ શહેરને ધકો આપવાને પરદેશ-પ્રયાણ કર્યું. શેઠ પાનાચંદજી અને ઉત્તમચંદજી બન્ને ભાઈઓએ ઉત્તરહીંદમાંજ કોટા શહેર વ્યાપાર માટે પસંદ કર્યું અને પાટણ નિવાસી શા. નાથુરામ વખતરામના ભાગમાં કાપડની દુકાન ત્યાં ખોલી; અને ત્યાર પછી પેઢી ઉતાર લગભગ સવાસો વરસો પર્યંત તે દુકાન સહીયારી ચાલ્યા પછી સં. ૧૮૨૨ માં ભાગથી છુટા થઇને શેઠ ઉત્તમચંદજીના પુત્ર શેઠ મોતીચંદજીએ " પાનાચંદ ઉત્તમચંદજી " ના નામથી કાપડની સ્વતંત્ર દુકાન શરૂ કરી અને પુરૂષાર્થ તથા પુણ્યના ઉદયથી દિનપ્રતિદિન યશ અને લક્ષ્મિની સંવૃદ્ધિ થવા લાગી.

**કોટા.**

શેઠ મોતીચંદ કોટાવાળાનાં ત્રીજાં પત્નિ શ્રીમતી ભાગ્યવંતબાઇને સં. ૧૮૭૮ માં બે પુત્ર થયા:૧. ભવાનીલાલજી અને ૨,કરમચંદજી. પુત્રોને બાલ્યાવસ્થામાં મુકીને જ શેઠ મોતીચંદજી પંચતત્વ પામ્યા હતા પરંતુ ભાગ્યવંતબાઈ ખરેખર ભાગ્યવંત જ હતાં અને પોતાની બાહોશીથી દુકાનનો સર્વ વહીવટ તેમણે મુનીમ હસ્તક ઉમંગથી સંભાળ્યો. બન્ને પુત્રોને પોતાની કુશળતાના સંસ્કારો જન્મથી જ આપ્યા અને વ્યાપારિક દક્ષતા પણ શીખવી. ઉમરલાયક થતાં બન્ને ભાઇઓ છુટા પડ્યા અને શેઠ કરમચંદ કોટાવાળા કે જેઓ શેઠ પુનમચંદ કોટાવાળાના પિતા થાય તેમણે ઉત્તરહીંદમાંથી ગુજરાતમાં વ્યાપારિક દ્રષ્ટિ દોડાવી. ગુજરાતમાં પાદશાહોનું પાયતખ્ત અમદાવાદ શહેર આળસ મરડી ઉભું થયું હતું અને શ્રીમાન્ રણછોડભાઇ ( સર ચીનુભાઇનાદાદા ) નવિન ઉદ્યોગનો આસ્વાદ ચખાડતાં જાગૃતિ આવી હતી. આ જાગૃતિનો લાભ શેઠ કરમચંદ કોટાવાળા જેવા ગુજરાતના કુલિન સુપુત્ર જવાદે તેમ ન હતું અને હીંમત તથા વ્યાપારિક જુસ્સો તેઓને અમદાવાદ ખેંચી લાવવાને સમર્થ નીવડયો હતો. શેઠ કરમચંદજીએ અમદાવાદમાં મીલ મોરગેજ રાખી લઈ પોતાનો વ્યાપાર વધાર્યો અને પ્રમાદની રાત્રીમાંથી ગુજરાત જ્યારે જાગ્યું ત્યારે ઉદ્યોગના બાલસૂર્યે પ્રતાપી કીર્ણોથી ગુજરાતના શેઠીઆઓ પર જે પ્રકાશ ફેંકયો હતો તેનાથી શેઠ કરમચંદજી પણ તેજસ્વી અને યશસ્વી સ્મિત કરી રહ્યા હતા. પ્રારબ્ધ અને પુરૂષાર્થ તથા હીંમત અને ડહાપણ ભરેલા સાહસથી તેઓ આગળ પડતા વ્યાપારિ ગણાતા હતા અને

આજે તેમનું કુટુંબ જે માન મરતબો ભોગવે છે તે એ દૈવિ સદ્ગુણોથી પ્રાપ્ત થયો છે.

શેઠ કરમચંદજી કોટાવાળા ફક્ત સમૃદ્ધિ અને સામર્થ્ય નીવૃદ્ધિ કરીનેજ અટક્યા ન હતા પણ ઘણાં ધાર્મિક કાર્યો અને પરમાર્થો તેમના હાથે થયાંછે અને લાખ્ખોરૂપીઆનો સદુપયોગ દાનપૂણ્યમાં તેમણે કર્યોછે. તેમના વખતમાંતો રેલ્વેની પણ આટલી બધી સગવડ ન હતી અને છતાં પણ ઘણી દૂર દૂરની જૈન તિર્થોની વારંવાર યાત્રાઓ તેઓએ કરી હતી અને શ્રી સંઘને પણ કરાવી હતી. તારંગાજી, કેશરીયાજી, કુંભારીયાજી, અમદાવાદ, પાવાગઢ, ઘાણેરાવ, શેત્રુંજયજી, અને ગીરનારજીનાસંઘો તેઓએ કહાડયા હતા અને લગભગ એક લાખ રૂપીઆ તેમાં તેમણે ખર્ચ્યા હતા. પાલીતાણાના ડુંગરપર તેમણે દેરાસર પણ બનાવ્યું છે અને ધર્મશાળા જૈન યાત્રાળુઓની સગવડ અર્થે બંધાવી છે. પાટણમાં પણ તેઓએ ઘર દેરાસર બનાવેલું છે તેમજ ઉજમણાઓ, સ્વામિવાત્સલ્ય અને નોકારશીઓ કર્યાં છે. પાટણમાં પંચાસરાની પાસે શ્રીથમણાજીની ધર્મશાળા પણ લગભગ વીસહજારના ખર્ચે બંધાવી છે અને જુદી જુદી ટીપોમાં પણ હજારો રૂપીઆ તેઓએ આપ્યા છે.

**શેઠ કરમચંદજી કોટાવાળા.**

શેઠ કરમચંદજી પુરૂષાર્થ અને પરમાર્થ ઉભયમાં આગળ પડતા પુરૂષ હતા. ધનાઢયતાનો ગર્વ તેમનામાં લેશ પણ ન હતો અને ઘણુંજ સાદું તથા ધાર્મિક જીવન તેઓ વ્યતિત કરતા હતા. લાખો રૂપીઆની સમૃદ્ધિ અને વૈભવના તેઓ માલીક હોવા છતાં સર્વથી સમાનભાવે વર્તતા હતા અને તેથી કરીને શેઠ પુનમચંદજીને પણ જન્મથીજ ઉત્તમ સંસ્કારો પડયા હતા. શેઠ પુનમચંદજી પોતાની ત્રીશ વર્ષની વય પર્યંત પોતાની મુખ્ય દુકાન કોટામાં હોવાથી કોટામાં રહ્યા હતા. સં. ૧૯૫૦ માં તેઓએ હૈદ્રાબાદ તરફ પહેલી જ મુસાફરી કરી અને ત્યાર પછી પોતાના પિતાની સાથે વ્યાપારનો કાર્યભાર ઉપાડવો શરૂ કર્યો. અને અફીણના, ઝવેરાતના તથા સમય ઓળખી અનેક વ્યાપારોદ્વારા તેમણે પણ પિતાની સમૃદ્ધિમાં ઘણી જ સંવૃદ્ધિ કરી એટલું જ નહિ પણ પરોપકારનાં અને ધર્મનાં કાર્યોમાં પિતાના પગલે ચાલી ઔદાર્ય દર્શાવી મોટી સખાવતો અને દાનો કરવા ઉપરાંત પ્રજાની સામાજીક સેવા બજાવવાના નવિન ક્ષેત્રમાં પણ તેમણે

**શેઠ પુનમચંદ કોટાવાળા**

વીરહાક કરી અને ઘણો યશ સંપાદન કર્યો. ધાર્મીક જુના વિચારો અને રાષ્ટ્રિય નવિન વિચારોનું ઉમદા સંમીલન થઇ તેમના આત્મા ઉપર પ્રકાશ ફેંકવા લાગ્યું અને કર્તવ્યના વિસ્તૃત ક્ષેત્રમાં થાકયા વિના ઉત્સાહથી પ્રવૃત્તિ કરવા માંડી: આજ ભારતવર્ષમાં કેળવાયેલી પ્રજા તેઓને સારીરીતે ઓળખે છે અને તેમના નામપર ગુજરાતની પ્રજા હર્ષોદ્ગાર કહાડે છે એ તે અશ્રાંત કર્તવ્ય પરાયણતાનુંજ પરિણામ છે.

**વિદ્યાભ્યાસ.**

શેઠ પુનમચંદજીએ ગુજરાતી, ઇંગ્રેજી અને અને પર્શ્યનભાષાનું સારૂ શિક્ષણ લીધું છે. તેઓ વિશેષે કરીને ગુજરાતી અને ઉર્દુ સાહિત્ય તરફ ઘણી રૂચિ ધરાવે છે અને માતૃભાષા ગુજરાતીને માટે ઘણી લાગણી અને પ્યાર ધરાવે છે. સંગીત અને સાહિત્યને પરસ્પર ગાઢ સંબંધ છે અને તેથીજ " साहित्य संगीत कला विहिनः साक्षात् पशु पुच्छ विशाण हिनः । એ લોકોક્તિ આપણામાં પ્રચલિત છે. શેઠ પુનમચંદજી:સંગીતનો પણ સારો શોખ ધરાવે છે અને સંગીત વિદ્યાના જાણકારોની કદર કરતા રહે છે. સંગીત વિષયક તાલસુર અને મૂર્છનાઓ વગેરે ભેદોપભેદોનું વિશાળજ્ઞાન તેઓ ધરાવે છે. ગુજરાતમાં બીજી કોમો કરતાં જૈન કોમે સંગીતવિદ્યાનું ઉત્તમ પ્રકારે સંરક્ષણ કર્યું છે. ભોજક જેવી કળાવંતકોમ જૈનોના ઉદાર આશ્રયે પોષાય છે. શેઠ પુનમચંદજીને રાહદારી ધાર્મિક સ્તવનનોપર ઘણો પ્રેમ છે અને સંગીત ખરેખર એવી પવિત્ર ચીજ છે કે શ્રદ્ધા, સ્તવન અને સંગીતની એકતા થતાં મનુષ્યને પ્રભુસાથે એકાગ્રહ બનાવી દે છે. આ અનુભવતો ખરેખરા ધર્મ વીરોનેજ મળી શકે છે. અને શેઠજીએ ધાર્મિક અભ્યાસ પણ યતિ શ્રીચંદજી ગુરૂપાસે ઉત્તમ પ્રકારે કર્યો હતો.

**પિતાનો દેહાન્ત.**

ઈ. સ. ૧૯૦૪ ના જુન મહીનાની ૮ મી તારીખની રાત્રીએ પાલીતાણામાં એક માસની માંદગી ભોગવી શેઠ પુનમચંદજીના પવિત્ર પિતાએ જગતનો સંબંધ છોડવાના દુખઃદ્ ખબરો પાટણમાં આવ્યા. પાલીતાણા જેવા પવિત્ર સ્થળમાં દેહત્યાગ થવો એ આપણી કોમમાં તો પુરા પુણ્યશાળીત્વનું ચિન્હ ગણાય છે. શહેરમાં વાયુવેગે એ વાત વિસ્તાર પામી અને શોક પ્રસર્યો: શેઠ કરમચંદજી કોટાવાળાએ પંચોતેર વર્ષનું આયુષ્ય ભોગવી પાટણની પ્રજાનું દીલ જીત્યું હતું તેનાં સ્થળે સ્થળે સ્મરણો થવા લાગ્યાં.

**"મુંબઇ સમાચારે" તેની નીચે પ્રમાણે નોંધ લીધી હતી:—**

"પાટણના રહીશ અને બુંદીકોટાના નામથી ઓળખાતા કોટામાં લાંબી મુદતથી પાનાચંદ ઉત્તમચંદના નામથી ચાલતી પેઢીના માલેક મી. કરમચંદ મોતીચંદ એક માસની માંદગી ભોગવી ગઇકાલ રાતના પાલીતાણા ખાતે ગુજરી ગયાના ખબર અત્રે ફરી વળ્યા છે + + + + તેમણે પોતાની કારકીર્દીમાં સંઘો કહાડ્યા હતા, ઉજમણાં માંડ્યાં હતાં, શાંતિ સ્નાત્રો, ધર્મશાળાઓ અને સ્વામિવાત્સલ્યો કર્યા હતાં. + + + + સં. ૧૯૨૨ ની સાલમાં શ્રી પુનમીયા ગચ્છના આચાર્ય શ્રી શાંતિસાગરસુરી પાસે કોટામાં પીસતાળીસ આગમ સાંભળ્યાં હતાં. + + + + સંવત ૧૯૫૫ ની સાલમાં પાટણના જૈન ભંડારોના કીમતિ પુસ્તકો લખાવવા માંડ્યાં તેમાં છુટે હાથે સારી મદદ કરી હતી. સવત ૧૯૫૬ ની સાલમાં ભયંકર દુષ્કાળના વખતે અનાથાશ્રમ ઉઘાડી ગરીબ લોકોને મદદ કરી હતી. એ શિવાય આ પરગજુ પરોપકારી ગૃહસ્થે શહેરમાં ગરીબ ગરબાંઓને છુટથી ગુપ્ત મદદ કરી નામના મેળવી હતી અને શહેરના તમામ નાના મોટાના મોઢે તેમનું નામ રમી રહ્યું છે. + + + + તેમણે પોતાની જીંદગીમાં લગભગ દશલાખની નાની મોટી ધર્મ માર્ગે રકમો ખર્ચી ધર્મદાન કર્યું છે. છેવટમાં તેમને તેમની જ્ઞાતિ તરફથી એક માનપત્ર ગયા ફાગણ માસમાં આપવામાં આવ્યું હતું. + + + + આ પરોપકારી શેઠને શ્રીમંત ગાયકવાડ સરકારે તેમની દુષ્કાળ વખતની લાંબી આશિષ, ગરીબો પ્રત્યેની લક્ષમાં લઇ કોર્ટમાં હાજર થવાની માફી બક્ષી હતી. મરનાર શેઠના એક પુરા પુત્ર મી. પુનમચંદ ઘણા ઉત્સાહી, નવા જમાનાને અનુસરતા સુધારા વધારા કરનારા છે. તેમણે થોડારોજ ઉપર પોતાની દીકરીનાં લગ્ન પ્રસંગે સુધારાને અનુસરતાં કાર્યો કરી નામના મેળવી છે. મરનાર કરમચંદ મોતીચંદના મરણથી પાટણની સમગ્ર પ્રજા દિલગીર થતાં તેમના માનાર્થે આજે હડતાળ પાડવામાં આવી હતી."

(મુંબઈ સમાચાર, શનિવાર તા. ૧૧ મી જુન
૧૯૦૪ સંવત ૧૯૬૦ જેઠ વદ ૩)

શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાની જાહેર સેવાઓનો પરિચય આપતાં પૂર્વે કાંઇક સાંસારિક ઘટનાઓ આલેખીએ છીએ.

**કંઇક સાંસારિક** સં. ૧૯૩૯ના વૈશાખ માસમાં પાટણમાં શેઠ નાગરદાસ ગુલાબચંદના દિકરા ઉજમલાલની પુત્રી શ્રીમતી સૌ. સમરતબાઇ સાથે શેઠ પુનમચંદજીનું લગ્ન હીંદુ રીતરિવાજ પ્રમાણે ન્હાની વયમાં થયું. શ્રીમતી સમરતબાઇને સં. ૧૯૪૬ માં શ્રાવણ વદ ૧૪ ના દિને

પુત્રી-મોતીબાઇનો જન્મ થયો. બ્હેન મોતીબાઇનાં લગ્ન બાબુજી પનાલાલજી પુનમચંદજીના પુત્ર શ્રીમાન્ મોહનલાલજી વેરે ઘણી ધામધુમથી કર્યાં. બ્હેન મોતીબાઇ સુશીલ, શાંત અને ગંભીર સ્વભાવનાં છે.

શેઠજીની વય ત્રીસ વર્ષની થતાં સુધી પુત્ર પ્રાપ્તી ન થવાથી શેઠજીનાં માતુશ્રીએ દ્વિતિય લગ્ન કરવા આગ્રહ કરવાથી તેમનાં ફરી લગ્ન સં. ૧૯૬૧ ના જેઠ શુદ ૫ ને રોજ પાટણમાં શેઠ ભીખાચંદ મહોકમચંદને ત્યાં શ્રીમતિ સૌ૦ મોતીબાઇ સાથે થયાં. સં. ૧૯૬૪માં શ્રીમતિ મોતીબાઇને પુત્ર રત્નની પ્રાપ્તી થઇ અને વર્તમાન પત્રોમાં ખુશ ખબરો પ્રગટ થયા હતા. પરંતુ કુદ્રતના અદ્રષ્ય નિયમોને મનુષ્ય શીરીતે જાણી શકે ? પુત્ર પ્રસવ પછી પંદર દીવસે જ તાવને લીધે શ્રીમતિ મોતીબાઇએ દેહ ત્યાગ કર્યો. શ્રીમતિ ઘણાં સભ્ય વિવેકી, વિનયી અને કાર્યદક્ષ હતાં તેમજ સંસ્કારી હતાં પણ પૂર્વના રૂણાનુબંધ પ્રમાણે તેમણે દેહત્યાગ કર્યા પછી એ વિયોગ પુત્રથી સહન થયો નહિ-તેણે પણ અસાર સંસારનો ૧૯૬૫ માં કાર્તીક શુદ બીજે ત્યાગ કર્યો.

સં. ૧૯૬૫ માં વૈસાખ સુદ ૫ એ શેઠ સાહેબે તૃતિય લગ્ન પાટણમાં જ શેઠ લહેરચંદ દેવચંદનાં પુત્રી શ્રીમતિ સૌ૦ હીરાલક્ષ્મી સાથે કર્યાં. શ્રીમતિ હીરાલક્ષ્મી પણ ઘણાં સભ્ય, વિનયી અને કાર્યદક્ષ છે, પ્રતિષ્ઠીત કુટુંબમાં ગૃહ કાર્યભાર કંઇ ઓછો હોતો નથી પરંતુ તે સર્વ તેઓ ઉત્તમ રીતે ઉપાડી લેવા ઉપરાંત ધાર્મિક અભ્યાસ અને સાહિત્યના અભ્યાસમાંયે સમય રોકે છે. ગુજરાતી ભાષા ઉપર અપાર મમતા તેઓ ધરાવે છે. સ્વભાવે શાંત સુશીલ અને સદ્‌ગુણી હોઇ તેઓ આદર્શ સન્નારી છે.

**શેઠ પુનમચંદજી ચોથી જૈનશ્વેતાંબર કોન્ફરન્સની રિસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે.**

શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ જૈન કોમની તન, મન અને ધન ત્રણે પ્રકારોથી અનેક સેવાઓ બજાવી છે. બીજી જૈન શ્વેતાંબરકોન્ફરન્સ મુંબાઇમાં ભરાઇ તે વખતે તેઓએ કોન્ફરન્સના ડેલીગેટોને ભારે માનપૂર્વક પાર્ટી આપી હતી અને દેશ પરદેશથી આવેલા જૈન બંધુઓનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો હતો. સંવત ૧૯૬૨માં ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ વખતે તેઓ રિસેપ્શન કમીટીના પ્રમુખ નીમાયા હતા અને પંદર વીસહજારનો ખર્ચ તેમણે ઉઠાવ્યો હતો. જ્ઞાનાંભોનિધિ પ્રદર્શનની સ્વાગત કમીટીના પ્રમુખ પણ તેઓ જ ચુંટાયા હતા કે જે પ્રદર્શન વડોદરા રાજ્યના સ્વ૦ દીવાન રોમેશચંદ્રદત્તના હસ્તે ખુલ્લુ મુકાયું હતું.

**હીસ્ટોરિકલ નોલેજ.**

શેઠ પુનમચંદજીએ જૈન ઇતિહાસોનું ઉત્તમ અવલોકન અને અભ્યાસ કરેલો છે અને કોન્ફરન્સનું સ્વાગત કરતાં તેમણે જે છટાદાર અને વિદ્વતાભર્યું ભાષણ કરેલું છે તે વાંચતાં તેમના ઐતિહાસિક જ્ઞાન માટે માન પેદા થયા વગર રહેતું નથી. વળી કેળવણી સંબંધી પણ તેમણે ઘણા ઉમદા વીચારો પોતાના ભાષણમાં દર્શાવ્યા છે.

**સ્વાગતનું ભાષણ.**

કોન્ફરન્સનું સ્વાગત કરતી વખતે તેમણે ઘણીજ ગંભીરતાથી શાંત અને ચિત્તાકર્ષક સ્વરે ભાષણ આપ્યું હતું. ભાષણમાં માતૃભૂમિ પરનો પ્યાર તેનો ઉજવળ ઇતિહાસ કહેતાં હૃદયમાં ઉમળકાઓમાં ઉછળતો તે કોન્ફરન્સમાં હાજર રહેલાઓએ જોયો હતો. વિદ્વતાભરી મધુર અને સંસ્કાર વાળી માતૃભાષા ગુજરાતીમાં તેમણે પોતાનું ભાષણ નીચે પ્રમાણે આપ્યું હતું:—

## "પરમપ્રિય સ્વધર્માનુયાયી બન્ધુઓ! બ્હેનો અને સદ્‌ગૃસ્થો!

"જુદાં જુદાં વૃક્ષોથી ખીચો ખીચ ભરાયેલું વન જોઇ સર્વને આનંદ થાય છે. એથી વિશેશ આલ્હાદ તરેહ તરેહનાં ન્હાનાં મ્હોટાં ફુલ વૃક્ષો, કુસુમલતાઓ, ભૂમિપર પથરાતી વેલો અને સુંદર સુશોભિત નવિન નવિન આકૃતિમાં ઉગાડેલા ઘાસથી દેદિપ્યમાન બાગથી થાય છે. એક સ્થાને ક્રમસર ફરનીચર ગોઠવવામાં આવે છે તો તે સ્થાન પણ રમણિય લાગે છે; તો આ મંડપમાં કે જેને પૂજ્ય ધર્માચાર્યો, ભિન્ન ભિન્ન નગરના વૃધ્ધો, ઉત્સાહી તરૂણો અને સ્ત્રી રત્નો અલંકૃત કરે છે તે મંડપ સૌને કેટલો મોદ આપે! સુર્યથી વિકાસ પામતા કમળને જોઇ હર્ષ થાય છે તો પછી જ્ઞાન સુર્યના ઉદયથી એક જ સ્થાને વદન કમળો તથા નયન કમળો હજારોના સમુહમાં વિકાસ પામતાં જોઈ કેટલો આનંદ થાય? આ આનંદનું વર્ણન ભાષાના કયા શબ્દોમાં કરવુ તે ભાષાનિપુણ માણસોને અરે! સરસ્વતિદેવિને માટે મુશકેલ છે તો હું શું કહિ શકું? તેથી માત્ર એટલુંજ કહેવું છે કે આપ સર્વ ધર્મશિલ બન્ધુઓને સામાન્યકાર્ય માટે બીરાજેલા જોઈ હું આનંદમાં ગરકાવ થઇ જાઉં છું અને તેના લીધે હું જે ફરજ બજાવવા ઉભો થયો છું તેમાં વિલંબ થતો હોય તો આપ બન્ધુઓની હું પ્રથમથી જ ક્ષમા ઇચ્છું છું.

\+ + + + + + + + +

"આજકાલ ધર્મ ગાઢથી, ગંઠાયેલા સ્વધર્મ અને જ્ઞાતિની ઉન્નતીના વિચારમાં પ્રેરાયેલા પોતાના વધુ-વસુ અને વિચાર થકી સંઘની સેવા બજાવવામાં તત્પર અને તેજ કાર્યમાટે પધારેલા પ્રતિનિધિ સાહેબોએ + + + + + + બંગાળ, પંજાબ, મારવાડ, દક્ષિણ, કચ્છ, ગુજરાત, આદિ પ્રથક પ્રથક પ્રદેશોમાંથી પધારી પાટણપુરને દીપાવ્યું છે + + + + + + તે માટે અમારા પાટણના સકળ સંઘ તરફથી આપને સહવિનય, સપ્રેમ, સહૃદય આવકાર આપું છું.

+ + + + + +

"બંધુઓ! આ પાટણપુર જેની પુરાણી ખ્યાતિ એટલી બધી છે કે તેનો મુકાબલો હાલનું પ્રથમ પંક્તિ ધરાવતું નગર પણ કરી ન શકે છતાં કાળક્રમે કરી તેના અભ્યુદય, વૈભવ, અને આબાદાનીનો અસ્ત થયો છે અને હાલ આપસાહેબોના સન્માનાર્થે યોગ્ય સામગ્રી પણ ધરાવી શકતું નથી. + + + + + +

અમદાવાદ, સુરત આદિ રમણિય તથા વ્યાપાર ધંધાની રીદ્ધિથી ભરપુર શહેરોના મુકાબલે પાટણનગર હાલ આવી શકે નહીં, પરંતુ તેનો પ્રાચિન ઇતિહાસ તેને આવા મંડપોને માટે સર્વરીતે લાયક બનાવે છે. આજ પાટણ શહેર પ્રાચિનકાળમાં ગુર્જરભૂમિનું અલંકાર હતું, સર્વ શહેરોમાં શ્રેષ્ઠ હતું. તેનો વૈભવ, તેની સમૃદ્ધિ, તેનો વ્યાપાર, ઉદ્યોગ, તથા કળાકૌશલ્યતા સર્વેને અજાયબ પમાડે તેવાં હતાં. પ્રાચિન પાટણનું વર્ણન વાંચતાં અને આજનું પાટણ નજરે જોતાં કોના મનને ક્ષોભ નથી થતો? જે પાટણપુરને બાવન બજાર ને ચોર્યાશી ચૌટાં હતાં, જેમાં હાથીઓ સોનાની અંબાડિ સાથે સજ્જ થતાં, જેમાં દેશ પરદેશના ગૃહસ્થો વ્યાપાર અર્થે આવતા, જેમાં એકી વખતે ક્રોડો રૂપીયાની સખાવત કરનારા ગૃહસ્થો બીરાજતા હતા, જેમાં રાજાઓ રાજમહેલ કરી રહેતા હતા, તે પાટણ શહેર આજ, એમ બોલતાં શોક નથી થતો! પાટણ શહેરનાં જૈનોની કેવી જાહોજલાલી હતી, તેમાં કેવાં જૈનરત્નો થઈ ગયાં છે + + + + પાટણના મહાન્ આચાર્યોએ મહાન રાજાઓએ, અને આપણા પૂર્વજોએ જે કાંઇ કર્યું છે તેના ફક્ત થોડા દાખલા આપ સાહેબો સામે રજુ કરવા લલચાઉં છું.

"પ્રથમ શીલગુણસુરી આચાર્યે આ પાટણ નગરના વસાવનાર મહારાજ વનરાજને જૈન શૈલીના ખરા રસ્તા બતાવી શ્રી પાર્શ્વનાથ સ્વામિના દેવાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ કરી શ્રી પંચાસરા પાર્શ્વનાથ નામ સ્થાપિત કર્યું હતું.

આ તિર્થ અધ્યાપિ પર્યંત વિદ્યમાન છે અને તેમાં વનરાજની મુર્તિ સેવક રૂપે બીરાજે છે.

" કળીકાળસર્વજ્ઞ નામે ઓળખાતા શ્રી હેમચંદ્રાચાર્યસુરીએ સિદ્ધરાજ તથા કુમારપાળરાજાને ધર્મબોધ આપ્યો હતો અને કુમારપાળે જીવદયાનો અમરઘોષ વજડાવ્યો હતો. + + + + તેમણે આપણુ કલ્યાણરૂપે સાઙત્રણકરોડ શ્લોક બનાવ્યાછે. તેમના ગ્રંથોમાં મુખ્ય(૧) સિદ્ધહેમ વ્યાકરણ (૨) હેમકોશ (૩) ત્રીષષ્ઠી શલાકા (૪) યોગશાસ્ત્ર (૫) વીતરાગ સ્તવન (૬) દ્રયાશ્રમ (૭) અભિધાન ચિંતામણી (૮) અલંકાર ચુડામણી (૯) નામ માળા (૧૦) નિઘંટુ શેષ (૧૧) છંદાનુશાસન (૧૨) લીંગાનુશાસન વગેરે છે. + + ++ આપણી કોમ ઉપર અગાધ ઉપકાર કરનાર અને પાટણપુરને માટે અમરકીર્તી મુકી જનાર આ આચાર્યશ્રીને અમો ભૂલી ગયા નથી + + + એમની પરમ પ્રાવનીય મુરતી પણ શ્રી પંચાસરા પાર્શ્વનાથના દહેરાસરમાં સ્થાપિત કરવામાં આવી છે. તથા ધર્મ સંબંધી વિવાદ કરી વિજય મેળવનાર તથા ચોરાશી હજાર શ્લોકોનો શ્યાદ્વાવાદ રત્નાકર નામનો ગ્રંથ લખનાર શ્રી અજીત દેવસુરી પણ આ શહેરમાં થયા હતા. તેમજ શ્રી હેમકુમારચરિત્ર કર્તા શ્રી સોમપ્રભાચાર્ય, કાવ્યકલ્પલતા તથા બાળભારત વગેરેના કર્તા શ્રી અમરચંદ્ર કવિ જેમની મૂર્તિ હાલ પણ ટાંગડીયાવાડામાં વિદ્યમાન છે, તથા ઉપદેશ માલાદિના કર્તા શ્રી રત્નપ્રભાચાર્ય, કાવ્યપ્રકાશના પ્રથમ ટીકાકાર શ્રી માણેકચંદ્રસુરી, તથા ગણધર સાર્ધશતક વીગેરેના કર્તા શ્રી જીનદત્તસુરી + + + આજ નગરના અલંકાર હતા.

"અકબર બાદશાહને પ્રતિબોધી + + + જૈન પર્વોમાં હિંસા ન થાય તેવો બંદોબસ્ત કરાવનાર શ્રી શેત્રુંજય, સમેતશિખરજી, ગિરનારજી આદિ તિર્થોની બાદશાહી દસ્તાવેજ સાથે માલેકી મેળવનાર શ્રી હીરવિજયસુરીએ આજ નગરમાં દીક્ષા ગૃહણ કરી હતી. + + +

\+ + + + +

" શુરવીર અને દાની વિમળશાહનુ નામ હીંદમાં કોણ નથી જાણતું ? તેમણે સીંધ તથા માળવાના રાજાઓ સાથે યુદ્ધ કરી વિજય મેળવ્યો હતો. + + + + + સંવત ૧૦૮૮ માં અર્બુદાચળની ચુલ ઉપર શ્રી રૂષભદેવ સ્વામિનો પ્રાસાદ પોતાના ઉમદા મનથી શ્રેષ્ઠ અનુપમ કારીગરીનો બનાવ્યો હતો. + +. આરાસુર પર્વત ઉપર શ્રી કુંભારીયાજીના ભવ્ય અને વિશાળ દહેરા પણ તેમણે બંધાવ્યાં હતાં. તેઓ ભીમદેવના મંત્રી હતા. શાંતુનામે સિદ્ધરાજના

મંત્રીએ પોતાની બહુ મહેનતે નિઃસીમદ્રવ્યના ખર્ચે બંધાવેલો મહેલ પૌષધ-શાળા તરીકે અર્પણ કર્યો હતો.

" હવે હું તમોને એવા મહાન પુરૂષનું નામ આપીશ. + + + તે મહાન નરો બીજા કોઇ નહિ પણ વસ્તુપાળ હતા. તેમનાં ધર્મકૃત્યોની એક ટુંક યાદી હું આપ સન્મુખ રજુ કરીશ, તેમણે

૧૩૦૦ શ્રી જૈન પ્રાસાદ શિખરબંધ નવિન કરાવ્યાં.
૩૨૦૨ શ્રી જૈન પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો.
૧૦૫૦૦૦ નવિન જૈનબીંબ ભરાવ્યાં.
૯૮૪ પૌષધશાળાઓ કરાવી.
૪૦૦ પાણીનાં પર્વ કરાવ્યાં. છત્રીશ લાખ દ્રવ્ય ખર્ચી જ્ઞાન પુસ્તકોના ભંડાર કરાવ્યા.
૧૨૫૩૦૦૦૦૦ દ્રવ્ય ખર્ચી શ્રી અર્બુદાચળ પર્વત ઉપર ભવ્ય પ્રાસાદ કરાવ્યો. + + + + ત્રણ લાખ દ્રવ્ય ખર્ચીને એક જ્ઞાન ભંડાર શ્રી ખંભાત નગરમાં કરાવ્યાં.
૫૦૫ સમોશરણ કરાવ્યાં.
૭૦૦ નિશાળો કરાવી.
૭૦૦ ધર્મશાળાઓ કરાવી.
૭૦૦ સદાવ્રતો કરાવ્યાં, + + + +

" કેળવણી—વાસ્તવિક કેળવણી આપણાં બાળકોને માટે ઇતિહાસમાં અમુકરાજા અમુક સાલમાં ગાદીએ બેઠો અને અમુક સાલમાં મરી ગયો એમ શીખવવામાં આવે તે કરતાં દરેક કોમ, ધર્મ અને દેશને લગતો ઇતિહાસ શીખવવામાં આવે તો ઉત્તમ પરિણામ આવે.

+ + + + + +

+ + + ઓનરેબલ મી. ગોખલે અને પુનાની ફરગ્યુસન કોલેજના પ્રોફેસરોનો દાખલો આપવાની રજા લઉં છું. + + + + પોતાની બુદ્ધિનો ઉપયોગ સ્વાર્થ માટે પૈસા કમાવવામાંજ નહિ કરતાં તેમણે પોતાની જીંદગી પોતાના દેશને અર્પણ કરી છે. તેમના પવિત્ર વર્ણનની છાપ હીંદની સકળ પ્રજા ઉપર પડી છે તે આપ સર્વના જાણવામાં છે + + + + + આપણી કોમના આગેવાનો અને શ્રીમંતોએ આવા મહાનનરોનું અનુકરણ કરી આપણી કોમને માટે આત્મભોગો આપવા ખાસ જરૂર છે.

+ + + + + +"

ભાષણમાં શેઠ કોટાવાળાએ ઐતિહાસિક બીનાઓ ઘણી સુંદર રીતે રજુ કરવાં ઉપરાંત હાલની અને પ્રાચિન કેળવણીની તુલના કરી કેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ તે માટે ઘણા ઉપયોગી વિચારો રજુ કર્યા હતા.

**પ્રદર્શન.**

જ્ઞાનાંભોનિધિ પ્રદર્શનની સ્વાગત કમીટીના પણ તેઓજ ચેરમેન હતા અને શ્રીમાન્ આર. સી. દત્ત—વડોદરા રાજ્યના ના. દીવાન સાહેબના હસ્તે ખુલ્લું મુકતી વખતે પણ તેમણે ઘણું વિદ્વતા ભર્યું ભાષણ આપતાં પાટણના પ્રાચિન પુસ્તક ભંડારો તથા તેમાંનાં કીમતી પુસ્તકોની જાણવા યોગ્ય હકીકતો રજુ કરી હતી. પાટણમાં આ પ્રદર્શન ભરાયા પછી પુસ્તકોના સંરક્ષણ માટે શહેરમાં કંઇક જાગૃતિ પણ આવી છે. સંવત્ ૧૯૫૫ માં જ્ઞાનોદ્ધાર માટે ફંડ ઉભું કરી તેઓએ પોતાના તરફની સારી રકમ તેમાં ભરી હતી. હમણાં તો પ્રવર્ત્તકશ્રી કાન્તિવિજયજી મહારાજે ચાર ચોમાસાં પાટણમાં કરી પાટણના ભંડારોનું ઘણાજ પરિશ્રમથી અવલોકન કરી સઘળાં પુસ્તકોની તેના કર્તા, આરંભકાળ, પૃષ્ઠો, શ્લોક સંખ્યા વગેરે નોંધો સહીત વિગતવાર ટીપ્પણી બનાવી છે તેમજ વડોદરા રાજ્યની સેંટ્રલ લાઇબ્રેરી તરફથી પણ જાણીતા જૈન ગ્રેજ્યુએટ રા. ચીમનલાલ દલાલે પણ પ્ર૦ કાન્તિવિજયજીની સહાયથી ટીપ્પણી સરલ તૈયાર કરી છે અને તે પ્રસિદ્ધ થનાર છે. આ પુસ્તકોદ્ધારનું—જાગૃતિનું માન પાટણના પ્રદર્શનને—કહોકે સ્વાગત કમિટિના પ્રમુખ શેઠ કોટાવાળાના અસરકારક શબ્દોને અને દરશાવેલી લાગણીને ઘટે છે.

**કડી પ્રાંત મહાજન સભાના પ્રમુખ તરીકે.**

અધઃપતનનાં સૈકાઓમાં પાટણે બલ્કે ગુજરાતે કંઇ ઓછું સહન કર્યું નથી પરંતુ બ્રિટિશ અમલ પછી નવી કેળવણીનો પ્રચાર થતાં ગુજરાતમાંયે જાગ્રતિ અને પ્રગતિનો જોસભેર પવન ફુંકાયો. સામાજિક વિકાસની પ્રવૃત્તિનાં આંદોલનો એ ગુજરાતને ગજાવ્યું અને શ્રીમંત ગાયકવાડ કુલોત્પન્ન સર સયાજીરાવ—વડોદરા નરેશે પ્રજાના કાનમાં પ્રજાત્વની ભાવનાનો મંત્ર ફુંકયો : આ સર્વેને લઇને કડી પ્રાન્તમાં કડી પ્રાન્ત મહાજન સભાની સ્થાપના ઇ. સ. ૧૯૦૭ ના ઓકટોબર મહીનાની સત્તરમી તારીખે મહેસાણામાં કરવામાં આવી અને તે સંસ્થાના પ્રમુખતરીકે એક લાયક, ઉત્સાહી કાર્યદક્ષ અને પ્રતિષ્ઠિત નેતાની જરૂર પડી. પાટણમાં એ વખતે શેઠ પુનમચંદ મહાજનની દ્રષ્ટીમાં સ્તુત્ય કાર્યોથીતરી આવ્યા અને મહાજનની માગણી તેમણે પણ સ્વીકારી. કડી પ્રાંત મહાજન સભા જેવી લોકહિતકારિણી સંસ્થાના પ્રમુખ તરીકે જયારે શેઠ કોટાવાળા મહેસાણાના સ્ટેશને ઉતાર્યા ત્યારે પ્રાંતના પ્રતિષ્ઠિત આગેવાનો અને શહેરીઓએ સ્ટેશનપર હાજર રહી ઘણો લાગણી ભર્યો આવ-

કાર આપતાં વોલંટીયરોની ટુકડી, બેન્ડ અને લોકસમુહના હર્ષઘોષ સહીત તેઓને સભા મંડપમાં લઇ જવામાં આવ્યા હતા. આ સભાને ઉત્સાહીનેતા મળતાં વડોદરા જેવા કેળવાયલા અને મોભાદાર રાજ્યમાં તેણે ગૌરવ પ્રાપ્ત કર્યું અને રાજ્યમાં તેમજ પ્રજામાં કડી પ્રાંત મહાજન સભાની પ્રવૃત્તિ પ્રમાણભૂત અને પ્રતિષ્ઠાભરી લેખાવા લાગી. પ્રમુખ શેઠ કોટાવાળાએ પણ એ વખતે પ્રજામાં ચર્ચાતા વિષયો હંસવત્ ઝીલી લીધા, ભાષણોથી સભામંડપ ગજાવ્યા અને લોક સેવાદ્વારા કડીપ્રાંતની પ્રીતિ સંપાદન કરી. શ્રીમંત વડોદરા નરેશની સુધારક પ્રવૃત્તિએ અંત્યજોદ્ધારનું બીડું હીંદુસ્થાનમાં આ વખતે ઝડપ્યું હતું અને છેક ધારા સભા સુધી અંત્યજને પ્રવેશ કરાવવા તેઓએ પ્રયત્ન આદર્યો હતો. કડી પ્રાંતનું મહાજન આ વાતથી ખળભળી ઉઠયું હતું પરંતુ મહાજનસભાના સુકાની શેઠ કોટાવાળાએ ઘણી બુદ્ધિ ભરી દલીલોવાળું ભાષણ કરી કડી પ્રાંત મહાજન સભાનો અવાજ છે + શ્રીમંત મહારાજા સાહેબ સુધી પહોંચાડયો હતો આવા એક વીરપ્રભુના ઉત્સાહી વત્સની કદર મહાજન સભાએ પણ પીછાણી હતી અને તેઓને કાયમનું પ્રમુખ પદ અર્પ્યું હતું. મહેસાણા, પાટણ, ખેરાળુ વગેરે થયેલી વાર્ષીક સભાઓમાં તેઓએ પ્રમુખ તરીકે ઉત્તમ સેવા બજાવી હતી.

સિદ્ધપુરમાં ઇ, સ. ૧૯૦૯ માં આ સભાની ચોથી વાર્ષિક સભાની બેઠક થઇ તે વખતે શેઠ કોટાવાળા પ્રમુખ તરીકે ત્યાં પધારતાં પ્રજાએ ઘણોજ ઉમળકા ભર્યો સત્કાર કર્યો હતો. વેપારીઓએ બજાર શણગાર્યાં હતાં અને ધામધુમથી મ્હોટું સરઘસ કહાડી પ્રમુખને સભામંડપમાં લઇ જવામાં આવ્યા હતા. રસ્તામાં સ્થળે સ્થળે કમાનો ઉભી કરવામાં આવી હતી, સ્વાગતનાં બોર્ડો અને વિવિધ પ્રકારનાં તોરણોથી સરસ્વતિ કિનારે વસેલું મહારાજા સિદ્ધરાજનું માનીતું આ શહેર અનુપમ અને અપૂર્વ શોભાને ધારણ કરી રહ્યું હતું અને સિદ્ધપુરના રસ્તાઓમાંથી પસાર થતાં પ્રજા અસાધારણ માનથી શેઠને–પ્રમુખને નીહાળતાં હર્ષથી છલકાતી હતી. અહીં પણ ઘણુંજ વિદ્વતા ભર્યું ભાષણ તેમણે આપ્યું હતું. ધાર્મિક સંસ્થાઓને લગતા નિબંધમાં આર. સી. દત્તના સમયમાં મહાજન સભાએ પ્રજાને અનુકુળ ફેરફાર કરાવ્યો હતો તથા ૧૯૫૬ ના દુષ્કાળમાં મહેસુલની માફી કરાવી હતી. એ પણ શેઠના પ્રયત્નને આભારી છે.

**ધારાસભાના મેમ્બર તરીકે.**

ઇ. સ. ૧૯૦૭ માં તેઓ કડી પ્રાંતના લોકમતની તેઓની તરફની અધિકતાને લીધે વડોદરા રાજ્યની ધારાસભામાં મેમ્બર ( લેજીસ્લેટીવ કૌંસીલર ) તરીકે ચુંટાયા હતા અને ધારાસભામાં પણ દરેક મીટીંગોમાં ભાગ લઇ પ્રજાનો અવાજ વારંવાર પોતાના હીંમતભર્યાં સવાલોમાં રજુ કર્યો હતો. અંત્યજોને નોકરી આપવાની બાબતમાં, ઇન્કમટેક્ષની હદ રૂ. ૧૦૦૦) ની આવકની ઉપર

લઈ જવાની બાબતમાં અને બીજા ઘણા અગત્યના પ્રજાકીય સવાલો તેમણે સચોટ દલીલો સહીત ધારાસભામાં મુકયા હતા.

**પિતૃભક્તિ અને નગર ભોજન.**

શ્રીમાન્ શેઠ પુનમચંદજી જેમ બીજી બધી બાબતોમાં આગળ વધેલા છે તેમ એક પિતૃભકત પુત્ર તરીકે તેમનું એક મહદ્કાર્ય ભૂલી જવું જોઇતું નથી. સંવત ૧૯૬૫ ( ઇ. સ. ૧૯૦૯ ) માં તેઓએ પોતાના પિતા શ્રીમાન્ શેઠ કરમચંદજીની પાછળ આખા પાટણ શહેરને એકજ દીવસે ( જેઠ સુદી ૬ ના રોજ ) પ્રીતિભોજન આપ્યું હતું. લગભગ એક લાખ માણસોને અને તે પણ ભિન્નભિન્ન જ્ઞાતિઓમાં વિભકત થયેલા નગરને એકજ દીવસે ભોજન આપવું એ કાંઇ સાધારણ કાર્ય ન હતું. મહીનાઓથી તેની તૈયારીઓ અને વાણોતરોની દોડધામ ચાલીરહી હતી. ભાણેગરજતીવણિકાદિ જ્ઞાતિઓમાટે શીરાની દાળ, ચણા, ભાત વગેરેની ટાંકીઓ ભરવામાં આવી હતી અને ઈતર જ્ઞાતિઓને પોતપોતાની અનુકુળતા પ્રમાણે શહેરમાં અને શહેર બહાર ભોજનની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. આવો અપૂર્વ દ્રષ્ય જોવાને આસપાસનાં ગામોનાં હજારો લોકોનાં ટોળાંઓ પાટણમાં આવ્યાં હતાં અને ભરચક વસ્તીથી ઉભરાતા પાટણના રસ્તાઓ કુમારપાળના સમયની પ્રજાની આબાદી-વસ્તીનો ખ્યાલ આપતા હતા. પાટણનો દ્રષ્ય તે વખતે ઘણો અદ્‌ભૂત અને આકર્ષક બન્યો હતો. બહાર ગામથી આવેલાં હજારો મનુષ્યોને પણ આમંત્રણ કરી રોકી રાખવામાં આવ્યાં હતાં અને આ પુણ્યશાળી પુરૂષના અન્નનો સ્વીકાર સર્વ ખુશીથી કરતાં હતાં. વળી આ પ્રસંગે અઠ્ઠાઇ મહોત્સવ પણ કરવામાં આવ્યો હતો અને પોતાના નિવાસસ્થાનને અનેક શણગારો અને રોશનીથી પરમરમણિય બનાવવામાં આવ્યું હતું. જૈનધર્મના સિદ્ધાન્ત પ્રમાણે સર્વ મનુષ્યો પ્રતિ સમાનતા અને સ્નેહ દર્શાવી હીંદુ મુસલમાન સર્વ કોમોનું આ પ્રકારે આતિથ્ય કર્યું હતું. માંસાહારી કોમોને પણ અન્નાહારની ઉજાણી આપી એક દીવસ પાટણ શહેરને હિંસાથી મુકત કર્યું હતું. આ એક સામાન્ય વરોજ નહિ હતો પણ ધર્મના સિદ્ધાંતાનુસાર શહેરમાં સર્વ કોમોમાં ઐકય અને બંધુત્વની લ્હાણી કરવાની ઘણા મ્હોટા ખર્ચે અને મહાન્ પરિશ્રમે ઇચ્છા પૂર્ણ કરી હતી; અને શ્રદ્ધા તથા પિતૃભકિતએ આ પ્રાચીન પદ્ધતિનો સેવા માર્ગ તેમને માટે સરળ કરી આપ્યો હતો.

શહેરમાં સ્મારક તરીકે પાખી પાળવાનો દાખલો.

આ પ્રકારે પિતૃસેવા નિમિતે બજાવેલી અસાધારણ નગરભક્તિથી આખું શહેર તેઓના તરફ માનપૂર્વક આકર્ષાયું અને પાટણ નગરે પણ શેઠ સાહેબને અપૂર્વ માન આપ્યું. સ્વ. શેઠ કરમચંદજી કોટાવાળાના સ્મારક તરીકે આખા શહેરે તેમની મૃત્યુતિથિનાદિને દરવર્ષે પાખી પાળવાનો ઠરાવ કર્યો અને દરવર્ષે તે તિથિએ આખા શહેરમાં પાકી પાળવામાં આવે છે. આ વિષે શેઠ સાહેબને પાટણના સમસ્ત શહેરીઓતરફથી નીચે મુજબ દાખલો લખી આપવામાં આવ્યો છે.

## દાખલો.

" રાવ બહાદુર શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા રહેવાશી પાટણ ઠેકાણું મહાલક્ષ્મીના પાડામાંનાને આ દાખલો આપવામાં આવે છે કે તમે આ પાટણ શહેરની તમામ કોમને સં. ૧૯૬૫ ના જેઠ સુદી ૬ ના રોજ એક પ્રીતિભોજન આપવાથી તમામ શહેરે તમામ ન્યાતો ભાણેગરજતાવાળી તમારે ત્યાં જમીને ભાણે નહીં ખપવાવાળી ન્યાતોને તેમ જે જે ન્યાતોને પોતાની ખુશીથી ઈલાયદું જમવાનું હતું તેમને તમે સીધાં આપી સર્વ કોમને પ્રીતિભોજન તમે આપ્યું. હાવો બનાવ લગભગ બસેંહેં ત્રણસેંહેં વર્ષમાં બન્યો હોય એમ જણાતું નથી તેથી આ શહેરની હીંદુ તથા મુસલમાન કોમે ઉપરની તારીખે પાટે આવી એકત્ર વિચાર કરી ઠરાવ કર્યો કે આ શહેર જમ્યું હતું એવી યાદગીરી રહેવા માટે તારીખ પાળવી તેવો નિશ્ચય ઠરાવ કર્યા પછી સર્વાનુમતે તમારા પિતાશ્રી દેવગત થયાની તારીખ પાળવા સર્વાનુમતે ઠરાવ થવાથી ઠરાવવામાં આવ્યું છે કે જેઠ વદી ૧૧ ની પાકી આ શહેરની તમામ કોમ સાલ દર સાલ પાળ્યા કરશે. હાવો બનાવ કોઈ વખત બનેલો નથી ને તમે પહેલ વહેલું આ એક મોટું ટાણું કરવાથી આ પ્રમાણે કરવામાં આવ્યું છે તે જાણવું. તા. જુન સ. ૧૯૦૯ મીતિ જેઠ વદી ૧૧ આજથી પાખી પાળી અમલ શરૂ.

| | |
|---|---|
| (સહી) | (સહી.) |
| સાખ ચુનીલાલ મગનલાલ | શેઠ પોપટલાલ હેમચંદ |
| સહી દ. પોતાના, | સહી દા. ખુદ |
| વિશ્નવના શેઠ, | નગરશેઠ. |

(સંવત ૧૯૫૬) છપ્પનના દુષ્કાળ વખતે તેમણે હજારો દુઃખી, અને ભૂખ્યાં પીડિત ગરીબ જનોને અન્નગૃહ ખોલી આશ્રય આપ્યો હતો તેમજ સ. ૧૯૬૭ ના દુષ્કાળ વખતે પણ તેમણે ઉપરાંત સુબા મે. રા. રા. ખાસેરાવ જાધવ સાહેબના હસ્તે ખુલ્લું-મુકવાની ક્રીયા કરાવી અન્નગૃહ ખુલ્લુ મુકી ગરીબોને આશ્રય આપ્યો હતો. જૈનોને મદદ આપવા માટે એક પેટીમાં છુપી અરજીઓ લેવામાં આવતી અને અન્નગૃહમાં ડૉ. કોઠારીને નીમી દવાઓ અને આરોગ્યની સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. અને સંવત ૧૯૬૧ માં પણ સસ્તું અનાજ ખોટ ખાઇને બે પૈસે શેર કે જે વખતે ભાવ ઘણા ઉંચા હતા. વેચવાની ધર્માદા દુકાન ઉઘાડીને ગરીબોને મદદ કરી હતી. દરેક દુષ્કાળોમાં ગરીબોને આ પ્રકારે મદદ કરવા ઉપરાંત મધ્યમવર્ગનાં આબરૂદાર પણ અંદરખાનેથી દુઃખી કુટુંબોને ગુપ્તદાનો આપીને દયાળુ હાથ ગરીબોની સ્હાય માટે ખુલ્લો રાખ્યો હતો. હજારો રૂપીઆની દેણગી તેમણે આવા પરોપકારોમાં કરી છે અને એમના ઔદાર્ય તથા દયાને માટે ગરીબ વર્ગ તેમના તરફ પિતા જેવી પૂજ્ય લાગણી ધરાવે છે.

**દુષ્કાળમાં અન્નગૃહો અને ગુપ્તદાનો.**

આવાં આવાં પારમાર્થિક કાર્યોની અને જનસેવાની કદર કરીને શ્રીમંત વડોદરા નરેશે તેઓને "રાવબહાદુરની પદ્વિ" અર્પણ કરેલી છે. (તે વખતે દેશી રાજકર્તાઓને "રાવબહાદુર" ની પદ્વિ આપવાનો પ્રતિબંધ ન હતો.)

**રાવબહાદુરની પદ્વિ.**

ઈ. સ. ૧૯૦૩ (સં. ૧૯૫૯) માં અમદાવાદ શહેરમાં ભરાયેલી નેશનલ કોંગ્રેસના ડેલિગેટોને પણ તેઓએ ભારે ધામધુમથી ઈવનીંગ પાર્ટી આપી હતી. લોક સેવા, મહાજન સેવા અને ધર્મની સેવાની સાથે તેઓ રાષ્ટ્રસેવાને પણ ભુલ્યા નથી. અને આ તેનું દ્રષ્ટાંત છે. પોતાની પવિત્રભૂમિ પાટણ નગરીને આગળ પાડવાને તેઓએ યશસ્વી પ્રયત્નો કર્યા છે. અને કરે છે.

**નેશનલ કોંગ્રેસના ડેલીગેટોને ઇવનિંગ પાર્ટી**

ઇ. સ. ૧૯૧૫ના જાનેવારી મહીનાની ૨૧મી તારીખે વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને મ્હોટી ધામધુમથી તેઓ સાહેબે ડીનરપાર્ટી આપી હતી. બગવાડા દરવાજા બહારના પોતાના બંગલાને અને બાગને તે વખતે અનેક રીતે તેમણે શણગારવામાં અને શ્રીમંત મહારાજા સાહેબ માટે ભોજન વ્યવસ્થા કરવામાં હજારો રૂપીઆનો ખર્ચ કીધો હતો. હજારો દિપકોથી પ્રકાશીત પોતાના ઉદ્યાનમાં સ્થળેસ્થળે મનમોહક અને આકર્ષક વસ્તુઓ ગોઠવી હતી. શામી-

**વડોદરા નરેશ શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડને ડીનરપાર્ટી.**

ચાના ઉભા કર્યા હતા. શ્રીમંતની સાથે શહેરના આગેવાનો અને અમલદારોને પણ નોતર્યા હતા તેમજ પાર્ટીની સાથે સંગીતની, જાદુના ખેલોની, આતસબાજી અને એવી ઘણી ગોઠવણો કરવામાં આવી હતી. શ્રીમંત મહારાજા સાહેબ પણ પોતાના રાજવી-પોશાકમાં સજ્જ થઇ સ્મીત વદને શેઠના સદને પધાર્યા હતા અને શ્રીમંત સ્વારીનો ઠાઠ તથા કોટાવાળા શેઠની રોશની વગેરે જોવાને હજારો માણસોની ઠઠ બંગલાની ચારે બાજુએ જામી ગઇ હતી. પ્રેમના ભૂખ્યા ભુપાળે રાજભકિતથી અને અમીરીથી છલકાતા શેઠ પુનમચંદજીને ત્યાં લગભગ બે કલાક આનંદમાં વ્યતિત કર્યા હતા અને પાનસોપારી આદિ સર્વ પ્રકારે સત્કાર સુવર્ણાસન પર વિરાજી શ્રીમંતે સ્વિકાર્યા પછી શેઠસાહેબે ગદ્‌ગદીતકંઠે શ્રી. મહારાજા સાહેબનો ઉપકાર પ્રદર્શીત કરતાં લાગણી ભર્યા શબ્દોમાં રાજભકિત ઉતારી હતી. ગુર્જરેશ્વરે પણ ગુજરાતની પ્રાચીન પાટનગરી પાટણને આંગણે આવું ઉત્તમ આતિથ્ય કરવા માટે પ્રેમ ભર્યા શબ્દોથી શેઠને ધન્યવાદ આપ્યો હતો. અને શેઠજીના શબ્દોને સાનંદ ઝીલ્યા હતા. તા. ૨૫મી જાન્યુઆરીના રોજ શેઠ સાહેબ તરફથી શ્રીમંત મહારાજા સાહેબને પોશાકનો નજરાણો કરવામાં આવ્યો હતો.

શ્રીમંત પોતાના રાજ્યમાં બીજે નંબરે ગણાતા પાટણ શહેરમાં આવા રાજભકત અને અમીર ખવાસના શેઠને વસતા જોઇ પાટણને માટે મગરૂરી ધરાવે છે અને શેઠ કોટાવાળા તરફ ઘણી પ્રીતિ ધરાવે છે.

**રાજ્યો સાથેનો સંબંધ.**

રાધનપુર, પાલણપુર, ભાવનગર, કોટા, ઝાલાવાડ ( રાજપુતાના ) વિગેરેના રાજા મહારાજાઓ તેમજ કેટલાક રાજદ્વારી મહાપુરૂષો સાથે તેઓ સારો સંબંધ ધરાવે છે અને ઉપર જણાવેલાં રાજ્યોમાં તેઓની બેઠક ભાઇ, બેટા અને ઉમરાવો સરદારોની સાથે થાય છે. તેમજ લગ્નાદિ પ્રસંગે સિરપાવની આપ લે થાય છે તેઓની સાથે મિત્રાચારી ભરેલો પત્ર વ્યવહાર પણ ચાલે છે કે જે ઉતારવાની અમે જરૂર ધારતા નથી.

**મહોત્સવનો મહીનો અને લ્હાણી**

સં ૧૯૬૬ (ઈ.સ.૧૯૧૦)માં તેઓએ વિશા શ્રીમાળીની ન્યાતમાં દશશેર વજનની પિત્તળની કોઠિઓની લ્હાણી કરી હતી. આ લ્હાણી બીજી લ્હાણીઓની માફક ફકત લ્હાણીજ ન હતી. પરંતુ તે ધાર્મિક ઉન્નતિ-પ્રભુભકિતના ઉદ્દેશ સહ કરવામાં આવી હતી. દરેક મહોલ્લાઓમાં દહેરાસરોમાં પુજા રચાવવામાં આવતી, મ્હોટાં દહેરાંઓમાં પુજા ભણાવવામાં આવતી, અને સાંઝના આરતી, ગાયન પ્રભુભકિતનાં અને બેઠક વગેરે સાથે સ્ત્રીઓનાં માંગ-

લિક ગીતો તથા પ્રભાવના વગેરે પણ લ્હાણીની સાથે સાથે થતાં. આવી રીતે લગભગ મહીના સુધી ભિન્નભિન્ન મહોલ્લાઓમાં લ્હાણીની વ્હેચણી અને મહોત્સવો ચાલ્યા હતા. દરેક મહોલ્લાવાળાઓ પણ શેઠજીના માનમાં પાનસોપારી પુષ્પહાર, પાર્ટી વગેરેથી સત્કાર કરતા હતા. આવા પ્રકારની લ્હાણી અપૂર્વજ ગણાય. કારણકે તેથી કરીને બંધુ ભાવની સાથે ધર્મનો લાભ પણ થાય અને દ્રવ્યનો સદુપયોગ થાય. આ પ્રકારની લ્હાણી અત્યાર સુધી થયેલી જણાતી નથી.

**માનપત્રો.**

શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ અનેક રીતે શહેરની, પ્રાંતની, દેશની, રાજ્યની અને જૈન કોમની સેવાઓ બજાવીછે અને તેને લઇને પાટણનીજુદીજુદી સંસ્થાઓ તરફથી તેઓને માનપત્રો ઘણી ધામધુમવાળા પ્રજાકિય સમારંભો વચ્ચે આપવામાં આવ્યાંછે. તેની નકલો આ સાથે જોડવી અનુકુળ અને ઉપયોગી થઇપડશે.

## માનપત્ર.

(૧)

**મહેરબાન રા. બા. શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા.**

**મુ. પાટણ.**

“ **માનવંતા સાહેબ.**

“ આજે અમો પાટણનું સમસ્ત મહાજન આપ સાહેબની કડી પ્રાંન્તની રૈયતના સભાસદ તરીકે ધારાસભામાં જે નીમણોક થઇ છે તે માટે આપને અંતઃકરણની મુબારકબાદી આપવાની આ તક લઇએ છીએ.

ગાયકવાડી રાજ્યમાં ધારાસભા આ પહેલીજ છે, ને તેમાં પણ આ શહેરના વતની તરીકે આપ સાહેબ પહેલાજ મેમ્બર હોવાથી અમો પાટણ વાસીઓ આ માન અમોને મળ્યા બરાબર સ્હમજીએ છીએ.

“ આપની ધારાસભામાં નિમનોક કરી સરકાર વધુમાં વધુ જે માન આપને આપી શકતી હતી તે આપ્યું છે. અને તેથી શ્રીમંત મહારાજાસાહેબનો આ તકે આભાર માનીએ છીએ.

“આપનું કુટુંબ સખાવતોને માટે નામીચુંછે અને તે કુટુંબમાં આપ આશા આપનારા સુપુત્ર હોવાથી અમો આપના હાથે ઘણાં સારાં કાર્યો થવાની આશા રાખીએ છીએ.

"આપ શ્રીમંત છતાં પણ ગરીબોનાં દુઃખો જાણવા જીજ્ઞાસા ધરાવી તે દૂર કરવા પ્રયત્નો કરો છો; અને આપની તેવી લાગણીને લીધેજ કઠી પ્રાંત મહાજન સભાના પ્રમુખનો જોખમ ભર્યો ઓધ્ધો આપે સ્વીકાર્યો છે એ વાત અમો સારીપેઠે જાણીએ છીએ.

"ન્યાતના, સંઘના, મહાજનના વગેરે હરેક કાર્યમાં જ્યારે પણ અમોને આપના કુટુંબની કે આપની મદદ તથા સલાહની જરૂર પડી હશે ત્યારે તે અમોને મળતી રહી છે ને સં. ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળના વખતમાં દુષ્કાળીઆ માટે અનાજ આપવાની ગોઠવણ કરી આપના વડીલો તથા આપે જે મદદ કરેલી તે અમો કદી પણ ભૂલી જવાના નથી.

આપના મરહુમ પિતાશ્રી કરમચંદજી તથા વડીલ બંધુ કજોડીલાલજીના મર્ણથી અમોને જે ખોટ ગઇ છે તે પુરાવાની નથી તો પણ અમોને આશા તથા ખાત્રી છે કે આપશ્રી પણ ત્હેમનેજ પગલે ચાલનારા છો એટલે તે પડેલી ખોટ કાંઇક અંશે પુરાએલી જોવાને અમે ભાગ્યશાળી થઇશું.

"આપના જેવા ગૃહસ્થની ધારાસભામાં નિમણોક થવાથી અમો આપના કુટુમ્બની તથા આપની કારકીર્દી તરફ વિચાર કરી મ્હોટી મ્હોટી આશાઓ બાંધીએ તો અમો ધારીએ છીએ કે ત્હેમાં અમો બહુ ખોટા નથી. વળી અત્યંજ લોકોને સરકારી હરેક ખાતામાં લાયકી પ્રમાણે નોકરી આપવા હાલ તજવીજ ચાલે છે ને તેથી આપણી તમામ રૈયતમાં જે વસવસો ઉત્પન્ન થયો છે તે કાંઇ આપના જાણવા બહાર નથી. તો આપનું પહેલું કર્તવ્ય જો કાંઇ પણ હોય તો તે આ ઉભો થયેલો વસવસો દૂર કરાવવા શ્રીમંત મહારાજા સાહેબને કાને વ્યાજબી તથા ખરી હકીકત નાખવાનું છે એમ અમ્હારૂં માનવું છે. વળી અમો વધારે એમ પણ માનીએ છીએ કે, આપના જેવા રૈયતના આગેવાન, શ્રીમાન્ મોભાવાળા ગૃહસ્થનું કહેલું સરકાર ઉપર જરૂર અસર કરશે જ.

"છેવટે આપ દિર્ઘાયુષી થઈ આપના હાથે ભવિષ્યમાં ઘણાં સુકૃત્યો થાઓ એમ ઇચ્છી શ્રીમંત મહારાજા સાહેબે આપની કરેલી નીમણોકના સંબંધમાં ફરીથી ત્હેમનો આભાર માનીએ છીએ. તે સાથે આપે અમ્હારૂં માનપત્ર સ્વીકાર્યું તે માટે આપનો ઉપકાર માનવાની રજા લઇએ છીએ.

તથાસ્તુઃ

મીતિ ફાગણ વદી ૫ વાર રવિ ૧૯૬૪.

(સહી) શેઠ પોપટલાલ હેમચંદ સંઘ.

દ: ખુદ નગરશેઠ.

## માનપત્ર.

(૨)

### શ્રી પાર્શ્વજીન પ્રણમ્ય:

" શેઠજી સાહેબ રા. બા. શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા,
મુ. પાટણ.

" માનવંતા સાહેબ "

" આપશ્રી આપણી ગાયકવાડી રાજ્યની ધારાસભામાં કડી પ્રાંત તરફથી રૈયતના પ્રતિનિધિ તરીકે નીમાયા તે શુભ પ્રસંગ માટે અમો શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સભા ( પાટણ ) ના મેમ્બરો આપને અંતઃકરણની મુબારક આપવાની આ તક લઇએ છીએ.

" ગાયકવાડી રાજ્યમાં ધારાસભા એ નવો અને પહેલોજ પ્રસંગ છે, ને એક જૈન ગૃહસ્થ તરીકે આપશ્રી પહેલા તથા એકલાજ મેમ્બર તરીકે ફતેહમંદ થયેલા હોવાથી આપ સાહેબને આ મળેલું માન તમામ જૈન કોમને મળ્યા સમાન સમજીએ છીએ.

" આપ સાહેબની ધારાસભાના મેમ્બર તરીકેની નીમણોક કરવામાં શ્રીમંત મહારાજા સાહેબે ઉંચામાં ઉંચું જે માન આપી શકાય તે આપને આપ્યું છે એમ અમો માનીએ છીએ. ને તેથી આ તકે શ્રીમંત મહારાજા સાહેબનો તે માટે ઉપકાર માનવાની ખાસ અમો જરૂર જોઇએ છીએ.

" કડી પ્રાંત મહાજન સભાના પ્રમુખ તરીકે આપ સાહેબે જે સ્વતંત્રતા બતાવી છે અને તેથી જે કીર્તિ મેળવી છે તે જોતાં ધારાસભામાં હાલને સમયે આપની નીમણોક અમોને જરૂર આવકારદાક થઇ પડશે. કારણકે અમો ખાત્રી ધરાવીએ છીએ કે અંત્યજ લોકોને લાયકી પ્રમાણે સરકારી હરેક ખાતામાં જગો આપવા શ્રીમંત મહારાજા સાહેબનો જે વિચાર છે તે બાબતમાં રૈયતના પ્રતિનિધિ તરીકે અમારો અવાજ શ્રીમંતના કાને આપ જરૂર નાખશો ને તે વિચાર બંધ રખાવવા બને તો પ્રયત્ન કરશો.

" આપ ગર્ભ શ્રીમંત છતાં કેળવાયેલા છો ને વખતોવખત પોતાના જ્ઞાતિભાઇઓનું હિત કરવાના કામમાં ઉત્સાહ પૂર્વક ભાગ લયો છો, વળી આ સભાના પણ શરૂથી મેમ્બર છો ને તેથી આપના જેવા સભાસદ અમારી સંસ્થા ધરાવે છે તે માટે અમો ખરા મગરૂર છીએ.

"છેવટે આપ સાહેબને જણાવવાની રજા લઇએ છીએ કે આપના હાથે બની શકતા તમામ ઇલાજો લઇ રૈયતમાં ઉભો થયેલો વસવસો દૂર કરાવવા આપ આપનાથી બનતું કરી આપનું કુટુમ્બ કે જે હમેશાં સારાં કામો કર્યાંને માટે જાણીતું છે ત્હેમની શોભામાં ઓર વધારો કરશો ને શાશન દેવતા આપને કાર્યમાં ફતેહ આપો એવું માગી આપને ચુંટી કહાડવા માટે કડીપ્રાન્તની ચુંટણી કરનારાઓનો ઉપકાર માનવાની આ તક લઇએ છીએ.

"અમારી સંસ્થાની માગણી કબુલ રાખી આજે આપે અમોને અમારી લાગણી બતાવવાની તક આપી અમારૂં માનપત્ર સ્વીકાર્યું તે માટે અમો આપના આભારી છીએ.

મીતિ ફાગણ વદ ૫ વાર રવિ સંવત ૧૯૬૪.

(સહી)

લહેરૂભાઇ ડાહ્યાભાઈ વકીલ

સેક્રટરી

શા હાલાભાઇ મગનચંદ

દા. લહેરચંદ પ્રમુખ.

## માનપત્ર.

(૩)

"મે. રા. રા. માનવંતા શ્રીયુત્ સ્વજ્ઞાતિ બન્ધુ કોટાવાળા શેઠ શ્રી કરમચંદ મોતીચંદના સુપુત્ર શેઠ પુનમચંદ કરમચંદ.

"સુજ્ઞ અને માનવંતા મહાશય"

"આપ પ્રત્યે અમો પાટણના વિશાશ્રીમાળી વણિક આપના સ્વજ્ઞાતિ બન્ધુઓ આપને માનપૂર્વક જણાવવાની રજા લઇએ છીએ કે :—

"આપનું કુળદિપક કુટુંબ આપણી જ્ઞાતિમાં જે માન ભોગવે છે, તે બાતે અમોને અતિશય આનંદ અને સંતોષ થાય છે.

"ધર્મનાં કાર્યોમાં સદા આપ આગળ પડતો ભાગ લ્યો છો. ધર્મકાર્યને ઉત્તેજન માટે મોટા મોટા યાત્રાના સંઘો કહાડી લગભગ સવાલાખ રૂપીઆ જેટલી મોટી રકમ ખર્ચી પાટણના જૈન બંધુઓને ધર્મને રસ્તે દોરવામાં મહાન્ કર્તવ્ય આપે કર્યાં છે.

"પાલિતાણા આપણા ધર્મનું મોટું સ્થાન છે, તેના ઉપર આપના વડીલોએ દહેરૂં બંધાવ્યું છે અને આપે ચાલીશ હજારનો ખર્ચ કરી યાત્રાળુ-

ઓના આશ્રમ સ્થાનના સુખને માટે ધર્મશાળા બંધાવી ઉત્તમ કાર્ય કર્યું છે.

"પાટણમાં થમણાજીની ધર્મશાળા પંચાસરા પાસે ત્રીસ ચાળીશ હજાર રૂપીઆં ખર્ચી કરી બંધાવી અત્રે આવતા યાત્રાળુઓને ઉત્તમ પ્રકારની સગવડો પણ કરી આપી છે જેથી પુણ્ય-કાર્યને મોટી મદદ થઇ છે.

"છપ્પનના ભયંકર દુષ્કાળમાં અન્નગ્રહ કહાડી ઘણી લાંબી મુદત સુધી નીરાધાર લોકોનો નિભાવ કરવામાં શુમારે વીશ પચીસ હજાર જેટલી મોટી રકમ ઉદાર દીલથી ખર્ચી જૈન ધર્મનો જીવ ઉપર દયા રાખવી એ મુખ્ય મુદ્દો ઉત્તમ પ્રકારે જાળવી જૈન બંધુઓ અને પાટણ શહેરને આપના આભાર નીચે મુકયાં છે;

"પાટણના જૈન ભંડારનાં પુસ્તકોનો જીર્ણોધ્ધાર કરવામાં રૂપીઆ બે હજાર આપી વિદ્યા પ્રત્યેની પૂજ્ય લાગણી બતાવી આપી છે વિગેરે અનેક યશસ્વી કાર્યો તરફ આપની ગૃહસ્થાઈ પ્રમાણે વર્તી ગૃહસ્થોનાં ઉત્તમ લક્ષણો આપે બતાવ્યા છે. જેના માટે અમે અંતઃકરણ પૂર્વક સંતોષ પ્રદર્શીત કરીએ છીએ.

"આપણી ભાર્તભુમિના કલ્યાણાર્થે અમદાવાદમાં ભરાએલી નેશનલ કોંગ્રેસમાં પ્રતિનિધિઓને ઇવનીંગપાર્ટી આપી દેશની ઉત્તમ સેવા બજાવી આપણી જૈન કોમને ઓળખાવી છે, તેમજ મુંબાઇ નગરીમાં જૈન કોન્ફરન્સ વખતે જૈન બંધુઓને આપેલા માનથી અને આપના પ્રયાસથી પાટણની શોભામાં વધારો થયો છે જેને માટે અમે આપનો અત્યંત આભાર માનીએ છીએ.

"આ માંગળીક પ્રસંગે આપ સદગૃહસ્થોને વિશેષ જણાવવાની રજા લઇએ છીએ કે આ શહેરની આપણી કોમ વિદ્યાભ્યાસમાં આગળ પડતો ભાગ લઇ શકે તેવી કોઇ યોજના આપના તરફથી થવિ અતિ જરૂરની છે તેમજ ધર્મનાં કૃત્યો તરફ આજ સુધી જેવિ નજર આપની રહેલી છે તેવી હમેશા રહેશે એવી આશા છે.

"આપના જેવા ઉદાર, નિતિજ્ઞ અને ધર્મનીષ્ઠ સદગૃહસ્થને માટે અમે જ્ઞાતિ બંધુઓ જેટલા મગરૂર થઇએ તેટલું ઓછું છે અને તેથી આપનો અવિચળ યશ ઇચ્છી આપનું માનવંતું કુટુંબ આપને પગલે અહોનીશ ચાલી સત્યકૃત્યોમાં જોડાય એવી શ્રી જગતનિયંતા પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ.

"આ આપણી વિશા શ્રીમાળી વણિક જ્ઞાતિ સમાજ તરફથી માનપત્ર આપને અર્પણ કરવામાં આવે છે તે સ્વીકારવાની કૃપા કરિ આપના જ્ઞાતિબંધુઓને ઉપકારી કરશો એવી આશા છે. એજ વિનંતિ

" મીતિ માઘ કૃષ્ણપક્ષ ૭ સોમવાર સંવત ૧૯૬૦ તા. ૮ માહે ફેબ્રુવારી સને ૧૯૦૪

(સહી.) લી આપનો
મંગળચંદ ઉત્તમચંદ નગરશેઠ
સમસ્ત વિ. શ્રીમાળી જ્ઞાતિ
તરફથી.

**ચારૂપનો ઝઘડો પતાવનાર કુશળ લવાદ તરીકે.**

સં. ૧૯૭૩ માં પાટણ ખાતે જૈનો અને સ્માર્તો વચ્ચે ચારૂપ તિર્થને લગતો મહાન વૈમનસ્યનો ઝઘડો ઉભો થયાની વાત જગજાહેર છે. ચારૂપમાં શ્રી શામળાજી પાર્શ્વનાથનું દેવાલય ઘણું પ્રાચિન છે. તેમાં એકજ પવાસણ ઉપર સ્માર્તોના શંકર, ગણપતિ દેવિ, વગેરે દેવો પણ હતા. કેટલાક જૈન બંધુઓએ તેનું ઉત્થાપન કરવાથી સ્માર્તો અને જૈનો વચ્ચે કોર્ટોમાં ઝઘડા ચાલી બન્ને પક્ષના હજારો રૂપીયાની ખરબાદી થઇ હતી. પાટણની કોર્ટમાં જૈનોની હાર થઇ ઉત્થાપન કરનારને આરોપી ગણી દંડ કરવામાં આવ્યો હતો પરંતુ મહેસાણાની અપીલ કોર્ટમાં ઉત્થાપનનું કાર્ય શુદ્ધબુદ્ધિથી કરેલું ગણીને શિક્ષા રદ કરવામાં આવી હતી. ઝઘડો આટલેથી જ અટકયો ન હતો પરંતુ સ્માર્તોએ વડોદરા હાઇકોર્ટમાં અપીલ નોંધાવી હતી અને હજુર કોંસીલ તો બાકીજ હતી.

આમ કોર્ટના ઝઘડામાં બન્ને પક્ષના વખત અને પૈસાનો પુષ્કળ ભોગ અપાયા કરતો હતો. અને કુસંપ વધી ગયો હતો કે જે ભારતની પડતીનું ચિન્હ ગણાય મહેસાણા શેસનકોર્ટમાં જૈનોએ કરેલી અપીલમાં પાટણની કોર્ટનો ઠરાવ રદ કરવામાં આવ્યો હતો પણ આ જીતથી તો માત્ર આરોપીઓને આરોપ મુકત, ' શુદ્ધબુદ્ધિ ' ની દલીલથી શિક્ષામુકત કીધા હતા પરંતુ શંકર ગણપતિ વગેરે સ્માર્તોના દેવોને પુનઃ એજ સ્થળે બેસાડવાની વાત તો ઉભી જ રહી હતી અને તેથી સ્માર્તોના પગ અધ્ધરમાં હતા. જૈનોએ સ્માર્તોની મુર્તીઓને ફરીથી પવાસણપર પ્રતિષ્ઠીત કરવાને ખુશી ન હતા તેમજ સ્માર્તો ત્યાંથી ખસેડવાને ખુશી ન હતા: આ તકરારી બાબતનો ન્યાય કોર્ટથી નીકળે તેમ ન હતો કારણ કે હજુ એ પ્રશ્ન જ ઉભો થયો ન હતો. અને એ પ્રશ્નને માટે વળી કોર્ટોનાં બારણાં શોધવાં પડે તેમ હતું. અને તેમ કરવામાં ઝઘડો વર્ષો સુધી લંબાવા સંભવ હતો.

આવી સ્થિતિ વચ્ચે બન્ને કામોએ પરસ્પર સ્હમજી લવાદ દ્વારા ન્યાય મેળવવાની ઇચ્છા કીધી પ્રતિષ્ઠિત તથા પ્રમાણિક પુરૂષ તરીકે બન્ને કોમોએ શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાની પસંદગી કીધી. લવાદનામા ઉપર બન્ને પક્ષોના આગેવાનોએ સહીઓ કરી શેઠને લવાદ નીમ્યા અને લવાદ તરીકે શ્રીમાન્ શેઠ સાહેબે દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરી, ચારૂપ જઈ ત્યાંની વસ્તુ સ્થિતિનો વિચાર કરી, તેમજ ફરીથી ઉભય કોમો વચ્ચે કલેશ ન રહેવા પામે તેનો વિચાર કરી, લવાદ તરીકેનું કર્તવ્ય પૂર્ણ કીધું—ચારૂપની તકરારનો છેલ્લો નિર્ણય તેમણે લખીને બન્ને પક્ષને એકઠા કરી તે વાંચી બતાવ્યો. જૈનો તરફથી શ્રીમાન્ નગરશેઠ પોપટલાલ હેમચંદે અને સ્માર્તો તરફથી શ્રીમાન્ ચુનીલાલ મગનલાલ વૈષ્ણવના શેઠે પુષ્પહાર વડે શેઠનો સત્કાર કીધો. એવોર્ડ અપાયા પછી ઘણા વિદ્વાન મુનિ મહારાજો તેમજ જાણીતા જૈન આગેવાનો અને ધારાશાસ્ત્રીઓએ એવોર્ડ ઘણોજ ઊત્તમ લખાયો છે એવા પ્રકારના અભિપ્રાયો પણ આપ્યા હતા; પણ, પાટણનાં સંઘમાં કેટલોક ગેરસમજને લીધે ખળભળાટ થવાથી છેવટે મુંબાઇના સંઘે એવોર્ડ પર સારા જૈન વિદ્વાન અને ધારાશાસ્ત્રીની સલાહ લેવાને કમીટી નીમી હતી અને કમીટીએ ધારાશાસ્ત્રી શેઠ મકનજી જુઠાભાઇની સલાહ લઇ એવોર્ડ વાંધા વગરનો હોવાનો પોતાનો અભિપ્રાય સંઘને જાહેર કર્યો હતો.

**કાશમિરનો પ્રવાસ**

શેઠ પુનચંદજી પ્રવાસનો પણ ઘણો શોખ ધરાવે છે, સીમલા, દાર્જીલીંગ વીગેરે હવાખાવાના મથકો ઉપર તેઓ ઘણીખરી ઉન્હાળાની રૂતુમાં જઇ આવ્યા છે એટલુંજ નહિ પણ ભારત વર્ષનો સુંદર બગીચો અથવા તો કુદરતની ખરેખરી યુવાની જયાં ખીલી છે તે દેશના પરમ ઐશ્વર્યવાન કાશ્મિરમાં પણ તેમણે પ્રવાસ કર્યો છે. ફકત હવાખાવાના ઉદ્દેશથીજ નહિ પણ વ્યાપારિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ તે દેશનું તેમણે નિરિક્ષણ કરેલું છે, સં ૧૯૭૦ ના શ્રાવણ વદ ૧૦ મે તેમણે કાશ્મિર તરફ પ્રવાસનો આરંભ કીધો હતો સાથે શ્રીમતિ હીરાલક્ષ્મિ (તેમના ધર્મપત્નિ) તથા બીજી પણ મંડળી અને નોકર ચાકરો હતા. રાવળપીંડી અને મરીહીલ થઇ તેઓ શ્રીનગર જઇ પહોંચ્યા હતા. શ્રીનગરમાં વોટરવર્કસ બહું જોવા જેવું છે. પાણીમાંથી વિજળીક શકિત પેદા થઇ શ્રીનગરમાં રોશની (લાઇટ) વિગેરે અપાય છે. એટલુંજ નહિ પણ તે વિજળીક બળથી મીલ પણ ચલાવવામાં આવે

તો સારી પેદાશ થવાનો સંભવ છે; પણ ત્યાં રેલ્વે ન હોવાથી કેટલીક મશીનરી લઈ જવાની અગવડો પણ છે. શ્રીનગરમાં તેઓએ કાશ્મિરના મહારાજાની મુલાકાત લીધી હતી. કાશ્મિર મહારાજાને વનસ્પતિ રંગનો હીરો જોઇતો હતો તે વિષયમાં ઘણી વાતચિત થઇ હતી. તે વખતે નિવાસ સ્ટીમરમાંજ રાખ્યો હતો પરંતુ કાશ્મિર નરેશના એ. ડી. સી. પંડિત રતનનાથ કોલના મહેમાન ( ગેસ્ટ ) તરીકે તેઓના મિત્ર હોવાથી રહ્યા હતા. દિવાનસાહેબ શ્રીમાન્ અમરનાથજી તથા પ્રાયવેટ સેક્રેટરી શ્રીમાન્ બદ્રીનાથજી વીગેરેની મુલાકાતો પણ લીધી હતી.

શ્રીનગરથી તેઓ અમરનાથ ગયા હતા. શ્રીનગરથી અમરનાથની ટેકરી સુધી જવાને શરૂઆતમાં વીસેક માઇલ હાઉસબોટમાં જળપ્રવાસ કરી ઇસલામાબાદ જવું પડે છે, અને રસ્તામાં બે દીવસ લાગે છે, પરંતુ કેશરનાં ખેતરો રસ્તામાં આવતાં હોવાથી બહુ રમણિય લાગે છે. શેઠસાહેબે આ ખેતરોનું વ્યાપારિક દ્રષ્ટિએ અવલોકન કરવાને હાઉસબોટ ત્યાં ચાર કલાક ઉભી રાખી હતી અને ત્યાંની માટી તથા કેસરનાં મુળીયાં ત્યાંથી સાથે લીધાં હતાં. આ મુળીયાં તથા માટી તેમણે પાટણ મોકલી આપ્યાં હતાં અને પાટણમાં પ્રયોગ કરતાં તે ઉગી નીકળ્યાં હતાં. ત્યાંની માટી અહીંની માટીમાં મિશ્ર કરી વાવેતર કરવામાં આવે તો પણ ઉગી શકે છે પરંતુ તેને તાપ વિશેષ ન લાગે તે માટે ખાસ લક્ષ રાખવું જોઇએ છે આ દેશમાં આ પ્રયોગ આ અજમાવવા જેવો છે અને સફળ થાય તો હજારો રૂપીઆની પેદાશ થાય તેમ છે ઇસલામાબાદ પહોંચ્યા પછી તેઓ અશ્વસ્વારી પર પાલગાંમ ગયા હતા પાલગામ જતાં રસ્તામાં એક ગામ × × × આવે છે અને ત્યાં પંડાઓ ઘણા હોય છે. તે ઠેકાણે એક જૈન મંદિર ઘણું ખંડીયેર સ્થિતિમાં જોવામાં આવ્યું હતુ તપાસ કરતા તે બાવન જીનાલયો (દહેરીયો) હતાં, એમ જણાયું હતુ અને બારિકીથી તેનુ અવલોકન કરતા તે ઘણું પ્રાચિન જૈનમંદિર લાગતુ હતુ શેઠસાહેબ તેનું અવલોકન કરવાને બેકલાક સુધી રોકાયા હતા આ ગામમાં એક પ્રાચિન ગુફાછે. તે બાર ગાઊ લાંબી હોવાથી લોકોકિત છે. તેની અંદર જઇ શકાયછે પણ દૂર સુધી જવાની હીમત ચાલતી નથી. પાલગામ અમરનાથની તલાટિમાં આવેલું છે. અને ત્યાંથી અમરનાથ મહાદેવનું દેવાલય લગભગ અઢાર હજાર ફિટ ઊંચે છે. શ્રાવણ સુદ પડવાથી પુર્ણિમા સુધીમાં ત્યાંથી કુદ્રતી પાણિ ટપકવાથી તેનો બરફ શિવલીંગાકાર બંધાઈ જાય છે એટલુંજ નહિ પણ ગણપતિ, પારવતી વગેરે

આકૃતિઓ પણ કુદરતથીજ બની જાયછે."કુદરતની ચમત્કૃતિઓનું આ એક અદ્દ્ભૂત દ્રષ્ય છે ત્યાની થંડી ઘણીજ ખુશનુમા લાગે છે અને આકામ જાણે એક હાથજ દુર હોય એવો સુંદર દેખાવ ત્યાં લાગે છે પાલગામથી અમરનાથ જતાં રસ્તામાં ચાર મુકામ કરવા પડે છે. પાલગામનુ દ્રષ્ય પણ પ્રેક્ષણિય છે. ત્રીજે મુકામ સીસ્રમનાગનો આવે છે ત્યાં કુદ્રતિ રીતે પહાડોના કોટથી બંધાયેલું અત્યંત પાણિ મોરથુંથું રંગનું કાચ જેવા દુધીઆ રંગનુ છે. આ સરોવરમાંથી એક કુદ્રતી નહેર છુટે છે તે સેંકડો કોશ સુધી ચાલી જાય છે, અને તેનાથી લોકો ખેતી કરે છે. તળાવનુ પાણી ઘણું મિઠુ સ્વાદિષ્ટ તથા થંડુ રહે છે.

શ્રીનગરની પાસે ડનલેક નામનુ એક મ્હોટું સરોવર છે અને તેના ઊપર હોડીઓ જાયછે તળાવ ઊપર વેલાઓ છવાઈ રહયા હોય છે વળી આ તળાવ ઉંપર તરતી ખેતી કરવામાં આવે છે જે દ્રષ્ય જોનારાને આશ્ચર્ય ચકિત કરી નાખે છે. આ તળાવ માઈલોપર્યંત વિસ્તાર પામેલુ છે.

વળી શ્રીનગરની નજીકમાં ચશમેશાહી નામની જગા છે ત્યાં જમીનમાંથી કુદ્રતી રીતે સ્વાભાવિક ફુવારા છુટે છે. આ પાણી ઘણુંજ મીષ્ટ અને થંડુ હોય છે અને ઘણુંજ વખાણવા લાયક સ્વાદ્રિષ્ટ છે. વળી ગુલમર્ગ નામની ટેકરી પણ હવાખાવાને માટે પ્રવાસીઓનું લક્ષ ખેંચે છે અને ઘણા લોકો ત્યાં હવા ખાવાને જાય છે. શ્રીનગરમાં બીજી પણ એક ટેકરી છે તેનાપર ઘણું પ્રાચિન શિવાલય છે તે પણ પ્રેક્ષણિય છે.

શેઠ થાહેએ આ સર્વ સ્થળોમાં પથરાયલીકુદરતની શોભાનુ સારૂ અવલોકન કર્યું હતું અને તેમના પ્રવાસનો આ સંક્ષિપ્ત વૃત્તાંત તેમની સાથે ગયેલા એક ગૃહસ્થ દ્વારા અમને મળ્યો છે.

**સાચા ગુજરાતી અને શહેરી.**

શેઠ કોટાવાળા એક શહેરી તરીકે, એક જૈન આગેવાન તરીકે, અને એક સાચા ગુજરાતી તરીકે માનનીય પુરૂષ છે એમ કહ્યા વગર ચાલતુ નથી. ઘણાયે ગુજરાતીઓ એવા જોવામાં આવે છે કે જેઓએ પરદેશ વસીને પછી સ્વદેશમાં આવતાંયે ત્યાંનો પરદેશી પોષાક અંગીકૃત કર્યો હોય છે. કેટલાક તો મહારાષ્ટ્રી અને બીજી પાઘડીઓ જ નહિ પણ કુટુંબ ભાષા તરિકેયે ઘરમાંથી ગુજરાતીને તિલાંજલિ આપી અન્ય પ્રાંતિક ભાષાનો ઘરમાં ઉપયોગ કરતા આપણા જોવામાં આવે છે અને ગુજરાતીમા વાત કરતાં

તેઓને વિટંબણા થઇ પડે છે. પરંતુ શેઠ કોટાવાળાએ ગુજરાતી પાઘડી અને ગુજરાતી ભાષા ગુજરાત બહાર પણ જાળવી રાખ્યાં છે એ કંઇ ગુજરાતનું ઓછું અભિમાન નથી. વળી ગુજરાતી લેખકો તરફ પણ તેઓ સાચા હૃદયનો પ્યાર ધરાવે છે અને સન્માન કરે છે. એક શહેરી તરીકે પણ તેઓ પાટણની સઘળી પ્રવૃત્તિઓમાં દ્રવ્યનો અને સમયનો વારંવાર ભોગ આપે છે. પાટણની બાલાભાઇ કલબના તેઓ રૂા, ૧૦૦૦) આપી પેટ્રન થયેલા છે તેમજ 'જૈનધર્મ પ્રસારક-સભા'-ભાવનગર, આત્માનંદ સભા-ભાવનગર, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય સભા-પાટણ વગેરે સંસ્થાઓના લાઇફ મેમ્બર છે તથા ઘણી સંસ્થાઓને તેઓ મદદ કરતા રહ્યા છે.



अर्हम्

# श्रीभगवती सूत्र.

## ( ગુર્જર ભાષાંતર. )

## શતક ૧ લું.

### પ્રથમ ઉદ્દેશ.

( કર્મના ચલનાદિ ધર્મનું સ્વરૂપ. )

॥ श्री जिनाय नमः ॥

सर्वज्ञमीश्वरमनन्तमसङ्गमग्र्यं
सार्वीयमस्मरमनीशमनीहमिद्धम् ।
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं
श्रीमज्जिनं जितरिपुं प्रयतः प्रणौमि ॥ १ ॥

સર્વજ્ઞ, ઇશ્વર, અનંત, સંગરહિત, સર્વશ્રેષ્ટ, સર્વહિતકારી, કામરહિત, અન્યસ્વામીથી[1] વર્જિત, ઇચ્છારહિત, સમૃદ્ધિમાન્, સિદ્ધ, કલ્યાણરૂપ, કલ્યાણકારણ, ઇન્દ્રિયો રહિત[2] અને અંતરંગ[3] શત્રુઓને જિતનાર એવા શ્રી જિનભગવંતને હું સાવધાન થઇ નમસ્કાર કરૂં છું. ૧

૧ જેમનો બીજો કોઇ સ્વામી નથી એવા. ૨ જેમને કોઇ સાધનની અપેક્ષા નથી એવો અર્થ પણ થાય. ૩ કામ ક્રોધાદિક.

नत्वा श्रीवर्द्धमानाय श्रीमते च सुधर्मणे ।
सर्वानुयोगवृद्धेभ्यो वाण्यै सर्वविदस्तथा ॥ २ ॥
एतट्टीकाचूर्णी जीवाभिगमादिवृत्तिलेशांश्च ।
संयोज्य पञ्चमाङ्गं विवृणोमि विशेषतः किञ्चित् ॥ ३ ॥ युग्मम्

શ્રી મહાવીરપ્રભુને, શ્રીમાન્ સુધર્મા સ્વામીને, સર્વ (ચાર) અનુયોગને જાણનારા સ્થવિરોને અને સર્વજ્ઞ પ્રભુની વાણીને નમસ્કાર કરી આ ટીકાની ચૂર્ણી અને જીવાભિગમ વિગેરે સૂત્રોની વૃત્તિના ભાગને જોડી દઇ આ પાંચમાં-અંગરૂપ શ્રી ભગવતી સૂત્ર ઉપર જરા વિશેષપણે વિવરણ કરૂં છું. ૨-૩

## શાસ્ત્ર પ્રસ્તાવના

સમવાય સૂત્ર નામના ચોથા અંગની વ્યાખ્યા કરવામાં આવી છે. હવે તે પછીના અવસરે-પ્રસંગે પ્રાપ્ત થયેલા **વિવાહપ્રજ્ઞપ્તિ** નામના પાંચમા અંગની વ્યાખ્યા કરવાનો આરંભ કરવામાં આવે છે. આ પાંચમું અંગ શ્રી મહાવીરપ્રભુ રૂપી મહારાજાએ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ રૂપ શત્રુઓની સેનાનો નાશ કરવાને નિયુક્ત કરેલા એક ઉન્નત વિજય હસ્તીની ઉપમાને પ્રાપ્ત થયેલું છે. વિજયહસ્તી જેમ પોતાની સુંદર પદપદ્ધતિ -ચાલવાની છટાથી ચતુર જનના મનને રંજન કરે છે, તેમ આ પાંચમું અંગ ભગવતી સૂત્ર પોતાની સુંદર પદપદ્ધતિ વાક્યરચનાથી વિદ્વાનોના મનને રંજન કરે છે. અનેક ઉપસર્ગો[1] આવી પડે તોપણ જેમ તે વિજય હસ્તીનું સ્વરૂપ નાશ રહિત-નિરાબાધ રહે છે; તેમ આ પાંચમા અંગનું સ્વરૂપ ઉપસર્ગો[2], નિપાતો અને અવ્યયોથી યુક્ત છે. જેમ તે વિજયહસ્તીના શબ્દો-ગર્જનાઓ ઘણી મોટી છે, તેમ આ પાંચમાં અંગમાં યોજેલા શબ્દોની ગર્જના ઘણાં ઉદાર અર્થવાલી છે. જેમ તે વિજયહસ્તી લિંગ-ચિન્હોની રચનાથી યુક્ત છે, તેમ આ પાંચમું અંગ ત્રણ[3] લિંગો અને આઠે વિભક્તિઓથી યુક્ત છે. જેમ તે વિજયહસ્તી સત્પુરૂષોએ વિખ્યાત કરેલા છે, તેમ આ પાંચમું અંગ

૧ વિઘ્નો. ૨ પ્ર, પરા વગેરે ઉપસર્ગો. ૩ પુલિંગ, સ્ત્રીલિંગ અને અને નપુંસકલિંગ.

સત્-ઉંચા પ્રકારના આખ્યાત-ક્રિયાપદોથી યુક્ત છે, જેમ તે વિજયહસ્તી સારા લક્ષણોવાળો છે, તેમ આ પાંચમું અંગ સારા લક્ષણોથી પ્રતિપાદિત છે. જેમ વિજયહસ્તી દેવતાથી અધિષ્ટિત છે, તેમ આ પાંચમું અંગ પણ દેવતાથી અધિષ્ટિત છે. જેમ તે વિજયહસ્તીના અંગો સુવર્ણથી શોભતા છે, તેમ આ પાંચમા અંગના ઉદ્દેશાઓ સુવર્ણ-સારા અક્ષરોથી શોભતા છે. જેમ તે વિજયહસ્તીનું ચરિત્ર વિવિધ જાતના અદ્ભુતોથી શ્રેષ્ટ છે, તેમ આ પાંચમું અંગ વિવિધ જાતના અદ્ભુત ચરિત્રોથી શ્રેષ્ટ છે. છત્રીશ હજાર પ્રમાણ જે પ્રશ્ન સૂત્રો તે આ પંચમાંગરૂપી વિજયહસ્તીનો દેહ છે. ચાર અનુયોગરૂપી[1] તેના ચાર ચરણો છે. જ્ઞાન અને ચરણ[2] એ બે તેના નેત્રો છે. દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક-એ બંને નય તેના બે દંતૂશલ છે. નિશ્ચય અને વ્યવહાર નય રૂપ તેના બે ઊન્નત કુંભસ્થળ છે. યોગ[3] અને ક્ષેમરૂપી તેના બે કાન છે. પ્રસ્તાવનાના વચનોની રચના એ તેની મોટી સૂંઢ છે, નિગમનના વચનો તેનું ઉત્તમ પૂછડું છે, કાલ વિગેરે આઠ પ્રકારના પ્રવચનનો ઉપચાર તેનો સુંદર ઉપસ્કર છે, ઉત્સર્ગ અને અપવાદના વાહોરૂપ ઉચ્છળતા તેના મોટા બે ઘંટાના ઘોષ છે, યશઃપરહના[4] પ્રતિધ્વનિથી તેણે દિશાઓના મંડળને પૂરી દીધું છે, સ્યાદ્વાદરૂપી ઉજવળ અંકુશથી તે વશ થયેલો છે, વિવિધ જાતના હેતુરૂપી ખડ્ગોના સમૂહથી તે યુક્ત છે, અને બલથી જોડાએલા સમર્થ ગણનાયકો-ગણધરોની બુદ્ધિથી તે ઉત્કર્ષવડે કલ્પના કરેલો છે.

આવા પાંચમા અંગરૂપી વિજયહસ્તીને મુનિઓરૂપી યોદ્ધાઓ નિરાબાધ પણે મેળવી શકે, તે માટે પૂર્વના મુનિરૂપ શિલ્પીઓએ બનાવેલી અને ઘણાં શ્રેષ્ટ ગુણથી[5] ગુંથેલી છતાં પણ ટૂંકાપણાને લઇને મોટાઓને વાંછિત વસ્તુને સાધી આપવામાં સમર્થ એવી વૃત્તિ તથા ચૂર્ણીરૂપ બે [6]નાડિકાઓને જીવાભિગમ વગેરે બીજા વિવિધ જાતના દોરડાઓના ભાગ સાથે જોડી દઇ ઘણી મોટી બનાવેલી છે, તેથી સામાન્ય બુદ્ધિવાલા પુરૂષોને પણ ઉપકાર કરનારી આ વૃત્તિ રૂપી નાડિકાને તે વિજયહસ્તીના નાયકરૂપ એવા ગુરૂજનના

---

૧ દ્રવ્યાનુયોગ વગેરે. ૨ ચરણ-ચારિત્ર. ૩ જે વસ્તુ ન હોય તે મેળવવી તે **યોગ** અને જે વસ્તુ મળેલી હોય તેનું રક્ષણ કરવું, તે **ક્ષેમ**. ૪ પડો-ઢોલ. ૫ એક પક્ષે ગુણનો અર્થ દોરી લેવો. ૬ નાડિકા એટલે મોટી મજબૂત દોરી, જેનાથી મોટો ગજેંદ્ર બાંધી શકાય છે. અહીં ટીકાકારે વૃત્તિરૂપી મોટી દોરી પંચમાંગરૂપી વિજયહસ્તીને બાંધવા માટે કલ્પેલી છે.

વચનથી પૂર્વ મુનિરૂપ શિલ્પીઓના કુલમાં ઉત્પન્ન થયેલા અમો રચવાનો આરંભ કરીએ છીએ.

## इति शास्त्रप्रस्तावना।

## વિવાહપણ્ણત્તિ શબ્દના જુદા જુદા અર્થો.

**विवाहपण्णत्ति** એ શબ્દનો અર્થ શું છે ? તે કહે છે.—**विवाहपण्णत्ति** એટલે **व्याख्यानप्रज्ञप्ति** એવો શબ્દ લઇએ તો તેનો અર્થ આ પ્રમાણે—**वि** એટલે વિવિધ પ્રકારના જીવ–અજીવ વગેરે ઘણાં પદાર્થોના વિષયો, **आ** એટલે અભિવિધિ અર્થાત્ સર્વ જ્ઞેય વસ્તુમાં થતી વ્યાપ્તિ અથવા પરસ્પર સંકીર્ણ ન થાય એમ લક્ષણોને સમજાવવા રૂપ મર્યાદાવડે **ख्यान** એટલે ભગવાન્ મહાવીર પ્રભુએ પોતાના ગૌતમ વગેરે શિષ્યોએ પુછેલા પદાર્થોને પ્રતિપાદન કરવારૂપ તે '**व्याख्यान**' કહેવાય, તે વ્યાખ્યાઓ ભગવાન્ સુધર્મા સ્વામીએ પોતાના શિષ્ય જંબુસ્વામી પ્રત્યે જેને વિષે પ્રરૂપેલી છે, તે **व्याख्यानप्रज्ञप्ति** કહેવાય છે.

જો **विवाहपण्णत्ति** એટલે **व्याख्याप्रज्ञप्ति** એવો શબ્દ લઇએ તો **वि** એટલે વિવિધપણે અથવા વિશેષપણે **आख्यायते** એટલે કહેવાય તે **व्याख्या** અર્થાત્ અભિલાપ કરવા યોગ પદાર્થોની વૃત્તિ, તે જેમાં સારી રીતે પ્રતિપાદન કરવામાં આવે છે, તે **व्याख्याप्रज्ञप्ति** કહેવાય છે.

અથવા **व्याख्या** એટલે અર્થોનું પ્રતિપાદન, તેમનાં **प्र**–પ્રકૃષ્ટ **ज्ञप्ति** એટલે જ્ઞાનો, જેમાં રહેલા છે, તે **व्याख्याप्रज्ञप्ति** કહેવાય છે. અથવા જો **व्याख्याप्रज्ञाप्ति** એવો શબ્દ લઇએ તો તેનો આ પ્રમાણે અર્થ થાય છે—**व्याख्या** એટલે અર્થનું કથન અને **प्रज्ञा** એટલે તેનો હેતુરૂપ જે બોધ તેની **आप्ति** એટલે પ્રાપ્તિ અથવા **आत्ति**[1] એટલે ગ્રહણ જેનાથી થાય છે, તે **व्याख्याप्रज्ञाप्ति** કહેવાય છે. અથવા જેનાથી **व्याख्या** ને વિષે **प्रज्ञा** એટલે બુદ્ધિની પ્રાપ્તિ થાય છે, તે પણ **व्याख्याप्रज्ञाप्ति** કહેવાય છે અથવા **व्याख्यानप्रज्ञ** એટલે વ્યાખ્યાનમાં પ્રવીણ એવા ભગવાન્ મહાવીર પ્રભુ, તેમની પાસેથી ગણધરને જેની **आप्ति** એટલે પ્રાપ્તિ થાય છે, તે **व्याख्यानप्रज्ञाप्ति** કહેવાય છે.

જો **विवाहप्रज्ञप्ति** એવો શબ્દ લઇએ તો તેનો એવો અર્થ થાય છે કે, **वि** એટલે વિવિધ પ્રકારના અથવા વિશિષ્ટ એવા **वाह** એટલે અર્થોના

૧ **आत्ति** શબ્દ **पण्णत्ति** શબ્દમાંથી નીકળે છે.

અથવા નયોના પ્રવાહ; તે જેમાં પ્રરૂપિત થાય છે અથવા પ્રબોધિત થાય છે, તે **विवाहप्रज्ञप्ति** કહેવાય છે. જો **विबाधप्रज्ञाप्ति** એવા શબ્દ લઇએ તો તેનો અર્થ એવો થાય છે કે, **विबाध** એટલે પ્રમાણથી અબાધિત એવી **प्रज्ञा** એટલે બુદ્ધિ જેનાથી પ્રાપ્ત થાય છે તે, જો **विबाधप्रज्ञप्ति** શબ્દ લઇએ તો **विबाधा** એટલે બાધ રહિત એવી **प्रज्ञप्ति** એટલે અર્થની પ્રરૂપણા, તે **विबाधप्रज्ञाप्ति** કહેવાય છે.

આ પ્રમાણે વિવિધ અર્થવાળી આ **विवाहप्रज्ञप्ति** પૂજ્ય હોવાથી '**भगवती**' એવા નામથી પણ કહેવાય છે.

વ્યાખ્યા કરનારાઓ શાસ્ત્રની વ્યાખ્યાના આરંભમાં ફલયોગ, મંગળ, સમુદાય, અર્થ વિગેરે જે દ્વારોનું વર્ણન કરે છે, તે દ્વારો આ વ્યાખ્યામાં વિશેષાવશ્યક વગેરે સૂત્રોમાંથી જાણી લેવા. વળી શાસ્ત્રકારો વિઘ્ન–વિનાયકને શમાવવાને માટે, અથવા શિષ્યજનના પ્રવર્તનને માટે અથવા શિષ્ટાચારની સમાચારી માટે દરેક ગ્રંથના આરંભમાં મંગલાચરણ, અભિધેય વસ્તુ, પ્રયોજન અને સંબંધ એ ચાર બાબતો દર્શાવે છે. તેમાં સર્વ કલ્યાણના કારણને લઇને આ પ્રરૂપેલું શાસ્ત્ર શ્રેય–કલ્યાણરૂપ હોવાથી તેની અંદર અનેક વિઘ્નો આવવાનો સંભવ છે, તેથી તે વિઘ્નો શમાવવાને અર્થે બીજા મંગણાચરણને છોડી દઇ ફક્ત ભાવમંગળાચરણ કરવું જોઇએ. કારણકે, બીજું મંગળાચરણ ઐકાંતિક[૧] નથી તેમજ આત્યંતિક પણ નથી. ભાવ મંગલાચરણ તો તેનાથી ઉલટું છે, તેથી તે મનવાંછિત અર્થને સાધી આપવામાં સમર્થ હોવાથી સર્વથા પૂજવા યોગ્ય છે. તેને માટે શાસ્ત્રમાં કહ્યું છે કે "બીજું મંગલાચરણ ઐકાંતિક અને આત્યંતિક નથી, અને ભાવ મંગલાચરણ તેથી ઉલટું છે, તેથી તે મંગલાચરણ વિશેષ પૂજ્ય છે."

જો કે તે ભાવ મંગલાચરણ તપ વગેરે ભેદથી અનેક પ્રકારનું છે, તો પણ તેમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવા રૂપ જે ભાવ મંગલાચરણ છે, તે વિશેષ ગ્રાહ્ય છે, કારણ કે ભગવાન્ પંચપરમેષ્ઠી મંગળરૂપ, લોકોત્તમ; અને શરણદાયક કહેવાય છે. જેને માટે '**चत्तारि मंगलं**' ઇત્યાદિ ગાથાનું પ્રમાણ છે. તેમાં પણ નમસ્કાર—નવકાર મંત્ર સર્વ પાપોને નાશ કરનાર હોવાથી સર્વ વિઘ્નોના ઉપશમનો હેતુરૂપ છે. જેને માટે કહ્યું છે કે,

૧ કાયમ રહે તેવું.

" एष पञ्च नमस्कारः सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषां प्रथमं भवति मंगलम् " ॥ १ ॥

" આ પંચપરમેષ્ઠી નમસ્કારરૂપ નવકાર મંત્ર સર્વ પાપોને નાશ કરનાર અને સર્વ પ્રકારના મંગળોમાં પ્રથમ મંગળરૂપ છે. " ૧

અને તેથીજ આ નવકાર મંત્ર સમસ્ત શ્રુત[1]સ્કંધોના આરંભમાં ગ્રહણ કરવામાં આવે છે, અને તેથીજ શ્રુતસ્કંધોની અંદર તેનું કથન કરવામ આવે છે. સૂત્રકાર પણ લખે છે કે, " सो सव्वसुयक्खंधब्भंतरभूओत्ति ' તે નવકાર મંત્ર સર્વ શ્રુત સ્કંધોમાં અંતરભૂત છે. " એ કારણને લઇને અ પંચમાંગ શાસ્ત્રની આદિમાં પંચપરમેષ્ઠિ નમસ્કારરૂપ તે નવકાર મંત્રને દર્શાવતા કહે છે.—

" णमो अरिहंताणं, णमो सिद्धाणं,
णमो आयरियाणं, णमो उवज्झायाणं,
णमो लोए सव्व साहूणं " ।

આ નવકાર મંત્રમાં **नमः** એવું જે વિપાત—અવ્યયપદ છે, તે દ્રવ્ય તથા ભાવનો સંકોચ બતાવવાને અર્થે કહેલું છે. "નમઃ પદદ્રવ્ય અને ભાવસંકોચ અર્થવાળું છે." કહ્યું છે કે **नमः** એટલે હાથ, પગ અને મસ્તકથી પ્રણિધાન કરવા રૂપ નમસ્કાર થાઓ. તે નમસ્કાર કોને થાઓ ? અર્હત ભગવંતોને, ઉત્તમ દેવતાઓએ રચેલા અશોક વૃક્ષ વિગેરે મહાન્ અષ્ટ પ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય તે **अर्हत्** કહેવાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, " જેઓ વંદન નમસ્કારને યોગ્ય છે, જેઓ પૂજા સત્કારને યોગ્ય છે તેમજ જેઓ સિદ્ધિપદમાં જવાને યોગ્ય છે, તેથી તેઓ **અર્હત્** કહેવાય છે. " તેવા અર્હત્ ભગવંતોને નમસ્કાર હો. અહિ પ્રાકૃત ભાષાની શૈલીને લઇને ચતુર્થી વિભક્તિના અર્થમાં ષષ્ઠી વિભક્તિ સમજવી.

જો ' **अरहोन्तर्भ्यः** ' એવું પદ લઇએ તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે– **अ** એટલે નથી; **रहः** એકાંત પ્રદેશ અને **अन्तः** એટલે મધ્ય પ્રદેશ જેમને; અર્થાત્ સર્વજ્ઞપણાને લઇને પર્વતોની ગૂફાઓ વિગેરે એકાંત પ્રદેશનો અને સર્વ પદાર્થોના સમૂહમાં રહેલ પ્રચ્છન્ન ભાવરૂપ મધ્ય પ્રદેશનો જેમને અભાવ છે; તે **अरहोन्तः** કહેવાય છે; એવા ભગવંતોને નમસ્કાર હો.

---

૧ શ્રુત સ્કંધ એટલે સૂત્રનો ભાગ.

જો **अरथान्तेभ्यः** એવું પદ લઇએ તો તેનો અર્થ આ પ્રમાણે—**अ** એટલે નથી **रथ** એટલે સર્વ પરિગ્રહના ઉપલક્ષણરૂપ રથ અને **अन्त** એટલે જરાવસ્થા પ્રમુખનો નાશ જેમને તે **अरथान्त** કહેવાય છે; અર્થાત્ જેમને સર્વ પરિગ્રહનો ત્યાગ અને જરાવસ્થા વગેરેનો નાશ છે; એવા ભગવંતોને નમસ્કાર હો.

જો **अरहयद्भ्यः**[1] એવું પદ લઇએ તો જેઓ કોઇમાં પણ આસક્તિને નથી પામનારા કારણકે, તેમનો રાગ ક્ષીણ થયેલો છે. અથવા-ઉત્કૃષ્ઠ રાગ પ્રમુખના કારણરૂપ એવા રમણીય અને અરમ્ય વિષયોનો સંબંધ થયા છતાં પણ પોતાના વીતરાગ સ્વભાવને નહીં છોડતા એવા **अरहयत्** ભગવંતોને નમસ્કાર હો.

'**अरिहंताणं**' એવો પણ પાઠ છે. તેનો અર્થ એવો થાય છે કે કર્મ રૂપી શત્રુઓને નાશ કરનારા, કહ્યું છે કે,

" अट्ठविहंपिय कम्मं,
अरिभूयं होइ सयलजीवाणं ।
तं कम्ममरिहंता,
अरिहंता तेण वुच्चंति " ॥ १ ॥

" આઠ પ્રકારના જે કર્મ તે સર્વ જીવોના શત્રુરૂપ છે, તે કર્મરૂપી અરિ–શત્રુઓને હણનારા, તેથી અરિહંત કહેવાય છે. ૧ "

**अरहंताणं** એવો પણ પાઠ છે. તે પક્ષે **अरोहद्भ्यः**[2] એવું પદ થાય છે તેનો અર્થ એવો છે કે, **अ** એટલે નહીં **रोहत्** ઉત્પન્ન થનારા, અર્થાત્ કર્મરૂપી બીજનો ક્ષય થવાથી જેઓ ફરીવાર ઉત્પન્ન થનારા નથી, એવા **अरोहत्** ભગવંતોને નમસ્કાર હો. કહ્યું છે કે—

" दग्धे बीजे यथात्यन्तं प्रादुर्भवति नांकुरः ।
कर्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः " ॥ १ ॥

" જેમ બીજ અત્યંત બળી જવાથી તેનો અંકુરો ઉત્પન્ન થતો નથી તેમ કર્મરૂપી બીજ બળી જવાથી સંસારરૂપી અંકુર ઉત્પન્ન થતો નથી. ૧"

---

૧ **रह्** ધાતુનો અર્થ જવું અથવા ત્યાગ કરવો એમ થાય છે.
૨ **रुह्** ધાતુનો અર્થ ઉગવું થાય છે.

એ પંચપરમેષ્ઠીઓ નમસ્કાર કરવાને યોગ્ય શામાટે છે? તે પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે; આ સંસારરૂપી ભયંકર જંગલમાં ભ્રમણા કરવાથી ભયથી ભય પામેલા પ્રાણીઓને અનુપમ આનંદરૂપ મોક્ષનગરનો માર્ગ બતાવવામાં તે પંચપરમેષ્ઠીઓ પરમ ઉપકારી છે; તેથી તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે.

**णमो सिद्धाणं** સિદ્ધોને નમસ્કાર હો. **सिद्ध** એ શબ્દનો અર્થ કહે છે. **सित** એટલે બાંધેલા આઠ પ્રકારના કર્મરૂપી ઇંધણાં; તે જાજ્વલ્યમાન એવા શુક્લ ધ્યાનરૂપી અગ્નિવડે જેઓએ **ध्यात** એટલે બાલેલા છે; તે **सिद्ध**[1] કહેવાય છે. અથવા **सेधन्ति स्म**[2] એટલે જેઓ અપુનરાવૃત્તિ વડે ફરીથી સંસારમાં નહીં આવવા સ્વરૂપે મોક્ષપુરીમાં ગયેલા છે, તે **सिद्ध** કહેવાય છે. અથવા **सिध्यन्ति**[3] **स्मेति सिद्धाः** એટલે જેઓના સર્વ અર્થો-મનોરથો સિદ્ધ થયેલા છે, તે સિદ્ધ કહેવાય છે. અથવા **सेधन्ति स्मेति सिद्धाः** એટલે જેઓ શાસન કરનારા અને મંગલપણાને અનુભવનારા થયેલા છે, તે **सिद्ध** કહેવાય છે. અથવા **सिद्ध** એટલે નિત્ય અર્થાત્ જેમની સ્થિતિનો અંત નથી એવા અથવા **सिद्ध** એટલે પ્રખ્યાત-પ્રસિદ્ધ, કારણકે ભવ્ય પ્રાણીઓએ તેમના ગુણોનો સમૂહ જાણેલો છે, આ વિષે બીજે સ્થળે પણ કહેલું છે.

**"ध्यातं सितं येन पुराणकर्म**
**यो वा गतो निर्वृतिसौधमूर्धनि ।**
**ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो**
**यः सोऽस्तु सिद्धः कृतमङ्गलो मे" ॥ १ ॥**

" જેમણે બાંધેલા પૂર્વકર્મોને બાળી નાંખ્યા છે, જેઓ મોક્ષરૂપી મહેલના શિખર ઉપર ચડેલા છે અને જેઓ ( ગુણોવડે ) પ્રસિદ્ધિ પામ્યા છે, જેઓ શાસન કરનારા છે, જેઓના સર્વ અર્થો-મનોરથો સંપૂર્ણ થયા છે, તે **सिद्ध भगवान्** મને મંગળકારી થાઓ. ૧ "

એ સિદ્ધ ભગવંતો અવિનાશી એવા જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય પ્રમુખ ગુણવાલા હોવાથી પોતાના વિષયમાં અત્યંત હર્ષ ઉત્પન્ન કરીને ભવ્ય

---

૧ અહીં નિરૂક્ત વિધિથી '**सित्ध्यात**' શબ્દનો **सिद्ध** શબ્દ બન્યો છે. ૨ અહિં **सिध्** એટલે સંરાધન કરવું, એ ધાતુ છે. ૩ અહિ **सिध्** શાસન કરવું અને માંગલ્ય રૂપ થવું, એ ધાતુ છે.

પ્રાણીઓને અતિ ઉપકારના હેતુ છે, તેથી તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે.

'**णमो आयरियाणं**' **आचर्यन्ते सेव्यन्ते इति आचार्याः—आ** એટલે તેમને ઘટે તેવા વિનય કરવા રૂપ મર્યાદાથી **चर्यन्ते** એટલે સેવાય, અર્થાત્ જિનશાસનના અર્થના ઉપદેશક હોવાથી જેઓ જિનશાસનના અર્થને જાણવાની ઇચ્છા રાખનારા પુરૂષોથી સેવાય તેઓ **आचार्य** કહેવાય છે.

અથવા '**आचारे साधवः आचार्याः**' જ્ઞાનાચાર વિગેરે પાંચ પ્રકારના આચારને સાધનારા તે **आचार्य** કહેવાય છે. અથવા **आ** એટલે મર્યાદાથી **चार** એટલે વિહાર કરવામાં ઉત્તમ તે **आचार्य** કહેવાય છે. પોતે આચાર પાળે, બીજાને પળાવે અને બીજાને બતાવે—એ **आचार्य**નાં લક્ષણો છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

**" पंचविहं आयारं, आयरिमाणा तहा पयासंता ।**
**आयारं दंसंता, आयरिया तेण वुच्चंति " ॥ १ ॥**

જેઓ પાંચ પ્રકારનો આચાર પાળે, બીજાને પળાવે અને ઉપદેશે, તે **આચાર્ય** કહેવાય છે. ૧

અથવા **आचारेषु साधवः आचार्याः । आ** એટલે અપૂર્ણ એવા **चार** એટલે હેરિક અર્થાત્ યુક્ત—અયુક્ત એવા વિભાગનું નિરૂપણ કરવામાં નિપુણ એવા શિષ્યો, તેમને યથાર્થ શાસ્ત્રને ઉપદેશ આપી સુધારનારા તે **आचार्य** કહેવાય છે. એવા આચાર્યોને નમસ્કાર થાઓ. તે આચાર્યો આચારના ઉપદેશક હોવાથી ઉપકારી છે, તેથી તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે.

'**णमो उवज्झायाणं**' **उप अधीयते**[1] **जिनप्रवचनं येभ्यस्ते उपाध्यायाः** જેમની પાસે આવી, સૂત્રમાંથી જિનપ્રવચનને અભ્યાસ થાય તે **उपाध्याय** કહેવાય છે. અથવા **उप--अधि--ईयते**[2] **जिनप्रवचनं येभ्यस्ते उपाध्यायाः** જેમની પાસેથી સૂત્રમાંથી જિનપ્રવચન અધિક મેળવી શકાય તે **उपाध्याय** કહેવાય છે. અથવા જેમની પાસે સૂત્રમાંથી જિનપ્રવચનનું સ્મરણ[3] થાય તે **उपाध्याय** કહેવાય છે. તેને માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, "જિનેન્દ્રે કહેલી દ્વાદશાંગીને પંડિતોએ સ્વાધ્યાય કહ્યો છે, તેને જેઓ ભણાવે તેઓ ઉપાધ્યાય કહેવાય છે."

---

૧ અહિં **इ** ધાતુ **अधि** ઉપસર્ગ સાથે ભણવાના અર્થમાં છે. ૨ અહિં **ई** ધાતુ ગતિ-પ્રાપ્તિ અર્થમાં છે. ૩ અહિં **इ** ધાતુ સ્મરણ અર્થમાં છે.

અથવા " **उपाधिना उपाधौ वा आयः येषां ते उपाध्यायाः** " જેમની **उपाधि** એટલે સમીપ રહેવાથી કે સમીપમાં રહેવાથી શ્રુત–શાસ્ત્રનો **आय** એટલે લાભ થાય તે **उपाध्याय** કહેવાય છે. અથવા '**उपाधीनां आयः येभ्यः ते उपाध्यायाः** એટલે જેમનાથી સારા વિશેષણોનો–ગુણોનો લાભ થાય તે **उपाध्याय** કહેવાય છે. અથવા ' **उपाधिरेव आयो येषां ते उपाध्यायाः** " જેમનું સમીપ જ ઇષ્ટ ફળવાલા નસીબને ઉત્પન્ન કરનારૂં હોવાથી, તે ઇષ્ટ ફલોના સમૂહને આપનારૂં થાય છે, કારણકે તેઓ તેના હેતુ રૂપ છે, તે પણ **उपाध्याय** કહેવાય છે. અથવા **आधि** એટલે મનની પીડા તેનો જે **आय** એટલે લાભ તે **आध्याय** કહેવાય. **उपहत** એટલે હણ્યો છે મનની પીડાનો લાભ જેમણે તે **उपाध्याय** કહેવાય છે. અથવા **अधी**[1] એટલે કુબુદ્ધિ તેનો **आय**—લાભ જેમણે હણ્યો છે, તે **उपाध्याय** કહેવાય છે. અથવા **अध्याय**[2] એટલે દુર્ધ્યાન તે જેમણે હણેલું છે, તે **उपाध्याय** કહેવાય છે.

ઉપાધ્યાયો સંપ્રદાયથી ચાલ્યા આવતા જિન ભગવંતના વચનોને વિનયથી ભણાવી ભવ્યજનોના મહાન્ ઉપકારી છે, તેથી તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે.

'**णमो सव्वसाहूणं**' **साधयन्ति ज्ञानादिशक्तिभिर्मोक्षमिति साधवः** જેઓ પોતાની જ્ઞાનાદિશક્તિ વડે મોક્ષને સાધે તેઓ સાધુ કહેવાય છે. અથવા **समतां सर्वभूतेषु ध्यायन्ति इति साधवः** સર્વ પ્રાણીઓને વિષે સમતાનું ધ્યાન ચિંતવે તેઓ **साधु** કહેવાય છે. તેને માટે શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છેઃ—

" निव्वाणं साहए जोए, जम्हा साहेंति साहुणो ।
समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ॥ १ ॥

જેઓ મન વચન અને કાયના યોગથી નિર્વાણ–મોક્ષને સાધે, અને સર્વ પ્રાણી ઉપર સમતા રાખે તેઓ **भावसाधु** કહેવાય છે. ૧.

અથવા **संयमकारिणां साहायकं धारयन्तीति साधवः** સંયમ કરનારાઓને સહાય આપે તે **साधु** કહેવાય છે. તેવા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. અહિ **सर्व** પદનું ગ્રહણ કર્યું છે, તેથી સામાયકાદિ વિશેષણવાળા પ્રમત્તાદિક,

---

૧ **अ** એટલે નઠારી **धी** બુદ્ધિ, તે **अधी**.

૨ અહિ ' **ध्यै** ' ચિતવવું, એ ધાતુ ઉપરથી **ध्याय** રૂપ થાય છે **अ** એટલે નઠારૂં **ध्याय** એટલે ધ્યાન, તે **अध्याय**.

પુલાકપ્રમુખ, જિનકલ્પિક, પ્રતિમાકલ્પિક, યથાલંદકલ્પિક, પરિહારવિશુદ્ધિકલ્પિક, સ્થવિરકલ્પિક, સ્થિતકલ્પિક સ્થિતાસ્થિતકલ્પિક; તથા કલ્પાતીતભેદ; પ્રત્યેકબુદ્ધ; સ્વયંબુદ્ધ; બુદ્ધબોધિતભેદ અને ભારતાદિભેદ. અથવા સુખમદુઃષમાદિ વિશેષિત એવા સાધુઓ—એ સર્વનું ગ્રહણ કરવું. તેમ વળી સર્વ શબ્દના ગ્રહણથી એમ પણ પ્રતિપાદન કર્યું છે કે; તે ગુણવાળા સર્વ સાધુઓ અભેદપણે નમસ્કાર કરવાને યોગ્ય છે. આ પ્રમાણે 'અર્હત્' વિગેરે પદોમાં પણ સમજવું કારણ કે; ન્યાય સર્વને સરખી રીતે લાગુ પડે છે. જો **सार्वसाधुभ्यः** એવો શબ્દ લઇએ તો **सार्व** એટલે સર્વ જીવોને હિતકારી એવા સાધુઓ, એવો અર્થ થાય છે. અથવા **सार्व** એટલે અર્હત્ ભગવાન્ તેમના સાધુઓ, બીજા બુદ્ધ વિગેરેના સાધુઓ નહીં; એમ સમજવું. અથવા **सर्वान् शुभयोगान् साधयन्ति इति सर्वसाधवः**, અથવા **सार्वान् अर्हतः साधयन्ति इति सार्वसाधवः**, સર્વ શુભયોગને સાધે તે **सर्वसाधु** કહેવાય છે. અથવા **सार्व** એટલે અર્હત્ પ્રભુઓની આજ્ઞા પાળી તેઓને આરાધે, અથવા દુષ્ટભયને નિવારી પ્રતિષ્ઠિત કરે તે **सार्वसाधु** કહેવાય છે.

જો **श्रव्यसाधवः** કે **सव्यसाधवः** એવા શબ્દ લઇએ તો **श्रव्येषु साधवः श्रव्यसाधवः** એટલે શ્રવણ કરવાને યોગ્ય વાકયોને વિષે સાધુ એટલે નિપુણ તે **श्रव्यसाधु** કહેવાય છે. **सव्येषु साधवः सव्यसाधवः सव्य** એટલે અનુકૂલ એવા કાર્યોને સાધવામાં કુશળ તે **सव्यसाधु** કહેવાય છે, તેવા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

"**नमो लोए सव्वसाहूणं**" એવો પાઠ કોઇ ઠેકાણે આપેલો છે. '**सर्व**' શબ્દ દેશ–સર્વ–'અમુક વિભાગવાળું સર્વ' એવા અર્થવાળો પણ કોઇ સ્થળે દેખીએ છીએ. અહીં તેમ ન લેવું, પરંતુ 'અશેષસર્વ' લેવું, તે માટે '**लोके**' શબ્દ મૂકયો છે. અહિ **लोके** એટલે આ મનુષ્ય લોકમાં–ગચ્છાદિકમાં નહીં–અર્થાત્ આ મનુષ્ય લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ. એ સાધુઓ મોક્ષમાર્ગમાં સહાય કરનારા હોવાથી ઉપકારી છે. તેથી તેઓ નમસ્કાર કરવાને યોગ્ય છે. તેને માટે કહ્યું છે કે,

"असहाए सहायन्तं, करेंतिमे संजमं करेंतस्य ।
एएण कारणेणं, नमामहं सव्वसाहूणं ति" ॥ १ ॥

"સાધુઓ સંયમને કરતા અસહાયને સહાય કરનારા છે, તે કારણથી સર્વ સાધુઓને હું નમસ્કાર કરૂં છું.

અહિં વાદી શંકા કરે કે, જો આ નમસ્કાર સંક્ષેપથી કરવાનો હોય તો તે સિદ્ધ તથા સાધુઓને કરવો ઘટિત છે, કારણ કે, તેમનું ગ્રહણ કરવાથી તેની અંદર અર્હંત વિગેરેનો સમાવેશ થઇ જાય છે, કારણ કે, અર્હંત વિગેરેમાં સાધુપણું વ્યભિચાર પામતું નથી; અર્થાત્ તેમનામાં પણ સાધુપણું રહેલું છે. અને જો આ નમસ્કાર વિસ્તારથી કરવાનો હોય તો ઋષભ વગેરેનાં જુદાં જુદાં ખુલ્લાં નામ આપીને તે નમસ્કાર કરવો જોઇએ,

આ શંકાના સમાધાનમાં કહે છે કે, આ તમારી શંકા ઘટતી જ નથી. કારણ કે, જેમ ફકત માણસને નમસ્કાર કરવાથી રાજાને નમસ્કાર કરવાનું ફલ મળતું નથી, તેમ માત્ર સાધુને નમસ્કાર કરવાથી અર્હંત વિગેરેને નમસ્કાર કરવાનું ફળ મળતું, તેથી નમસ્કાર સામાન્ય રીતે ન કરતાં વિશેષ પ્રકારે કરવો જોઇએ. વળી તે નમસ્કાર દરેક વ્યક્તિના નામથી કરવો અશકય થઇ પડે છે, તેથી ઋષભાદિકના જુદાં જુદાં નામ લઇને કર્યો નથી.

અહિં વાદી વળી બીજી શંકા કરે છે કે, અહિં યથાપ્રધાન[1] ન્યાયને અંગીકાર કરી સિદ્ધાદિ[2] આનુપૂર્વી ગ્રહણ કરવી યોગ્ય છે, કારણ કે, સિદ્ધ ભગવંત સર્વથા કૃતકૃત્ય[3] હોવાથી સર્વમાં પ્રધાન છે. તે શંકાના ઉત્તરમાં કહે છે કે, તમારી એ શંકા ટકી શકતી જ નથી કારણ કે, અર્હંતોના ઉપદેશ દ્વારાજ સિદ્ધોનું જ્ઞાન થાય છે–સિદ્ધોને ઓળખીએ છીએ. તેમ વળી તીર્થના પ્રવર્ત્તાવવાથી અર્હંત ભગવાન્ અત્યંત ઉપકારી છે. તેથી અર્હંત જેમાં આદિ છે, એવીજ આનુપૂર્વી લેવી જોઇએ.

ત્યારે વાદી બીજી શંકા કરે છે કે, તમે કહો છો કે; સિદ્ધ પુરૂષો અર્હંત ભગવાન્‌ના ઉપદેશથીજ જણાય છે, તેથી તેમને આદિ કરીને આનુપૂર્વી થઇ શકે તો પછી તેજ ન્યાયથી આચાર્યોને આદિ કરીને [4]આનુપૂર્વી લેવી જોઇએ, કારણ કે, કોઇ કાળે આચાર્યોથી પણ અર્હંત વિગેરે જાણવામાં આવે છે, તેથી આચાર્યોનું જ અત્યંત ઉપકારીપણું છે. આ શંકાના

૧ જે પ્રધાન–મુખ્ય હોય તેમને અગ્રે કરવા જોઇએ. એવો ન્યાય છે. ૨ સિદ્ધની ગણના જેમાં અગ્ર છે, એવી આનુપૂર્વી. ૩ કૃતાર્થ. ૪ ક્રમ.

ઉત્તરમાં કહેવાનું કે, તે તમારી શંકા તદ્દન અયોગ્ય છે. કારણ કે, આચાર્યોની અંદર જે ઉપદેશ આપવાનું સામર્થ્ય છે, તે અર્હંતના ઉપદેશથીજ હોય છે. આચાર્યો કદિ પણ સ્વતંત્રપણે ઉપદેશથી અર્થના[1] જ્ઞાપક થઇ શકતા નથી. તેમની અર્થની જ્ઞાપકતા અર્હંતના ઉપદેશનેજ આધીન છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે, પરમાર્થવડે–સાચી રીતે અર્હંત ભગવંતોજ સર્વઅર્થના જ્ઞાપક છે અને આચાર્ય વિગેરે તો તેમની પર્ષદારૂપે રહેનારા છે, તેથી તેમને નમસ્કાર કર્યા પછી અર્હંતને નમસ્કાર કરવો, એ સર્વ રીતે અયોગ્ય છે. કહ્યું છે કે "કોઇપણ પુરૂષ સભાને નમસ્કાર કર્યા પછી રાજાને નમસ્કાર કરતો નથી. પ્રથમ રાજાને નમસ્કાર કર્યા પછી સભાને નમસ્કાર કરે છે"

આ પ્રમાણે પંચ પરમેષ્ટીને નમસ્કાર કરી હવે, આધુનિક લોકોને અતિ ઉપકારી એવા શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે. એ શ્રુતજ્ઞાનના **દ્રવ્યશ્રુત** અને **ભાવશ્રુત** એવા બે ભેદ છે. તેમાં દ્રવ્યશ્રુત ભાવશ્રુતનું કારણ હોવાથી પ્રથમ સંજ્ઞા તથા અક્ષરરૂપ એવા તે દ્રવ્યશ્રુતને નમસ્કાર કરે છે.

**"णमो बंभीए लिवीए"**

"બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ." પુસ્તક વગેરેમાં જે અક્ષરોનો વિન્યાસ–સ્થાપન તે **લિપિ** કહેવાય છે. તે લિપિ અઢાર પ્રકારની હોવા છતાં શ્રીઋષભદેવ ભગવંતે પોતાની બ્રાહ્મી નામની પુત્રીને બતાવેલી હોવાથી તે લિપિનું નામ બ્રાહ્મી લિપિ પડયું છે. કહ્યું છે કે–" જિનેંદ્રે ( ઋષભદેવે ) બ્રાહ્મીને જમણે હાથે લખી લિપિવિધાન શીખવ્યું " આ પ્રમાણે હોવાથી 'બ્રાહ્મી ' એ પદ લિપિનું સ્વરૂપ વિશેષણ સમજવું.

અહિં વાદી શંકા કરે છે કે, તમે આ આરંભેલા શાસ્ત્રનેજ મંગળરૂપ ગણો છો, તો પછી તેમાં મંગળાચરણ કરવાનું શું પ્રયોજન છે? જે મંગળ હોય તેને મંગળ કરવાની જરૂર પડે તો પછી અનવસ્થા દોષની પ્રાપ્તિ થશે. વાદીની આ શંકાના સમાધાનમાં કહે છે કે, તમે કહ્યું તે સત્ય છે. પરંતુ શિષ્યોની બુદ્ધિને મંગળ પ્રાપ્તિ થાય તે કારણથી મંગળાચરણ કરવાની જરૂર છે. તેમ વળી પૂર્વે શિષ્ટપુરૂષોના આચારનું પાલન કરવા માટે પણ મંગળાચરણ કરવું જોઇએ,તે વિષે પ્રથમ કહેવામાં આવ્યું છે.

દરેક ગ્રંથની આદિમાં મંગળ, અભિધેય[2] વગેરે ચાર સંબંધ કહેવામાં

૧ અર્થના જ્ઞાપક–અર્થના જણાવનારા. ૨ મંગલાચરણ, અભિધેય, પ્રયોજન અને હેતુ એમ ચાર સંબંધ પણ કહેવાય છે.

આવે છે. તેમ આ શાસ્ત્રમાં મંગલ કહેવામાં આવ્યું છે અને અભિધેય વિગેરે સંબંધો વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ એ સામાન્ય નામથીજ કહેવામાં આવ્યા છે; તેથી પુનઃ તે કહેવાની જરૂર નથી, કારણકે; તેટલાથીજ શ્રોતાજનની પ્રવૃત્તિ વગેરે ઇષ્ટફલની સિદ્ધિ થઇ શકે તેમ છે. તે આ પ્રમાણે–આ શાસ્ત્રમાં ભગવંતે જે અર્થ વ્યાખ્યાઓ કહેલી છે, તે અભિધેય સંબંધ જાણવો. તે વ્યાખ્યાઓની પ્રજ્ઞાપના અથવા બોધ એ અનંતર ફલ સમજવું અને મોક્ષની પ્રાપ્તિ એ તેનું પરંપરા ફલ સમજવું. તે મોક્ષ આપ્ત[1] પુરૂષોના વચનને લઇને ફલરૂપે સિદ્ધ થાય છે. જે આપ્ત પુરૂષ હોય છે, તે સાક્ષાત્ અથવા પરંપરાએ જેમાં મોક્ષનું અંગ ન હોય તેવા શાસ્ત્રને પ્રતિપાદન કરવાને ઉત્સાહ રાખતા નથી, કારણ કે તેમ કરવાથી તેમનામાં અનાપ્તપણાનો પ્રસંગ આવે છે, આ શાસ્ત્રનું ઉપર કહેલું પ્રયોજન તેજ સંબંધ સમજવો.

આ પંચમાંગ શાસ્ત્ર એક શ્રુત[2] સ્કંધ રૂપ છે તેની અંદર એકસોથી અધિક અદયયન[3] છે, દશ હજાર ઉદ્દેશા તેનું પ્રમાણ છે, છત્રીશ હજાર પશ્નો તેનું પરિમાણ છે, બે લાખ અને અઠયાશી હજાર તેના પદ છે. એવા આ શાસ્ત્રના મંગલાદિક ઉપર દર્શાવ્યા છે.

હવે આ શાસ્ત્રના પ્રથમ શતકમાં બીજા ગ્રંથની પરિભાષામાં કહીએ તો પહેલા અદયયનમાં દસ ઉદ્દેશા છે, તે શ્રીમહાવીરપ્રભુએ રાજગૃહ નગરીમાં કહેલા છે.

## ઉદ્દેશક એટલે શું ?

અદયયનના અર્થ વિભાગને જણાવનારા જે અદયયનના વિભાગો તે **उद्देशक** કહેવાય છે. **उद्देशकः** શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. " **उद्दिश्यन्ते उपधानविधिना शिष्यस्य आचार्येण ते उद्देशाः, उद्देशा एव उद्देशकाः** " આચાર્ય ઉપધાન વિધિ વડે શિષ્યને ઉદ્દેશ કરે એટલે 'હે શિષ્ય, તું અધ્યયનનો આટલો ભાગ ભણ' એમ કહે, તે **उद्देशक** કહેવાય છે. તે ઉદ્દેશકો સુખે ધારી શકાય અને યાદ કરી શકાય, ઇત્યાદિ કારણને લઇને પ્રથમ તેમના અભિધેય અર્થ તથા અભિધાન–નામ જણાય તેવી રીતે તેમના સંગ્રહ રૂપે ગાથા કહેલી છે.

### તે દશ ઉદ્દેશકના નામ

**१ चलण, २ दुक्ख, ३ कंखपओस, ४ पगइ, ५ पुढवी, ६ जावंत, ७ नेरइअ, ८ बाल, ९ गुरुए १० चलणा.**

---

૧ સર્વનું હિત કરનારા પુરૂષો. ૨ સૂત્રનો ભાગ. ૩ અદયયન એટલે અધ્યાય–શતક.

જો કે મૂળમાં દર્શાવેલી ગાથાનો અર્થ આગળ કહેવામાં આવવાના દસ ઉદ્દેશા ઉપરથી પોતાની મેળેજ જાણી શકાય તેમ છે, તથાપિ બાલ બુદ્ધિવાલા પુરૂષોને તે સુખે સમજાય, તેવા હેતુથી તે અર્થ આ સ્થળે કહેવામાં આવ્યો છે. ૨ રાજગૃહ નગરમાં ભગવાન્ શ્રીમહાવીરે આગળ કહેવાના ઉદ્દશાનો અર્થ દેખાડયો એ પ્રમાણે વ્યાખ્યા કરવી.

*૧ પેહેલો ઉદ્દેશક **चलण** એટલે ચલન વિષયનો છે. અર્થાત્ ચલન અર્થનો નિર્ણય કરવાનો છે. ૨ બીજો ઉદ્દેશક દુઃખ વિષયનો છે, અર્થાત્ "હે ભગવન્ ! જીવ પોતે કરેલા દુઃખને કર્મને વેદે છે ?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય છે.

૩ ત્રીજો ઉદ્દેશક **कांक्षाप्रदोष**નો છે. **कांक्षा** એટલે મિથ્યાત્વમોહનીય કર્મનો ઉદય થવાથી જીવને જે જુદા જુદા દર્શનોને ગ્રહણ કરવા રૂપ પરિણામ થાય છે તે રૂપ જે પ્રકૃષ્ટ–ઉત્કૃષ્ટ દોષ–જીવનું દૂષણ તે **कांक्षाप्रदोष** કહેવાય છે. તે ઉદ્દેશામાં "હે ભગવન્ ! જીવે કાંક્ષામોહનીયકર્મ કર્યું ?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૪ ચોથો ઉદ્દેશક **प्रकृति**નો છે. પ્રકૃતિ એટલે કર્મના ભેદ "હે ભગવન્ ! કર્મની કેટલી પ્રકૃતિઓ છે ?" ઇત્યાદિ પ્રશ્નનો તેમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

૫ પાંચમો ઉદ્દેશક **पृथिवी** સંબંધી છે. "હે ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ?" ઇત્યાદિ પ્રશ્નનો તેમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

૬ છઠો ઉદ્દેશક **यावत्** શબ્દ વડે ઉપલક્ષિત છે. "હે ભગવન્ ! જેટલા અવકાશને આંતરે સૂર્ય છે" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય તે ઉદ્દેશામાં કરવામાં આવ્યો છે.

૭ સાતમો ઉદ્દેશક **नैरयिक** સંબંધી છે. તે ઉદ્દેશામાં "હે ભગવન્ ! નરકને વિષે ઉત્પન્ન થતો નારકી" ઇત્યાદિ સૂત્રોનો તેમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

૮ આઠમો ઉદ્દેશક **बाल** સંબંધી છે. "હે ભગવન્ ! મનુષ્ય એકાંત બાળક છે કે કેમ, ? ઇત્યાદિ પ્રશ્નનો તેમાં નિર્ણય કરવામાં આવ્યો છે.

---

* આ પેહેલા ઉદ્દેશમાં કર્મોના ચલનના વિષયમાં જે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે, તે સંબંધી હકીકત છે.

૯ નવમો ઉદ્દેશ **गुरुत्व** સંબંધી છે. હે ભગવન્! જીવો કેવ રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે, ઈત્યાદિ પ્રશ્નનો તેમાં નિર્ણય કરવામ આવ્યો છે.

૧૦ દશમો ઉદ્દેશ **चलनादिक** સંબંધી છે. "હે ભગવન્! બીજા મતવાળાઓ એમ કહે છે કે જે ચાલતું છે તે અચલિત છે–ચાલ્યું નથી" ઈત્યાદિ પ્રશ્નનો નિર્ણય તેમાં આપવામાં આવ્યો છે.

આ પ્રમાણે પ્રથમ શતકના દશ ઉદ્દેશની સંગ્રહરૂપ ગાથાનો અર્થ સમજવો.

## પ્રથમ શતકની આદિમાં વિશેષ મંગલાચરણ.

ઉપર પ્રમાણે આ શાસ્ત્રના ઉદ્દેશમાં મંગલાચરણ વિગેરે કાર્ય કરવામાં આવ્યું છે, છતાં પણ તેના પ્રથમ શતકની આદિમાં વિશેષ મંગલાચરણ કરે છે.

"**णमो सुअस्स**" શ્રુત–પ્રવચનને નમસ્કાર થાઓ. શ્રુત–એટલે દ્વાદશાંગી સ્વરૂપ અર્હત્પ્રવચન, તેને નમસ્કાર થાઓ.

અહિં વાદી શંકા કરે છે કે, જે ઇષ્ટદેવતાને નમસ્કાર કરવો તે માંગલિક ગણાય, પરંતુ જે શ્રુત–પ્રવચન છે, તે ઇષ્ટદેવતા નથી તો પછી તેને કરેલો નમસ્કાર માંગલિક શી રીતે થાય? આ શંકાના ઉત્તરમાં કહે છે કે, શ્રુત-પ્રવચન પણ ઇષ્ટ દેવતા જ છે, કારણ કે, જેમ અર્હતો સિદ્ધોને નમસ્કાર કરે છે, તેમ શ્રુતને પણ નમસ્કાર કરે છે **नमस्तीर्थाय** એમ કહીને અર્હત ભગવંતો શ્રુતને નમસ્કાર કરે છે. **नमस्तीर्थाय** એ વાકયમાં તીર્થ શબ્દનો અર્થ શ્રુત છે, કારણ કે, તે આ સંસાર રૂપ સાગરને ઉતરવાનું અસાધારણ કારણ છે. વળી તેનાજ આધારે '**संघ**' શબ્દ પણ તીર્થ શબ્દના અર્થમાં વપરાય છે.

અર્હંત ભગવંતો મંગળને અર્થે સિદ્ધોને પણ નમસ્કાર કરે છે તેને માટે નીચેનું વાક્ય પ્રમાણ છે.

'**काऊण नमोक्कारं सिद्धाणमभिग्गहं तु सो गिण्हे**'

'સિદ્ધોને નમસ્કાર કરી અર્હંત અભિગ્રહને ગ્રહણ કરે.'

એવી રીતે પ્રથમ શતકના ઉદ્દેશોમાં કહેવા યોગ્ય અર્થ સંક્ષેપથી બતાવ્યા પછી 'જેવો ઉદ્દેશ તેવો નિર્દેશ' એ ન્યાયને આશ્રીને હવે પહેલા

ઉદ્દેશના અર્થને સવિસ્તાર કહેવા જોઇએ તેથી ભગવાન્ સુધર્માસ્વામી ગુરૂ પર્વના ક્રમનો સંબંધ બતાવતા જંબૂસ્વામીને ઉદ્દેશીને કહે છે. "તે કાલે તે સમયે" ઇત્યાદિ.

કદિ અહિ શંકા થાય કે, સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને ઉદ્દેશીને આ ગ્રંથ કહ્યો છે, એમ શી રીતે જાણી શકાય? તે શંકાના સમાધાન માટે કહેવાનું કે, આ ગ્રંથની વાચના સુધર્માસ્વામીથી પ્રવર્તેલી છે. શાસ્ત્રમાં પણ લખે છે કે "પ્રથમ સુધર્માસ્વામીથી શ્રુતતીર્થ પ્રવર્ત્યું અને પછી બીજા ગણધરોએ જાણ્યું." વળી સુધર્માસ્વામીના પ્રધાન શિષ્ય જંબૂસ્વામી હતા, તેથી તેમને ઉદ્દેશીને આ શાસ્ત્રની વાચના પ્રવર્ત્તેલી છે. તેમજ એ વિષે છઠ્ઠા અંગના ઊપોદ્ઘાતમાં પણ લખેલું છે કે, જંબૂસ્વામીએ સુધર્માસ્વામીને પૂછ્યું કે, 'હે ભગવન્, વિવાહપણ્ણત્તિ રૂપ પાંચમા અંગમાં ભગવાન્ મહાવીરે 'આ પ્રમાણે અર્થ પ્રરૂપ્યો, હે ભગવન્!, છઠ્ઠા અંગમાં શો અર્થ પ્રરૂપ્યો છે?"

આ ઉપરથી નિશ્ચય થાય છે કે, આ અંગમાં પણ અવશ્ય સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને ઉદ્દેશીનેજ ઉપોદ્ઘાત કહેલો છે.

આ ઉપોદ્ઘાતગ્રંથની મૂલ ટીકાકારે સમગ્ર શાસ્ત્રને આશ્રીને વ્યાખ્યા કરેલી છે, પરંતુ અમો અહિ પ્રથમ ઉદ્દેશાને આશ્રીને વ્યાખ્યા કરીએ છીએ. કારણ કે, આ શાસ્ત્રમાં પ્રત્યેક શતક અને પ્રત્યેક ઉદ્દેશાનો ઊપોદ્ઘાત અનેક. પ્રકારે કહેલો છે. પ્રથમ વ્યાખ્યાન કરેલા આ નમસ્કારાદિ ગ્રંથની વ્યાખ્યા કોઇ પણ કારણથી વૃત્તિકારે કરી નથી.

તે કાલે એટલે અવસર્પિણી કાળના દુઃષમસુખમા નામના કાલમા અને તે સમયે એટલે જયારે ભગવંત મહાવીરે કથા કહી તે સમયે **રાજગૃહ** નામનું નગર[1] હતું. એ નગરનું વર્ણન ગ્રંથનો વિસ્તાર થવાના ભયથી અહિં મૂલમ લખ્યું નથી; પરંતુ તેનું વર્ણન આ પ્રમાણે છેઃ—

તે રાજગૃહનગર મોટા ભવનોથી વૃદ્ધિ પામેલું હતું. સ્વચક્ર[2] વગેરેના ભયથી વર્જિત હોવાથી તે સ્થિર હતું. ધનધાન્યાદિક સમૃદ્ધિથી યુક્ત હતું.

---

૧ અહિં એવી શંકા કરવામા આવી છે કે, રાજગૃહ નગર તો કાલ પણ છે. તેને 'હતું' એમ કેમ કહ્યું છે? તેના ઉત્તરમાં કહ્યું છે કે, જે પ્રમાણે તેનું વર્ણન કરવામા આવ્યું છે; તેવું તે હાલ નથી તેથી તેને 'હતું' એમ કહ્યું છે.

૨ સ્વચક્ર વગેરે છ પ્રકારના ભય કહેવાય છે.

તેમાં પ્રમોદ કરનારી ઘણી વસ્તુઓ મળતી તેથી ત્યાંના રહેવાસીઓ અને દેશ પરદેશના લોકો ત્યાં આવી ખુશી થતા હતા. તે નગરની બહાર ઉત્તર અને પૂર્વદિશાની વચ્ચે **ગુણશીલક** નામે એક ચૈત્ય હતું. આ ચૈત્ય અર્હંત ભગવાનનું સ્થાન ન હતું પણ વ્યંતરોનું સ્થાન હતું. તે સમયે તે રાજગૃહનગરમાં **શ્રેણિક રાજા** રાજ્ય કરતો હતો. તેને **ચેલ્લણા** નામે રાણી હતી. તે અવસર્પિણી કાલે અને ચોથા આરાને સમયે મહાવીર ભગવાન્ ત્યાં સમોસર્યા હતા.

તે મહાવીર ભગવાન્ શ્રમણ એટલે તપસ્યા કરનાર અથવા સમન-સારા હૃદયવાળા અથવાસમણ–સંગત બોલનારા–યથાવસર બોલનારા અથવા સર્વ પ્રાણીઓમાં સમભાવે વર્ત્તનારા હતા. ભગવાન્–એટલે ઐશ્વર્યાદિ ગુણવાળા–અર્થાત્ પૂજ્ય શત્રુઓનો નાશ કરનાર તે વીર, શત્રુઓનો નાશ કરનાર તો ચક્રવર્તી વિગેરે પણ હોય છે તેથી 'મહા' એવું વિશેષણ આપ્યું છે દુર્જન એવાં રાગદ્વેષાદિ આંતરિક શત્રુઓનો નાશ કરનાર હોવાથી મહાવીર. આ **મહાવીર** એ નામ દેવતાઓએ ગૌણ પક્ષે પાડેલું છે અને તેને માટે શાસ્ત્રનું પણ પ્રમાણ છે. તે મહાવીર પ્રભુ **આદિકર** હતા. **આદિ** એટલે પ્રથમ શ્રુતધર્માચાર વગેરે ગ્રંથોના અર્થને પ્રરૂપનારા હતા, તેથીજ તેઓ **તીર્થંકર** હતા. જેનાથી આ સંસાર સાગર તરાય તે **તીર્થ** કહેવાય છે, તે તીર્થ એટલે પ્રવચન અથવા તેના સંબંધને લઇને **તીર્થ** એટલે **સંઘ** તેને પ્રવર્ત્તાવનારા તે **તીર્થંકર** કહેવાય છે. તેમનું તીર્થંકરપણું અન્યના ઉપદેશ પૂર્વક નહોતું તેથી કહે છે–**સહસંબુદ્ધ–સહ** એટલે પોતાના આત્માની સાથે–પોતાની જાતે અન્ય કોઇના ઉપદેશ વગર **સંબુદ્ધ** એટલે યથાર્થ હેય[૧], ઉપાદેય[૨] અને અપેક્ષણીય[૩] વસ્તુ તત્વને જાણે તે **સહસંબુદ્ધ** કહેવાય છે. જે સહસંબુદ્ધ હોય તે પ્રાકૃત–સામાન્ય પુરૂષ હોય નહીં, પણ ઉત્તમ પુરૂષ હોય, તેથી તે મહાવીર પ્રભુ **પુરુષોત્તમ** હતા. પુરૂષોને વિષે રૂપાદિકના અતિશયથી અને ઉર્દ્ધ્વવર્ત્તિપણાથી[૪] ઉત્તમ હતા. તેમનું પુરૂષોત્તમપણું સિદ્ધ કરવા માટે ત્રણ[૫] વિશેષણો આપે છે–**પુરુષસિંહ** એટલે સિંહ જેવાં પુરૂષ હતા. લોકમાં સિંહનું શૌર્ય અતિ ઉત્કૃષ્ઠ ગણાય છે; તેથી પ્રભુને સિંહની ઉપમા આપી છે; ભગવંતનું શૌર્ય અદ્ભુત હતું. બાલ્યવયમાં પ્રત્યનીક દેવ-

---

૧ ત્યાગ કરવા યોગ્ય. ૨ ગ્રહણ કરવા યોગ્ય. ૩ અપેક્ષા રાખવા યોગ્ય. ૪ ઉચ્ચ ભાગે રહેવા પણાથી. ૫ પુરૂષસિંહ, પુરૂષવર પુંડરીક અને પુરૂષવરગંધહસ્તી એ ત્રણ વિશેષણો.

તાએ તેમને ઓવરાવ્યા હતા; તથાપિ તેઓ બીના ન હતા. તેમણે વજ્રના જેવી મુષ્ટિના પ્રહારથી વૃદ્ધિ પામતા દેવતાના શરીરને કુબડું કરી દીધું હતું. તે મહાવીર પ્રભુ **पुरुषवरपुंडरीक** હતા. એટલે સહસ્ર પાંખડીવાળા શ્વેત કમળ સમાન ઉજ્વલ દેખાતા પુરૂષ હતા. સર્વે અશુભ એવા મલિનભાવથી રહિત અને સર્વ શુભાનુભાવથી શુદ્ધ એવા એ પ્રભુને પુંડરીકના જેવું ધવળ પણું ઘટિત છે. અથવા પુરૂષો એટલે પોતાના સેવકોને વિષે વરપુંડરીક એટલે ઉત્તમ છત્રના જેવા હતા. કારણ કે, તેઓ સેવકોના સંતાપરૂપી આતપને નિવારવાને સમર્થ અને તેમની શોભાનું કારણ હોવાથી છત્રની ઉપમાને યોગ્ય છે. તે મહાવીર પ્રભુ પુરૂષરૂપી ઉત્તમ **गंधहस्ती** હતા. જેમ ગંધ[1] હસ્તીની સુગંધથી બીજા હસ્તીઓ ભાગી જાય છે તેમ તેઓ જે દેશમાં વિહાર કરે તે દેશમાંથી ઇતિ[2] પરચક્ર,[3] દુકાળ અને મરકી વગેરે ઉપદ્રવો ભાગી જતા હતા. આ ત્રણ વિશેષણોથી ભગવાન્ વીરપ્રભુનું પુરૂષોત્તમપણું સિદ્ધ કર્યું છે. હવે તે પ્રભુ કેવળ પુરૂષોત્તમ જ ન હતા, પરંતુ તેઓ લોકના નાથ પણ હતા. લોક એટલે સંજ્ઞી ભવ્યલોક-તેમના નાથ હતા. જેનામાં યોગક્ષેમ કરવાનું સામર્થ્ય હોય તે નાથ કહેવાય છે. તે પ્રમાણે પ્રભુમાં લોકોનું યોગક્ષેમ કરવાનું સામર્થ્ય હતું; તેથી તેઓ ખરેખરા લોકનાથ હતા.

**योग** એટલે અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવી અને **क्षेम** એટલે પ્રાપ્ત થયેલ વસ્તુનું રક્ષણ કરવું; તે **योगक्षेम** કહેવાય છે. તેથી તે પ્રભુ અપ્રાપ્ત એવા સમ્યગ્ દર્શનાદિકનો યોગ--પ્રાપ્તિ કરતા અને તે પ્રાપ્ત થયેલાનું **क्षेम** રક્ષણ કરતા તેથી તેઓ **લોકનાથ** હતા, તેવું તેમનું લોકનાથપણું યથાર્થ સર્વ વસ્તુઓના સમૂહને પ્રદીપ્ત કરવાને લઇને ઉત્તમ ગણાતું હતું; તેથી તેઓ **लोकप्रदीप** હતા. **लोक** એટલે તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ લોક તેમના અંતરનો અંધકાર દૂર કરી ઉત્કૃષ્ટ પ્રકાશ કરનારા **दीपक** રૂપ હતા. આ વિશેષણ--**द्रष्टा** જોઇ શકે તેવા લોકને આશ્રીને આપેલું છે. હવે દૃશ્ય--જોવા યોગ્ય એવા લોકને આશ્રીને બીજું વિશેષણ આપે છે. તે મહાવીર પ્રભુ **लोक प्रद्योतकर** હતા. **लोक** એટલે સર્વ વસ્તુઓના સમૂહરૂપી સ્વભાવવાલા લોકાલોક સ્વરૂપને સૂર્યના અખંડ મંડળની જેમ સર્વ ભાવ--પદાર્થ ઉપર પ્રકાશ

---

૧ જેનાથી મદનો ગંધ છુટયા કરે તેવો હસ્તી. ૨ અતિવૃષ્ટિ થાય; વૃષ્ટિ ન થાય; ઉંદરો વધી જાય; ટીડ આવે; શૂડા આવે; સ્વદેશમાં બળવો થાય અને પરદેશીઓનો ધસારો થાય એ સાત **ईति** કહેવાય છે. ૩ પરદેશી માણસોનો ધસારો.

પાડવાને સમર્થ એવા કેવલાલોક પૂર્વક પ્રવચનની પ્રભાના સમૂહને પ્રવર્ત્તાવી **પ્રદ્યોત** એટલે પ્રકાશને કરનારા હતા.

આ વિશેષણ વિષ્ણુ, શંકર અને બ્રહ્મા વગેરેને પણ લાગુ પડી શકે, કારણ કે, તેઓ પણ પોતાના તીર્થિકોના મતમાં તેવો ઉદ્યોત કરી શકનારા છે. તો પછી તેમનામાં અને મહાવીર પ્રભુમાં શો તફાવત? આ શંકા દૂર કરવા માટે તેઓથી વિશેષ બતાવતા કહે છે **अभयदय** તે મહાવીર પ્રભુ **अभयदय** અભય આપનારા હતા. પ્રાણોને હરવા માટે રસિક થઇ ઉપસર્ગો કરનારા એવા પ્રાણીને પણ અભય આપનારા હતા, અથવા **अभया** એટલે સર્વ પ્રાણીઓના ભયને દૂર કરનારી **दया**ને ધારણ કરનારા હતા. હરિ, હર અને બ્રહ્મા વિગેરે તેવું અભય આપનારા હોતા નથી, તેથી તેઓથી વિશેષ છે. તે વીર પ્રભુ કેવળ અપકારી અને ઉપકારી જનોના માત્ર અનર્થને દૂર કરનારા હતા, એમ નથી પરંતુ તેઓ તેમને અર્થ પણ પ્રાપ્ત કરાવનારા હતા, તેથી કહે છે કે, તે વીરપ્રભુ **चक्खुदय** હતા. **चक्खु** એટલે શ્રુતજ્ઞાન. ચક્ષુ–નેત્ર જેમ શુભ–અશુભ અર્થના વિભાગને જોઇ શકેછે, તેવી રીતે શ્રુતજ્ઞાનથી પણ શુભાશુભ અર્થ–પદાર્થોના વિભાગને જોઇ શકાય છે તેથી શ્રુતજ્ઞાનને ચક્ષુની ઉપમા ઘટે છે. તેને માટે લખે છે કેઃ—

> " चक्षुष्मन्तस्त एवेह ये श्रुतज्ञानचक्षुषा ।
> सम्यक् तदैव पश्यन्ति भावान् हेयेतरान् नराः " ॥ १ ॥

" જેઓ શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુથી હેય ત્યાગ કરવાયોગ્ય અને ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય પદાર્થોને તત્કાલ સારી રીતે જોઇ શકે છે, તેજ ખરેખરા ચક્ષુવાળા ગણાય છે. ચર્મચક્ષુવાલા જો શ્રુતજ્ઞાન રહિત હોય તો તે ચક્ષુવાલા ગણાતા નથી." ૧

તેવા શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુને આપનારા શ્રીવીરભગવાન્ હતા. તેથી તેઓ **चक्खुदय** કહેવાતા હતા. જેમ લોકમાં જંગલની અંદર જનારા લોકોને ચોર લોકો લુંટી લઇ તેમના નેત્ર ઉપર પાટા બાંધે છે, તેવા અંધ લોકોને જેમ કોઇ આવી પાટા છોડી તેમના ચક્ષુ ઉઘાડી જે ઠેકાણે જવાનું હોય તેનો માર્ગ બતાવી ઉપકાર કરે છે, તેવી રીતે આ સંસારરૂપી જંગલમાં રહેલા પ્રાણીઓના ધર્મરૂપી ધનને રાગાદિ ચોર લોકો લુંટી લે છે અને તેમના જ્ઞાન રૂપી લોચનો ઉપર કુવા[૧]સના રૂપી પાટા બાંધે છે, શ્રીવીરભગવાન્

૧ નઠારી વાંછનાઓ.

તે પાટાને દૂર કરી શ્રુતજ્ઞાન રૂપી ચક્ષુ ઉઘાડી તેમને મોક્ષમાર્ગ બતાવી ઉપકારી બનતા હતા. તે વાત દર્શાવવાને કહે છે કે, તે વીર પ્રભુ **मार्गदय** પણ હતા. એટલે સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપી મોક્ષ નગરમાં જવાના માર્ગને બતાવનારા હતા.

જેમ જંગલમાં ચોરોથી લુંટાએલા લોકોને નેત્રના પાટા છોડી અને તેમને માર્ગ બતાવી ઉપદ્રવ વગરના સારા સ્થાનમાં લઇ જનારો પુરૂષ પરમ ઉપકારી ગણાય છે, તે દર્શાવવાને કહે છે કે, શ્રીવીરભગવાન્ **शरणदय** હતા. **शरण** એટલે રક્ષણ–આશ્રય તેને આપનારા હતા. વિવિધ પ્રકારના ઉપદ્રવોથી હેરાન થયેલા પ્રાણીઓને તેમની રક્ષાના સ્થાન રૂપ એવા મોક્ષના સારા સ્થાનમાં લઇ જનારા હતા–મોક્ષને આપનારા હતા.

એ મોક્ષ રૂપી શરણ, ધર્મની દેશનાથી આપી શકાય છે, તેથી તે વીરભગવાન્ **धर्मदेशक** હતા. **धर्म** એટલે શ્રુતચારિત્ર, તેને દર્શાવનારા હતા, ( **धर्मदय** એવો પાઠ લઇએ તો શ્રુત--ચારિત્ર રૂપ ધર્મને આપનારા હતા, એવો અર્થ થાય.) તે વીર ભગવાન્ **धर्मनायक** ધર્મના નેતા હતા. માત્ર ધર્મની દેશના આપવાથી **धर्मदेशक** હતા, એટલુંજ નહીં પણ તેઓ **धर्मसारथि** હતા. ધર્મરૂપી રથને ચલાવનારા સારથિ હતા. જેમ રથનો સારથિ રથની, રથમાં બેસનારા--રથિકની, અને રથના ઘોડાની રક્ષા કરે છે; તેવી રીતે વીરભગવાન્ [1]સંયમ, આત્મા અને પ્રવચન રૂપ ચારિત્ર ધર્મના અંગોને રક્ષણ કરવાનો ઉપદેશ આપી તેમનું રક્ષણ કરે છે, તેથી તેઓ ખરેખરાં ધર્મના સારથિ ગણાય છે. અહિ શંકા થાય કે, તેવી રીતે તો અન્ય તીર્થઓના મત પ્રમાણે તેમના ભગવાન્ પણ ધર્મસારથિ ગણાય તો પછી શ્રીવીરભગવાન્ અને તેમની વચ્ચે શો તફાવત? તે શંકા દૂર કરવાને કહે છે કે, શ્રીવીરભગવાન્ **ધર્મવર ચાતુરંત ચક્રવર્ત્તી** હતા. ત્રણ સમુદ્રો અને ચોથો હિમાલય પર્વત એ ચાર પૃથ્વીના [2]અંત છે, તેથી તે **चतुरंत** ગણાય છે. તે ચાર પૃથ્વીના અંતમાં જે સ્વામિપણાથી વર્ત્તે અર્થાત્ તેટલા પ્રદેશમાં જેની સત્તા ચાલે તે **चातुरंतचक्रवर्त्ती** કહેવાય છે. શ્રીવીરભગવાન્ તેવા ધર્મના વિષયમાં **वर** એટલે ઉત્તમ ચાતુરંત ચક્રવર્ત્તી હતા. પૃથ્વીમાં સર્વ રાજાઓમાં જે અતિશય રાજા હોય તે વર ચાતુરંત ચક્રવર્ત્તી કહેવાય છે, તેવી રીતે

---

૧ સંયમ એ રથ, આત્મા એ રથિક, અને પ્રવચન એ રથના ઘોડા એમ સમજવું. ૨ અંત એટલે છેડા.

ભગવાન્ વીર પ્રભુ સવ ધર્મના નાયકોમાં અતિશયપણાને લઇને ધર્મવર ચાતુરંત ચક્રવર્ત્તી કહેવાતા હતા.

અથવા ધર્મ રૂપી **वर** એટલે શ્રેષ્ઠ, બીજા ચક્રીની અપેક્ષાએ અથવા કપિલ વગેરેના ધર્મચક્રીની અપેક્ષાએ સર્વોત્તમ એવું **चातुरंत** એટલે ચક્ર દાનાદિક ચાર ભેદ વડે ચાર વિભાગવાળું, અથવા નરક વગેરે ત્રણ ગતિઓનો **अन्त**--નાશ કરનારૂં જે ચક્ર તે **चातुरंत** કહેવાય છે. તે સંસાર રૂપી શત્રુનો છેદ કરનાર હોવાથી ચક્ર રૂપ છે. તે ચક્રવડે વર્ત્તાનારા તે **वरधर्म चातुरंत चक्रवर्त्ती** કહેવાય, તેવા શ્રીવીરભગવાન્ હતા.

તે પ્રથમ કહેલા ધર્મ દેશક વગેરે વિશેષણો કે જેમાં જ્ઞાનાદિકનો ઉત્કૃષ્ટ યોગ હોય તેવા પુરૂષનેજ લાગુ થઇ શકે છેઃ તેથી કહે છે કે, તે શ્રીવીર ભગવાન્ **अप्रतिहतवरज्ञानदर्शनधर** હતા. **अप्रतिहत** એટલે કોઇ અંતરાયથી સ્ખલિત ન થાય તેવા અથવા વિપરીત ન થાય તેવા અને તેને લઈને ક્ષાયિકપણાથી **वर**--ઉત્તમ એવા વિશેષ અને સામાન્ય બોધ રૂપ કેવળ નામવાળા **ज्ञानदर्शन**ને ધારણ કરનારા હતા.

આવા જ્ઞાનની સંપત્તિવાળો છદ્મસ્થ પણ કેટલાએકોએ સ્વીકાર્યો-માન્યો છે. પરંતુ તેનો ઉપદેશ મિથ્યા હોવાથી ઊપકારી નથી, ભગવાન્ વીરપ્રભુ તેના જેવા છદ્મસ્થ નહીં હોવાથી મિથ્યોપદેશક નથી, પરંતુ સત્ય ઊપદેશ આપનારા હોવાથી મહાન્ ઉપકારી છે એવું જણાવવાને માટે ભગવાનનું છદ્મસ્થ રહિતપણું પ્રતિપાદન કરે છે—તે પ્રભુ **व्यावृत्तछद्मा** હતા. એટલે જેમનું છદ્મ એટલે કપટ અથવા આવરણ નિવૃત્ત પામ્યું છે, એવા હતા. તે પ્રભુને સંવેદનજ્ઞાન અસ્ખલિત કેમ હતું ? એવી જો શંકા કરવામાં આવે તો તેને માટે પણ પ્રભુને આ નિઃછદ્મપણાનું વિશેષણ ઘટે છે.

આ છદ્મનો અભાવ પ્રભુને રાગાદિકનો જય કરવાથી થયો હતો, તે દર્શાવવાને કહે છે કે, તે વીર પ્રભુ **जिन** હતા. રાગદ્વેષાદિક શત્રુઓને જિતનારા હતા. તે રાગાદિકનો જય તે રાગાદિકના સ્વરૂપનું અને તેના જયના ઉપાયનું જેને જ્ઞાન હોય તેનાથીજ થઇ શકે છે, તેથી કહે છે કે,તે શ્રીવીરપ્રભુ **ज्ञायक** હતા. એટલે છદ્મસ્થ સંબંધી ચાર પ્રકારના જ્ઞાનવડે તેને જાણનારા હતા. પ્રભુને આ **ज्ञायक** એવું વિશેષણ આપી, તેમની સ્વાર્થ સંપત્તિનો ઉપાય કહ્યો, હવે બીજા ચાર વિશેષણો આપી તેમનું સ્વાર્થની સંપત્તિ મેળવવાની સાથે પરાર્થને સંપાદન કરવાપણું દર્શાવે છે. તે શ્રીવીરપ્રભુ **बुध** હતા, એટલે જીવાદિ તત્વોને જાણનારા હતા, તે સાથે **बोधयिता** હતા, એટલે

બીજાઓને ને જીવાદિ તત્ત્વોનો બોધ કરનારા હતા. તેઓ પોતે **मुक्त** હતા, એટલે બાહ્ય અને આભ્યન્તર કર્મગ્રંથિના બંધનથી રહિત હતા. તે સાથે **मोचयिता** એટલે બીજાઓને કર્મના બંધનથી મુકાવનારા હતા.

હવે પ્રભુની મુકતાવસ્થાને આશ્રીને વિશેષણો કહે છે. તે વીર પ્રભુ **सर्वज्ञ** એટલે સર્વ વસ્તુઓના સમૂહને વિશેષ રૂપે જણાવનારા તેથી **सर्वदर्शी** એટલે સર્વને સામાન્ય રૂપે જોનારા હતા. અન્ય દર્શનીઓ. એ માનેલા પ્રભુની જેમ ( મુક્તા વસ્થામાં ) તેમનામાં જડપણું થવાનું ન હતું. (**सर्वज्ञ** અને **सर्वदर्शी** આ બે વિશેષણો કોઇક ઠેકાણે આપેલા પણ નથી.)

તે શ્રીવીરપ્રભુ **सिद्धिगति** નામના **स्थान** માં જવાની ઇચ્છાવાળા હતા. તે સ્થાન કેવું છે, તે કહે છે–તે સર્વ પ્રકારની બાધાએ રહિત હોવાથી **शिव** રૂપ છે. તેમાં સ્વાભાવિક[૧] અને પ્રાયોગિક[૨] એવા ચલનના કારણનો અભાવ હોવાથી તે **अचल** છે. તે **अरुज** એટલે રોગથી વર્જિત છે, કારણ કે, રોગ થવાના કારણરૂપ શરીર તથા મનનો તેમાં અભાવ છે. અનંત એવા પદાર્થોના વિષયનું જ્ઞાનરૂપ હોવાથી તે **अनन्त** છે. આકાંક્ષા[૩] વગેરેના અભાવથી તેની સ્થિતિ બદલાતી નથી, તેથી તે **अक्षय** છે, અથવા **अक्षित** એવો પાઠ લઇએ તો તે પૂર્ણિમાના ચંદ્રમંડળની જેમ પરિપૂર્ણ છે અને બીજાઓને પીડાકારી ન હોવાથી તે **अव्याबाध** છે. જેમાં જવાથી આત્માઓ પૂર્ણ રીતે કૃતાર્થ થાય છે, તે **सिद्धि** કહેવાય છે. તે સિદ્ધિને માટે જેમાં ગમન કરવાનું તે **सिद्धिगति** જે કર્મને લઇને એક સ્થાને રહી શકાતું નથી તેવા કર્મનો જેમાં અભાવ છે, તેથી જયાં આત્મા સદા સ્થિતિ કરીને રહી શકે, તેવું તે **स्थान** કહેવાય છે. અર્થાત્ તેવું સ્થાન તે છે કે જેના કર્મ ક્ષીણ થઇ ગયા છે, એવા જીવનું સ્વરૂપ અથવા લોકાગ્ર જે આ જીવના સ્વરૂપના વિશેષણો આપેલા છે, તે લોકાગ્રનો આધેય ધર્મોના આધારમાં અધ્યારોપ કરવા માટે સમજવા. આવા સિદ્ધિગતિ નામના સ્થાનમાં શ્રીવીરપ્રભુ જવાની ઇચ્છાવાળા હતા. હજુ તેઓ તે સ્થાનને પ્રાપ્ત થયેલા નહતા. કારણકે, જો તે સ્થાનને પ્રાપ્ત થયા હોય તો જે અર્થો આગળ કહેવાના છે, તેની પ્રરૂપણાનો સંભવ હોઈ શકે નહીં.

અહિ કદિ કોઇ શંકા કરે કે, કેવલી ભગવંતો હંમેશાં નિષ્કામ હોય

---

૧ જે સ્વભાવથી ચલાયમાન થયા કરે તે. ૨ કોઇ પ્રયોગથી ચલાયમાન થાય તે. ૩ આકાંક્ષા–આશા.

છે. કારણકે, શાસ્ત્રકાર લખે છે કે, " निःस्पृहो मुनिसत्तमः " કેવલી મુનિ નિસ્પૃહ હોય છે. તેવા નિષ્કામ પ્રભુને કોઇપણ સ્થાન પ્રાપ્ત કરવાની ઇચ્છા વાળા કેમ કહ્યા ? તેના સમાધાનમાં એટલુંજ કહેવાનું કે, માત્ર તે ઉપચારને લઇનેજ કહેવામાં આવ્યું છે, ભગવાન્ તો નિષ્કામ જ છે.

તે શ્રીમહાવીર ભગવાન્ સમવસરણમાં પધાર્યા હતા જેમનું વર્ણન આ પ્રમાણે છે. ભુજમોચક જાતનું રત્ન, ભૃંગ, ગળી, કાજળ અને હર્ષ પામેલ ભ્રમરગણના જેવા કૃષ્ણવર્ણી, ઘાટા અને કુંડલાકાર—વાંકડીઆ કેશ જેમના મસ્તક ઉપર રહેલા હતા, જેમના પગના તળીયા રક્ત કમળના પત્રના જેવા કોમળ હતા, જેઓ પુરૂષના આઠ હજાર લક્ષણોને ધારણ કરનારા હતા, આકાશ સુધી ઉંચા છત્ર, અને ચામરવાળા અને અતિ સ્વચ્છ સ્ફટિક-મય પાદપીઠ સહિત એવા સિંહાસન ઉપર બેઠેલા હતા. ચૌદ હજાર સાધુઓ અને છત્રીશ હજાર સાધ્વીઓથી તેઓ પરિવૃત થઈ રહ્યા હતા. પૂર્વાનુપૂર્વીવડે વિચરતા તથા ગામોગામ સુખે વિહાર કરતા, રાજગૃહનગરના ગુણશિલ ચૈત્યમાં આવ્યા. ત્યાં આવીને અવગ્રહ ગ્રહણ કરી સંયમ અને તપવડે ભાવના ભાવતા રહ્યા. ત્યાં શ્રમણ ભગવંતના ઘણાં શિષ્યો આવેલા હતા. તેમજ અસુર કુમારો, શેષ–ભવનપતિઓ, વ્યંતરો, જ્યોતિષ્ક તથા વૈમાનિક દેવતાઓ ભગવાન્‌ની સમીપ આવ્યા હતા. રાજગૃહ નગરમાંથી રાજા પ્રમુખ લોકો ભગ-વંતને વંદના કરવાને નિકલ્યા હતા. તે નગરના શેરી, ચોક, ચૌટા પ્રમુખ મોટા માર્ગોની અંદર લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, હે દેવાનુપ્રિય! ભગવાન્ મહાવીર પ્રભુ ગુણશિલ ચૈત્યના પ્રદેશમાં સમોસર્યા છે અને સંયમ અને તપથી ભાવના ભાવે છે. તેમને આપણે વંદના કરીએ.

તે સમવસરણમાં સત્પૂજાઓને યોગ્ય એવી અથવા મોટી પર્ષદા એકઠી થઇ હતી. તેમાં ભગવંતે ધર્મ કહ્યો. અહીં ભગવંતની ધર્મ કથા કહેવી અને તે આ પ્રમાણે–" તે સમયે ભગવાન્ મહાવીરે શ્રેણિક રાજા અને ચેલ્લણા પ્રમુખ શીલવતી સ્ત્રીઓની પર્ષદામાં સર્વ ભાષા[૧]નુગામી વાણી વડે ધર્મ કહ્યો, તે જેવી રીતે લોક છે, અલોક છે, જીવ છે, અજીવ છે, બંધ છે, મોક્ષ છે." ઇત્યાદિ. શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપે ધર્મને સાંભળી અત્યંત સંતુષ્ટ થયેલા તેઓએ ભગવાનને વંદના અને નમસ્કાર કર્યા, પછી તેઓ જે દિશામાંથી આવેલા હતા, તે દિશામાં પાછા ચાલ્યા ગયા.

---

૧ જે વાણીથી સર્વ પ્રાણીઓ પોત પોતાની ભાષામાં સમજી જાય.

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુના જયેષ્ઠ[૧]--મોટા શિષ્ય ઇંદ્રભૂતિ નામે અનગાર[૨] હતા. અહિં કોઇને શંકા આવે કે, તે શિષ્ય કદિ નીચગોત્રના હોય, તે માટે કહે છે કે, તે ગૌતમગોત્રી હતા. કદિ તેઓ સારા ઉંચા ગોત્રના હોય પણ તે સમયના યોગ્ય એવા દેહના માનની અપેક્ષાયે તેમનો દેહ પણ ન્યૂનાધિક:હશે એવી શંકાને દૂર કરવા માટે કહે છે કે, તેમનો દેહ સાત હાથ ઉંચો હતો. કદિ એવો ઉંચો દેહ સારા લક્ષણોથી રહિત પણ હોય તેથી કહે છે કે, તેમનો દેહ સમ[૩]--સરખો ચોરસ આકારવાળો હતો, કદિ તેવા લક્ષણવાળો હોય પણ જો સંહનન (સારા બાંધા) વગરનો હોય તો શા કામનો? તેથી કહે છે કે, તે વજ્ર[૪]--ઋષભ નારાચવાળો હતો. સુવર્ણના કટકાની કસોટી અને પદ્મકમળના રેસાના જેવો તે ગૌર[૫] હતો આવો સર્વ પ્રકારે ઉત્તમ દેહ છતાં કદિ તે વિશેષ આચરણથી રહિત હોય

---

૧ **ज्येष्ठ** અને **अंतेवासी** શિષ્ય એ બે વિશેષણોથી તેઓ સકળ સંઘના નાયક હતા, એમ સૂચવ્યું છે. ૨ કદિ કોઇ ને શંકા આવે કે, તે શિષ્ય ગૃહસ્થ શ્રાવક હોય, તેથી **अनगार** કહ્યા છે. જેને **अगार** ઘર ન હોય તે **अनगार** કહેવાય છે. ૩ **सम** એટલે નાભિની ઉપર અને નીચે પુરૂષના સર્વે લક્ષણવાળા અવયવોથી સરખો અને ચોરસ અથવા શરીરના લક્ષણોનું જે પ્રમાણ કહ્યું છે, તે પ્રમાણે ચાર **अस्त्रि** એટલે ચારે દિશાના ભાગ પ્રમાણે સરખા ખૂણાવાળા અવયવવાળો. કેટલાએક એમ પણ કહે છે કે, **सम** એટલે ન્યૂન કે અધિક નહીં એવી ચાર **अस्त्रि** વાળો. પર્યંક--આસન--પલોંઠીવાળી બેઠેલા માણસના બે ગોઠણનું અંતર અને આસન તથા લલાટના ઉપલા ભાગનું અંતર, તથા જમણા સ્કંધ અને ડાબા ગોઠણનું અંતર અને ડાબા સ્કંધ અને જમણા ગોઠણનું અંતર--એ **अस्त्रि** કહેવાય છે. ૪ **वज्र** એટલે બે મેળવેલા કાષ્ઠના સંપુટની જેમ જકકડ **ऋषभ** એટલે લોઢાના વાટાથી જડેલા બે કાષ્ઠના સંપુટની જેમ જકકડ તે **वज्रऋषभ** કહેવાય છે એવો **नाराच** એટલે મર્કટબંધથી જડેલા કાષ્ટના સંપુટ જેવો મજબૂત **संहनन** એટલે અસ્થિઓનો એક જાતનો સંચય ઉત્તમ પ્રકારનો બાંધો. કેટલાએક અહિં વજ્ર, ઋષભ, નારાચપણું કેવળ અસ્થિઓને ઉદ્દેશીને કહે છે. ૫ અહિં કેટલાએક વૃદ્ધો એવી વ્યાખ્યા પણ કરે છે કે, કનકના સારની રેખાના જેવો ગૌર હતો અથવા કનકના ઝગઝગતા બિંદુના જેવો ગૌર હતો.

તે નકામો ગણાય, તેથી કહે છે કે, તે ઉગ્ર એવી અનશન વગેરે તપસ્યાથી યુક્ત હતો. જે તપસ્યા બીજા પ્રાકૃત પુરૂષોથી તો ચિંતવી પણ શકાય નહીં. જાજવલ્યમાન અગ્નિની જેમ તે કર્મરૂપી ગહનવનને બાળવામાં સમર્થ એવા ધર્મધ્યાનાદિ તપથી યુકત હતો. તે **तप्ततप** હતો એટલે તે એવી તપસ્યા તપતો કે જેથી તેનાં કર્મો સંતપ્ત થતાં હતાં. પણ તે તપથી તેનો તપોરૂપ આત્મા સંતપ્ત થતો નહીં કે જે બીજાઓને સ્પર્શ ન કરી શકાય. વળી તે દેહ **महातपा** હતો એટલે આશંસા દોષથી રહિત એવા મોટા તપથી યુકત હતો. તે **ભીમ** હતો એટલે પ્રથમ કહેલા ઉગ્ર પ્રમુખ તપને કરવાથી પડખે રહેનારા અલ્પ સત્ત્વ–જીવોને ભયંકર હતો. અથવા તે દેહ ઉદાર હતો. તે **घोर**[1] હતો એટલે પરીષહો તથા ઇંદ્રિયોરૂપી રિપુગણનો નાશ કરવામાં નિર્દય હતો. તે **घोरगुण** હતો એટલે બીજાઓથી મુશ્કેલીથી આચરી શકાય તેવા મૂલગુણવાળો હતો. તે દેહ **घोर तपस्वी** હતો એટલે ઘોર તપસ્યા કરનારો હતો. તે દેહ **घोर ब्रह्मचर्यवान्** હતો એટલે બીજા અલ્પ સત્ત્વવાળાઓથી આચરી શકાય નહીં, તેવા દારૂણ બ્રહ્મચર્યવાળો હતો તે દેહ **उच्छूढशरीर** હતો એટલે શરીરના સંસ્કારો ( શોભા )ને ત્યાગ કરનારો હતો. તે દેહની અંદર અનેક યોજન પ્રમાણ એવા ક્ષેત્રમાં રહેલી વસ્તુઓને બાળવામાં સમર્થ એવી વિસ્તારવાળી [2]તેજોલેશ્યા સંક્ષિપ્ત થઇને લીન થયેલી હતી. તે દેહ ચૌદ[3] પૂર્વી હતો.

અવધિજ્ઞાનાદિકથી રહિત એવો પુરૂષ પણ ચતુર્દશપૂર્વી હોઇ શકે છે, તેથી કહે છે કે, તે દેહ **चतुर्ज्ञान**થી યુકત હતો એટલે તે કેવળજ્ઞાન શિવાયના ચાર જ્ઞાનવાળો હતો. ઉપર કહેલા બે વિશેષણોથી યુકત હોય તોપણ કોઇ સમગ્ર શ્રુત વિષયમાં વ્યાપક એવા જ્ઞાનવાળો હોતો નથી, કારણ કે, ચૌદ પૂર્વધારી છઠા ગુણસ્થાનમાં રહેલા ગણાય છે. તેથી કહે છે કે, તે દેહ **सर्वाक्षरसंनिपाती** હતો, એટલે સર્વ એવા અક્ષરોના સંયોગોને જાણનારો હતો. તે દેહ **श्रव्याक्षरसंनिवादी** હતો એટલે શ્રાવણને સુખકારી એવા અક્ષરોને નિરંતર બોલનારો હતો.

---

૧ **घोर** એટલે આત્માની પણ અપેક્ષા ન કરે તેવો–એમ કેટલાએક વ્યાખ્યા કરે છે. ૨ કોઇ વિશિષ્ટ તપના પ્રભાવથી ઉત્પન્ન થયેલી એક જાતની લબ્ધિ તેજોલેશ્યા કહેવાય છે. ૩ તે દેહથી ચૌદ પૂર્વો રચેલા હતા, તેથી તેને ચૌદ પૂર્વી કહેલો છે. આ વિશેષણ આપી તેમનામાં શ્રુત કેવળીપણું પણ હતું, એમ સૂચવ્યું છે.

આવા ગુણવાલા દેહને ધારણ કરનારા ભગવાન્ ઇંદ્રભૂતિ જેઓ કે સાક્ષાત્ વિનયના જાણે રાશિ હોય તેવા થઇ પ્રભુની અતિ સમીપ નહીં તેમ અતિ દૂર નહીં તેવી રીતે પોતાના જાનુને ઊર્ધ્વ રાખતા, એટલે શુદ્ધ પૃથ્વીનું આસન અથવા ઉપગ્રહ સંબંધી આસનના અભાવથી ઉત્કુટ–આસન કરીને રહેતા, અધોમુખ કરીને રહેતા, એટલે ઉંચી નહીં તેમ આડી નહીં એવી દૃષ્ટિને ભૂમિના ભાગ ઉપર નિયમિત રાખતા, અને ધર્મ્ય અથવા શુક્લધ્યાનરૂપી કોઠીમાં પૂરાએલા, એટલે તેમની ઇંદ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓ ધ્યાનને લઇને સ્થિર રહેલી હતી. જે સંયમ એટલે સંવર અને અશનાદિ તપ વડે આત્માને વાસિત કરતા હતા. અર્થાત્ સંયમથી નવા કર્મ બાંધતા નહીં અને તપથી પુરાણા કર્મને ખપાવતા, જેથી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષને સાધવા આત્માને ભાવતા એવા ગૌતમસ્વામી વિચરતા હતા. આ પ્રમાણે ધ્યાનરૂપી કોઠીમાં રહી વિહાર કર્યા પછી ભગવાન્ ગૌતમસ્વામી પ્રભુની સામે બેઠા. તે સમયે કહેવામાં આવનારા તત્ત્વ જ્ઞાન પ્રત્યે તેમને શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી. વળી તેમના મનમાં એવો સંશય ઉત્પન્ન થયો કે, વીરભગવંતે સૂત્રમાં '**चलमाणे चलिए**' એમ કહ્યું છે, એટલે ચાલતો અને ચાલી ગયો એમ અર્થ સૂચવ્યો છે, તે શીરીતે સંભવે? 'ચાલતો' એ વર્ત્તમાન કાળનો અર્થ છે અને 'ચાલી ગયો' એ ભૂતકાળનો અર્થ છે. એ પરસ્પર વિરૂદ્ધ છે. કારણ કે, જે ચાલતો હોય તે પછી ચાલી ગયો એમ થાય છે, તો જે વર્ત્તમાન છે તેને ભૂતકાળમાં કેમ લેવાય? કારણ કે, તે બંને કાળ પરસ્પર વિરૂદ્ધ છે. વળી 'ભગવાન્ વીરપ્રભુ તે પદાર્થોને કેવી રીતે પ્રરૂપશે?' એ જાણવાનું કૌતુક પણ તેમના મનમાં ઉત્પન્ન થયું હતું. તે સાથે તેમનામાં શ્રદ્ધા[1] ઉત્પન્ન થઇ હતી.

---

૧ મૂલમાં પ્રથમ **उप्पण्णसड्ढे** આપ્યા પછી '**संजायसड्ढे**' એમ ફરીવાર કહેલું છે, તે ઉપર શંકા કરે છે કે, એમ બે વાર કહેવાનું શું કારણ છે? શ્રદ્ધા પ્રવર્ત્યા પછી શ્રદ્ધા ઉત્પન્ન થવાનું આવી જાય છે. ઉત્પન્ન થયા શિવાય શ્રદ્ધાની પ્રવૃત્તિ થઇ શકતી નથી. તેના સમાધાનમાં કહેવાનું કે, તે હેતુ બતાવા માટે કહેવામાં આવ્યું છે. શ્રદ્ધા પ્રવર્ત્તવાનો હેતુ શ્રદ્ધાની ઉત્પત્તિ છે. અને તેથી આલંકારિક વાકય બને છે. જેમ રાત્રિના વર્ણનમાં લખે છે કે, "જેમાં દીવાઓ પ્રવર્ત્તે છે અને સૂર્ય પ્રવર્ત્તતો નથી એવી ચંદ્રના પ્રકાશવાળી રાત્રિ જાણવામાં આવી." અહિં દીવાની પ્રવૃત્તિથી સૂર્યની અપ્રવૃત્તિ જાણી શકાય છે, તથાપિ તેમ જે કહેવામાં આવ્યું છે, તે

તે પછી ગૌતમસ્વામી ઉઠયા અને જે દિશાના ભાગમાં ભગવાન્ મહાવીરસ્વામી રહેલા હતા, તે દિશામાં આવ્યા. આવીને શ્રમણ ભગવાન્ મહાવીરને જમણા હાથથી લઇને ત્રણ પ્રદક્ષિણા કરી પછી પ્રથમ વંદના કરી એટલે વાણીથી સ્તુતિ કરી, પછી નમસ્કાર કર્યો એટલે કાયાથી નમન કર્યું. તે વંદના અને નમસ્કાર કર્યા પછી ભગવંતથી અતિ સમીપ નહીં તેમ અતિ દૂર નહીં તેવી રીતે રહી ભગવાન્‌ના વચનોને સાંભળવાની ઇચ્છા રાખી તેમની તરફ મુખ રાખી લલાટ ભાગે અંજલિ જોડી ઉપાસના કરતાં[1] આ પ્રમાણે બોલ્યા,

## ભગવાન્ ગૌતમસ્વામીએ પુછેલા નવ પ્રશ્નો.

હે ભદંત ! એટલે હે કલ્યાણરૂપ ! અથવા હે સુખસ્વરૂપ ! અથવા હે ભવાંત ! આ સંસારના નાશના હેતુરૂપ અથવા **भयांत** એટલે આ સંસારના ભયનો નાશ કરવાના હેતુરૂપ એવા હે ભગવન્ ! અથવા **हे भान्** ! જ્ઞાનાદિકથી પ્રકાશમાન એવા હે પ્રભો ! ભગવાન્ સુધર્માસ્વામીએ પંચમાંગના પ્રથમ શતકના પ્રથમ ઉદ્દેશમાં '**चलमाणे चलिए**' એવું સૂત્ર પુછયું છે અને બીજાં સૂત્રો પુછયાં નથી. તેના ઉત્તરમાં એમ કહેવાનું કે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થોમાં **મોક્ષ** નામનો પુરૂષાર્થ મુખ્ય છે, કારણ કે, તે સર્વથી અતિશય ચડીઆતો છે. તે મોક્ષ સાધ્ય છે અને સમ્યગ્દર્શનાદિ તેનાં સાધનો છે, તે સાધ્ય અને સાધન ઉભયના નિયમોનું શાસન કરે તે **શાસ્ત્ર** કહેવાય છે. તે ઉભય નિયમ એવો છે કે, સાધ્ય એવા મોક્ષનાં સાધનો સમ્યગ્દર્શનાદિ જ છે, બીજા કોઇ પણ પુરૂષાર્થના નથી. અને તે મોક્ષ તે સાધનોનેજ સાધ્ય છે, બીજા સાધનોને સાધ્ય નથી. તે મોક્ષ તેના વિરોધીનો ક્ષય કરવાથી થાય છે. તેનો ખરેખરો વિરોધી આત્માની સાથે થતો કર્મોનો બંધ છે. તે કર્મોનો ક્ષય કરવા માટે સુધર્માસ્વામીએ **चलमाणे** ઇત્યાદિ અનુક્રમ સૂત્રમાં કહેલો છે. **चलत्** એટલે સ્થિતિનો ક્ષય થવાથી ઉદય આવેલું અર્થાત્ વિપાકાભિમુખ થયેલું જે કર્મ તે **चलित** કહેવાય છે. તે કર્મને ચલિત–ઉદય આવવાનો કાળ

---

અલંકારને માટે સમજવું. તેવીજ રીતે '**उप्पण्णसंसए**' ઇત્યાદિ છ વિશેષણો સમજી લેવાં. તેમાં પુનરૂક્તિના દોષની શંકા કરવી નહીં. કેટલાએક વિદ્વાનો તે પદોની વ્યાખ્યા જુદી રીતે પણ આપે છે.

૧ આ બધા વિશેષણોથી શ્રાવણવિધિનો પ્રકાર બતાવ્યો છે.

તે ઉદયાવલિકા કહેવાય છે. તે કાળના અસંખ્યાતા સમય છે, તેથી તેના આદિ, મધ્ય અને અંત એવા ભાગ પડી શકે છે, અને કર્મના પુદ્‌ગલોના પણ અનંત સ્કંધો તથા અનંત પ્રદેશો કહેવાય છે, તેથી તેઓ અનુક્રમે પ્રત્યેક સમયે ચલાયમાન થાય છે, તેઓમાં જે આ આદ્ય સમય છે, તેથી અંદર તે કર્મ ચલિત કહેવાય છે.

અહિં શંકા કરે છે કે, તે કર્મ પોતાની સ્થિતિમાંથી હજુ ચલાયમાન થતું છે, છતાં તેને **ચલિત** એટલે ચલાયમાન થઇ ગયું? એમ ભૂતકાળરૂપે કેમ કહ્યું? તેના ઉત્તરમાં કહે છે કે, જેમ તંતુઓમાંથી વસ્ત્ર બનાવવામાં આવતું હોય ત્યારે પ્રથમ તંતુના પ્રવેશમાં તે હજુ બનાવાતું હોય છતાં તેને બનાવ્યું એમ કહેવામાં આવે છે. નહીં તો તે વસ્ત્રનું ઉત્પન્ન થવાપણું તો પ્રથમ તંતુના પ્રવેશકાળથી માંડીનેજ ગણાય છે, છતાં વસ્ત્ર ઉત્પન્ન થાય છે, એમ કહી શકાય, તેવી રીતે અહિં પણ સમજવું.

તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. તે વસ્ત્ર ઉત્પત્તિ થવા વખતે પ્રથમ તંતુના પ્રવેશમાંજ ઉત્પન્ન થયેલ ગણાય છે. જો તે ઉત્પન્ન થયેલ ન ગણાય તો પછી ક્રિયાજ નિષ્ફલ થઈ જાય. કારણ કે દરેક ક્રિયાઓ ઉત્પન્ન કરવાની વસ્તુઓને ઉત્પાદન કરવા માટે હોઇ શકે છે. જો પ્રથમની ક્રિયાને વખતે ઉત્પન્ન થયેલ ન ગણાય, તે પછીના સમયોમાં પણ ઉત્પન્ન થયેલ ન ગણાય. આ આત્માની અંદર એવું કયું રૂપ છે, કે જે પ્રથમ સમયે ઉત્પન્ન ન થયેલ તે ઉત્તર સમયની ક્રિયામાં ઉત્પન્ન થયેલ ગણાય છે. તો પછી તે રૂપને સદાકાળ અનુત્પન્ન થવાનોજ પ્રસંગ આવે અને ઉત્પત્તિ તો જોવામાં આવે છે, વસ્ત્રનું દર્શન તેના છેલ્લા તંતુના પ્રવેશમાં થઇ શકે છે, એથી વસ્ત્ર તો પ્રથમ તંતુના પ્રવેશ વખતેજ કાંઇક ઉત્પન્ન થયું હતું. જેટલું વસ્ત્ર પ્રથમ ઉત્પન્ન થઇ ગયું તેટલું વસ્ત્ર ઉત્તર ક્રિયાથી ઉત્પન્ન થતું નથી, કદિ જો ઉત્પન્ન થાય તો તેનો એક ભાગ ઉત્પન્ન થાય. તો તેથી કરીને ક્રિયાઓનો અને સમયોનો ક્ષય થઇ જાય. વળી જો તેની ક્રિયાઓની અપેક્ષા તે વસ્ત્રના ભાગને ઉત્પન્ન કરવામાં માનીએ તો તે વસ્ત્રના બીજા ભાગોનો અનુક્રમ ઘટી શકે, તે શિવાય બીજી રીતે તે ઘટી શકેજ નહિં. તે ઉપરથી સિદ્ધ થયું કે, જેમ ચાલુ રીતે ઉત્પન્ન થતા વસ્ત્રને ઉત્પન્ન થયેલું કહેવાય છે, તેવી રીતે કર્મના ઉદયાવળી કાળનું પરિમાણ અસંખ્યેય સમયોનું હોવાથી, પ્રથમના સમયને માંડીને ચલાયમાન થતા કર્મને **ચલિત** એમ કહી શકાય છે. કેમકે, તે કર્મ જ્યારે ચલન[1]

૧ ચલિત થવાની ક્રિયા ઉપર આવ્યું.

ક્રિયાભિમુખ થયું, ત્યારે ઉદયાવલિકાના પ્રથમ સમયમાંજ જો ચલિત ન થાય, તો તે પ્રથમ સમય વ્યર્થ થઇ જાય, કારણ કે, તે સમયે તે ચલિત થયેલું નથી. જેમ તે સમયે ચલિત ન ગણાય તો પછી બીજા ત્રીજા વગેરે સમયમાં પણ તે ચલિત થવાનું નહીં. તેમના આત્માની અંદર એવું કયું વિશેષરૂપ છે? કે જેવડે પ્રથમ સમયમાં ચલિત ન થયું, તે બીજા ઉત્તર સમયમાં ચલિત થાય છે? તે ઉપરથી તો સર્વદા ચલિત ન થવાનોજ પ્રસંગ પ્રાપ્ત થાય. પણ અંત્ય સમયે તો તેનું ચલિતપણું છે, કારણ કે, તેની સ્થિતિ પરિમિત હોવાથી કર્મનો અભાવ પ્રાપ્ત થાય છે, એથી કરીને આવલિકાકાળના પ્રથમ સમયમાંજ તે કાંઇક ચલિત થયેલું હોય, જે તેમ ચલિત થયું, તે ઉત્તર સમયમાં ચલિત થતું નથી, પણ જો તેઓમાં પણ તેજ પહેલું ચલન થાય તો તેજ ચલનમાં ઉદયાવલિકાના ચલનના સર્વ સમયોનો ક્ષય થઇ જાય. જો તે ચલનના સમયની અપેક્ષા રાખ્યા વિના બીજા સમયના ચલનો થાય તો પછીના ઉત્તર ચલનનો અનુક્રમ ઘટે. (યુકત થાય) પણ તે શિવાય બીજી રીતે ઘટે નહીં, તે ઉપરથી સિદ્ધ થયું કે ચલાયમાન એવા તે કર્મને ચલિત–ચલ્યું, એમ કહી શકાય.

બીજા પ્રશ્ન વિષે કહે છે. જે કર્મ ઉદયને પ્રાપ્ત થયું નથી અર્થાત ઉદયે આવ્યું નથી. ઘણે આગામી કાલે જે કર્મના દલિયા વેદવાના છે તેને શુભાધ્યવસાય લક્ષણ કરણ વડે આકર્ષી ઉદયમાં લાવવાં તે ઉદીરણ કહેવાય છે. અહિં જે ઉદીરણા છે, તે અસંખ્યાત સમયે વર્તનારી છે, તે ઉદીરણાથી પ્રથમ સમયમાં ઉદયે આવતું કર્મ ઉપર કહેલા વસ્ત્રના દષ્ટાંતથી **ઉદીરિત** કર્મ કહી શકાય છે.

ત્રીજા પ્રશ્ન વિષે કહે છે. કર્મ ભોગવવાનો અનુભવ તે વેદન–વેદવુ કહેવાય છે. જયારે સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવેલા, અથવા ઉદીરણા કરણથી ઉદયને પ્રાપ્ત થયેલા કર્મની સ્થિતિનો ક્ષય થવાથી કર્મ ઉદય આવે છે ત્યારે તે કર્મની ઉદીરણા કરણ વડે જે કર્મ ઉદય આવેલું હોય તેવા કર્મનું તે વેદવું થઇ શકે છે. તે કર્મ વેદવાનો કાળ અસંખ્યાત સમયનો છે, તેથી તેના આદ્ય સમયમાં જે કર્મ વેદાય છે, તે વેદિત–વેદાયું પણ કહી શકાય છે.

ચોથા પ્રશ્નમાં કહે છે, જે કર્મ જીવના પ્રદેશોની સાથે મળેલું છે, તે કર્મનું તે જીવના પ્રદેશોમાંથી પડવું થાય છે, તેને પ્રહીણ કહેવાય છે.

તે પડવું અસંખ્યાત સમયોના પરિમાણવાળું હોય છે, તે પડવાના આદિ સમયમાં પડતાં એવા કર્મને પડયું એમ પણ કહી શકાય છે.

પાંચમા પ્રશ્નમાં કહે છે. કર્મની સ્થિતિ લાંબા વખતની હોય, તેમાંથી તે ટુંકી કરવી તે કર્મનું છેદન કહેવાય છે. તે જીવ **અપવર્ત્તના** નામના કરણ વડે કરે છે, તે કર્મનું છેદન પણ અસંખ્યાતા સમયવાળું હોય છે, તેના આદિ સમયે સ્થિતિમાંથી છેદાતા એવા કર્મને છેદાયું એમ કહેવાય છે.

છઠા પ્રશ્નમાં કહેછે. જે શુભ–અશુભ એવા કર્મના તીવ્ર રસને અપવર્ત્તના કરણથી મંદ કરવો અને જે મંદ હોય તેને ઉદ્વર્ત્તના કરણવડે તીવ્ર કરવો, તે કર્મનો ભેદ કહેવાય છે. તે ભેદ અસંખ્યાતા સમયનો છે, તેથી તેના પ્રથમ સમયે રસથી ભેદાતું એવું કર્મ ભિન્ન–ભેદાયું એમ કહેવાયછે.

સાતમા પ્રશ્નમાં કહે છે. જે શુભ–અશુભ કર્મના દલિયારૂપી કાષ્ઠોને ધ્યાનરૂપી અગ્નિવડે તેના રૂપને બાળી નાંખવું, અર્થાત્ કર્મત્વની ઉત્પત્તિને ભસ્મ કરી દેવી તે કર્મનો દાહ કહેવાય છે. જેમ અગ્નિથી કાષ્ઠ બાલ્યું હોય ત્યારે તેનું કાષ્ઠત્વ દૂર થઇ જાય છે અને પછી ભસ્મરૂપે તેનું રૂપાંતર થાય છે, તે પ્રમાણે અહિં કર્મનો દાહ પણ સમજાવો. તે કર્મના રૂપાંતરનું રહેવાપણું અંતર્મુહૂર્ત્તનું છે, તેથી તેના અસંખ્યાતા સમયના આદિ સમયમાં દહન થતું એવું કર્મ દહન થયેલું કહેવાય છે.

આઠમા પ્રશ્નમાં કહે છે. જે મરણ પામતા એવા આયુઃકર્મને મરેલું કહેવામાં આવે છે. આયુઃકર્મના પુદ્ગલોનો ક્ષય થવો તે મરણ કહેવાય છે. તેના અસંખ્યાતા સમય છે. તો તે કર્મના જન્મના પ્રથમ સમયથી માંડીને અવીચિક મરણને લઇને પ્રત્યેક ક્ષણે તેનું મરણ થયા કરે, તેથી તે મરણ પામતા આયુઃકર્મને મરણ પામ્યું એમ કહેવામાં આવે છે.

નવમા પ્રશ્નમાં કહે છે. જે કર્મ નિર્જરા પામતું એટલે ફરીવાર ઉપજે નહીં, તેવી રીતે ક્ષય પામતું હોય તેને નિર્જરા પામ્યું–ક્ષય પામ્યું એમ કહેવામાં આવે છે, તે નિર્જરા પામવાના પણ અસંખ્યાતા સમય છે, તેથી તેના પ્રથમ સમયમાંજ વસ્ત્ર નિપજવાના દૃષ્ટાંતવડે તે નિર્જરા પામ્યું, એમ કહી શકાય છે. આ નવ પ્રશ્નો માંહેલા દરેક પ્રશ્ન ઉપર પ્રથમ કહેલા વસ્ત્રનું દૃષ્ટાંત લાગુ કરવું.

## ભગવાન્ મહાવીર પ્રભુએ આપેલા તે નવ પ્રશ્નોના ઉત્તર.

ભગવાન્ ગૌતમ ગણધરે ઉપર કહેલા નવ પ્રશ્નો શ્રીમહાવીર પ્રભુને પુછયા હતા, તે પછી શ્રીમહાવીર પ્રભુએ તેના અનુક્રમે ઉત્તર આપ્યા અહિં વાદી શંકા કરે છે કે, જેમણે પોતે દ્વાદશાંગી રચેલી છે, જેઓ શ્રુતજ્ઞાનના સર્વ વિષયોને જાણનારા છે અને જેઓ સર્વ પ્રકારના સંશયોથી રહિત હોવાથી સર્વજ્ઞના જેવા ગણાય છે, તેવા ભગવાન્ ગૌતમને શ્રીવીરપ્રભુને શામાટે પ્રશ્નો કરવા પડયા? કારણ કે, તેઓ સંશયરહિત જ્ઞાનને ધરનારા હતા.

તેના ઉત્તરમાં કહે છે કે, તેમને માટે તમારે એવી શંકા કરવી યોગ્ય નથી, કારણ કે, ભગવાન્ ગૌતમસ્વામી તમોએ કહેલા ગુણવાળા છે, તે સત્ય છે. છતાં પણ છદ્મસ્થપણાને લઇને તેમનામાં અનાભોગ–અપૂર્ણતા હોવાનો સંભવ છે. તેને માટે લખ્યું છે કે, "છદ્મસ્થ એવા કોઇપણ મનુષ્યને અનાભોગ ન હોય એમ બનેજ નહીં, કારણ કે, જ્ઞાનાવરણ પ્રકૃતિવાલા કર્મને લઇને જ્ઞાનાવરણ થયા વગર રહેતું નથી."

અથવા તેનું સમાધાન એવી રીતે પણ થઇ શકે કે, તે ગૌતમ સ્વામી પોતે જાણતા હતા, છતાં પણ તેમણે એ પ્રશ્નો પોતાના બોધની ખાત્રી કરવા માટે પુછેલા છે, અથવા અજ્ઞજનોને બોધ કરવા માટે, કે પોતાના વચન ઉપર શિષ્યોને પ્રતીતિ લાવવા માટે અથવા સૂત્રોની રચનાના કલ્પ–આચારને પ્રતિપાદન કરવા માટે પણ એ પ્રશ્નો પુછેલા છે; એ સંભવિત છે.

મહાવીર ભગવાન્ કહે છે, હે ગૌતમ! જે ચલાયમાનને ચલિત કહેવા ત્યાંથી માંડીને નિર્જરા પામતાને નિર્જરા પામેલ કહેવા સુધીનાં નવ પદો ખુલ્લી રીતે એમજ છે. એ નવપદ કર્મના અધિકાર લઇ વર્તમાન અને ભૂતકાળનું [1]સામાનાધિકરણ્ય જાણવાની ઇચ્છાથી પુછવામાં આવ્યા અને તેનો નિર્ણય પણ આપવામાં આવ્યો. પરંતુ તે ચલન વગેરે નવ પદ પરસ્પર સરખા અર્થવાળાં છે કે ભિન્ન અર્થવાળાં છે? એ પ્રશ્ન અને તેનો નિર્ણય દર્શાવા માટે ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્! એ ચલાયમાન અને ચલિત વગેરે જે નવ પદો છે, તે એક અર્થવાળાં છે. એટલે એક વિષય

૧ સમાનપણું—સરખાપણું.

વાળાં છે અથવા એકજ પ્રયોજનવાળાં છે. નાના પ્રકારના ઘોષ[૧]—નાદવાળા છે, નાના પ્રકારના વ્યંજન અક્ષરવાળા છે; અથવા તો નાના પ્રકારના અર્થ-વાળા છે, કે તે ભિન્ન અર્થવાળા, ભિન્ન ઘોષવાળા, કે ભિન્ન વ્યંજનવાળા છે ?

આહ તે નવ પદોની અંદર ચતુર્ભંગી દર્શાવેલી છે. તે આ પ્રમાણે-તે નવ પદોની અંદર કેટલાંએક પદો એક અર્થવાળાં અને એક વ્યંજન-વાળાં છે, જેમ કે, **क्षीर**[૨]—**क्षीर** દુધ-દૂધ. ૨ કેટલાએક એક અર્થવાળાં અને જુદાં જુદાં વ્યંજનોવાળાં છે, જેમકે **क्षीर**[૩] અને **पयः** વગેરે. ૩ કેટલાએક અનેક અર્થવાળાં અને એક વ્યંજનવાળાં છે. જેમકે, આકડો[૪] ગાય અને ભેંસના દૂધ. ૪ કેટલાંએક નાનાપ્રકારનાં અર્થવાળાં અને નાનાપ્રકારનાં વ્યંજનવાળાં છે, જેમકે, **घट**,[૫] **पटल**, **कूट**, **थट**, સમૂહ અને શિખર વગેરે. આ પ્રમાણે [૬]ચતુર્ભંગીનો સંભવ છે, તે છતાં આ પ્રશ્નના સૂત્રમાં બીજો અને ચોથા ભાંગો ગ્રહણ કરેલો છે. અને બાકીના પેહેલા અને ત્રીજા ભાં-ગામાં વિવિધ પ્રકારનાં વ્યંજનો જોવામાં આવે છે, તેથી તે બંનેનો તેમાં સંભવ નથી. નિર્યુક્તિસૂત્રમાં **चलन** વગેરે ચાર પદોને આશ્રીને તે ચતુ-ર્ભંગીનો બીજો ભાંગો અને **छिद्यमान** વગેરે પાંચ પદોને આશ્રીને ચોથે ભાંગો લાગુ પડે છે.

વાદી શંકા કરે છે કે, **चलित** વગેરે પદોમાં અર્થનો ભેદ ખુલ્લી રીતે જોવામાં આવે છે, છતાં પહેલાં ચાર પદો એક અર્થવાળાં કેમ થઇ શકે? તે શંકાના સમાધાનમાં શ્રીવીર ભગવાન્ કહે છે કે, ઉત્પન્ન પક્ષ વડે કર્મનું છેદન, ભેદ, દાહ, મરણ અને નિર્જરા એ પાંચ પદો એક અર્થવાળાં હોઇ શકે છે. ઉત્પન્ન એટલે ઉત્પાદ તેનો પક્ષ એટલે પરિગ્રહ અર્થાત્ ઉત્પાદ નામ પર્યાયનું ગ્રહણ કરીને એ પાંચ પદો એક અર્થવાળા કહી શકાય છે. અથવા ઉત્પન્ન પક્ષ એટલે ઉત્પાદ નામની વસ્તુનો જે વિકલ્પ તેને કહેનારાં એ પદો છે એટલે એ, સર્વ પદો ઉત્પાદને આશ્રીને એક અર્થ

૧ ઉદાત્ત, અનુદાત્ત, અને સ્વરિત એવા ઘોષ—ઉચ્ચારવાળા. ૨ **क्षीर** શબ્દનો દૂધ એવો એકજ અર્થ થાયછે અને તેમાં વ્યંજન પણ એક જાતના છે. ૩ **क्षीर** અને **पयः** શબ્દનો અર્થ દૂધ એવો એકજ થાય છે, પણ તે શબ્દમાં વ્યંજનો જૂદાં જૂદાં છે. ૪ આકડો, ગાય અને ભેંસના દુ-ધનો વાચક, ક્ષીર શબ્દ એકજ જાતના વ્યંજનવાળો છે. પણ તેના જૂદા જૂદા અર્થ થાય છે. ૫ **घट** વગેરે શબ્દોમાં અર્થ અને વ્યંજન બંને વિવિધ પ્રકારના છે. ૬ ચાર ભાંગાઓ.

વિજય નેમિસૂરિ-જ્ઞાન

કરનારાં છે, વળી તે સર્વ એક અંતર્મુહૂર્તના કાળવાળાં છે, એટલે તે સર્વેનો સમાન કાળ છે, તેથી તેમની એકાર્થતા સિદ્ધ થાય છે. વળી તે ઉત્પા પર્યાય કેવળજ્ઞાનના ઉત્પાદ-ઉત્પત્તિનો છે. કારણ કે, કર્મનો નાશ થત બે ફલની પ્રાપ્તિ થાય છે, એક કેવળજ્ઞાન અને બીજું મોક્ષની પ્રાપ્તિ તેથ એ પાંચ પદો કેવળજ્ઞાનના ઉત્પાદના વિષયના છે, તેથી પણ તેમની એકાર્થતા સિદ્ધ થાય છે. કારણ કે, આ જીવે કયારે પણ પૂર્વે કેવળજ્ઞાનને પર્યાય પ્રાપ્ત કર્યો નથી, તેથી તેને તે પ્રધાન વિષય છે. તેથી તેને મેળવ માટે પુરૂષનો પ્રયાસ હોવો જોઇએ. તેને લઇને તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનો પર્યાય પૂર્ણ રીતે સંભવિત છે.

આ ઉપરથી એક અર્થવાલા તે પાંચે પદોના અર્થના સામર્થ્યથી આ પ્રમાણે અનુક્રમ થાય છે. જેમકે, તે કર્મ પૂર્વે ચલિત થાય છે, એટલે ઉદય આવે છે, ઉદય આવ્યા પછી તે વેદાય છે—અનુભવાય છે. એથી તેના બે પ્રકાર થયા. જેમકે તે કર્મ સ્થિતિનો ક્ષય થવાથી ઉદીરણાવડે તે ઉદયને પામ્યું, પછી તે વેદ્યું, અનુભવ્યું અને અનુભવ્યા પછી તે હીન થઇ ગયું એટલે જીવને પોતાનું ફલ અનુભવાવી પછી તેનાથી જુદું પડયું, આવી રીતે ટીકાકારના મત પ્રમાણે તેની વ્યાખ્યા કરવામાં આવીછે.

આ સ્થળે બીજાઓ આવી પણ વ્યાખ્યા કરે છે. **चलन** વગેરે એ ચાર પદો સ્થિતિ બંધ વગેરે સામાન્ય કર્મને આશ્રીને સરખા છે, એટલે તેમાં સર્વેનું એક કાર્ય છે, તેથી તેઓ એક અર્થવાળા છે, વળી તે ચારે કેવળજ્ઞાનની ઉત્પત્તિને પણ સરખી રીતે સાધનારા છે, તેથી એક અર્થવાળા છે, એવું પ્રતિપાદન કરવા ઉપરથી સહેજ સમજાય બાકીના પાંચ પદો અનેક અર્થવાળા સમજવા. તે છતાં પણ સુખે બોધ થવા માટે તેમનું સાક્ષાત્ પ્રતિપાદન કરવાને **छिज्जमाणे इत्यादि** સૂત્ર વાકયો કહ્યા છે. તેનો અર્થ સ્પષ્ટ સમજાય તેવો છે, તેથી તેની વ્યાખ્યા ફરીવાર આપી નથી. તેમાં વિશેષ એ છે કે, તે પદોના અર્થ વિવિધ પ્રકારના છે. તે વિવિધ પ્રકારના અર્થ આ પ્રમાણે—તે કર્મ છેદાતું છતાં છેદાયું એમ કહ્યું છે. તેનું કારણ એ છે, જે 'છેદાયું' એ પદ કર્મના સ્થિતિબંધને આશ્રીને છે, કારણ જે સયોગી કેવળી હોય છે, તે અંતકાલે યોગનો નિરોધ કરવાની ઇચ્છાથી લાંબા કાળની સ્થિતિવાળા વેદનીય, નામ, અને ગોત્ર નામની ત્રણ પ્રકૃતિનું સર્વ-અપનયન કરી—દૂર કરી, તેમની સ્થિતિનું પરિણામ અંતર્મુહૂર્તનું કરી દે છે. 'ભેદાતું' અને ભેદ્યું,' એ પદ

અનુભાગ બંધને આશ્રીને કહેલું છે. તે પ્રમાણે જે કાલે કર્મની સ્થિતિનો ઘાત કરે, તેજ કાલે તે રસનો ઘાત પણ કરે. તે રસઘાત કેવળ અનુક્રમે પ્રવર્ત્તેલા સ્થિતિના ખંડોથી અનંત ગુણો અધિક હોય છે, તેથી એ રસઘાત કરવા વડે તે પદ પૂર્વમાંથી ભિન્ન થઇ શકે છે.

'દહન થતું અને દહન થયેલું' એ પદ પ્રદેશબંધને આશ્રીને કહેલું છે. અનંત એવા અનંત પ્રદેશોના સ્કંધોને જે કર્મત્વ–કર્મપણું લાગુ કરવું, તે પ્રદેશબંધ કહેવાય છે. તે પ્રદેશબંધવાલા કર્મ સંબંધી પુદ્ગલો કે જેઓ પાંચ હ્રસ્વ અક્ષરોનો ઉચ્ચાર કરતાં જેટલી વખત લાગે તેટલા વખતના પ્રમાણવાલી અને અસંખ્યાતા સમયવાળી ગુણ શ્રેણીની રચનાથી પૂર્વે રચેલા હોય છે, તેમ વળી તે કર્મ પુદ્ગલો શૈલેશી અવસ્થાને લઇને જેની ભવિષ્યની ક્રિયા ઉચ્છેદ પામેલી છે એવા ધ્યાન રૂપી અગ્નિવડે પ્રથમ સમયથી માંડીને તે અંત્ય સમય સુધી પ્રત્યેક સમયે અનુક્રમે અસંખ્યાતા ગુણ વડે વધેલા હોય છે, તેવા કર્મના પુદ્ગલોનો દાહ કરવાનો તે પદનો અર્થ ઘટે છે. આ દહન કરવાના અર્થથી એ પદ પેહેલાના પદથી ભિન્ન અર્થવાળું થાય છે. દાહનો અર્થ બીજે ઠેકાણે બળવું એવો રૂઢ છે, પરંતુ આ ઠેકાણે તો મોક્ષના ચિંતવનનો અધિકાર છે, તેથી તે મોક્ષના સાધન રૂપ કર્મનો નાશ કરવાના અર્થમાં લેવો.

'મરણ પામતું અને મરેલું' એ પદ આયુઃ કર્મના વિષયનું છે. આયુ કર્મના પુદ્ગલોનો ક્ષય પ્રત્યેક સમયે થયા કરે છે, તે તેનું મરણ સમજવું. આ મરણ–અર્થવાળું પદ પૂર્વના પદોથી ભિન્ન અર્થવાળું થાય છે. તેમજ 'મરણ પામતું અને મરેલું' એ પદથી આયુઃ કર્મજ કહેલું છે, તેથી કર્મ રહેલું હોય તે 'કર્મ જીવે છે,' એમ કહેવાય છે અને જયારે તે જીવથી જુદું પડે ત્યારે તે 'કર્મ મરે છે,' એમ કહેવાય છે. આ કર્મનું મરણ એક સામાન્ય રીતે કહેલું છે, તો પણ તેને વિશેષ રીતે સમજવું. કારણ કે, આ સંસારની અંદર જીવને અનેક દુઃખરૂપ મરણોનો અનુભવ થયેલો છે, તે મરણો શા કામના ? પરંતુ જે આ સર્વ કર્મોનાં ક્ષય થવા રૂપ મરણ છે, તે છેલ્લું મરણ છે અને તે મોક્ષનું કારણ રૂપ છે; એમ કહેવાનો આશય છે.

'જે કર્મ નિર્જરા પામતું અને નિર્જરા પામેલું' એ પદ સર્વ કર્મોના અભાવના ! ઉદ્દેશથી દર્શાવ્યું છે. કારણકે, જીવે કોઇવાર સર્વ કર્મોની નિર્જ-

રાનો કદિપણ અનુભવ કરેલો નથી, એ પદનો અર્થ સર્વ કર્મોના અભાવ રૂપ થાય છે, એથી કરીને તે પદ પૂર્વના પદોથી ભિન્ન અર્થવાળું છે. અહિં એવી શંકા થશે કે, જો એ પદો વિશેષ પણે જુદા જુદા અર્થ વાળા થાય તો પછી સામાન્ય પણે તે કયા પક્ષના પ્રતિપાદક થઇ પ્રવર્ત્તેલા છે? એ શંકાના સમાધાનમાં સૂત્રકાર કહે છે કે, **તે પદો વિગમ પક્ષના વાચક છે. विगम** એટલે વિગમ વસ્તુનો બીજી અવસ્થાની અપેક્ષાએ વિનાશ તેજ **पक्ष** એટલે વસ્તુનો ધર્મ અથવા તેનો પક્ષ એટલે પરિગ્રહ તે **विगम पक्ष** કહેવાય છે. અર્થાત્ દરેક વસ્તુનો ધર્મ અવસ્થાંતરની પ્રાપ્તિ થવા રૂપ છે, તેવા પક્ષને તે પદો કહેનારા છે. જીવ હમેશાં બધા કર્મોનો અભાવ ચાહે છે, પણ તેણે તે પૂર્વે પ્રાપ્ત કરેલો નથી, તેથી તેને માટે તે અત્યંત પુરૂષાર્થ કરે છે.

વળી તે પદો વિગમ અર્થવાળા આ પ્રમાણે ઘટે છે. જે છિદ્યમાન-છેદાતું એવા અર્થવાળું પદ છે, તેમાં કર્મની સ્થિતિનું જે ખંડન, તે **विगम** છે. જે કર્મનું ભેદાવું એવું પદ છે, તેમાં કર્મના અનુભાગનો ભેદ એ વિગમ છે, જે કર્મનું દહન થવાનું પદ છે, તેમાં કર્મરહિત પણું એ વિગમ છે, જે કર્મનું મરણ થવાનું પદ છે, તેમાં આયુઃકર્મનો અભાવ એ વિગમ છે અને જે કર્મની નિર્જરા થવી એવું પદ છે, તેમાં સર્વ કર્મોનો અભાવ, એ વિગમ છે, આવી રીતે એ પદો વિગમ પક્ષને પ્રતિપાદન કરનારા કહેવામાં આવ્યા છે. અહિં પ્રશ્ન થાય છે કે, જે પંચમાંગના આદિ સૂત્રના ઉપન્યાસમાં પ્રેરણા કરવામાં આવેલું છે, તે સૂત્ર કયા અભિપ્રાયથી દર્શાવ્યું છે? તેના ઉત્તરમાંજ તે કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને સર્વ કર્મોના વિગમ-વિનાશને કહેનારા સૂત્રના અભિપ્રાયની વ્યાખ્યા વડે તેનો નિર્ણય કરવામાં આવ્યો છે. એ સૂત્રને મળતું સિદ્ધસેન આચાર્યે પણ કહેલું છે. જેમકે, આદ્ય સમયથી આરંભીને તેની ઉત્પત્તિના અંત્ય સમય સુધી તે કર્મદ્રવ્ય વર્ત્તમાન તથા ભવિષ્યકાળનો વિષય લઇને '**उत्पद्यमान**' 'ઉત્પન્ન થતું' એમ કહેવામાં આવ્યું છે અને **उत्पन्न** 'ઉત્પન્ન થયું' એ ભૂતકાળને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે, તે ઉપરથી વિગમ પામતું અને વિગમ પામ્યું, એમ પણ થઇ શકે. આથી ભગવાને તે કર્મદ્રવ્યનું ત્રણે કાળના વિષયમાં પ્રતિપાદન કરેલું છે. કેટલાએક વ્યાખ્યાતાઓ મૂળ સૂત્રમાં **कर्म** પદ આપેલું નથી, તેથી તે નવ પદોની સામાન્યપણે વ્યાખ્યા કરે છે, પણ કર્મની અપેક્ષાએ વ્યાખ્યા કરતા નથી. તે વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. **चलन** એટલે અસ્થિર પર્યાય વડે વસ્તુની ઉત્પત્તિ સમજવી. **वेइज्जमाण** એ પ્રાકૃતપદનું

ચ્યેજ્યમાન એવું સંસ્કૃત પદ લઇ તેનો અર્થ 'કંપતું' એવો કરે છે. એટલે તેના રૂપની અપેક્ષાએ ઉત્પત્તિ સમજવી. 'उदीरिज्जमाणे' એટલે ઉદીરણા--સ્થિરને પ્રેરણા કરવી, તે પણ **चलन** જ સમજવું. **पहेज्जमाण** એટલે ભ્રષ્ટ થતું, પતિત થતું, તેનો અર્થ પણ ચલનપણાનો સમજવો. આ સર્વ પદોની ગતિ--અર્થને લઇને એકાર્થતા સિદ્ધ કરવામાં આવી છે. તે વ્યાખ્યા પ્રમાણે ઉત્પન્ન પક્ષનો અર્થ એવો થાય કે **चलन** વગેરે પર્યાય વડે ઉત્પન્ન પક્ષને કહેનારા તે પદો થાય છે. તેમ છેદન, ભેદન, દાહ, મરણ અને નિર્જરા એ સર્વ પદોના અર્થોની વ્યાખ્યા કર્મના અર્થમાં લેવી નહીં; એટલે તે વ્યાખ્યાન સ્ફુટ રીતે થઇ શકે છે. તે પદોની ભિન્નાર્થતા સિદ્ધ કરવા માટે આ પ્રમાણે વ્યાખ્યા કરે છે. છેદ તે કુવાડા વડે લતા વગેરેને કાપવા જેવો, ભેદ તે સ્તોમર[1] વગેરેથી શરીરને ભેદવા જેવો, **દાહ** તે અગ્નિવડે કાષ્ટ વગેરેને બાળવા જેવો; **મરણ** એટલે પ્રાણનો ત્યાગ અને નિર્જરા એટલે અતિ જીર્ણ થઇ જવું.

**विगतपक्ष**—એ પદની વ્યાખ્યા એવી છે કે, એ પદો ભિન્ન-ભિન્ન અર્થવાળા છે, પણ સામાન્ય પણે તેમનો વિનાશ કરવા રૂપ અર્થ થાય છે.

આ વ્યાખ્યા ઉપર કદિ અહિં એવી શંકા કરવામાં આવે કે, તે **चलन** વગેરે પદો જે નિરૂપણ કરવામાં આવ્યા, તે આ સ્થળે તેની શી જરૂર હતી? કારણ કે, તેઓ કાંઇ તત્ત્વરૂપ નથી. અને જે તત્ત્વ રૂપ ન હોય તે અસિદ્ધ ગણાય છે અને તે અસિદ્ધિ નિશ્ચય નયના મતવડે વસ્તુના સ્વરૂપને જણાવવા માટે દર્શાવેલ છે. કેમકે, જે વ્યવહારનય છે તે જે ચલિત હોય તેને ચલિતજ માનેછે અને નિશ્ચયનય ચલાયમાન હોય તો પણ તે ચલિત માનેછે.

આ વિષે ઘણું કહેવાનું છે, તે વિશેષાવશ્યક સૂત્રમાંથી અથવા આ સૂત્રમાં આગળ જમાલિનું ચરિત્ર કહેવાશે, તે ઉપરથી જાણી લેવું.

અહિં પેહેલા પ્રશ્નોત્તરના બે સૂત્રોની અંદર મોક્ષતત્વનો વિચાર કરવામાં આવ્યો છે, તો તે મોક્ષ જીવનો હોઈ શકે છે, તે જીવ નારકી વગેરેના ભેદોથી ચોવીશ પ્રકારના છે. જેની ગણના આ પ્રમાણે છે, અગીયાર નારકી, અસુરાદિ, પાંચ પૃથ્વીકાયઆદિ, ત્રણ બે ઇંદ્રિયઆદિ, એક પંચેદ્રિય, તિર્યંચ, અને મનુષ્ય, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચોવીશ પ્રકારના થાય છે. તેમાં નારકી જીવોની સ્થિતિ વગેરેને આશ્રીને કહે છે.

---

૧ મુદ્ગળ.

## ભગવાન્ ગૌતમે પુછેલો નારકી જીવોની સ્થિતિનો પ્રશ્ન.

હે ભગવન્, બીજા અતીત તીર્થંકરોએ નારકી જીવોની સ્થિતિ કેટલા કાળ સુધીની પ્રરૂપેલી છે ? नैरयिक શબ્દનો અર્થ निर्गतं अयं येभ्यस्ते निरयाः જેનાથી ઇષ્ટ ફલ શુભ કર્મનું ફલ ગયેલું છે, તે निरय કહેવાય છે. निरयेषु भवाः नैरयिकः તે નિરય એટલે નરક તેને વિષે હોનારા તે नैरयिक નારકી કહેવાય છે. તે નારકી જીવોની સ્થિતિ એટલે આયુષ્ય કર્મને લઇને નરકમાં રહેવું, તે સ્થિતિ કેટલા વખત સુધીની બીજા તીર્થંકરોએ નિરૂપણ કરેલી છે ?

### ભગવાન્ વીર પ્રભુએ આપેલો તેનો ઉત્તર.

ભગવાન્ વીર પ્રભુ કહે છે, હે ગૌત્તમ, તે નારકીની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની છે, આતો સ્થિતિ પહેલી રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રસ્તરને આશ્રીને સમજવી. અને ઉત્કૃષ્ટથી તેત્રીશ સાગરોપમની છે. આ સ્થિતિ સાતમી પૃથ્વીની અપેક્ષાએ સમજવી. અને જઘન્યની અપેક્ષાએ જે સમય થાય તેની અપેક્ષાએ તેની મધ્યમ સ્થિતિ સમજી લેવી.

એવી રીતે નારકીની સ્થિતિ કહ્યા પછી તે નારકીઓ કેવી રીતે શ્વાસોશ્વાસવાળા છે, તે નિરૂપણ કરવાને પ્રશ્ન કહે છે.

હે ભગવન્, તે નારકી કેટલેક કાળે અંદર શ્વાસ લે છે અને કેટલેક કાળે બાહેર શ્વાસ લે છે ? કેટલાએક વિદ્વાનો આથી અધ્યાત્મ ક્રિયા અને બાહ્ય ક્રિયાનો આશય લે છે.

આ પ્રશ્ન વિષે પ્રજ્ઞાપના સૂત્રના સાતમા ઉચ્છવાસપદમાં કહેલું છે. તે આ પ્રમાણે છે.—હે ગૌતમ, હંમેશા અતિ દુઃખી થતાં એવા નારકીના જીવોને અતિદુઃખ લાગવાથી શ્વાસ તથા નિઃશ્વાસ દેખાયા કરે છે. એક સમય પણ તેમને શ્વાસોશ્વાસનો વિરહ રહેતો નથી. તે ગાથામાં જે વારંવાર શ્વાસ નિઃશ્વાસના પદો કહેલા છે, તે શિષ્યના વચન ઉપર ગુરૂનો અતિઆદર બતાવે છે. ગુરૂ તરફથી શિષ્યોના વચનોને અતિ આદર મળે તો શિષ્યો ઘણાં સંતોષ પામે છે. વળી વારંવાર પ્રશ્નોનું શ્રવણ અને નિર્ણય કરવા, એ લોકમાં ઘટિત ગણાય છે, તેવા પુરૂષોના વચનો ગ્રહણ કરવા યોગ્ય થાય છે. કારણ કે, તેથી ભવ્ય પ્રાણીઓનો ઉપકાર અને તીર્થની વૃદ્ધિ થાય છે.

### હવે નારકીઓના આહાર વિષે ગૌતમ પ્રશ્ન કરે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે નારકીઓ આહારના અર્થી છે. એ

વિષે જેમ પ્રજ્ઞાપના સૂત્ર જે ચોથું ઉપાંગ છે, તેના અઠયાવીશમાપદના પેહેલા શતકમાં કહેવામાં આવ્યું છે.—નારકીના આહાર વિષે જે કહેવાનું છે, તેમાં ઘણાં દ્વારો છે. તે દ્વારોના સંગ્રહ રૂપે પ્રથમ કહેલ જે નારકીની સ્થિતિ અને શ્વાસોશ્વાસ તે બે દ્વાર બતાવવા માટે ' ठिति उस्सासाहारे ' એ ગાથા કહે છે.

## તે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે.

વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, નારકીની સ્થિતિ તથા શ્વાસોશ્વાસ મેં કહ્યા છે, હવે તેમનો આહાર વિધિ કહેવાનો છે. તે નારકીની આહાર-ક્રિયા બે પ્રકારની છે ૧ આભોગનિવર્ત્તિત અને ૨ અનાભોગનિવર્ત્તિત 'હું આહાર કરૂં ' એવી ઇચ્છા કરીને જે આહાર કરે તે **આભોગ નિવર્ત્તિત અને** ' વિશેષ ઇચ્છા વિના ' હું આહાર કરૂં તો કરૂં ' એમ ધારી જે આહાર કરે તે **અનાભોગ** નિવર્ત્તિત કહેવાય છે. જેમ વર્ષાઋતુમાં ઘણાં ઝરણાં વગેરેને લઇને દેખાવામાં આવતા શીતળ પુદ્ગલોનો આહાર ઇચ્છા વિના થઇ જાય છે, તેમ અનાભોગ આહાર વિષે સમજવું. તેમાં તે અનાભોગનિવર્ત્તિત આહાર ક્ષણે ક્ષણે ચાલુ રહેતી ક્ષુધાના વેદનીય કર્મના ઉદયથી ઓજ—આહારના પ્રકાર વડે તે નારકી આહારનો અર્થી બને છે, તે આહારનો તેને કદિપણ વિરહ થતો નથી કારણ, કે તે કદિ ચુકતો નથી અથવા લાંબે કાળે ઉપભોગ્ય એવો આહાર એક વખત લીધો હોય તોપણ તેનો ભોગ પ્રત્યેક સમયે થયા કરે છે. તેવી રીતે જે આભોગ નિવર્ત્તિત આહાર છે, તે પણ અસંખ્યાતા સમયનો છે, એટલે પલ્યોપમ વગેરેના પ્રમાણવાળો છે, છતાં તે આહારના અર્થીને અંતમુહૂર્ત્તનો ઉપજે છે. કહેવાનો આશય એવો છે કે, ' હું આહાર કરૂ. એવી જે તેમની ઇચ્છા થાય છે, તે ગ્રહણ કરેલા આહાર દ્રવ્યના પરિણામે અતિતીવ્ર દુઃખ ઉત્પન્ન કરી તે અંતર્મુહૂર્ત્તમાં નિવૃત્તિ પામે છે. તે નારકીઓ કેવી વસ્તુનો આહાર કરે છે ? તે પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે કે, તે નારકીઓ દ્રવ્યથી અનંતા પ્રદેશમાં વર્ત્તનારા પુદ્ગળ દ્રવ્યોનો આહાર કરે છે. બીજા પુદ્ગળ દ્રવ્યો તેમના આહારમાં અયોગ્ય ગણાય છે ક્ષેત્રથી અસંખ્યેય પ્રદેશોવાળા દ્રવ્યોનો આહાર કરે છે. કારણ કે ન્યૂન પ્રદેશમાં અવગાઢ રહેલા દ્રવ્યો તેમને આહાર કરવામાં યોગ્ય ગણાતા નથી, તેમ અનંત પ્રદેશમાં અવગાઢ એવા દ્રવ્યો તો યોગ્ય ન ગણાય, કારણ કે, સર્વ લોકનું પ્રમાણ અસંખ્યાતા પ્રદેશનું છે. કાળથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દ્રવ્યોનો તે આહાર કરે છે. અહિં સ્થિતિનો અર્થ

આહાર યોગ્ય સ્કંધ લેવો અર્થાત્ તેવા પરિણામમાં રહેવું તે. ભાવથી વર્ણવાળા, ગંધવાળા, રસવાળા, અને સ્પર્શવાળા દ્રવ્યોનો તેઓ આહાર કરે છે. અહિં ગૌતમ પ્રશ્ન કરે છે કે, તે નારકીઓ ભાવથી વર્ણવાલા દ્રવ્યોનો આહાર કરે છે, તે દ્રવ્યો એક વર્ણના છે કે પાંચે વર્ણના છે ? વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, જો સ્થાન સામાન્ય રીતે લહીએ તો તેઓ એક વર્ણીથી માંડીને પાંચવર્ણી સુધીના દ્રવ્યોનો આહાર કરે છે. કાલાદિક પ્રમાણે લઇએ તો કાળા વર્ણથી માંડીને સુક્કિલાદિ સુધીના વર્ણવાળા દ્રવ્યોનો આહાર કરે છે

અહિં ગૌતમ પ્રશ્ન કરે છે કે, હે ભગવન્, જો તેઓ વર્ણેથી કાલ વર્ણાદિક દ્રવ્યનો આહાર કરે છે, તો તે તેમાં એકગુણા કાળથી માંડીને દશગુણા કાળ સુધીનો કાળ લેવો અથવા સંખ્યાતા ગુણ વાળો કાળ લેવો કે અસંખ્યાતા ગુણવાળો કાળ લેવો?

વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે એકગુણ કાળથી માંડીને અનંતગુણ કાળ સુધીનો કાળ લેવો, એવી રીતે સુક્કિલ પ્રમુખ લેવા. ગંધથી પણ અને રસથી પણ તે પ્રમાણે જાણવું. જે ભાવથી સ્પર્શવાળા છે, તે સ્થાન માર્ગે એક સ્પર્શવાળા, બે સ્પર્શવાળા અને ત્રણ સ્પર્શવાળા લેવા નહીં. કારણકે, એક સ્પર્શવાળા દ્રવ્યનો સંભવ હોઈ શકે નહીં અને બીજાઓ અલ્પ પ્રદેશી અને સૂક્ષ્મ પરિણામી હોવાથી ગ્રહણ કરવાને પણ અયોગ્ય છે. તેથી તે નારકીઓ ચાર સ્પર્શવાળાથી માંડીને આઠ સ્પર્શવાળા દ્રવ્યોનો આહાર કરી શકે છે, કારણકે, તે બહુપ્રદેશી અને બાદર પરિણામી હોવાથી ગ્રહણ કરી શકાય તેવા છે. વિધાન પક્ષે કડક પ્રમુખ દ્રવ્યથી માંડીને લુખાદિક સુધીનો આહાર કરી શકે છે.

અહિં ગૌતમ પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે નારકી સ્પર્શથી જે કડકાદિકનો આહાર કરે છે, તે એકગણા કડક સમજવા કે અનંતગણા ?

વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે એકગુણથી માંડીને અનંતગણા લેવા. એવી રીતે આઠ પ્રકારના સ્પર્શ જાણવા, અને તે અનંતગણા લુખાદિક પણ લેવા.

ગૌતમ પ્રશ્ન કરે છે, હે ભગવન્, જો તે નારકીના જીવો અનંતગણા લુખાદિક દ્રવ્યનો આહાર કરે છે, તો તે દ્રવ્ય આહાર પુષ્ટ સમજવો કે અપુષ્ટ સમજવો ?

વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પુષ્ટ દ્રવ્ય આહાર સમજવો

અપુષ્ટ નહીં. જે આત્માના પ્રદેશને સ્પર્શ કરનારા તે પુષ્ટ કહેવાય છે, તો તે આત્માના પ્રદેશનો સ્પર્શ અવગાહના ક્ષેત્રની બાહેર પણ હોય છે, તેથી ગૌતમ પ્રશ્ન કરે છે, હે ભગવન્, જો તે પુષ્ટ આહાર હોય તો તે અવગાઢ[1] છે કે અવગાઢ નથી ?

વીર ભગવાન્ કહે છે કે, હે ગૌતમ, તે આહાર અવગાઢ છે, અનવગાઢ નથી.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે જે અવગાઢ આહાર છે, તે અનંતર અવગાઢ છે કે પરંપર અવગાઢ ? જે પ્રદેશોમાં આત્મા અવગાઢ થઇને રહ્યો હોય તે અવગાઢ કહેવાય છે, તેમાં તેના અંતરનો અભાવ તે અનંતરાવગાઢ કહેવાય છે અને જે તેના અંતરવર્ત્તી છે, તે અવગાઢના સંબંધને લીધે પરંપરાવગાઢ કહેવાય છે. વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે આહાર અનંતરાવગાઢ છે, પરંપરાવગાઢ નથી.

**ગૌતમ** પુછે છે, હે ભગવન્, જે અનંતરાવગાઢ આહાર છે તેમાં અણુપણું છે કે બાદરપણું છે ? ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેમાં અણુપણું છે અને બાદરપણું પણ છે. અહિં આહાર કરવાને યોગ્ય એવા દ્રવ્યના સ્કંધો પ્રદેશની વૃદ્ધિથી વધેલા હોય છે, તેથી તેમનું અણુપણું અને બાદરપણું પણ અપેક્ષિત છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, જો તે આહાર દ્રવ્યનું અણુપણું અને બાદરપણું હોય તો તે નારકીઓ તેનો ઉર્ધ્વ—ઉંચે આહાર કરે છે, કે નીચે અથવા તિરછો પણ આહાર કરે છે ?

વીર ભગવાન્ કહે છે હે ગૌતમ, તેઓ ઉર્ધ્વ અધઃ નીચે પણ અને તિરછો પણ આહાર કરે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તેઓ જે ઉંચે, નીચે અને તિરછો આહાર કરે છે, તો તે આદિમાં આહાર કરે છે, મધ્યે આહાર કરે છે કે અંતે આહાર કરે છે ? ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે ત્રણેમાં આહાર કરે છે. અર્થાત્ તેમનો તે આભોગ વર્ત્તિત આહાર અંતર્મુહૂર્તનો છે, તેથી તેઓ તેના આદિ, મધ્ય અને અવસાનમાં એમ સર્વત્ર આહાર કરે છે. ગૌતમ પુછે છે, હે ભગવન્, જો તેઓ તેવી રીતે સર્વત્ર આદિ, મધ્ય અને અવસાનમાં આહાર કરે

---

૧ આત્માના પ્રદેશોની સાથે એક ક્ષેત્રમાં જે મળી ગયેલા આહારના પુદ્‌ગલો તે અવગાઢ કહેવાય છે.

છે, તો તે સ્વ[૧]વિષયમાં આહાર કરે છે, કે અવિષયમાં આહાર કરે છે? ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે સ્વવિષયમાં આહાર કરે છે, અવિષયમાં નહીં.

ગૌતમ પુછે છે, હે ભગવન્, જો તેઓ સ્વવિષયમાં આહાર કરે છે, તો તે આનુ[૨]પૂર્વી વડે આહાર કરે છે કે અનાનુપૂર્વી વડે આહાર કરે છે? ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે આનુપૂર્વી વડે આહાર કરેછે. અનાનુપૂર્વીવડે નહીં

ગૌતમ પુછે છે, હે ભગવન્, જો તે આનુપૂર્વી વડે આહાર કરે છે, તો તે ત્રણ દિશાઓમાં આહાર કરે છે કે, ત્રણથી તે[૩] છ દિશા સુધીમાં આહાર કરે છે. ?

જો કે પ્રથમ વર્ણથી પાંચે વર્ણોના દ્રવ્યોને માટે કહેવામાં આવ્યું છે, તથાપિ ઘણે ભાગે વર્ણ, ગંધ વગેરેથી યુક્ત એવા દ્રવ્યનો તેઓ આહાર કરે છે, તે દર્શાવે છે. બહુલપણાના લક્ષણનું કારણ આશ્રીને તેમનો પ્રકૃતિથીજ અશુભ-અનુભાવ હોય છે. તે કારણ સમજવું. વર્ણથી કાળા, લીલા વગેરે, ગંધથી દુરભિ વગેરે, રસથી તીખા, કટુ વગેરે અને સ્પર્શથી કઠક, ભારે, ઠંડા અને લુખા વગેરે સમજવા. આવા દ્રવ્યોનો આહાર પ્રાયે કરીને મિથ્યાદષ્ટિ નારકીઓનો સમજવો. જે નારકીઓ ભવિષ્યમાં તીર્થંકર વગેરે થવાના હોય છે, તેઓ તેવો આહાર કરતા નથી.

અહિં કદિ શંકા થાય કે, જેમના યથાર્થ સ્વરૂપ કહેવામાં આવ્યા છે, તેવાજ દ્રવ્યોનો તે નારકીઓ આહાર કરે કે છે, તેથી જુદી રીતે પણ કરે છે, ? તે શંકા દૂર કરવા કહે છે કે, તેઓ વર્ણગુણ, ગંધગુણ, રસગુણ અને સ્પર્શગુણને વિપરિણામ વગેરે કરીને અર્થાત્ વિનાશ કરીને બીજા અપૂર્વ, વર્ણગુણ, ગંધગુણ, રસગુણ, સ્પર્શગુણ ઉત્પાદન કરી પોતાના શરીરાવગાઢ પુદ્ગલોને અનુકૂલ પડે તેમ આહાર કરે છે, અર્થાત્ સર્વાત્મના આત્માના સર્વ પ્રદેશો વડે આહાર કરે છે.

---

૧ જે સ્પષ્ટ અવગાઢ અનંતરાવગાઢ નામનો છે, તે વિષય કહેવાય છે, સ્વ-પોતાનો તે વિષય તે સ્વવિષય. ૨ જે આસન્ન-નજીક પ્રાપ્ત હોય તેનું ઉલ્લંઘન ન કરે તે આનુપૂર્વી-અનુક્રમ કહેવાય છે. ૩ નારકીઓ લોકની મધ્યે હોય છે, તેથી ઉર્ધ્વ વગેરે છ દિશાઓ અલોક વડે ઢંકાએલી નથી, તેથી તે છ દિશાઓમાં તેમનું આહાર ગ્રહણ હોઇ શકે છે. માટે અહિં નિયમથી કહેવામાં આવ્યું છે.

મૂલ સંગ્રહ ગાથામાં પણ એવાજ અર્થની વ્યાખ્યા આપી છે.

ગૌતમ પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે નારકીઓ સર્વ રીતે આહાર કરે, સર્વ રીતે પરિણમાવે, સર્વ રીતે ઉચ્છવાસ લે, સર્વ રીતે નિઃશ્વાસ લે વળી વારંવાર આહાર કરે, વારંવાર પરિણમાવે, વારંવાર ઉચ્છવાસ લે અને વારંવાર નિઃશ્વાસ લે, તે શી રીતે છે.?

વીર ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે નારકીઓ તે સર્વ રીતે આત્માના સર્વ પ્રદેશોથી તે આહાર વગેરે સર્વ કરે છે. તેમાં જો પર્યાપ્તિ-અવસ્થામાં હોય તો વારંવાર અને અપર્યાપ્તિ-અવસ્થામાં હોય તો કદાચિત્ અર્થાત્ સર્વદા: નથી પણ કરતા.

તે આહારપણે ગ્રહણ કરેલા પુદ્ગલોમાંથી કેટલામા ભાગનો આહાર કરે છે, તે સંગ્રહ ગાથામાં કહેલું છે, તે વિષે કહે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, નારકીઓ જે પુદ્ગલોને આહાર પણે ગ્રહણ કરે છે, તે પુદ્ગલોમાંથી કેટલામાં ભાગનો આહાર કરે છે અને તે ગ્રહણ કર્યા પછી કેટલામા ભાગનો સ્વાદ લે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે નારકીઓ તે પુદ્ગલોના અસંખ્યાતા ભાગનો આહાર કરે છે અને તે ગ્રહણ કર્યા પછી અનંત ભાગનો સ્વાદ લે છે.

બીજાઓ વળી એમ કહે છે કે, **ऋजुसूत्र** નય પ્રમાણે જે પુદ્ગલો શરીર રૂપે પરિણામ પામી ગયા હોય, તેમના અસંખ્યાતા ભાગનો આહાર કરે છે. ઋજુસૂત્ર નય પ્રમાણે જેમ ગાંય વગેરે ઘાસનો મોટો ભાગ ગ્રહણ કરે પણ તે શરીરરૂપે પરિણામ પામેલ ન હોવાથી તે આહાર રૂપે ગણાતા નથી.

શરીરપણે પરિણામ પામેલા હોય તે છતાં પણ તેઓમાંથી જો કોઇ કોઇ જાતના આહારનું કાર્ય કરનારા થયા હોય તો તે આહારરૂપે ગણાય છે, કારણ તેમાં શુદ્ધ નય લાગુ પડી શકે છે.

---

૧ અહિં કેટલાએક આ પ્રમાણે વ્યાખ્યા કરે છે. જેમ ગાય વગેરે પ્રથમ ઘાસનો મોટો ભાગ લે છે પણ તેમાંથી કેટલએક તરણાઓ પડી જાય છે, તેવી રીતે તે નારકીઓ કેટલા એક અસંખ્યેય ભાગવાલા પુદ્ગલો આહાર માટે ગ્રહણ કરે છે, પણ તેમાંથી કેટલાએક પુદ્ગલો પડી જાય છે.

કેટલાએક તેના અર્થ વિષે અહિં એમ પણ કહે છે કે, તે નારકીઓ આહાર રૂપે ગ્રહણ કરેલા તે પુદ્ગલોના અનંત ભાગનો સ્વાદ લે છે, અર્થાત્ તેમના રસ વગેરે રસનાદિ ઇંદ્રિયો દ્વારા મેલવી શકે છે.

સંગ્રહ ગાથામાં કહ્યું છે કે, તે નારકીઓ સર્વ આહાર દ્રવ્યોનો આહાર[1] કરે છે. તેને માટે સૂત્રમાં આ પ્રમાણે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે નારકીઓ જે પુદ્ગલોને આહારપણે પરિણમાવે છે, તે બધા પુદ્ગલોનો આહાર કરે છે કે, નહીં? ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેઓ કાંઇ પણ બાકી રાખ્યા સિવાય બધાનો આહાર કરે છે. સંગ્રહ ગાથામાં કહ્યું છે કે, તે કેવા સ્વભાવથી અથવા કેવે પ્રકારે તે આહારના દ્રવ્યો પરિણમે છે. તેને માટે સૂત્રમાં આ પ્રમાણે આપ્યું છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકી જે પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે. તે પુદ્ગલો કેવા સ્વભાવથી વારંવાર પરિણમે છે? ભગવાન્ કહે છે હે ગૌતમ, તે સ્પર્શેંદ્રિય સુધી અનિષ્ટપણાથી એટલે સામાન્ય રીતે અપ્રિયપણાથી સદ્ભાવ વડે અણગમાપણાથી, અપ્રિયપણાથી, મનગમતા ન હોવાથી, મનમાં અણચિંતવ્યાપણાથી, મેળવવાને ઇચ્છેલા ન હોવાથી, તૃપ્તિને આપનારા ન હોવાથી, અભિલાષના નિમિત્ત ન હોવાથી અને ગુરૂ પરિણામી ન હોવાથી તે વારંવાર પરિણમ્યા કરે છે.

**આ પ્રમાણે સંગ્રહ ગાથાનો અર્થ કહેવામાં આવ્યો.**

## નારકીના આહારના આધિકારમાં શ્રી ગૌતમે પુછેલા ચાર પ્રશ્નો[2]

ગૌતમ પુછે છે, હે ભગવન્, નારકીઓએ પૂર્વકાળે સંગ્રહ કરેલા અ-

---

૧ અહીં જે પુદ્ગલો ગ્રહણ કરેલા છે, તે આહારના પરિણામને યોગ્યજ ગ્રહણ કરવા. અર્થાત્ છોડી દીધેલામાંથી જે બાકિ રહેલા છે તે, નહીં તો પૂર્વાપર સૂત્રનો વિરોધ આવે છે.

૨ અહિં જો કે ચાર પ્રશ્નો પુછેલા છે, પણ તેમાંથી ત્રેંસઠ ભેદવાળા પ્રશ્નો થઇ શકે છે. ૧ પૂર્વે આહાર કરેલા ૨. આહાર કરતા અને ૩ આહાર કરવામાં આવતા, ૪. પૂર્વે આહાર નહીં કરેલા, ૫. આહાર કરવામાં ન આવતા અને ૬ આહાર કરવામાં આવશે નહી એ છ પ્રશ્નો થાય છે. તે એક એક પદને સંયોગી અને દ્વિકસંયોગી કરીએ તો ૧૫ થાય અને ત્રિકસંયોગી કરીએ તો ૨૦ થાય, તેને ચારનો યોગ કરતાં ૧૫ અને પાંચનો યોગ કરતાં ૬ અને છ ના યોગે ૧ એમ ૬૩ ભેદ થઇ શકે છે.

ર્થાત્ આહાર કરેલા જે સ્કંધ, તે પૂર્વકાળે શરીરની સાથે મળી જઇ પરિણતિને પામેલા છે કે નહીં ? તે પૂર્વકાળે સંગ્રહ કરેલા–આહાર કરેલા અને વર્તમાનકાળે સંગ્રહ કરવામાં આવતા–આહાર કરવામાં આવતા પુદ્ગલો પરિણમ્યા છે કે નહીં ?

જે પુદ્ગલો અતીતકાળે આહાર કરેલા નથી અને જે હજું ભવિષ્યકાળે આહાર કરવાના છે, તે પુદ્ગલો પરિણમ્યા છે કે નહીં ? જે અતીત કાળે પણ આહાર કરેલા નથી અને જે ભવિષ્યકાળે પણ આહાર કરવાના નથી, તે પરિણમ્યા છે કે નહીં ?

શ્રીવીર ભગવાન્ ઉત્તર આપે છે.—

હે ગૌતમ, તે નારકીને જે પુદ્ગલો પૂર્વે આહાર કરેલા છે, તે પૂર્વકાળેજ પરિણામ પામી ગયેલા હોય છે, કારણ કે, તેમનું ગ્રહણ કર્યા પછીજ પરિણામ હોઇ શકે છે.

જે પુદ્ગલો આહાર કરેલા છે અને આહાર કરવામાં આવે છે, તે પણ પરિણામ પામેલા છે, કારણ કે, આહાર કરેલા પુદ્ગલો પરિણામ ભાવથીજ પરિણામ પામે છે અને જે આહાર કરાય છે, તેમનો પરિણામભાવ ચાલતોજ છે.[૧] જે પુદ્ગલો આહાર થયેલા નથી અને આહાર થવાના નથી, તે પરિણામ પામવાના નહિં. કારણ કે; આહાર થયેલા ન હોય તેમને શરીરના સંપર્કનો અભાવ છે, તેથી તેમને પરિણામ પામવાનો પણ અભાવ છે, માટે જેઓ આહાર રૂપે થવાના તેઓજ પરિણમશે કારણ કે, જે આહાર થયેલા હોય તેમનો પરિણામ અવશ્ય થવોજ જોઇએ.

જે પુદ્ગલો ભૂત અને ભવિષ્યમાં આહાર થયેલા નથી, તેથી તેમને પરિણમવાનોજ અભાવ છે.

જે પુદ્ગલો શરીરની સાથે સંપર્ક પામી પરિણમ્યા છે, તેમનો

---

૧ અહિં વૃત્તિકાર આ પ્રશ્નના ઉત્તરમાં વિકલ્પે આવો અર્થ પણ કરે છે–જે પુદ્ગલો આહાર કરેલા અને આહાર કરવાના છે, તે પુદ્ગલો પરિણામ પામી ગયા છે, અને પરિણામ પામવાના પણ છે. એટલે જે આહાર કરેલા અને આહાર કરવાના છે, તેઓમાંથી કેટલાક પરિણમ્યા છે, તેમાં જે શરીર સાથે મળી ગયા છે, અને જે ત્યાં સુધીમાં શરીર સાથે મળ્યા નથી. જે કાલાંતરે મળી જશે તે પરિણમશે.

જથ્થો વગેરે થવાનો સંભવ છે, તેથી તેનું સ્પષ્ટીકરણ કરવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

હે ભગવન્ નારકીએ પૂર્વે આહાર કરેલા પુદ્ગલો શરીરમાં ચય-જથ્થા રૂપે એકઠા થવા જોઈએ, તેમાં શી રીતે સમજવું ?

વીર ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, જેમ તે પુદ્ગલો શરીરમાં પરિણમ્યા તેમ ચય-જથ્થા રૂપે થયા. એવી રીતે ઉપચિત પણ થયા, એટલે ઘણીવાર પ્રદેશની સમીપ રહેવાથી શરીરમાં વધ્યા, ઉદીરણાને[1] પામ્યા, વેદ્યા[2] અને નિર્જરા[3] પણ પામ્યા.

તેને માટે સંગ્રહ ગાથામાં કહ્યું છે કે, પરિણીત ચિત, ઉપચિત વગેરે એક એક પદમાં ચાર પ્રકારના પુદ્ગલો થાય છે. એટલે ૧ આહાર કરેલા, ૨ આહાર કરેલા અને આહાર કરાતા. ૩ આહાર નહીં કરેલા અને આહાર કરવાના અને ૪ આહાર નહીં કરેલા અને આહાર નહીં કરવાના એમ ચાર પ્રકારના પુદ્ગલો થાય છે.

## હવે પુદ્ગલોના અધિકારથી અઢાર સૂત્રો કહે છે.

ગૌતમસ્વામી પુછે છે હે ભગવન્, તે નારકીને કેટલે પ્રકારે પુદ્ગલોના ભેદ થાય છે ? એટલે તીવ્ર, મંદ અને મધ્યમપણાને લઇને અનુભાગના ભેદો વડે કેટલા ભેદવાળા થાય છે ? અર્થાત્ ઉદ્વર્ત્તન કરણ અને અપવર્ત્તન કરણથી જે મંદરસવાળા હોય તે તીવ્ર રસવાળા થાય છે અને તીવ્ર રસવાળા મંદરસવાળા થાય છે. તેવા કેટલા ભેદો છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કર્મ દ્રવ્યની વર્ગણાને આશ્રીને ૧ અણું અને ૨ બાદર એમ બે પ્રકારે પુદ્ગલોના ભેદ થાય છે.

સરખી જાતિના દ્રવ્યોનો જે રાશિ; તે દ્રવ્ય વર્ગણા કહેવાય છે. તેવી વર્ગણા તો ઔદારિક દ્રવ્યોને પણ હોય છે; તેથી ભગવાન્ કહે છે કે, કર્મ

---

૧ પુદ્ગલો સ્વભાવથી ઉદય આવેલા નહોય પણ જ્યારે કોઇ કર્મનું દળીયું ઉદય આવે છે, ત્યારે કોઇ કરણને લઇને જે પ્રક્ષિપ્ત થઇ વેદવામાં આવે છે, તે ઉદીરણાને પામેલા ગણાય છે. ૨ પોતાના રસવિપાકથી પ્રત્યેક સમયે અનુભવમાં આવતા, તે 'વેદ્યા' કહેવાય છે. ૩ સમગ્રરીતે પ્રત્યેક સમયે જે તેના બધી જાતના વિપાક વગરના તે 'નિર્જરા પામ્યા' કહેવાય છે.

રૂપી દ્રવ્યવર્ગણા અથવા કર્મના દ્રવ્યોની વર્ગણા, તેને આશ્રીને[1] અર્થાત્ કર્મદ્રવ્યની વર્ગણા સંબંધી તે પુદ્ગલો બે પ્રકારના છે. તેમાં જે અણુ તે સૂક્ષ્મ અને જે બાદર તે સ્થૂળ એમ સમજવું. આ તેમની સૂક્ષ્મતા અને સ્થૂળતા કર્મ દ્રવ્યની અપેક્ષાએ છે. બીજાની અપેક્ષાએ નથી, કારણકે, ઔદારિક દ્રવ્યોમાં કર્મ દ્રવ્યોજ સૂક્ષ્મ છે.

એવી રીતે તે ચય, ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરા એ શબ્દાર્થના ભેદથી સમજવા. વળી ચયસૂત્ર અને ઉપચય સૂત્રમાં જે 'આહારવિહાર દ્રવ્ય વર્ગણાને આશ્રીને ' એમ કહેલું છે, તેનો અભિપ્રાય એવો પણ છે કે, શરીરને આશ્રીને ચય-ઉપચય રહેલા છે. એમ પહેલા વ્યાખ્યા કરવામાં આવી છે. તે ચય-ઉપચય આહાર દ્રવ્યોથીજ થાય છે. બીજાથી થતા નથી, તેથીજ ' આહાર દ્રવ્યોની વર્ગણા, આશ્રીને ' એમ કહ્યું છે. જે ઉદીરણા વગેરે કહેવામાં આવ્યા છે, તે કર્મદ્રવ્યોનેજ હોઇ શકે છે. તેથી પણ સૂત્રમાં કર્મદ્રવ્યના વર્ગને આશ્રીને કહેવામાં આવ્યું છે, એમ જાણવું.

ગૌતમ પુછે છે હે ભગવાન્, નારકીઓને કેટલે પ્રકારે પુદ્ગલો ચય પામે છે ?

વીરભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, નારકીને આહાર દ્રવ્યની વર્ગણાને આશ્રીને અણુ અને બાદર એમ બે પ્રકારે પુદ્ગળોચય પામે છે. ગૌતમ પુછે છે, હે ભગવાન્, નારકીને કેટલે પ્રકારે પુદ્ગલો ઉદીરણા પામે છે ?

વીરભગવાન્ કહે છે, હે ગૌતમ, તે કર્મ દ્રવ્યની વર્ગણાને આશ્રીને અણુ અને બાદર એમ બે પ્રકારે ઉદીરણા પામે છે. બાકીના વેદના અને નિર્જરાના બોલ પણ આજ પ્રકારે પ્રશ્નોત્તર રૂપે જાણી લેવા.

તે પુદ્ગલો વેદે નિર્જરે, ઉદ્વર્ત્તન કરેલા, ઉદ્વર્ત્તન કરે, [2]ઉદ્વર્ત્તન કરશે, [3]સંક્ર-

---

૧ મંદ તથા અમંદ ભાવ તો કર્મદ્રવ્યોનેજ છે, બીજા દ્રવ્યોને નથી; તે આશયથી કર્મદ્રવ્યની વર્ગણાને આશ્રીને એમ કહ્યું છે. ૨ કર્મોની સ્થિતિ વગેરેને કોઈ જાતના અધ્યવસાયથી હીન-ઓછા કરવા તે અપવર્તન અને તેની વૃદ્ધિ કરવી તે ઉદ્વર્તન કહેવાય છે. ૩ કર્મોની મૂલ પ્રકૃતિથી અભિન્ન એવી ઉત્તર પ્રકૃતિઓને કોઇ અધ્યવસાયથી પરસ્પર સંચાર કરાવવો તે સંક્રમણ કહેવાય છે. તે માટે બીજે સ્થળે પણ લખે છે કે, "કર્મનો ગુણ મૂલ પ્રકૃતિથી અભિન્ન એવી

મણુ કરેલા, સંક્રમણુ કરે, સંક્રમણુ કરશે, [1]નિધત્ત કરેલા, નિધત કરે અને નિધત કરશે.

[2]નિકાચિત થયેલા, નિકાચિત થતાં અને નિકાચિત થવાના, એ સર્વ કર્મદ્રવ્યની માર્ગણાને આશ્રીને એમ સમજવુ. આ વિષે આપેલી સંગ્રહ ગાથાનો અર્થ પણ તે પ્રમાણે મળતો છે. વિશેષમાં તે ઉપરથી એટલું સમજવાનું કે, તે કર્મોના અપવર્ત્તન, સંક્રમણુ, નિધત્ત અને નિકાચન પદોની અંદર ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનો નિર્દેશ કરવો. ન્યાયની પ્રવૃત્તિ સમાન રીતે થવી જોઇએ, તેથી સૂત્રની અંદર તેનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

## હવે પુદ્‌ગલોના અધિકારને લઇને ચાર સૂત્રો કહે છે.

ગૌતમ પુછે છે–હે ભગવન્, નારકી, તૈજસ અને કાર્મણુ શરીરથી જે પુદ્‌ગલો ગ્રહણુ કરે છે. તે અતીત[3]કાળ, વર્તમાનકાળ કે ભવિષ્યકાળે

---

ઉત્તર પ્રકૃતિઓને અધ્યવસાયના પ્રયોગથી સંક્રમણુ કરાવે છે, પણ આત્મા સંક્રમણુ કરાવતો નથી, કારણુ કે, તે અમૂર્ત છે." ઉત્તર વિધિના સંક્રમણુ માટે બીજા પણ કહે છે કે, આયુંકર્મ, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મને મુકી બાકીની કર્મ પ્રકૃતિઓનું સંક્રમણુ થાય છે" જેમકે કોઇ સદ્વેદનીય-સાતા વેદનીય કર્મને અનુભવતો હોય, તેને અશુભ કર્મની પરિણુતિ એવા પ્રકારની થાય છે કે, જેથી તેજ સાતાવેદનીય અસાતાવેદનીયપણાથી સંક્રમે છે, એવી રીતે બીજામાં પણ જાણી લેવું

૧ પરસ્પર વિશ્લેષ પામેલા કર્મના પુદ્‌ગલોને એકત્ર કરી ધારણુ કરવા તે નિધત્ત કહેવાય છે. અર્થાત્ ઉદ્વર્ત્તન અને અપવર્તન શિવાયના કરણોના વિષયમાં ન આવે તેવી રીતે કર્મનું રહેવું.

૨ નિકાચિત એટલે નિરંતર બંધાએલા, પરસ્પર જુદા પડેલાં કર્મોના પુદ્‌ગલોને એકત્ર કરવાપણું એટલે પરસ્પર–અવગાહન કરવાપણું; તે નિકાચિત કહેવાય છે. દાખલા તરીકે જેમ સોયોનો મોટો સમૂહ હોય તેને અગ્નિમાં તપાવી ટીપી એકઠો કરે, તેવી રીતે કર્મોને સર્વ પ્રકારના કરણોના વિષયમાંથી જુદાં કરી એકઠા સ્થાપવા તે નિકાચિત.

૩ મૂળ સૂત્રમાં 'કાળ સમય' એમ કહેલું છે. તેનો અર્થ કાળરૂપ સમય એમ લેવો. સમાચારી રૂપ કાળ કે વર્ણાદ સ્વરૂપકાળ લેવો નહીં. કારણુ ત્યાં પરસ્પર કાળના વિશેષણુ છે. અતીતકાળ. એટલે ઉત્સ·

ગ્રહણ કરે છે ? તે વિષે શું છે ? ભગવાન્ ઉત્તર આપે છે-હે ગૌતમ, તે નારકીઓ તે પુદ્‌ગલોને ભૂતકાળ કે ભવિષ્યકાળમાં [1]ગ્રહણ કરતા નથી પણ વર્ત્તમાનકાળે ગ્રહણ કરે છે.[1]

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકીઓ, તૈજસ અને કાર્મણ શરીર વડે જે પુદ્‌ગલો ગ્રહણ કરી ઉદીરે છે, તે અતીતકાળે ગ્રહણ કરી ઉદેરે છે, વર્ત્તમાનકાળે લઇ ઉદેરે છે કે ગ્રહણ[2] કરવાને સમયે આગળ કરી ઉદીરે છે ?

વીરભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકીઓ અતીતકાલ સમયે ગ્રહણ કરેલા પુદ્‌ગલોનેજ ઉદીરે છે. વર્તમાન કાળે અને ભવિષ્યકાળે ગ્રહણ કરેલા પુદ્‌ગલોને ઉદીરતા નથી. એવીજ રીતે તેઓ વેદે છે અને નિર્જરે છે.

## હવે કર્મના અધિકારથી આઠ સૂત્રો કહે છે.

ગૌતમ પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે જીવના પ્રદેશોથી ચલિત કર્મ બાંધે છે કે અચલિત કર્મ[3] બાંધે છે ?

---

પિંણી વગેરેનો સમય. તેનો પરમ નજીકનો અંશ-ભાગ તે અતીતકાળ વર્ત્તમાનકાળે અતીત અને અનાગતકાળનો નિષેધ સમજવો. કારણ કે, તે વિષયમાં કાળ આવી શકતા નથી.

૧ વર્ત્તમાનકાળે ગ્રહણ કરે છે, તેનું કારણ એ છે જે ભૂત અને ભવિષ્યકાળ તેના ગ્રહણના વિષયમાં આવી શકતાજ નથી. કારણ કે, તે તેના વિષયાતીત છે એટલે તેમને વિનાશ પામ્યા પછી ઉત્પન્ન થવાનું નથી, પાછા ઉત્પન્ન થાય તો પણ જે અભિમુખ પુદ્‌ગલો હોય તેનુંજ ગ્રહણ કરે છે, બીજાનું ગ્રહણ કરતા નથી. ૨ ગ્રહણ કરવાનો સમય આગળ કરીને જે પુદ્‌ગલો ગ્રહણ કરવાના છે તે. કારણ કે, જે પૂર્વકાળે ગ્રહણ કરેલા હોય તેનીજ ઉદીરણા હોઇ શકે છે. એટલે ઉદીરણા ગ્રહણ પૂર્વક હોય છે; તેથીજ કહેવામાં આવ્યું છે કે, અતીતકાળે ગ્રહણ કરેલાને ઉદીરે છે. જે ગ્રહણ કરાતા હોય અને જે ગ્રહણ કરવાના હોય તેમને ઉદીરણા થવાનો અભાવ છે. ૩ જે જીવના પ્રદેશોમાં સ્થિર રહી શકે નહીં, તે. ચલિત અને જે સ્થિર રહી શકે તે અચલિત, તેવા કર્મનેજ જીવ બાંધે છે તેને માટે કહે છે. કે; જેમ ચીકણાં પદાર્થોથી યુક્ત એવા માણસને મળ વળગે છે, તેમ જીવને રાગાદિકના પરિણામથી પોતાના દેશમાં રહેલું કર્મ યોગના કારણથી સર્વ દેશ વડે વળગે છે. આ પ્રશ્નમાં વેદના, અપવર્ત્તના, સંક્રમણ; નિધત્ત અને નિકાચન વિષેના પ્રશ્નો સમજી લેવા.

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, જે ચલિત કર્મ હોય તે બાંધે છે, પણ જે અચલિત કર્મ હોય તે બાંધતો નથી.

ગૌતમ પ્રશ્ન કરે છે. હે ભગવન્ ; તે જીવના પ્રદેશથી ચલિતકર્મ ઉદીરણા પામે છે કે અચિલિત કર્મ ઉદીરણા પામે છે? એવી રીતે અચલિત કર્મ વેદે છે, ઉદ્વર્તે છે, સંક્રમણ કરે છે, નિધત્ત કરે છે અને નિકાચિત કરે છે. એ સર્વ અચલિત કર્મને થાય છે; ચલિત કર્મને નહીં.

ગૌતમસ્વામી પુછે છે; હે ભગવન; જીવોના પ્રદેશોથી ચલિતકર્મ નિર્જરે[1] છે કે અચલિત કર્મ નિર્જરે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે; હે ગૌતમ, જીવોના પ્રદેશોથી ચલિતકર્મ નિર્જરે છે, અચલિતકર્મ નિર્જરે નહીં. તેની સંગ્રહરૂપ ગાથા આ પ્રમાણે છે. ‘ બંધ, ઉદીરણા; વેદન; ઉદ્વર્તન; સંક્રમણ નિધત્ત અને નિકાચન, એ સર્વમાં જીવના પ્રદેશોથી ચલિતકર્મ નિર્જરે અચલિત નહીં. ”

## ચોવીશ દંડકના અનુક્રમમાં આવેલા અસુરકુમારોના સંબંધે પ્રશ્નોત્તર.

ગૌતમસ્વામી પુછે છે; હે ભગવન્, અસુરકુમારોની સ્થિતિ કેટલા કાળની કહી છે ?[2]

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે અસુરકુમારો કેટલે કાળે શ્વાસોચ્છ્વાસ લે છે અથવા મુકે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, અસુરકુમારોની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની કહી છે અને ઉત્કૃષ્ટી એક સાગરોપમથી જરા વધારે કહી છે. આ સ્થિતિ અસુરકુમારોના બલિ નામના રાજાને આશ્રીને કહેલી છે.

---

૧ અહિં નિર્જરા એટલે અનુભાવરહિત કરેલા કર્મના પુદ્‌ગલોને આત્માના પ્રદેશોથી દૂર કરવા તે, એ નિર્જરા ચલિત કર્મને હોઇ શકે છે. અચલિત કર્મને હોઇ શકતી નથી. ૨ અહિં અસુરકુમાર સંબંધી જે કહેવાનું છે, તે નારકીની જેમ સમજી લેવું. તે નારકીના પ્રકરણમાં પૂર્વે કહેલી ગાથાઓમાં એકંદર ૭૨ સૂત્રોં કહેલા છે. તે આ અસુરાદિકના ત્રેવીશ પ્રકરણોને મળતા છે.

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે અસુરકુમાર જઘન્યથી સાત[1] સ્તોકે ઉપર અને ઉત્કૃષ્ટથી કાંઇક અધિક એક પખવાડીએ શ્વાસોશ્વાસ લે છે અથવા મુકે[2] છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે અસુરકુમારો જે આહારના અર્થી હોય છે? તો તેમને કેટલે કાળે આહારનું પ્રયોજન ઉપજે છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે અસુર કુમાર દેવતાઓને બે પ્રકારનો આહાર કહ્યો છે. આભોગ નિવર્તિત અને અનાભોગ નિવર્તિત. જે જાણીને આહાર કરે તે આભોગનિવર્તિત કહેવાય છે અને જે અ-જાણતાં આહાર કરે તે અનાભોગનિવર્તિત આહાર કહેવાય છે, તેનું પ્રયોજન પ્રત્યેક સમયે અવિરહિત પણે ઉપજે છે અને જે આભોગનિવર્તિત આહાર છે, તે જઘન્ય પણે [3]ચતુર્થ ભક્ત આહાર અને ઉત્કૃષ્ટ પણે કાંઇક એવા એક હજાર વર્ષે આહારનું પ્રયોજન ઉપજે છે.

ગૌતમ સ્વામી પુછે છે ? હે ભગવન્, તે અસુરકુમારો કેવો આ-હાર કરે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે અસુરકુમારો દ્રવ્યથી અનંત પ્રદેશવાલા દ્રવ્યનો આહાર કરે છે અને ક્ષેત્ર, કાળ અને ભાવથી તેમનો આહાર ચોથા ઉપાંગ શ્રીપન્નવણા સૂત્રમાં કહયો છે, તે પ્રમાણે જાણી લેવું. અને બાકીનું પૂર્વે નારકીના સંબંધે જે કહેલું છે, તે પ્રમાણે સમજવું.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે અસુરકુમારોને પુદ્ગલોના ચયો-પચય ધર્મો વારંવાર કેવી રીતે પરિણમે છે—પુષ્ટ થાય છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે અસુરકુમારોને શ્રોત્ર ઇંદ્રિય વડે રાગાદિક સાંભળવાથી, સર્વોત્કૃષ્ટ રૂપથી, મનોહર વર્ણથી; સર્વ અંગોપાંગના સુખથી, છ ઋતુંઓના ઇચ્છિત સુખથી, મનવાંછિત પૂ-

---

૧ નીરોગી માણસના સાત શ્વાસોશ્વાસ તે એક સ્તોક કહેવાય છે. ૨ અહિં જે જઘન્ય શ્વાસોશ્વાસ કહ્યો તે જઘન્ય સ્થિતિ વાળાને આશ્રીને અને જે ઉત્કૃષ્ટ શ્વાસોશ્વાસ કહ્યો, તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળાઓને આશ્રીને સમજવો. ૩ ચતુર્થ ભક્ત એટલે એકાંતરે ઉપવાસ અર્થાત્ એક દિવસ આહાર કરે પછી બીજે દિવસે ઉપવાસ કરે અને ત્રીજે દિવસે પાછો અધિક આહાર કરે તેવી રીતે.

રવાથી, ઉર્ધ્વ લોકમાં રહેવાથી, નારકીઓની જેમ અધો લોકમાં રહેવાથી નહીં, તેમ મનુષ્યની જેમ દુઃખથી નહીં પણ સુખ ભાવે રહેવાથી પુદ્ગલો વારંવાર પરિણમે છે-પુષ્ટ થાય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, પૂર્વે આહાર કરેલા પુષ્ટ તથા અપુષ્ટ પુગ્દલો જે પરિણમ્યા—ઉદય આવ્યા, તે પૂર્વે નારકીના સંબંધમાં જે ચલિત કર્મ નિર્જરા વગેરે કહેલું છે, તે અસુરકુમારોને માટે પણ પરિણમ્યા—ઊદય આવ્યા સમજી લેવાનું છે.

## પછી નાગ કુમારોના સબંધમાં ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

હે ભગવન્, નાગકુમાર દેવતાઓની સ્થિતિ કેટલા કાળની કહી છે? ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે નાગકુમારોની સ્થિતિ જઘન્યથી દશહજારવર્ષની અને ઉત્કૃષ્ટથી એક દેશે ઓછી બે પલ્યોપમની કહી છે. તે જઘન્ય સ્થિતિ સામાન્ય દેવોની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્તર શ્રેણીના ઇંદ્રોને આશ્રીને સમજવી.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ તે નાગકુમાર દેવતાઓ કેટલે કાળે શ્વાસોશ્વાસ લે છે અને મુકે છે?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે નાગકુમાર દેવતાઓ જઘન્યથી સાત સ્તોકે અને ઊત્કૃષ્ટથી મુહૂર્ત[1] પૃથકત્વના પરિણામે શ્વાસોચ્છવાસ લે છે અને મુકે છે.

ગૌતમ મુનિ પુછે છે, હે ભગવન્, તે નાગકુમાર દેવતાઓ આહારના અર્થી હોય છે, તો તેમને કેટલે કાળે આહારનું પ્રયોજન ઉપજે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેમને પણ આભોગનિવર્ત્તિત અને અનાભોગનિવર્ત્તિત એમ બે પ્રકારના આહાર હોય છે. તેમાં જે અનાભોગનિવર્ત્તિત આહાર છે, તે પ્રત્યેક સમયે અવિરહિતપણે ઉપજેછે. અને જે આભોગનિવર્ત્તિત આહાર છે, તે જઘન્યથી ચતુર્થભકતે અને ઉત્કૃષ્ટથી બેથી માંડિને નવ દિવસ સુધીમાં આહારની ઇચ્છા ઉપજે છે. બાકીનું ચલિત કર્મની નિર્જરા સુધીનું બધું અસુરકુમાર દેવતાની જેમ

---

૧ મુહૂર્ત્ત એટલે બે ઘડી અને પૃથકત્વ એટલે બેથી માંડીને નવ સુધીની સંખ્યા સુધીનો સમય.

સમજી લેવું. તે પછી સુપર્ણકુમાર દેવતાઓથી સ્તનિતકુમાર દેવતાઓ સુધીનું પણ સ્થિતિ વગેરે સર્વ તેમના જેવુંજ સમજવું.[1]

## હવે ભવનપતિ દેવતાઓ વિષે કહ્યા પછી દંડકના ક્રમે આવેલ પૃથ્વી કાય વીગેરેના સ્થિતિ પ્રમુખ કહે છે.

ગૌતમસ્વામી પુછે છે. ભગવન્, પૃથ્વીકાય[2] જીવોની સ્થિતિ કેટલા કાળની કહી છે?

વીર ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, પૃથ્વીકાય જીવોની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટી બાવીશ હજાર વર્ષોની છે.

ગૌતમ પુછે છે. હે ભગવન્, તે પૃથ્વીકાય જીવો કેટલે કાળે શ્વાસોશ્વાસ લે છે અને મુકે છે?

વીરભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવોની શ્વાસોચ્છવાસની ક્રિયાના કાળનો વિભાગ વિષમ છે અથવા વિવિધ પ્રકારનો છે, તેથી તેના કાળનું પરિમાણ નિરૂપણ કરી શકાય તેવું નથી.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે પૃથ્વીકાયજીવો આહારના અર્થી છે, તો તેમને કેટલે કાળે આહારની ઇચ્છા ઉત્પન્ન થાય છે. ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તેમને પ્રત્યેક સમયે અવિરહિત પણે આહારની ઇચ્છા ઉપજે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ તે પૃથ્વીકાય જીવો કેવો આહાર કરે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવો દ્રવ્યથી નારકીના જેવો આહાર ગ્રહણ કરે છે.

---

૧ અહિં યાવત્ શબ્દથી વિદ્યુત્કુમાર વગેરેનું પણ ગ્રહણ થઇ શકે છે. તે ક્રમ આ પ્રમાણે—અસુર, નાગ, સુપર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશા, વાયુ અને સ્તનિત એ ભવનપતિ દેવતાના દશ ભેદ છે.

૨ આ ખર પૃથ્વીને આશ્રીને કહેલું છે. ૧ સ્નિગ્ધ ૧૨ શુદ્ધ, ૧૪ વાલુકા—વેળુરૂપ, ૧૬ મણસીલ, ૧૮ શર્કરા અને ૨૨ ખરપૃથ્વી, એમ એક, બાર, ચૌદ, સોલ અઢાર અને બાવીશ પ્રકાર કહેલા છે.

લોકના અંતે આવેલા નિષ્કૂટની અંદર આહારનો વ્યાઘાત થાય છે, તેથી તે નિષ્કૂટથી બીજી ૬ દિશાઓમા તેઓ આહારનું ગ્રહણ કરે છે, અને વ્યાઘાતને આશ્રીને કોઇવાર ત્રણ દિશાઓમાં આહારનું ગ્રહણ કરે છે એટલે જો તે પૃથ્વીકાય નીચેના અથવા ઉપરના ખૂણામાં રહે તો નીચે અને પૂર્વ દક્ષિણ દિશામાં અલોક આવે, એવી રીતે ત્રણે દિશાઓ અલોક આવૃત હોય છે, તેથી તે શિવાયની બીજી ત્રણ દિશાઓમાં આહારના પુદ્ગલો લઇ શકાય, એવી રીતે ઉપરના ભાગમાં પણ સમજી લેવું, અને જયારે નીચે અને ઉપર અલોક હોય, ત્યારે તે ચાર દિશાઓમાં આહાર ગ્રહણ કરે છે, અને જયારે પૂર્વ વગેરે ૭ દિશાઓમાંથી એક દિશામાં અલોક હોય ત્યારે પાંચ દિશાઓમાં આહાર ગ્રહણ કરે છે.

વર્ણથી[૧] કાળા, લીલા, પીળા, રાતાં અને શુદ્ધ સ્ફટિક જેવા આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે. ગંધથી સુગંધી અને દુર્ગંધિ બે પ્રકારના આહારના પુદ્ગલો ગ્રહણ કરે છે, અને રસથી તીખા વગેરે પાંચ પ્રકારનો આહાર કરે છે અને સ્પર્શથી કર્કશ-કઠોરથી તે રૂક્ષ-લુખા સુધી આઠ પ્રકારના સ્પર્શનો આહાર કરે છે. બાકીનું બધું નારકીની પેઠે જાણી લેવું. તેમાં પૃથ્વીકાય જીવોના આહારની અપેક્ષાએ એટલો ભેદ છે કે, તેઓ કેટલાએક ભાગનો આહાર કરે છે. અને સ્પર્શ ઇંદ્રિયવડે કેટલાએક આહારના પુદ્ગલોનો સ્પર્શ કરે છે. અથવા સ્પર્શરૂપે તેનો આસ્વાદ લે છે. એટલે સ્પર્શરૂપે ગ્રહણ કરે છે. આ કહેવાનો આશય એવો છે કે, જેમ રસનેંદ્રિયની પ્રાપ્તિથી પર્યાપ્ત થયેલા જીવ રસનેંદ્રિયદ્વારા આહારનો સ્વાદ લે છે. તેવી રીતે તેઓ સ્પર્શ ઇંદ્રિયદ્વારા આહારનો સ્વાદ લે છે.

અહિં ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે કે, હે ભગવન્, તે પૃથ્વીકાય જીવોને તે પુદ્ગલો વારંવાર કેવી રીતે પરિણમે છે ?

તેના ઉતરમાં ભગવાન્ કહે છે કે, હે ગૌતમ, પૃથ્વીકાય જીવોને તે પુદ્-ગલો વિમાત્રાએ એટલે વિષમમાત્રાએ અથવા વિચિત્ર માત્રાએ અર્થાત્ કાળના વિભાગે-જેની મર્યાદા કરી શકાય નહીં તેવી રીતે વારંવાર પરિણમે છે. બાકીનું અવશેષ અચલિત કર્મ નિર્જરા પામે ત્યાં સુધીનું બધું નારકીની

---

૧ આકાશ જેવા કાળા, નીળકમળ જેવા લીલા, સુવર્ણના જેવા પીળા, હંસપાક જાતના મણશીળ જેવા રાતા; અને શુદ્ધ સ્ફટિક રત્ન જેવા ધોળા, એમ પાંચે વર્ણ લેવા.

જેમ સમજી લેવું.[1] વનસ્પતિકાય જીવોના સંબંધમાં પણ તેવીજ રીતે સમજવાનું છે, માત્ર તેમની [2]સ્થિતિમાં ભેદ છે.

બે ઇંદ્રિય જીવોની સ્થિતિ બાર વર્ષની છે અને શ્વાસોચ્છવાસ મર્યાદા રહિત છે. હે ગૌતમ, તમે જે બે ઇંદ્રિય જીવોના આહારનો પ્રશ્ન કર્યો, તેના ઉત્તરમાં કહેવાનું કે, તેમનો અનાભોગનિર્વતિત આહાર કહેલો છે. તે લોમાહારની અપેક્ષાએ સમજવો અને જે તેમનો આભોગનિર્વતિત આહાર છે, તે અસંખ્યાતા[3] સમયે છે. અને તે બે ઇંદ્રિય જીવો વિમાત્રાએ—મર્યાદા રહિતપણે અંતર્મુહૂર્તે આહારના અર્થી થાય છે. બાકીનું અનંતભાગે આસ્વાદ કરવા સુધીનું સર્વ પૂર્વોક્ત પ્રમાણે જાણી લેવું.

ગૌતમ પુછે છે; હે ભગવન્ તે બે ઇંદ્રિય જીવો જે પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે. તે સર્વનો આહાર કરે છે કે નહીં ?

વીરભગવાન્ કહે છે, તે બે ઇંદ્રય જીવોને બે પ્રકારનો અહાર કહેલો છે. એક લોમાહાર અને બીજો પ્રક્ષેપાહાર ઓઘથી વર્ષાદિકમાં જે પુદ્ગલોનો પ્રવેશ થાય છે, તે લોમાહાર કહેવાય છે, તે સૂત્રથી જાણી શકાય છે. અને જે કવળગ્રાસ રૂપે આહાર તે પ્રક્ષેપાહાર કહેવાય છે.

( પક્ષેપાહારમાં ઘણાં પુદ્ગલો સ્પર્શ કર્યા શિવાય શરીરની બાહેર અને અંદર સ્થૂલ અને સૂક્ષ્મપણાથી વિધ્વંસ પામી જાય છે. તેથી ભગવાન્ તેનો ખુલાસો કરે છે. )

જે પુદ્ગલો લોમાહારપણે ગ્રહણ કરે છે, તે સઘળા પુદ્ગલોનો અપરિશેષ—કાંઇપણ અવશેષ રાખ્યા વગર આહાર કરવામાં આવે છે અને જે પુદ્ગલો પ્રક્ષેપાહારથી ગ્રહણ કરવામાં આવે છે, તે પુદ્ગલોના અસંખ્યાતા

---

૧ પૃથ્વીકાયિક સૂત્રની જેમ અપકાય સંબંધી ચારે સૂત્રો સરખા છે, તેથી તે વિષે કહેવામાં આવ્યું નથી. ૨ તે પૃથ્વીકાય વગેરે સર્વેની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટી અપકાયની સાત હજાર વર્ષની, તેઉકાયની ત્રણ અહોરાત્રની, વાયુકાયની ત્રણ હજાર વર્ષની અને વનસ્પતિકાયની દસ હજાર વર્ષની છે. ૩ તેમનો આહાર કરવાનો કાળ જે અસંખ્યાતા સમયનો કહ્યો તે અવસર્પિણી પ્રમુખ કહેલો છે. તેથીજ કહેવામાં આવ્યું છે કે, અંતર્મુહૂર્તનો કાળ વિમાત્રાએ છે. તે અંતર્મુહૂર્તના સમયને અસંખ્યાતપણું છે અને તેના અસંખ્યાતા ભેદ છે.

ભાગનો આહાર કરવામાં આવે છે, બાકીના તેઓમાંથી અનેક હજાર ભાગે રસના ઇંદ્રિય વડે નહી સ્વાદ કરેલા અને સ્પર્શ ઇંદ્રિય વડે નહીં સ્પર્શ કરેલા પુદ્ગલો વિધ્વંસ–નાશ પામી જાય છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે રસના ઇંદ્રિયથી સ્વાદ નહીં કરેલા અને સ્પર્શ ઇંદ્રિયથી સ્પર્શ નહીં કરેલા જે પુદ્ગલો છે, તે બનેમાંથી કોના પુદ્ગલો થોડા, વધારે, સરખા કે વધારે અધિક છે ?

વીર ભગવન્ કહે છે, હે ગૌતમ, જે રસના ઇંદ્રિયથી નહીં સ્વાદ કરાતાં પુદ્ગલો છે, તે થોડા છે, કારણ કે, તે સ્પર્શ ઇંદ્રિયથી નહીં સ્પર્શ કરાતાં એવા પુદ્ગલોની અંદર વર્ત્તનારા છે. અને જે સ્પર્શ ઇંદ્રિયથી નહીં સ્પર્શ કરાતાં પુદ્ગલો છે. તે રસના ઇંદ્રિયથી સ્વાદ કરાતાં એવા પુદ્ગલોથી અનંત ગુણા છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, બે ઇંદ્રિય જીવો જે પુદ્ગલોને આહાર રૂપે ગ્રહણ કરે છે. તે પુદ્ગલો તેમને વારંવાર કેવી રીતે પરિણમે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌનમ, તે આહાર કરેલા પુદ્ગલો રસના ઇંદ્રિય અને સ્પર્શ ઇંદ્રિય વડે અનેક પ્રકારના કાબના વિભાગ પણે વારંવાર પરિણમે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે બે ઇંદ્રિય જીવો તે પૂર્વે આહાર કરેલા પુદ્ગલો પરિણમે, તે ચલિત કર્મની નિર્જરા કરે ત્યાં સુધી સમજવું. અને તે ઇંદ્રિય તથા ચઉ ઇંદ્રિય જીવો તે–સ્થિતિમાં નાનાત્વ–વિવિધપણું છે, એટલે તે ઇંદ્રિયોને જઘન્યથી અંત મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ઓગણપચાર દિવસની સ્થિતિ છે અને ચો ઇંદ્રિય જીવોને જઘન્યથી અંત મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી છ માસની સ્થિતિ છે. તેમના આહારમાં પણ વિવિધપણું છે. તે ઇંદ્રિય જીવોને આહારમાં જે પુદ્ગલો ગ્રહણ કરે છે, તેમાંથી અનેક હજાર ભાગે ઘ્રાણેંદ્રિયથી સુંઘ્યા વગરના, રસના ઇંદ્રિયથી સ્વાદ કર્યા વગવગરના અને સ્પર્શ ઇંદ્રિયથી સ્પર્શ કર્યા વગરના પુદ્ગલો વિધ્વંસનાશને પામી જાય છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે નહીં સુંઘેલા, નહીં સ્વાદ કરેલા અને નહીં સ્પર્શ કરેલા પુદ્ગલો માંહેલા કોઇ થોડા, ઘણાં, સરખા કે વધારે અધિક છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, નહીં સુંઘેલા પુદ્‌ગલો થોડા છે, નહીં સ્વાદ કરેલા પુદ્‌ગલો અનંતગુણા છે અને નહીં સ્પર્શ કરેલા પુદ્‌ગલો પણ અનંતગુણા છે. તે ત્રીન્દ્રિય જીવોને ઘ્રાણેંદ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય વડે કાળના અનેક વિભાગે વારંવાર પરિણમે છે. અને જે ચતુરિંદ્રિય જીવો છે, તેમને ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસનેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય વડે તે પુદ્‌ગલો વારંવાર પરિણમે છે.

જે પચેન્દ્રિય તિર્યંચ યોનિજીવો છે, તેમની સ્થિતિ જઘન્યપણે અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમની છે. તેમના શ્વાસોશ્વાસ વિમાત્રાએ છે એટલે મર્યાદા રહિત છે. તેમનો અનાભોગનિવર્ત્તિત–અજાણપણાનો આહાર પ્રત્યેક સમયે અવિરહિતપણે છે અને તેમનો આભોગ નિવર્ત્તિત–જાણતાં કરેલો આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત્તનો અને ઉત્કૃષ્ટથી ષષ્ટ[1] ભક્તનો છે. અને બાકી ચલિત કર્મની નિર્જરા સુધીનું બધું ચતુરિંદ્રિય જીવો પ્રમાણે સમજી લેવું. પંચેન્દ્રિય તિર્યંચોના કરતાં મનુષ્યોમાં એટલો ફેર છે કે, તેમનો આભોગનિવર્તિત–જાણીને કરવાનો આહાર જઘન્યથી અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટથી અષ્ટમ[2] ભક્તનો છે. તેમાં યુગલીઆને પાંચમી કર્ણ ઇંદ્રિય છે. તેઓને તે ઇંદ્રિય વડે વારંવાર મર્યાદા રહિત આહાર પરિણમે છે–શરીરે પુષ્ટિ આપે છે. બાકી ચલિત કર્મ નિર્જરવવા સુધીનું સર્વ પૂર્વોક્ત પ્રમાણે છે.

વાણવ્યંતર દેવતાઓની સ્થિતિ વિવિધ પ્રકારની છે. અને તે સ્થિતિ શિવાયનું જે અવશેષ રહ્યું, અર્થાત્ આયુઃકર્મ વગરનું આહાર વગેરે સર્વ નાગકુમાર દેવતાઓના જેવું સમજી લેવું. કારણ કે પ્રાયઃ નાગકુમાર દેવતાઓનું અને વ્યંતર દેવતાઓનું સરખાપણું છે. તેમાં વ્યંતરોની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટથી પલ્યોપમની છે. જ્યોતિષ્ક દેવતાઓને પણ તેમની સ્થિતિ શિવાય બીજું બધું નાગકુમાર દેવતાઓના જેવું છે. જ્યોતિષ્ક દેવતાઓની સ્થિતિ જઘન્યથી પલ્યોપમના અષ્ટભાગની અને ઉત્કૃષ્ટથી એક લાખ વર્ષે અધિક એવા પલ્યોપમની છે. તેમનાં શ્વસોશ્વાસમાં પણ એટલો તફાવત છે કે, જ્યોતિષ્ક દેવતાઓના શ્વાસોશ્વાસનું પ્રમાણ જઘન્યથી મુહૂર્ત પૃથક્ત્વ એટલે બેથી માંડીને નવ મૂહુર્ત સુધી અર્થાત્ બે ત્રણ

૧ દેવકુરૂ તથા ઉત્તરકુરૂના તિર્યંચોને આશ્રીને આ આહાર જાણવો.
૨ દેવકુરૂ વગેરેના યુગલીઆ મનુષ્યોને આશ્રીને આ આહાર કહેલો છે.

મુહૂર્તનું છે અને તે ઉત્કૃષ્ટથી આઠ અથવા નવ મુહૂર્ત સુધીનું છે. જ્યોતિષ્ક દેવતાઓનો આહાર જઘન્યથી બેથી નવ દીવસ સુધીનો એટલે બે કે ત્રણ દિવસનો અને ઉત્કૃષ્ટથી આઠ કે નવ દિવસ સુધીનો છે. અને બાકીનું બધું પૂર્વે પ્રમાણે સમજી લેવું. વૈમાનિક દેવતાઓની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટી એક પલ્યોપમથી માંડીને તેત્રીશ સાગરોપમ સુધીની છે. તે સૌધર્મ દેવલોકને આશ્રીને જઘન્ય સમજવી અને અને અનુત્તર વિમાનોને આશ્રીને ઉત્કૃષ્ટી સમજવી. તેમના શ્વાસોશ્વાસનું પ્રમાણ જઘન્યથી બેથી નવ મુહૂર્ત સુધિનું અને ઉત્કૃષ્ટથી તેત્રીસ પખવાડીઆનું સમજવું. જે જઘન્ય સ્વાસોશ્વાસનું પ્રમાણ છે, તે જઘન્ય સ્થિતિવાળા સૌધર્મ દેવતાઓને આશ્રીને સમજવું અને જે ઉત્કૃષ્ટ પ્રમાણ છે તે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનુત્તર વિમાનના દેવતાઓને આશ્રીને સમજવું. તેમનો આભોગવર્ત્તિત-જાણતાં કરવાનો આહાર જઘન્યપણે બેથી નવ દિવસ સુધીનો અને ઉત્કૃષ્ટપણે તેત્રીશ હજાર વર્ષનો સમજવો. તે શિવાય બાકી જે ચલિતકર્મથી નિર્જરા સુધીનું છે, તે પૂર્વોક્ત પ્રમાણે સમજી લેવું.

એવી રીતે સર્વ જીવોને સ્થિતિ વિષે પન્નવણા નામના ચોથા ઉપાંગને વિષે જેમ કહ્યું છે, તેમ જાણી લેવું અને આહાર વિષે પણ તે પન્નવણા નામના ચોથા ઉપાંગના પહેલા આહાર ઉદ્દેશમાં જેમ કહેલું છે, તેમ જાણી લેવું.[1]

પ્રથમ કહેલા નારકી જીવો આહારના અર્થી છે અને તે આહાર તેમને દુઃખરૂપે વારંવાર પરિણમે છે. તે નારકીના સંબંધે જે કહેવાનું છે, તે આરંભપૂર્વક હોય છે, તેથી આરંભનું નિરૂપણ કરવા ગૌતમ પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જીવો આત્મારંભી છે એટલે પોતાના આત્માને આરંભ[2] કરનારા કે પોતે જાતે આરંભ કરનારા છે? અથવા પરારંભી છે એટલે બીજાને આરંભ કરનારા અથવા બીજાની પાસે આરંભ કરાવનારા છે? અથવા ઉભયારંભી છે એટલે પોતાને અને બીજાને આરંભ

---

૧ અહિં સુધી ચોવીશદંડક સંબંધી કહેવામાં આવ્યું છે. હવે તે નારકીના ધર્મને વિષે આરંભ ઉપજે છે, તેથી આરંભનો પ્રશ્ન કરે છે.
૨ આરંભ એટલે જીવોનો ઉપઘાત-ઉપદ્રવ અથવા સામાન્ય વડે આશ્રવદ્વારની પ્રવૃત્તિ.

કરાવે તેવા છે અથવા અનારંભી છે એટલે પોતાને અને બીજાને આરંભ ન કરાવે તેવા છે ?

વીર ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કેટલાએક આત્મારંભી છે એટલે પોતાને માટે જીવઘાત કરાવે તેવા છે, કોઇ પરારંભી એટલે બીજાને જીવઘાત કરાવે તેવા છે, અને કોઇ ઉભયારંભી એટલે પોતાને અને પરને જીવઘાત કરાવે તેવા છે, તેથી તેઓ કેવળ નહીં આત્મારંભી, નહીં પરારંભી કે નહીં ઉભયારંભી સમજવા. આત્મારંભી અને પરારંભી એ એકજ સ્વભાવી જીવ કહેવાય; તેનો ભેદ શી રીતે પડી શકે ? એવી શંકા થવાથી ગૌતમ પુછે છે, હે ભગવન્, એ શા કારણથી કહી શકાય ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, મેં અને બીજા કેવલીઓએ એકમતે તે જીવ બે પ્રકારના કહ્યા છે, એક સંસાર સમાપન્ન અને બીજા અસંસાર સમાપન્ન. જે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિરૂપ સંસારને વિષે પ્રવર્તે તે સંસાર સમાપન્ન જીવ કહેવાય છે અને જે તે ચાર ગતિથી મુક્ત થઇ મુક્તિને પામી ગયા તે અસંસાર સમાપન્ન જીવ કહેવાય છે. અર્થાત્ સિદ્ધોના જીવ તે જીવો આત્મારંભી, પરારંભી કે ઉભયારંભી હોતા નથી. તે સિદ્ધ પન્નર પ્રકારના કહેવાય છે.

જે સંસાર સમાપન્ન જીવ છે, તે **સંયત** અને **અસંયત** એમ બે પ્રકારના છે. સંયમને પ્રાપ્ત થયેલા તે **સંયત** અને સંયમને નહી પ્રાપ્ત થયેલા તે **અસંયત**. તેમાં જે સંયત જીવ છે; તે પ્રમત્ત[1] સંયત અને અપ્રમત્ત સંયત એમ બે પ્રકારના છે. તેમાં જે અપ્રમત્ત સંયત છે, તે આત્મારંભી પરારંભી કે ઉભયારંભી હોતા નથી અને પ્રમત સંયત જીવ છે; તે શુભ યોગનો ઉપયોગ રાખે એટલે પડિલેહણા વગેરે કરવામાં સાવધાન રહે; તો તે આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી હોતા નથી, અને જો તે અશુભ યોગનો ઉપયોગ રાખે એટલે પડિલેહણા વગેરે કરવામાં સાવધાન ન રહે તો તે આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી થાય છે. તેને માટે કહ્યું છે કે, પડિલેહણામાં પ્રમાદી એવો સાધુ પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય એ છકાય જીવોના વિરાધક થાય છે. સાધુને પ્રમત્ત-પ્રમાદનો સર્વ યોગ આરંભી બનાવી દે છે." તે ઉપરથી સિદ્ધ થાય છે કે, શુભ અને અશુભયોગ આત્મારંભી વગેરે થવાના કારણ રૂપ છે.

---

૧ પ્રમાદ કરનારા સંયમી જીવો છઠા ગુણ ઠાંણે વર્તનારા છે અને પ્રમાદ નહીં કરનારા સંયમી જીવો સાતમાગુણ ઠાણાં પ્રમુખમાં વર્ત્તનારા છે.

જે અસંયત જીવ છે, તે અવિરતિને આશ્રીને આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી થાય છે. પણ અનારંભી થતા નથી.[૧]

હે ગૌતમ, એવી રીતે કેટલાએક જીવ આત્મારંભીથી માંડીને અનારંભી સુધી કહ્યાં છે.

## હવે નારકાદિ ચોવીશ દંડકમાં અનારંભીપણું નિરૂપણ કરે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, નારકિના જીવો આત્મારંભી, પરારંભી કે અનારંભી છે કે નહીં?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, નારકીના જીવો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી અને અનારંભી પણ છે.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, તે કેવી રીતે !

ભગવાન્ કહે છે. હે ગૌતમ, અવિરતિને આશ્રીને તે નારકીના જીવો આત્મારંભી, પરારંભી કે ઉભયારંભી બને છે પણ અનારંભી બનતા નથી. એવી રીતે અસુરકુમારથી માંડીને યાવત્ પચેંદ્રિય તિર્યંચયોનિના જીવો અવિરતિને આશ્રીને આત્મારંભી, પરારંભી અને ઉભયારભી સમજવા પણ અનારંભી સમજવા નહીં.

મનુષ્યની અંદર પૂર્વે કહેલા જે સંયત, અસંયત, પ્રમત્ત અને અપ્રમત્તના ભેદ છે, તે પ્રમાણે સમજી લેવા. તેઓમાં સિદ્ધના જીવો ગણવા નહિ. કારણ કે, તે જીવો સંસાર સમાપન્ન નથી–સંસારમાં વર્ત્તનારા નથી.

વાણવ્યંતરથી લઇને વૈમાનિક દેવતાઓ સુધીના સર્વે નારકીની જેમ સમજવા. કારણ કે તેઓ સઘળાં અસંયત પણાના ધર્મથી સરખા છે. એવી રીતે આત્મારંભી વગેરે ધર્મોથી જીવોનું નિરૂપણ કરવામાં આવ્યું, તે જીવો લેશ્યા સહિત અને લેશ્યારહિત હોય છે, તેથી તેઓમાં લેશ્યાસહિત જીવોનું નિરૂપણ કરે છે.

જે નારક પ્રમુખ વિશેષણથી રહિત એવા જીવો જણાવ્યા છે, તે

---

૧ સૂક્ષ્મ–એકેન્દ્રિય જીવો જો કે અસંયતછે, તેથી તેમને સાક્ષાત્ અનારંભપણું વગેરે નથી, તોપણ અવિરતિ પ્રત્યે તે હોય છે. અને અસંયતપણાનું કારણજ અવિરતિ છે, અને નિવૃત્તિવાળાને તો આત્માદિકનું આરંભીપણું માંડ માંડ હોય તેથી તેમનામાં અનારંભપણું છે.

લેશ્યાવાળા[૧] જીવે સમજવા. તે કૃષ્ણ લેશ્યાવાળા, નીલ લેશ્યાવાળા અને કાપોત લેશ્યાવાળા હોય છે.

લેશ્યાવાળા જીવ પણ દંડકથી સમજવા. જે લેશ્યાવાળા જીવો છે, તેમને સંસાર સમાપન્નપણું હોવાનો સંભવ નથી તેથી જે અસંસાર સમાપન્ન પ્રમુખ વિશેષણ વગરના અને સંયત વિશેષણવાળા બાકીના જીવો છે, તે તેમાં યોજાય છે, તેથી તેમના દંડક આ પ્રમાણે થાય છે, જીવ લેશ્યાવાળા છે, એ એક દંડક, કૃષ્ણ વગેરે લેશ્યાના ભેદથી બીજા છ દંડક એટલે તે કુલ મળીને સાતદંડક સમજવા. કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળા જીવરાશિનો એક દંડક ઔઘિક જીવના દંડક પ્રમાણે સમજવો. તે પ્રમત્ત અને અપ્રમત્ત વિશેષણથી વર્જિત છે. તે કૃષ્ણ વગેરે અપ્રશસ્ત ભાવવાળી લેશ્યાઓમાં સંયતપણું હોયજ નહીં. એવી રીતે નીલ તથા કાપોત લેશ્યાના બે દંડક થાય છે. અને જે લેશ્યાદિ જીવરાશિના પણ દંડક છે, તે ઔઘિક જીવ પ્રમાણે જાણવા. તેમાં વિશેષ એટલું કે તેઓની અંદર સિદ્ધ જીવો ગણવા નહિં, કારણ કે, તેમને લેશ્યાઓનો અભાવ છે.

## ઉપર પ્રમાણે સંસારના હેતુરૂપ આરંભનું નિરૂપણ કરી હવે સંસારના અભાવના હેતુરૂપ જ્ઞાનાદિ ધર્મોના સમૂહને નિરૂપણ કરવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, ઐહભવિક, એટલે આ વર્તમાન ભવને વિષેજ ભણેલું પરભવને વિષે નહીં એવું જ્ઞાન છે તે. **પારભવિક** એટલે પરભવને વિષે અનુસરનારૂં હોય છે તે, ઉભયભવિક એટલે વર્તમાન અને પરભવમાં થનારૂં હોય છે તે. અર્થાત્ આ ભવે ભણેલું જ્ઞાન પરભવને વિષે કે ઉભયભવને વિષે અનુસરનારૂં થાય છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, આ ભવમાં થયેલું એટલે વર્ત-

૧ કૃષ્ણ વગેરે દ્રવ્યના સાંનિધ્યથી થયેલો એક જાતનો જીવનો પરિણામ, તે લેશ્યા કહેવાય છે. તેને માટે કહ્યુંછે કે, "જેમ સ્ફાટિકમણિમાં કૃષ્ણ વગેરે રંગના પ્રતિબિંબ પડે છે, તેમ કૃષ્ણાદિ વર્ણના દ્રવ્યને લઇને જીવની અંદર જે પરિણામ ઉપજે તે લેશ્યા કહેવાય છે."

માન ભવને વિષે ભણેલું જ્ઞાન તે પરભવ પછીના તરતના ભવમાં અનુસરતું નથી, પણ જે પરભવનું ભણેલું હોય તે પછીના ભવમાં અનુસરે છે. અને જે ઉભયભવિક છે, તે આ ભવે ભણેલું હોય તે પરભવમાં અને તે પછીના ભવમાં અનુસરે છે. તેજ પ્રમાણે દર્શન[1] પણ સમજી લેવું.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ ચારિત્ર[2] ઐહભવિક છે કે પાર ભવિક ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, ચારિત્ર ઐહભવિક છે, પારભવિક નથી. તેમજ ઉભયભવિક પણ નથી, એવી રીતે તપ[3] અને સંયમમાં પણ સમજી લેવું.

જો કે જ્ઞાનાદિ મોક્ષના હેતુ છે, તથાપિ દર્શન મેળવવાને માટે યત્ન કરવોજ જોઇએ. કારણ કે, તે દર્શન મોક્ષનુંજ કારણ છે, તેને માટે શાસ્ત્રમાં લખે છે કે, " ચારિત્રથી ભ્રષ્ટ હોય તો ચાલે, પણ તેણે દર્શન તો અવશ્ય ગ્રહણ કરવુંજ જોઇએ, કારણ ચારિત્ર વગરના પુરૂષો સિદ્ધિ પામે છે, પણ દર્શન વગરના પુરૂષો સિદ્ધિ પામતા નથી. " આ પ્રમાણે જે માને છે, તેમને

---

૧ મોક્ષ માર્ગના અધિકારને લઇને અહિં દર્શન એટલે સમ્યક્ત્વ જાણવું. કારણ કે, " **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** " એમ કહેલું છે. જયાં જ્ઞાન અને દર્શનનું ગ્રહણ થાય ત્યાં દર્શનનો અર્થ સામાન્યબોધ રૂપ સમજવો. ૨ ચારિત્ર ઐહભવિક આ ભવેજ લીધેલું હોય છે, તે પારભવિક બીજે ભવે અનુસરતુ નથી, કારણ કે જે વર્ત્તમાન ચારિત્રવાળો થાય છે, તે તેજ ચારિત્રવડે પુનઃ ચારિત્રવાળો થાય છે. કારણ તે ચારિત્રની અવધિ યાવજ્જીવિત હોય છે. વળી સંસારમાં સર્વવિરત અને દેશવિરત એવો ચારિત્રી દેવલોકમાં ઉત્પન્ન થાય છે, અને ત્યાં તેને વિરતિનો અત્યંત અભાવ હોય છે, તેમજ મોક્ષગતિમાં પણ ચારિત્રનો તો સંભવજ નથી, કારણ કર્મ ખપાવવાને માટેજ ચારિત્ર લેવાય છે અને મોક્ષમાં તો તે કાંઇપણ કામનું નથી. વળી જયારે ચારિત્ર લેતી વખતે યાવજ્જીવિતની પ્રતિજ્ઞા થાય છે, તે સમાપ્ત થયા પછી બીજી પ્રતિજ્ઞા કાંઈ લેવામાં આવતી નથી, તેમ ચારિત્ર એક જાતનું આચરણ છે, તે આચરણ મોક્ષમાં ગયા પછી શરીરના અભાવને લઇને થઈ શકે નહીં. ત્યાં અવિરતિનોજ અભાવ છે. ૩ તે ચારિત્ર તપ અને સંયમના ભેદથી બે પ્રકારનું છે, તેનું નિરૂપણ કરવા માટે ભગવાન્ પોતેજ તેનો સાથે ઉત્તર આપી દે છે.

શિક્ષણ આપવાને માટે ગૌતમ પ્રશ્ન કરે છે–હે ભગવન્, અસંવૃત એટલે આશ્રવદ્વારને નહીં રોકનાર, એવો જે અનગાર--ગૃહ વગરનો અર્થાત્ સાધુ હોય છે, તે સિદ્ધ થાય છે, એટલે ચરમભવીપણાને લઇને સિદ્ધિ ગતિમાં જવાને યોગ્ય થાય છે, તે પ્રતિબોધ પામે છે, એટલે જયારે તેને કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે સ્વપર્યાય અને પરપર્યાયવાળા સર્વ જીવાદિ પદાર્થોને જાણે છે, તેજ સાધુ મુક્ત થઇ જાય છે, એટલે કેવળ જ્ઞાનનો બોધ થવાથી ભવોપગ્રાહી કર્મોથી પ્રતિસમય મુક્ત થતો જાય છે, તેજ સાધુ પરિનિર્વાણ પામે છે, એટલે પ્રત્યેક સમયે જેમ જેમ તેના કર્મના પુદ્ગલોનો ક્ષય થાય છે, તેમ તેમ શીતળ થતો નિર્વાણ પામે છે અને છેવટે તેજ સાધુ ચરમભવના આયુષ્યને છેલ્લે સમયે સર્વ કર્મોના અંશો ખપાવી સર્વ દુઃખોનો નાશ કરે છે, એમ કહેવાય છે, તો તે વિષે શું છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે અર્થ સમર્થ નથી, કારણ કે, તે માટે જે દૂષણો હવે કહેવામાં આવશે, તે દૂષણ રૂપી મુદ્ગરના પ્રહારોથી તે અર્થ જર્જરિત થઇ જાય છે.

ગૌતમ પુછે છે. હે ભગવન્, શા કારણથી તે સમર્થ નથી, તે સર્વ દુઃખોનો અંત કેમ ન કરી શકે ?

**ભગવાન્** કહે છે–હે ગૌતમ, જે અનગારે આશ્રવદ્વારનો નિરોધ કર્યો નથી, તે આયુષ્ય[૧] કર્મ શિવાય બાકીના સાત કર્મોની પ્રકૃતિઓ કે જેઓ શિથિલ[૨] બંધથી બાંધેલી હોય છે, તેઓને ગાઢ[૩] બંધનથી બાંધેલી કરે છે. જે હ્રસ્વકાળ–ટુંકા કાળની સ્થિતિવાળી હોય

૧ એક ભવને ગ્રહણ કરવામાં એકજ વાર માત્ર અંતર્મુહૂર્તના કાળનો આયુષ્યનો બંધ હોય છે, તેથી આયુષ્ય કર્મ શિવાય એમ કહ્યું છે. ૨ શિથિલ બંધન એટલે સ્પષ્ટપણું, અથવા બદ્ધપણું અથવા નિધત્તપણું, તેવા બંધનથી બાંધેલી એટલે આત્માના પ્રદેશોની સાથે જોડાએલી પૂર્વાવસ્થામાં ઘણાં અશુભ પરિણામનો અભાવ હોય છે, તેથી શિથિલબંધન એમ કહેવામાં આવ્યું છે. આ પ્રકૃતિઓ અશુભ જાણવી, કારણ કે, અહિં સંવર ભાવના અભાવની નિંદાનોજ પ્રસંગ છે. ૩ ગાઢ બંધનવાળી કહે છે, એટલે બદ્ધાવસ્થાવાળી, અથવા નિધત્તાવસ્થાવાળી અથવા નિકાચિત કહે છે. મૂળમાં પ્ર શબ્દ છે, એટલે તેવી કરવાનો આરંભ કરે છે, એમ લેવું.

તેમને દીર્ઘકાળની સ્થિતિવાળી[1] કરે છે; જે મંદાનુભાવવાળી[2] હોય, તેમને તીવ્રાનુભાવવાળી કરે છે. જેમના પ્રદેશાગ્ર[3] અલ્પ હોય, તેમના પ્રદેશાગ્ર બહુ કરે છે. તે કોઇવાર આયુઃકર્મને બાંધે છે અને કોઇવાર નથી બાંધતો.[4] અશાતા[5] વેદનીય કર્મને તો વારંવાર પુષ્ટ[6] કરે છે. અને અનાદિક એટલે આદિ રહિત, અથવા **અજ્ઞાતિક** એટલે જ્ઞાતિ–સ્વજનથી રહિત, અથવા ઋણણાતીત એટલે ઋણ કરજ વડે થતી જે દુસ્થિતિ, તેનાથી પણ વધારે દુસ્થિતિથી યુક્ત, અથવા અણણતીત એટલે અતિશય પાપ યુક્ત, એવા, અંતરહિત અથવા અવનતાગ્ર એટલે આસન્ન અંતથી રહિત, અથવા પરિચ્છેદ રહિત એવા પરિમાણે યુક્ત, તેથીજ દીર્ઘ માર્ગવાળા અને ચાતુરંત એટલે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી–એ ચાર ગતિવાળા, અથવા પૂર્વાદિ દિશાના ભેદથી ચાર વિભાગવાળા એવા આ સંસારરૂપી અરણ્યમાં તે વારંવાર ભમે છે.

હે ગૌતમ, તે કારણને લઇને જે અનગાર અસંવૃત એટલે સંવર ને નિરોધ કરનારો ન હોય તે સિદ્ધિને પામતો નથી.

આ પ્રમાણે અસંવૃતનું ફળ દર્શાવી હવે સંવૃતનું ફળ કેવું છે, તે વિષે ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

---

૧ અહિં સ્થિતિ એટલે બાંધેલા કર્મનું રહેવું તે. સ્થિતિ અલ્પ કાળની હોય તેને લાંબા કાળની કરે છે. ૨ અનુભાવ એટલે વિપાક–એક જાતનો રસ. સંવરનો જે અભાવ તે કષાયરૂપ હોવાથી અને અનુભાગનો બંધ કષાયની પ્રતીતિ કરનાર હોવાથી મંદ વિપાકવાળી કર્મની પ્રકૃતિઓ ગાઢ વિપાકવાળી થાય છે. ૩ કર્મના દલિયાનું પરિમાણને પ્રદેશાગ્ર કહે છે, જે પ્રદેશનો બંધ છે, તે યોગની પ્રતીતિ કરનારો છે અને જે સંવરનો અભાવ તે યોગ રૂપ છે. ૪ ત્રિભાગ વગેરે અવશેષ રહેલા આયુષ્યને પરભવનું આયુષ્ય કહે છે. ત્યારે જો ત્રિભાગાદિ આયુષ્ય હોત તો બાંધે, નહીં તો ન બાંધે. ૫ અશાતા વેદનીય કર્મ એટલે દુઃખે વેદવા યોગ્ય એવું કર્મ. ૬ અહિં એવી શંકા કરવામાં આવે કે, અશાતા વેદનીય કર્મ સાત કર્મોની અંદર આવી જાય છે, તો પછી પૂર્વે કહેલા વિશેષણોથીજ તેની પુષ્ટિ આવી જાય, તો પછી અહિં જુદું કહેવાનું શું કારણ ? તેના સમાધાનમાં કહેવાનું કે, જે સંવૃત ન હોય તે અત્યંત દુઃખી થાય છે, એવો ભય બતાવવા માટેજ જુદું કહેલું છે. અર્થાત્ તેથી અસંવૃતપણાનો પરિહાર કરવો એ તાત્પર્ય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જે અનગાર સંવૃત[1] હોય એટલે આશ્રવદ્વારને નિરોધ કરનારો હોય તે સિદ્ધિને પામે અને આ ચતુર્ગતિ સંસાર રૂપી અરણ્યનો અંત કરે તે શા કારણથી ?

અહિં કોઇ શંકા કરે કે, પરંપરાએ અસંવૃતનેજ સૂત્રમાં કહેલો અર્થ અવશ્ય લાગુ પડે છે, કારણ કે શુકલપાક્ષિકનોજ અવશ્ય મોક્ષ થવાનો છે, તો પછી સંવૃત અને અસંવૃતના ફળનો ભેદ રહેશે નહીં. તે શંકાના સમાધાનમાં કહે છે કે, એ વાત સત્ય છે પણ જે સંવૃતને પરંપરાએ લાગુ કરવાનું છે, તેનું પ્રમાણ ઉત્કૃષ્ટથી સાત આઠ ભવનું છે. જેને માટે આગળ સૂત્રમાં કહેવામાં આવશે અને જે અસંવૃતને પરંપરાએ લાગુ કરવાનું છે, તે ઉત્કૃષ્ટથી અર્ધરહિત પુદ્ગલ પરાવર્ત્તના પ્રમાણવાળું પણ હોય છે, અને તેનું ફળ વિરાધના રૂપ છે.

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, સંવરદ્વારનો નિરોધ કરનારો અનગાર આયુષ્ય કર્મ શિવાય સાત કર્મોની પ્રકૃતિઓ કે જેઓ ગાઢ બંધનવાળી હોય તેને શિથિલ બંધનવાળી કરે છે, જે દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તેને અલ્પકાળની સ્થિતિવાળી કરે છે, જે તીવ્ર રસવાળી હોય તેને મંદ રસવાળી કરે છે અને જે કર્મના દળિયાના ઘણાં પ્રમાણવાળી હોય તેને અલ્પ પ્રમાણવાળી કરે છે. તે પ્રકૃતિચારી આયુઃકર્મને ન બાંધે, અશાતા વેદનીય કર્મને વારંવાર પુષ્ટ કરે નહીં, અને જેનો આદિ કે અંત નથી એવા દીર્ઘ ચાર ગતિરૂપ સંસારરૂપી અરણ્યને ઉલ્લંઘે છે અર્થાત્ સંસારને અલ્પ કરી મોક્ષે જાય છે. હે ગૌતમ, તે કારણને લઇને સંવરદ્વારને નિરોધ કરનારો અનગાર સિદ્ધિને પામે છે.

જે અનગાર સંવૃત છે, તે તો સિદ્ધિને પામે એ ચોક્કસ છે; પણ તેનાથી જુદો અસંવૃત કે જે તેવા ગુણવાળો નથી; તેનું શું થાય ? તે દેવતા થાય કે નહી ? આ વિષે ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે:—હે ભગવન્, જે સાધુ સંયમ રહિત છે. પ્રાણાતિપાત પ્રમુખ વિરતિથી વર્જિત છે અથવા જે વિશેષ તપસ્યાને વિષે તત્પર નથી અને જેણે નિંદા રૂપે ભૂતકાળનું અને પ્રત્યાખ્યાન વડે ભવિષ્ય-

૧ અહિં સંવૃત એવો અનગાર પ્રમત્ત સંયતાદિ તે ચરમશરીરી કે અચરમશરીરી હોય તેમાં જે ચરમશરીરી છે, તેની અપેક્ષાએજ આ સૂત્ર કહેવામાં આવ્યું છે અને જે અચરમશરીરી છે, તેની અપેક્ષાએ તો પરંપરાથી આ સૂત્રનો અર્થ સમજી લેવો.

કાળનું પાપદૂર કર્યું નથી અથવા મૃત્યુ પર્યંત તપસ્યા કરીને અને મૃત્યુ-કાળે આશ્રવના. નિરોધથી પાપ કર્મ હણ્યું નથી અથવા સમ્યગ્ દર્શન સ્વીકારીને સર્વ પ્રકારની: વિરતિ સ્વીકારી જ્ઞાનાવરણાદિ અશુભ કર્મ અટકાવ્યું નથી, તેવો સાધુ તિર્યંચ અથવા મનુષ્યના ભવથી ચ્યવીને બીજે જન્મ દેવતા થાય છે કે નહીં ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કેટલાએક દેવતા થાય છે અને કેટલાએક નથી થતાં.

ગૌતમસ્વામી પુછે છે:—હે ભગવન્, તે શા કારણથી કેટલાએક દેવતા થાય છે અને કેટલાએક દેવતા નથી થતા ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે આ તિર્યંચ અને મનુષ્યના જીવો છે. તે ગામડાઓમાં, લોહ વગેરેની ખાણોમાં, મોટા શેહેરોમાં, વેપારના મથકોમાં, રાજધાનીમાં, ધૂડના કીલ્લાવાળા સ્થાનોમાં, નઠારા કશબાઓમાં, દૂર વસેલા સ્થાનોમાં, જળ માર્ગ તથા સ્થળ માર્ગવાળા સ્થાનોમાં, જુદા જુદા દેશમાંથી આવતા કરીયાણાના મથકોમાં, અથવા રત્નની ખાણોમાં, તપસ્વીઓનાં આશ્રમોમાં, અને નેહડાઓમાં અકામ તૃષ્ણા તથા અકામ ક્ષુધા એટલે નિર્જરાદિકની ઇચ્છા વગર તૃષા અને ક્ષુધાથી તેમજ અકામ બ્રહ્મચર્ય વડે વાસ કરવાથી એટલે ઈરાદા વગર સ્ત્રી પ્રમુખના ભોગ ચિંતવી બ્રહ્મચર્ય પાળવાથી, મનની ઇચ્છા વગર ટાઢ, તડકો, ડાંસ તથા મત્સરનો પરાભવ સહન કરવાથી. સ્નાન ન કરવાથી પસીનો, રજરૂપ અને કાદવરૂપ મળ બાઝી જતાં થયેલા દાહથી અલ્પકાળ અથવા ઘણો કાળ પોતાના આત્માને કલેશ પમાડે છે. અને તેવી રીતે કલેશ પમાડયા પછી જયારે કાળ કરવાનો અવસર આવે છે, ત્યારે કાળ કરીને અન્ય એવા વાન[1] વ્યંતરોના દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થાય છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, જે દેવલોકમાં અકામ નિર્જરાવાળા એવા તેઓ દેવપણે ઉત્પન્ન થાય છે, તે વાનવંતરોના દેવલોક કેવા કહેલા છે ?

ભગવન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, જેમ આ મનુષ્ય લોકમાં આસોપાલવ, સપ્તપર્ણ, ચંપક, આંબા, તિલક, લીંગ, વડ, છત્રાહ, અશન, શણ અ-

---

૧ વાનમંતર એટલે એક જાતના વનમાં થયેલા દેવતાઓ અથવ વનને વિષે થયેલા વ્યંતર દેવતાઓ.

ળશી, કસુંબો, ધોળા સરસવ, બપોરીયાના વન નિત્યે પુષ્પવાળા, કોરવાળા, પલ્લવવાળા, પુષ્પોના ગુચ્છવાળા, લતાઓના સમૂહવાળા, પત્રોના યૂથ-વાળા, સરખી શ્રેણીના વૃક્ષવાળા, જોડે ઉગેલાં વૃક્ષોવાળા, પુષ્પ તથા ફળના ભારથી નમી ગયેલા, નમવાને શરૂ થયેલા, અને જુદી જુદી લુંબીઓ, મંજરીઓના શેખરને ધારણ કરનારો વનલક્ષ્મી વડે સુશોભિત રહેલા છે, તેવી રીતે વાનવ્યંતર દેવતાઓના દેવલોક પણ શોભી રહેલા છે. તેમની સ્થિતિ જઘન્યથી દશ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટી સ્થિતિ એક પલ્યો-પમની છે. તેવા દેવલોક ઘણાં વાણવંતર દેવતાઓ અને દેવીઓથી પોત-પોતાના વાસની મર્યાદાનું ઉલ્લંઘન ન થાય તેવી રીતે વ્યાપ્ત થયેલા છે. કોઇ ઠેકાણે પોતપોતાના નિવાસની મર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ વ્યાપ્ત થયેલા છે. કોઇ ઠેકાણે નિરંતર ક્રીડામાં આસક્ત એવા તે દેવતાઓથી ઉપરા-ઉપર આચ્છાદિત થયેલા છે, કોઈ ઠેકાણે તેમની પરસ્પર ભીડ થવાથી અથવા પરસ્પર સ્પર્ધાવડે હાલવા, ચાલવાથી ઢંકાઇ ગયા છે, કોઈ ઠેકાણે આસન, શયન, રમણના પરિભોગથી, ભોગવેલા, કોઇ ઠેકાણે વ્યંતર દેવતાઓના સમૂ-હના કિરણોના પ્રસરવાથી અંધકાર રહિત થઇ પ્રકાશમાન થયેલા, કોઇ ઠેકાણે સર્વ ક્રીડાસ્થાનનો પરિભોગ કરવામાં મન લગાડવાથી નીચેના ભાગમાં પણ ગાઢ વ્યાપ્ત થયેલા તે દેવલોક અત્યંત શોભાયમાન રહેલા છે. હે ગૌતમ, તે વાણવ્યંતર દેવતાઓના દેવલોક તેવા કહેલા છે; અને જે અસંયત જીવ છે તે તેમાં દેવતા રૂપે ઉપજે છે, એ વાત એમજ છે, બીજે પ્રકારે નહીં. આ પ્રમાણે મેં ( ગૌતમે ) પુછ્યું, તે મહાવીર ભગવાને પ્રતિપાદન કર્યું હતું.

આ પ્રમાણે કહી ગૌતમસ્વામી શ્રીમહાવીર ભગવાનને વંદના કરે છે, નમસ્કાર કરે છે અને તેવી રીતે વંદના અને નમસ્કાર કર્યા પછી સંયમ વડે નવા કર્મને ન બાંધતા, અને તપસ્યા વડે પૂર્વના કર્મની નિર્જરા કરતા એવા ગૌતમસ્વામી આત્માની ભાવના ભાવતા વિચરતા હતા.

॥ इति प्रथम उद्देश समाप्त. ॥

# द्वितीय उद्देशक.

## ચલનાદિ ધર્મવાળા કર્મનું વિશેષ નિરૂપણ.

પ્રથમ ઉદ્દેશકમાં કર્મ ચલનાદિ ધર્મવાળું છે, એમ કહ્યું છે, તેનું આ બીજા ઉદ્દેશકમાં વિશેષ નિરૂપણ કરે છે.

રાજગૃહ નગરને વિષે શ્રી મહાવીર ભગવાન્ સમોસર્યા હતા. ત્યાં થયેલી પરિષદા, તેમને વાંદીને પોતપોતાને સ્થાને ગયા પછી ગૌતમ સ્વામીએ પ્રભુને વંદના કરી નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જીવ બીજાએ કરેલા કર્મના દુઃખને વેદે નહીં એ વાત તો પ્રસિદ્ધ છે, પણ તે પોતે કરેલા કર્મના દુઃખને વેદે છે, એ શી રીતે છે?

આ પ્રશ્ન કરવાનો આશય એવો છે કે, જે કર્મ ઉદીર્ણ થયું, તે વેદે છે. જે ઉદીર્ણ થયું ન હોય તે તો વેદવાનુંજ ન હોય, તેથી ઉદીર્ણ કર્મજ વેદે, અનુદીર્ણ વેદે નહી અને કર્મ બાંધ્યા પછી તરતજ તે ઉદય આવતું નથી. એથી કરીને અવશ્ય વેદનીય એવું એક કર્મ વેદે છે અને એક કર્મ વેદાતું નથી, એવો વ્યપદેશ થાય છે. અને કર્મ તો અવશ્ય વેદવુંજ પડે છે. તેને માટે લખ્યું છે કે, "કરેલા કર્મમાંથી કદિ પણ મોક્ષ થતો નથી." ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કેટલાએક જીવ સ્વકૃત–પોતે કરેલા કર્મ વેદે છે અને કેટલાએક નથી વેદતા.[૧]

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, કેટલાએક જીવ સ્વકર્મ વેદે છે અને કેટલાએક નથી વેદતા, તેનું શું કારણ છે?

---

૧ અહીં પણ ચોવીશ દંડકનો ક્રમ સૂચવ્યો છે.

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, જે કર્મ ઉદય આવ્યું હોય, તે વેદે છે, અને જે કર્મ ઉદય આવ્યું ન હોય તે વેદતા નથી. તેજ કારણથી એમ કહેવામાં આવ્યું છે. વળી કેટલાએક જીવ સ્વકૃત કર્મના દુઃખ વેદે અને કેટલાએક ન વેદે, કારણ કે, તે ઉદય, આવેલાન હોય, આ ક્રમ ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિક સુધી જાણી લેવો.

ગૌતમ[1]સ્વામી પુછે છે. હે ભગવન્, તે જીવો પોતે કરેલા કર્મના દુઃખ વેદે છે. ?

ભગવાન્ ઉત્તર આપે છે. કેટલાએક જીવો વેદે છે અને કેટલાએક[2] નથી વેદતા.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ તે શા કારણથી. ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે ઉદય આવ્યા, તે વેદે છે, અને જે ઉદય નથી આવ્યા તે વેદતા નથી. એવી રીતે ચોવીશ દંડકના ક્રમથી વૈમાનિક સુધી સમજી લેવું.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જીવ પોતે કરેલા આયુઃકર્મને વેદે છે ?

---

૧ અહિં શંકા થાય કે, ગૌતમસ્વામીએ આ પ્રશ્નમાં 'જીવો' એવું બહુ વચન કહેલું છે, તેનું શું કારણ છે ? તેના સમાધાનમાં કહે છે કે, કોઇ વસ્તુમાં એક પણાના અને બહુ પણાના અર્થમાં કાંઇ વિશેષતા જોવામાં આવે છે, જેમ કે, સમ્યકત્વ વગેરેનો સ્થિતિકાળ એક જીવને આશ્રીને અધિક એવા સણુસઠ સાગરોપમનો કહેલો છે અને વિવિધ પ્રકારના જીવોને આશ્રીને સર્વકાળનો કહેલો છે, એવી રીતે અહિં પણ સંભવે, તેથી બહુ વચનનો પ્રશ્ન નિર્દોષ છે, અથવા જેની બુદ્ધિ અતિ વ્યુત્પન્ન ન હોય તેવા શિષ્યને વ્યુત્પન્ન થવા માટે પણ એ બહુવચનનો પ્રશ્ન હોઇ શકે.

૨ અહિં નારકી પ્રમુખને આયુઃકર્મની પ્રધાનતા છે, તેથી એમ સમજવું કે, જયારે સાતમી નારકીએ આયુષ્ય બાંદયું હોય, તે ફરી કાલાંતરે કરી કોઇ પરિણામને લઇને ત્રીજી નારકીને યોગ્ય એવું કર્મ નિવર્ત્તિત થઇ જાય છે. તેવું વાસુદેવના સંબંધમાં બન્યું હતું, તે ઉદ્દેશને લઇ અહિં કહેવામાં આવ્યું છે કે, કોઇ જીવ પૂર્વે બાંધેલા કર્મને વેદતો નથી, કારણ કે, તે ઉદય આવ્યું નથી, અને જયારે જયાં તે કર્મ બાંધેલું છે, ત્યાંજ ઉત્પન્ન થાય છે, ત્યારે તે 'વેદે છે,' એમ કહેવાય છે, કારણ કે, ત્યાં તે ઉદય આવેલું છે.

ભગવાન્ કહે છે. હે ગૌતમ, કેટલાએક જીવ જે આયુઃકર્મ ઉદય આવ્યું, તે વેદે છે અને જે ઉદય આવ્યુ ન હોય તે વેદતા નથી. જેમ દુઃખ વેદવાના સંબંધમાં બે દંડક કહ્યા છે, તેમ આ આયુષ્ય કર્મને વિષે પણ બે દંડક સમજવા. અહિં એક વચન વડે એક જીવને આશ્રીને વૈમાનિક સુધી અને બહુ વચન વડે ઘણાં જીવોને આશ્રીને વૈમાનિક સુધી સમજી લેવું.

## હવે આહાર વગેરેથી ચોવીશ દંડકનું નિરૂપણ કહે છે.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, નારકીના સર્વ જીવો સરખા આહારવાળા, સરખા શરીરવાળા અને સરખા શ્વાસોશ્વાસવાળા હોય છે કે નહીં?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, એ અર્થ સમર્થ નથી. એટલે ઘટિત નથી.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, શા કારણથી એ અર્થ ઘટિત નથી? નારકીના સર્વ જીવો સરખા આહારવાળા, સરખા શરીરવાળા અને સરખા શ્વાસોશ્વાસવાળા નથી, એમ શા કારણથી સમજવું?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, નારકીના જીવો બે પ્રકારના કહ્યા છે, એક મોટા[1] શરીરવાળા અને બીજા અલ્પ શરીરવાળા. તેમાં જે મોટા શરીરવાળા હોય છે, તેના શરીરના પ્રમાણમાં તેઓ ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે. લોકમાં પણ જે હાથીની જેમ મોટા શરીરવાળો હોય તે ઘણું ખાય છે અને શશલાની જેમ નાના શરીરવાળો હોય તે થોડું

---

૧ અહિં શરીરનું જે અલ્પપણું અને મોટાપણું છે, તે બીજાની અપેક્ષાને લઇને છે. ઘનન્યથી અલ્પપણું અંગુલના અસંખ્યાતા ભાગનું છે અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યના પ્રમાણનું છે, તે ભવ ધારણીય-એટલે સંસારમાં ધરવા યોગ્ય એવા શરીરની અપેક્ષાએ સમજવું. ઉત્તર વૈક્રિયની અપેક્ષાયે તો જઘન્યથી અંગુળના સંખ્યાતા ભાગનું અને ઉત્કૃષ્ટથી એક હજાર ધનુષ્યના પ્રમાણનું સમજવું. આ ઉપરથી નારકીના જીવો શું સરખા શરીરવાળા છે? એ પ્રશ્નનો ઉત્તર આવી ગયો. જો નારકીના શરીર સરખા નથી પણ વિષમ છે, એમ કહેવામાં આવે તો પછી તેમના આહાર અને શ્વાસોશ્વાસમાં વિષમતા સુખે પ્રતિપાદન થાયજ. શરીરના સંબંધે બીજું પ્રશ્ન કહેવામાં આવ્યું છે, છતાં તે વિષેનુ વિવેચન પ્રથમ કહીને પછી આહાર તથા ઉશ્વાસનું વિવેચન કરેલું છે.

ખાય છે. આ વાત શરીરના પ્રમાણુની અપેક્ષાએ કહેલી છે. નહીં તો લોકમાં તો એવું પણ બને છે કે, કોઇ મોટા શરીરવાળો માણસ થોડું ખાય છે અને નાના શરીરવાળો માણસ ઘણું ખાય છે. એ વિરોધ બાહુલ્ય પક્ષને આશ્રીને આ સ્થળે આવશે નહીં.

તે મોટા [૧]શરીરવાળા નારકીઓ આહારના ઘણાં પુદ્ગલોને [૨]પરિણમાવે છે–પુષ્ટ કરે છે. ઘણાં પુદ્ગલો વારંવાર [૩]ઉશ્વાસ રૂપે અને નિઃશ્વાસ રૂપે ગ્રહે છે, વળી વારંમવાર [૪]આહાર કરે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર [૫]ઉશ્વાસ તાથા નિઃશ્વાસ લે છે.

તેઓમાં જે નારકીઓ [૬]અલ્પ શરીરવાળા છે, તેઓ ઘણાં અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે, ઘણાં અલ્પ પુદ્ગલોને પરિણમાવે છે અને ઘણાં અલ્પ પુદ્ગલો એ ઉશ્વાસ તથા નિઃશ્વાસ લે છે–મુકે છે, વળી તેઓ કદાચિત્ [૭]આહાર કરે છે અને કદાચિત્ નથી કરતાં, કદાચિત્ તે આ-

---

૧ તે નારકીઓ પૂર્વે ઉપપાતાદિ સાતા વેદનીયનો અનુભવ કર્યા પછી અશાતા વેદનીયમાં વર્ત્તે છે, તેથી એકાંત વડે તે મોટા શરીરવાળા નારકી દુઃખી અને આહારની તીવ્ર અભિલાષવાળા થાય છે.

૨ જે પરિણમાવવું–પુષ્ટ કરવાનું છે, તે આહારના પુદ્ગલોને અનુસરીને છે, તેથી ઘણાં પુદ્ગલો કહ્યા છે. ગૌતમ સ્વામીએ પરિણમાવવા વિષે પ્રશ્ન કર્યો નથી છતાં પ્રભુએ તે આહારનું કાર્ય ધારીને કહેલું છે.

૩ જે મોટા શરીરવાળું હોય તે નાના શરીરવાળાના કરતાં ઘણાં ઉશ્વાસ તથા નિઃશ્વાસ ગ્રહે છે. દુઃખી માણસ પણ તેમજ કરે છે. નારકીઓ દુઃખી હોય છે, તેથી પણ શ્વાસોશ્વાસ વધારે લે છે–મુકે છે.

૪ મોટા શરીરને લઇને વારંવાર આહાર કરે છે. આહારને અતિ શીઘ્રતાથી ગ્રહે છે.

૫ મોટા શરીરને લઇને તેમજ વધારે દુઃખને લઇને તેઓ વારંવાર ઉશ્વાસ નિઃશ્વાસ લે છે–મુકે છે.

૬ અલ્પ શરીરને લઇને તેઓ તેમના આહાર કરવાના પુદ્ગલોની અપેક્ષાએ ઘણાં અલ્પ પુદ્ગલોનો આહાર કરે છે.

૭ મોટા શરીરવાલા જે આહાર લે, તેના અંતરાળની અપેક્ષાએ અર્થાત્ બહુ કાળના અંતરાળને લઇને તેઓ કદાચિત્ આહાર લે છે અને કદાચિત્ નથી લેતા.

હારને પરિણમાવે છે અને કદાચિત્ નથી પરિણમાવતા, કદાચિત્ [1]ઉશ્વાસ નિઃશ્વાસ લે છે—મુકે છે અને કદાચિત્ નથી લેતા-મુકતા. હે ગૌતમ, તે કારણને લઇને કહ્યું છે કે, સર્વ નારકીઓ સરખા આહારવાળા નથી, તેમ સરખા શરીરવાળા અને સરખા ઉશ્વાસનિશ્વાસવાળા નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સરખા કર્મવાળા છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે અર્થ સમર્થ નથી-ઘટતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે અર્થ શા કાણથી ઘટતો નથી ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે નારકીઓ બે પ્રકારના કહ્યા છે. એક પૂર્વોત્પન્ન-પહેલા ઉપજેલા અને બીજા પશ્ચાદુત્પન્ન-પાછળથી ઉપજેલા, તેઓમાં જે પહેલા ઉપજેલા નારકીઓ છે, તે અલ્પ[2] કર્મવાળા કહ્યા છે. અને જે પાછળથી ઉત્પન્ન થયેલા નારકી છે, તે મોટા કર્મવાળા કહ્યા છે.

---

૧ અલ્પ શરીરને લઇને મહાશરીરવાળાની અપેક્ષાએ ઘણું અલ્પ દુઃખ થાય, તેથી તેઓ કોઈ વાર—આંતરે ઉશ્વાસ નિઃશ્વાસ લે છે—મુકે છે. પ્રથમ જે કહેવામાં આવ્યું છે કે, નારકીઓ હમેશા ઉશ્વાસાદિ કરે છે, તે મોટા શરીરની અપેક્ષાએ સમજવું. અથવા અપર્યાપ્તકાલે તેઓ અલ્પ શરીરવાળા થતાં લોમાહારની અપેક્ષાએ કદાચિત્ આહાર કરતા નથી અને ઉશ્વાસને વિષે પણ અપર્યાપ્ત પણાને લઇને કદાચિત્ ઉશ્વાસાદિ કરતા નથી, તે શિવાય તેઓ આહાર લે છે અને ઉશ્વાસાદિ કરે છે. તેથી આ કહેવામાં આવ્યું છે.

૨ પૂર્વે ઉત્પન્ન થયેલા નારકીને આયુઃકર્મ અને તે શિવાય બીજા કર્મો ઘણાં વેદેલા હોય છે અને વેદવાના થોડા રહે છે, તેથી તેઓને અલ્પ કર્મવાળા કહ્યા છે, અને પાછળથી ઉત્પન્ન થયેલા નારકીને આયુષ્ય વિગેરે ઘણાં કર્મો થોડા વેદેલા છે-હોય છે. અને બાકી વેદવાના ઘણાં હોય છે. તેથી તેઓને મોટા કર્મવાળા કહ્યા છે. આ સૂત્ર જે નારકી સમાન સ્થિતિવાળા છે, તેમને ઉદ્દેશીને પ્રરૂપિત કર્યું છે., નહીં તો રત્નપ્રભા નારકીની અંદર ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકીનું ઘણું આયુષ્ય ક્ષય પામી જતાં પલ્યોપમનું આયુષ્ય અવશેષ રહે છે. અને તેજ રત્નપ્રભા નારકીની અંદર દશહજાર વર્ષની સ્થિતિવાળો કોઇ બીજો નારકી ઉત્પન્ન થયેલો હોય, એમ માનીને પ્રથમ ઉપજેલા પલ્યોપમના આયુષ્યવાળા નારકીની

તે કારણથી અર્થ ઘટતો નથી એમ કહેવામાં આવ્યું છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સરખા વર્ણના હશે. ?

ભગવાન્ કહે છે. એ અર્થ ઘટતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે અર્થ શા માટે ઘટતો નથી ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, જે પૂર્વે ઉત્પન્ન થયેલા છે, તે વિશુદ્ધ વર્ણવાળા છે અને જે પાછળથી ઉત્પન્ન થયેલા છે, તે ઘણાં અશુદ્ધ વર્ણવાળા છે. તે કારણથી તે અર્થ ઘટતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સમાન[૧] લેશ્યાવાળા હશે ?

ભગવાન્ કહે છે હે ગૌતમ, તે અર્થ બરાબર ઘટતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે અર્થ શા કારણથી બરાબર ઘટતો નથી ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, જે નારકીઓ પૂર્વે ઉત્પન્ન થયેલા અને પાછળથી ઉત્પન્ન થયેલા, એમ બે પ્રકારે કહેલા છે. તેઓમાં જે પૂર્વે ઉત્પન્ન થયેલા નારકીઓ છે, તે અવશેષ કર્મ અલ્પ હોવાથી વિશુદ્ધ લેશ્યાવાળા છે અને જે પાછળથી ઉત્પન્ન થયેલા નારકીઓ છે, તે ઘણાં કર્મોને લઇને અશુદ્ધ લેશ્યાવાળા છે, તે કારણને લઇને એ અર્થ ઘટતો નથી, એમ કહેવામાં આવ્યું છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સમાન વેદનાપીડાવાળા હોય છે, કે કેમ ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે અર્થ પણ બરાબર ઘટિત નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, શા કારણથી અર્થ બરાબર ઘટિત નથી ?

---

અપેક્ષાએ 'મોટા કર્મવાળા' એમ કેમ કહી શકાય ? વળી આગળ વર્ણના સૂત્રમાં કહેવામાં આવશે કે, પ્રથમ ઉપજેલા નારકીને અલ્પ કર્મ હોવાથી શુદ્ધ વર્ણ કહ્યો છે અને પાછળ ઉત્પન્ન થયેલા નારકીને બહુ કર્મ હોવાથી ઘણો અશુદ્ધ વર્ણ કહ્યો છે. એવી રીતે લેશ્યાસૂત્રમાં પણ સમજવું.

૧ અહિં લેશ્યા શબ્દથી ભાવલેશ્યા ગ્રહણ કરવી. કારણ કે, બાહ્ય લેશ્યા તો વર્ણદ્વાર વડે કરીનેજ કહેલી છે.

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે નારકીઓ સંજ્ઞી અને અસંજ્ઞી એમ બે પ્રકારના કહેલા છે. તેઓમાં જે સંજ્ઞી નારકીઓ છે, તે મહા વેદના-પીડાવાળા છે, કારણ કે, તેઓ મિથ્યાદર્શન છોડીને સમ્યગદર્શનમાં જન્મ લઇ ઉત્પન્ન થયેલા છે, તેથી તેઓ પોતે પૂર્વે કરેલા વિપાકને સંભારતાં કહે છે કે, “ અહો ! અમારી ઉપર મોટું દુ:ખ અકસ્માત્ આવી પડયું, વિષયરૂપી વિષમ વિષના પરિભોગમાં ચિત્તને લોભાવી અમોએ સર્વ દુ:ખનો ક્ષય કરનારો ભગવાન્ અર્હત પ્રભુએ પ્રરૂપેલો ધર્મ કર્યો નહીં, તેથી અમોને આ માનસિક મહદ્ દુ:ખ થાય છે. ” આ પ્રમાણે તે નારકીઓ ચિંતવે છે, તેથી તેઓને મહા વેદનાવાળા કહ્યા છે. બીજા જે અસંજ્ઞી નારકી છે, તે મિથ્યાદષ્ટિ સમજવા. તેઓ ‘ પોતે કરેલા કર્મનું ફળ આ નરકાવાસ છે, ’ એમ જાણતા નથી, એટલે તેમના મનમાં તેનો પશ્ચાત્તાપ થતો નથી, તેથી તેઓને અલ્પ વેદનાવાળા કહ્યા છે.

અહિં કેટલાએક વિદ્વાનો એમ કહે છે કે, સંજ્ઞી એટલે સંજ્ઞી પંચેંદ્રિય જીવો, તેઓ નારકીમાં ગયા પછી તીવ્ર અશુભ અધ્યવસાયથી અતિ અશુભ કર્મ બાંધીને મહા નરકોમાં ઉત્પન્ન થવાને લઇને મહાવેદનાવાળા થાય છે અને જે અસંજ્ઞી છે, તેમણે પૂર્વે અસંજ્ઞીપણાના ભવનો અનુભવ કર્યો છે, તેથી સંજ્ઞીપણાના ભવમાં અત્યંત અશુભ-અધ્યવસાયના અભાવને લઇને રત્નપ્રભાની અંદર અતિ તીવ્ર વેદના વગરના નરકોમાં ઉત્પન્ન થવાથી તેઓને અલ્પ વેદનાવાળા કહ્યા છે, અથવા જે સંજ્ઞી થયેલા નારકી છે, તેઓ પર્યાપ્ત થયેલા હોય છે, અને જે અસંજ્ઞી થયેલા નારકી છે, તેઓ અપર્યાપ્ત થયેલા હોય છે, એટલે અનુક્રમે પર્યાપ્તી-મહાવેદનાવાળા અને અપર્યાપ્તી-અલ્પવેદનાવાળા કહેલા છે.

હે ગૌતમ, આ કારણથી સંજ્ઞી નારકીઓ મહાવેદનાવાળા અને અસંજ્ઞી અલ્પ વેદનાવાળા કહેલા છે.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સરખી ક્રિયાવાળા છે કે નહીં ? અર્થાત્ કર્મ બાંધવામાં કારણરૂપ એવી આરંભ વગેરેની ક્રિયા તેમની સરખી છે કે નહીં ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, એ અર્થ બરાબર ઘટિત નથી.

ગૌતમસ્વામી પુછે છે. શા કારણથી એ અર્થ બરાબર ઘટિત નથી?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે નારકી ત્રણ પ્રકારના કહેલા છે. એક સમ્યગ્દષ્ટિ, બીજા મિથ્યાદષ્ટિ અને ત્રીજા સમ્યગ્મિથ્યાદષ્ટિ

તેઓમાં જે પહેલા સમ્યગ્દૃષ્ટિ નારકી છે, તેઓને ૧ આરંભિકી, ૨ પારિગ્રાહિકી, ૩ માયાપ્રત્યયા અને ૪ અપ્રત્યાખ્યાન ક્રિયા એમ ચાર પ્રકારની ક્રિયા કહેલી છે. જેમાં: પૃથ્વીકાય વગેરેનું મર્દન થાય છે, તે પેહેલી આરંભિકી ક્રિયા કહેવાય છે, જેમાં ધર્મના ઉપકરણ શિવાયની બીજી વસ્તુઓનો સ્વીકાર કરવામાં આવે, અથવા ધર્મના ઉપકરણો ઉપર પણ મૂર્છા રાખવામાં આવે તે બીજી પારિગ્રહિકી ક્રિયા કહેવાય છે. જેનું માયા કે ક્રોધાદિ કારણ હોય એવી જે ક્રિયા તે ત્રીજી માયાપ્રત્યયા ક્રિયા કહેવાય છે. અને જેમાં અપ્રત્યાખ્યાન વડે એટલે અનિવૃત્તિ વડે કર્મ બંધાદિ કરવામાં આવે તે ચોથી અપ્રત્યાખ્યાન ક્રિયા કહેવામાં આવે છે.

બીજા જે મિથ્યાદૃષ્ટિ નારકી છે, તેઓને પાંચ ક્રિયાઓ હોય છે. પ્રથમ કહેલી આરંભિકી વગેરે ચાર અને પાંચમી મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા જેનો હેતુ મિથ્યાદર્શન છે, તે મિથ્યાદર્શનપ્રત્યયાક્રિયા કહેવાય છે. અહિં કોઇ શંકા કરે કે, મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ કર્મબંધના હેતુ છે, એ વાત પ્રસિદ્ધ છે, છતાં અહિં આરંભાદિકને કર્મબંધના હેતુ કહ્યા, તે વિરોધ આવે છે, તો તેના સમાધાનમાં કહે છે કે, આરંભ અને પરિગ્રહ એ બે શબ્દોથી યોગનું ગ્રહણ થાય છે અને જે યોગ છે, તે તદ્રૂપજ ગણાય છે, તેથી બાકીના પદોથી બાકીના બંધના હેતુનો પરિગ્રહ પ્રતીતજ થાય છે.

જે ત્રીજા સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ નારકી છે, તેમને પણ તે પાંચે ક્રિયાઓ છે. કારણ કે, સમ્યગ્ મિથ્યાત્વમાં મિથ્યાત્વની વિવક્ષા છે. અને પેહેલા સમ્યગદૃષ્ટિ નારકીમાં મિથ્યાત્વનો અભાવ છે, તેથી તેને ચાર ક્રિયા કહેલી છે, આ કારણને લઇને તે સમાન ક્રિયાનો અર્થ ઘટિત નથી.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. હે ભગવન્, તે નારકીઓ સર્વે સરખી આયુષ્યવાળા છે અને સર્વે સમાનપણે ઉત્પન્ન થયા છે કે નહીં. ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે, ગૌતમ, એ અર્થ બરાબર ઘટિત નથી.

ગૌતમસ્વામી કહે છે. હે ભગવન્, શા કારણથી એ અર્થ ઘટિત નથી ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે નારકીઓ ચાર પ્રકારના ભેદે કહ્યા છે. કેટલાએક નારકી સરખા આયુષ્યવાળા અને એકી સાથે ઉત્પન્ન થયેલા છે. જેવાં કે, દશહજાર વર્ષની આયુષ્યવાળા નારકીઓ એકી સાથે ઉત્પન્ન થયેલા છે, એ પહેલો ભેદ.

કેટલાએક નારકીઓ સરખા આયુષ્યવાળા અને વિષમ સમયે ઉત્પન્ન થયેલા છે. જેવાં કે, તે દશહજાર વર્ષની સ્થિતિવાળા નરકોમાં કેટલાએક

પહેલે સમયે ઉત્પન્ન થયેલા અને બાકીના પછી બીજે સમયે ઉત્પન્ન થયેલા એ બીજો ભેદ.

કેટલાએક વિષમ આયુષ્યવાળા અને એક સમયે ઉત્પન્ન થયેલા છે. જેવાં કે એકે વિષમ આયુષ્ય બાંધ્યું છે, અર્થાત્ દશહજાર વર્ષનું આયુષ્ય બાંધ્યું છે, અને બીજાએ પંનર હજાર વર્ષનું આયુષ્ય બાંધ્યું છે. પણ તે બંનેની ઊત્પત્તિ એકી સાથે છે. તે ત્રીજો ભેદ.

કેટલાએક વિષમ આયુષ્યવાળા અને વિષમ સમયે ઉત્પન્ન થયેલા છે. જેવાં કે, કેટલાએક સાગરોપમની સ્થિતિવાળા છે, અને કેટલાએક દશહજાર વર્ષની સ્થિતિવાળા છે અને કેટલાએક પહેલે સમયે અને કેટલાએક બીજે સમયે ઉત્પન્ન થયેલા છે, એ ચોથો ભેદ.

હે ગૌતમ, આ કારણને લઇને તે ઉપર કહેલો અર્થ બરાબર ઘટતો નથી. અર્થાત્ સર્વ નારકીઓ સરખા આયુષ્યવાળા અને સરખી રીતે ઉત્પન્ન થનારા હોતા નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જે અસુરકુમાર દેવતાઓ છે, તે સર્વે સરખા આહારવાળા અને સરખા શરીરવાળા છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે અસુરકુમાર દેવતાઓ નારકીની જેમ સમજવા. એટલે નારકીના પ્રકરણમાં જેમ આહાર વગેરેના નવ પદ કહેવામાં આવ્યા છે, તે પ્રમાણે અસુર કુમારના સંબંધમાં સમજીલેવું.[૧]

---

૧ અસુરકુમારોનું આહારકસૂત્ર નારકીના સૂત્ર પ્રમાણે સમજવાનું છે, તથાપિ તેને માટે વિશેષ ભાવનાથી ટીકાકાર આ પ્રમાણે લખે છે. અસુર કુમાર દેવતાઓ પોતાના ભવમાં ધારણ કરવા યોગ્ય શરીરની અપેક્ષાએ અલ્પ શરીરવાળા છે, તેનું માન જઘન્યથી અંગુલના અસંખ્યાતા ભાગનું છે અને મહાશરીરનું માન ઉત્કર્ષથી સાત હાથના પ્રમાણવાળું છે. ઉત્તર વૈક્રયિની અપેક્ષાએ લઇએ તો તેમના અલ્પ શરીરનું માન જઘન્યથી અંગુલના અસંખ્યાતા ભાગનું છે અને મહાશરીરનું માન ઉત્કર્ષથી એક લાખ યોજનના પ્રમાણવાલુંછે. તે અસુરકુમારો મહાશરીરવાળા હોય ત્યારે આહારમાં ઘણાં પુદ્ગલો ગ્રહે છે, તે આહાર માનસિક ભક્ષણ રૂપ આહારની અપેક્ષાએ સમજવો. દેવતાઓને તે આહાર પ્રધાન ગણાય છે. અને શાસ્ત્રમાં જે વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવેછે, તે પ્રધાનની અપેક્ષાએજ કરવામાં આવે છે. તેઓ જે ઘણાં વધારે પુદ્ગલોનો આહાર કરે છે, તે અલ્પ શરીરની સ્થિતિએ ગ્રાહ્ય એવા પુદ્ગલોની અપેક્ષાએ સમજવું, ઇત્યાદિ સર્વ પૂર્વોક્ત પ્રમાણે યોજવું.

વિશેષમાં એટલું કે, નારકીની અપેક્ષાએ અસુરકુમારોના કર્મ, વર્ણ, લેશ્યા વિપરીતપણે સમજવા. જેમકે જે નારકીઓ પૂર્વોત્પન્ન—પહેલા ઉત્પન્ન થયેલા છે. તેઓના અલ્પ કર્મ, અતિ શુદ્ધ વર્ણ અને અતિ શુભ લેશ્યાવાળા હોય છે. અને જે પૂર્વે ઉત્પન્ન થયેલા અસુરકુમારો છે, તેઓ મોટા કર્મવાળા અશુદ્ધ વર્ણવાળા અને અતિ અશુભ લેશ્યાવાળા હોય છે કારણ કે, જે અસુર કુમારો પૂર્વે ઉત્પન્ન થયેલા છે, તેઓના મન અતિ કામ અને ગર્વથી

---

જે વારંવાર આહાર કરે છે અને વારંવાર શ્વાસોશ્વાસ લે છે, એ સંબંધે એમ સમજવું કે, "ચતુર્થ ઉપર આહાર કરે છે અને થોડા સપ્તક ઉપર શ્વાસોશ્વાસ લે છે--મુકે છે." એમ જે કહેલું છે, તેને આશ્રીને 'વારંવાર' એમ કહેવામાં આવ્યું છે. જે ઉત્કર્ષથી એક હજાર વર્ષે અધિક ઉપર આહાર કરે છે અને અધિક પખવાડીઆ ઉપર શ્વાસોશ્વાસ લે છે, તેને લઇને તે-ઓના અલ્પકાળે થયેલા આહાર--ઉશ્વાસપણાથી વારંવાર આહાર કરે છે. ઇત્યાદિ વ્યપદેશ કરેલો છે, જેઓ અલ્પ શરીરવાલા છે, તેઓ અલ્પ શરી-રને લઇને અલ્પ પુદ્‌ગલોનો આહાર કરે છે અને તે પ્રમાણે શ્વાસોશ્વાસ લે છે, જે તેમના આહાર તથા ઉશ્વાસ કદાચિત્ થાય અને કદાચિત્ ન થાય, એ વિષયમાં તો મહા શરીરના આહાર ઉશ્વાસના અંતરાળની અપેક્ષાએ સ-મજવું. એટલે ઘણાંજ અંતરાળને લઇને તેઓ તે અંતરાળે આહાર વગેરે કરે છે, અને તે બીજે કરે છે, એમ વિવેચન કરવામાં આવશે. જે મોટા શરીર, વાલા છે, તેમના આહાર તથા ઉશ્વાસમાં અંતરાળ છે, પણ તે અલ્પ છે, એમ 'વારંવાર' એ પદથી જણાવ્યું છે.

આ ઉપરથી એમ સિદ્ધ થયું કે, મહા શરીરવાળા તેઓના આહાર તથા ઉશ્વાસનું ઘણુંજ અલ્પ અંતર હોય છે, અને અલ્પ શરીરવાળા તેઓના આહાર તથા ઉશ્વાસનું મોટું અંતર હોય છે. જેમકે સૌધર્મ દેવલોકના દેવતા-ઓને સાત હાથના માનને લઇને તેઓને મહા શરીરમાં આહાર તથા ઉશ્વાસ બંનેની અંદર અનુક્રમે બે હજાર વર્ષ અને બે પખવાડીઆનું અંતર અને અનુત્તર દેવતાઓને એક હાથના માનને લઇને તેઓને અલ્પ શરીરમાં તેત્રીશ હજાર વર્ષ અને તેત્રીશ પખવાડીયાનું અંતર હોય છે. તેથી મહા શરીરવાળા એવા તેઓને જે વારંવાર આહાર તથા ઉશ્વાસ કહ્યો છે, તે ઉપરથી તેમની અલ્પ સ્થિતિ છે, એમ સિદ્ધ થાય છે, અને બીજાઓને વૈમાનિક દેવતાઓની જેમ તેથી ઉલટી રીતે સમજવું.

અથવા લોમાહારની અપેક્ષાએ લઇએ તો તેઓ વારંવાર પ્રત્યેક સમયે આહાર કરે છે, અને જે મહા શરીરવાલા છે, તેઓ પર્યાપ્ત અવસ્થામાં

ભરેલા હોવાથી તેઓ નારકીઓને અનેક પ્રકારની યાતનાઓવડે પીડે છે. એટલે તેમને ઘણાં અશુભ કર્મના બંધ થાય છે, તેથી તેઓ મહા કર્મવાળા ગણાય છે, અથવા જે અસુરકુમારોએ આયુષ્ય કર્મ બાંધેલું છે, તેથી તેઓ તિર્યંચ પ્રમુખને યોગ્ય એવી કર્મ પ્રકૃતિઓને બાંધે છે, તેથી પણ તેઓ મહાકર્મવાળા ગણાય છે. તથા તેમને જે અશુદ્ધ વર્ણ અને અશુભ લેશ્યાવાળા કહ્યા છે, તેઓમાં જે પૂર્વે ઉત્પન્ન થયા હોય તેમનું શુભ કર્મ ક્ષીણ થવાથી શુભ વર્ણ અને શુભ લેશ્યા હ્રાસ પામી જાય છે. અને જે પાછળથી ઉત્પન્ન થયેલા છે, તેમણે આયુષ્ય કર્મ બાંધ્યુ નથી, તેથી તેઓ અલ્પ કર્મવાળા હોય છે અને ઘણાં કર્મોના સંબંધથી તથા શુભ કર્મ ક્ષીણ ન ન થવાથી તેમને શુભ વર્ણ વગેરે થાય છે.

તે અસુરકુમારોનું વેદના સૂત્ર નારકીના જેવુંજ છે, તો પણ તેની ભાવનામાં આટલો વિશેષ પ્રકાર છે. જે સંજ્ઞીભૂત હોય છે, તેઓ મહાવેદનાવાળા હોય છે; કારણ કે, ચારિત્રની વિરાધનાને લઇને તેમના ચિત્તમાં સંતાપ થયા કરે છે. અથવા સંજ્ઞીભૂત એટલે પૂર્વભવે સંજ્ઞી હોવાથી વા પર્યાપ્ત હોવાથી તેઓ શુભ વેદનાને આશ્રીને મહાવેદનાવળા હોય છે, અને બીજાઓ અલ્પ વેદનાવાળા હોય છે.

એવી રીતે નાગકુમાર દેવતા વગેરેના સંબંધે પણ તેમની યથાયોગ્યતા પ્રમાણે નવદંડક જાણી લેવા.

પૃથ્વીકાયના સંબંધે નારકીની જેમ ચાર સૂત્રો લાગુ કરવા, પરંતુ ફક્ત આહાર સૂત્રની અંદર આ પ્રમાણે ભાવના છે—પૃથ્વીકાય વગેરેને અંગુળના અસંખ્યાતા ભાગનું શરીર લઇએ તો તેમનું અલ્પ શરીરપણું જાણી લેવું અને બાકીનું આગમના વચન પ્રમાણે જાણી લેવું.

તે પૃથ્વીકાય વગેરે મહાશરીરવાળા હોય ત્યારે તે મહાશરીરને લઇને લોમાહારથી ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે અને વારંવાર શ્વાસો-

તેમ કરે છે, અને તેમનો ઉશ્વાસ તો યથોક્ત માનવડે જે થાય છે, તે પરીપૂર્ણ ભવની અપેક્ષાએ સમજવો, તેથીજ 'વારંવાર' એમ કહેવામાં આવ્યું છે, અને અપર્યાપ્ત અવસ્થામાં તો જે અલ્પ શરીરવાળા છે, તે લોમાહારથી આહાર કરતા નથી, પણ ઓજ--આહારથી આહાર કરે છે, તેથી તેઓ કદાચિત્ આહાર કરે છે, એમ કહેલું છે, અને શ્વાસોશ્વાસની બાબતમાં ઉશ્વાસની અપર્યાપ્ત—અવસ્થામાં તેઓ ઉશ્વાસ લેતા નથી, અને તે શિવાયની અવસ્થામાં ઉશ્વાસ લે છે, તેથીજ 'કદાચિત્ ઉશ્વાસ લે છે;' એમ કહેલું છે.

શ્વાસ લે છે અને તે અલ્પ શરીરને લઇને અલ્પ આહાર કરે છે અને અલ્પ શ્વાસોશ્વાસ લે છે. અને કદાચિત્ આહાર તથા ઉશ્વાસ લેવામાં તો તેમની અપર્યાપ્ત અવસ્થાની અપેક્ષાએ સમજી લેવું.

કર્માદિ સૂત્રમાં પૂર્વોત્પન્ન અને પશ્ચાત્ ઉત્પન્ન થયેલા પૃથ્વીકાય જીવોને કર્મ, વર્ણ અને લેશ્યાનો વિભાગ નારકીના જેવોજ છે. એવી રીતે સ્તનિત કુમાર દેવતા સુધી બધું તે પ્રમાણે સમજવુ.

તેમનું વેદના અને ક્રિયામાં વિવિધપણું બતાવવાને ગૌતમસ્વામી પ્રશ્ન પુછે છે. ?

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, પૃથ્વીકાય જીવો સર્વે સરખી વેદનાવાળા છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તેઓ સરખી વેદનાવાળા હોય છે.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, શા કારણથી તે સર્વે સરખી વેદનાવાળા હોય છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, પૃથ્વીકાય વગેરે સર્વ જીવો અસંજ્ઞીભૂત છે, તેથી તેઓ નિર્ધારણા વિના વેદનાને વેદે છે. અર્થાત્ તેઓ મિથ્યાદૃષ્ટિ હોવાથી મન રહિત છે, તેથી વેદનાનો અનુભવ કરતાં છતાં પણ તેઓ 'અમોએ પૂર્વે ઉપાર્જન કરેલા અશુભ કર્મની આ પરિણતિ છે' એમ જાણી શકતા નથી, કારણ કે તેમનામાં મિથ્યાદૃષ્ટિપણું છે અથવા મત્ત અને મૂર્છિત થયેલા માણસની જેમ બેભાનપણું છે, તે કારણને લઇને તેઓ પૃથ્વીકાય જીવો સરખી વેદનાવાળા હોતા નથી.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, તે પૃથ્વીકાય જીવો સર્વે સરખી ક્રિયાવાળા છે?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવો સર્વે સરખી ક્રિયાવાળા છે.

ગૌત્તમસ્વામી પુછે છે. હે ભગવન્, શા કારણથી તેઓ સરખી ક્રિયાવાળા છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવો માયાવી અને મિથ્યાદૃષ્ટિ હોય છે. પ્રાયે કરીને તેઓ માયાવાળાજ ઉત્પન્ન થાય છે. અથવા અહિં માયા એટલે અનંતાનુબંધી કષાય, તેવા અનંતાનુબંધી કષાયના ઉદયવાળા હોવાથી તેઓ મિથ્યાદૃષ્ટિ એટલે મિથ્યાત્વનાઉદય-

વાળી વૃત્તિવાળા હોય છે. તેથી તેઓને નિયતપણે[1] આરંભિકી, પારિગ્રહિકી; માયાપ્રત્યયિકી, અપ્રત્યાખ્યાનકી અને મિથ્યાદર્શનપ્રત્યયિકી એમ પાંચ ક્રિયાઓ લાગે છે. તે કારણને લઇને તેઓ સર્વે સરખી ક્રિયા વાળા હોય છે.

ગૌમત સ્વામી પુછે છે. હે ભગવન્ , તે પૃથ્વીકાય જીવો સર્વે સરખી આયુષ્યવાળા અને સરખી રીતે ઉત્પન્ન થયા છે ?

ભગવાન્ કહે છે. હે ગોતમ, તે પૃથ્વીકાય જીવો નારકીની જેમ સરખી આયુષ્યવાળા અને સરખી રીતે ઉત્પન્ન થયેલા છે. જેવી રીતે પૃથ્વીકાય જીવો કહ્યા, તેવી રીતે ચોઇંદ્રિય સુધીના જીવો સમજવા એટલે અપકાય; તે ઉકાય વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉઇંદ્રિય સુધીના જીવો તે પ્રમાણે જાણી લેવા. તેઓનું, મહાશરીરપણું તથા અલ્પશરીરપણું પોતપોતાની અવગાહનાને અનુસારે સમજી લેવું, અને બે ઇંદ્રિય વગેરેનો આહાર પણ પ્રક્ષેપ લક્ષણવાળો સમજવો.

જે પંચેંદ્રિય તિર્યંચ યોનિના જીવો છે, તેઓને નારકીની જેમ વિવિધ ક્રિયાઓવાળા સમજવા તેમાં એટલું વિશેષ છે કે, તેઓ જે મહાશરીર પણામાં વારંવાર આહાર કરે અને વારંવાર શ્વાસોશ્વાસ લે તે સંખ્યાતા વર્ષની આયુષ્યની અપેક્ષાએ સમજવું. પણ અસંખ્યાતા વર્ષની આયુષ્યની અપેક્ષાએ નહીં, કારણ કે, તેમનો પ્રક્ષેપ આહાર છઠ ઉપર કહેલો છે, અને તેઓને અલ્પ શરીરપણામાં આહાર તથા ઉશ્વાસ કદાચિત્ થાય છે, તે વિષેના પ્રમાણરૂપ વચન છે. લોમાહારની અપેક્ષાએ તો સર્વેને વારંવાર આહાર તથા શ્વાસોશ્વાસ ઘટે છે. જો તેઓ અલ્પ શરીરવાળા હોય તો તેમને આહાર તથા ઉશ્વાસ કદાચિત્ થવાની બાબત અપર્યાપ્તપણામાં લોમાહાર તથા ઉશ્વાસ ન હોવાથી સમજવી અને પર્યાપ્તપણામાં તે લોમાહાર તથા ઉશ્વાસ હોય એમ સમજી લેવું.

કર્મસૂત્રના વિષયમાં જે પૂર્વોત્પન્ન છે, તેમને અલ્પકર્મપણું અને જે પશ્ચાત્ ઊત્પન્ન હોય તેમને મહા કર્મપણું જાણવું. અને આયુષ્ય વગેરે તો તે ભવમાં વેદનીય એવા કર્મની અપેક્ષાએ જાણી લેવા.

વર્ણ તથા લેશ્યાના સૂત્રોના વિષયમાં જે પુર્વોત્પન્ન હોય તેમને તારૂણ્ય વયને લઇને શુભવર્ણ વગેરે જાણવા અને જે પાછળથી ઉત્પન્ન હોય તેમને બાળવયને લઇને અશુભવર્ણ વગેરે જાણવા. લોકમાં પણ તેમજ દેખાય છે.

---

૧ નિયતપણે એટલે નિશ્ચયથી પાંચે ક્રિયાઓ લાગે છે ત્રણ વિગેરે નહીં

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, જે પંચેંદ્રિય તિર્યંચયોનિના જીવો છે, તે સર્વે સરખી ક્રિયાવાળા છે કે નહીં?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, એ અર્થ ઘટતો નથી.

ગૌતમસ્વામી પુછે છે. હે ભગવન્, શા કારણથી તે અર્થ ઘટતો નથી?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે પંચેંદ્રિય તિર્યંચયોનિના જીવો સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ, એમ ત્રણ પ્રકારના કહેલા છે. તેમાં જે સમ્યગ્દષ્ટિ છે, તે અસંયત અને સંયતા[1]સંયત એમ બે પ્રકારના કહેલા છે. તેમાં જે સંયતાસંયત પંચેંદ્રિય જીવો છે, તેમને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકા એમ ત્રણ પ્રકારની ક્રિયા હોય છે, અને તેમાં જે અસંયત પંચેંદ્રિય જીવો છે, તેમને ત્રણ પહેલી અને ચોથી અપ્રત્યાખ્યાનકી એમ ચાર ક્રિયાઓ હોય છે. અને જે મિથ્યાદષ્ટિ છે, તેમને પહેલી ચાર અને પાંચમી મિથ્યાદર્શનપ્રત્યયિકા મલી પાંચ ક્રિયાઓ હોય છે. અને જે સમ્યગ્મિથ્યાદષ્ટિ છે, તેમને પણ મિથ્યાદષ્ટિની જેમ પાંચે ક્રિયાઓ હોય છે.

હે ગૌતમ, જે પંચેંદ્રિય મનુષ્યો છે, તેઓના સંબંધમાં નારકીની જેમ સમજવું.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે મનુષ્યો સર્વ સરખા આહાર વાળા છે કે નહીં?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે અર્થ ઘટતો નથી.

ગૌતમ પુછે છે, હે ભગવન્, શા કારણથી તે અર્થ ઘટતો નથી?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે મનુષ્યો મહાશરીરવાળા અને અલ્પ શરીરવાળા એમ બે પ્રકારનાં કહ્યાં છે. તેઓમાં જે મહાશરીરવાળાં છે, તેઓ ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે, તેને પરિણમાવે છે અને તે પ્રમાણે શ્વાસોશ્વાસ લે છે–મુકે છે. વળી તે વારંવાર આહાર કરે છે અને શ્વાસોશ્વાસ લે છે–મુકે છે. બાકીનું વેદના સુધીનું સર્વ નારકી પ્રમાણે જાણી લેવું.[2]

---

૧ સ્થૂલ એવા પ્રાણાતિપાત વગેરેથી નિવૃત્ત થયેલા જે દેશવિરતિવાલા તે સંયત અને તે શિવાયની બીજી હીંસાથી નિવૃત્ત નહીં થયેલા તે અસંયત તેથી તેઓને સંયતાસંયત કહેલા છે.

૨ આ ઠેકાણે નારક સૂત્રમાં 'વારંવાર આહાર કરે છે' એમ કહેલું છે અને અહિં તો 'કદાચિત્ આહાર કરે છે' એમ કહે તો તે પણ સંભવે છે. કારણ કે, મહાશરીરવાળા તે દેવકુરૂ પ્રમુખના યુગળીઆ મનુષ્યો

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જે મનુષ્ય જીવો છે તે સર્વે સરખી ક્રિયાવાળા છે કે નહીં ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, એ અર્થ ઘટતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ , શા કારણથી એ અર્થ ઘટતો નથી?

ભગવાન્ કહે છે. હે ગૌતમ. તે મનુષ્યો સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ, એમ ત્રણ પ્રકારના કહેલા છે. તેઓમાં જે સમ્યગ્દષ્ટિ છે, તે સંયત, અસંયત અને સંયતા–સંયત એમ ત્રણ પ્રકારના કહેલા છે. તેઓમાં જે સંયત છે, તે સરાગસંયત અને વીતરાગસંયત એમ બે પ્રકારના કહેલા છે. જેમના કષાય ક્ષીણ થયા નથી તેમ શાંત થયા નથી તે સરાગસંયત અને જેમના કષાય ક્ષીણ થયા છે અને શાંત થયા છે, તે વીતરાગસંયત કહેવાય છે. તેઓમાં જે વીતરાગસંયત છે, તેઓને કોઈ જાતની ક્રિયા હોતી નથી, તેથી તે અક્રિય છે. જેઓ સરાગસંયત છે, તેઓ પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત એમ બે પ્રકારના કહેલા છે. તેઓમાં જે અપ્રમત્તસંયત છે. તેઓને એક માયાપ્રત્યયા ક્રિયા હોય છે. કારણ કે, તેઓ કદાચિત્ ઉડ્ડાહના રક્ષણને અર્થે પ્રવર્ત્તે છે, એટલે તેમના કષાય ક્ષીણ થયેલા હોતા નથી. અને જે પ્રમત્તસંયત છે, તેમને આરંભિકી અને માયા પ્રત્યયિકા એ બે ક્રિયા હોય છે, કારણ કે, તેમને સર્વ પ્રમત્તપણાનો યોગ આરંભ રૂપ હોવાથી આરંભિકી ક્રિયા લાગે છે અને કષાય ક્ષીણ ન થવાથી માયાપ્રત્યયિકી ક્રિયા લાગે છે.

પ્રથમ સૂત્રમાં જે સંયતાસંયત કહેલા છે. તેમને આરંભિકી, પારિગ્રાહિકી અને માયાપ્રત્યયિકી એ ત્રણ ક્રિયા લાગે છે, અને જે અસંયત છે તેમને મિથ્યાદર્શનપ્રત્યયિકી શિવાય બાકીની ચાર ક્રિયાઓ લાગે છે. અને જે મિથ્યાદષ્ટિ તથા સમ્યગ્મિથ્યાદષ્ટિ છે, તે બંનેને પાંચે ક્રિયાઓ લાગે છે.

હે ગૌતમ, જે [1]વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવતાઓ છે,

---

કદાચિત્ કવળ–આહારવડે આહાર કરે છે, કારણ કે, 'તેમનો આહાર અક્રમનો છે,' એવું વચન છે. અને જે અલ્પશરીરવાળા છે, તે વારંવાર બાળકની જેમ અલ્પ આહાર કરે છે. જે અલ્પ શરીરવાળા સંમૂર્છિમ મનુષ્યો છે, તેમને વારંવાર આહાર કરવાનો સંભવ છે અને જે પૂર્વોત્પન્ન છે, તેમને તારૂણ્ય વચને લઇને સંમૂર્છિમની અપેક્ષાએ શુદ્ધ વર્ણ વગેરે સમજી લેવા.

૧ વાનવંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવતાઓના મહા શરીર તથા અલ્પ શરીર પોતાની અવગાહનાને અનુસારે જાણી લેવા અસુરકુમારોમાં જે

તેમના સંબંધે અસુરકુમારની જેમ જાણી લેવું. વિશેષમાં એટલું કે, તેમને વેદનામાં નાનાત્વ એટલે વિવિધપણું છે, તેમાં જે માયા મિથ્યાદષ્ટિ ઉત્પન્ન છે, એટલે માયીપણે મિથ્યાદષ્ટિએ ઉપજેલા તે શુભ વેદના–સાતાવેદનીયને આશ્રીને અલ્પવેદનાવાળા હોય છે અને જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન છે, એટલે અમાયીપણે સમ્યગ્દષ્ટિએ ઉપજેલા છે, તેઓ વધારે શાતાવેદનીયને લઇને મહાવેદનાવાળા હોય છે. એટલું જ્યોતિષ્ક અને વૈમાનિક દેવતામાં વિશેષ સમજવું.

## હવે ચોવીશ દંડકને લેશ્યાભેદમાં વિશેષ બતાવાને આહારાદિ પદોવડે સાત દંડક કહે છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, લેશ્યાસહિત નારકીઓ સર્વે સરખા આહારવાળા છે, તેઓના જીવોના જે સમુચ્ચય લેશ્યાસહિત અને શુકલ લેશ્યાવાળા છે, તે બંનેનો એક સરખો પાઠ કહેવો અને કૃષ્ણલેશ્યા અને શુકલલેશ્યાવાળાનો પણ એક પાઠ કહેવો[1] અને કૃષ્ણલેશ્યાવાળા તથા નીલ

સંજ્ઞીભૂત છે, તે મહાવેદનાવાળા અને જે અસંજ્ઞીભૂત છે, તે અલ્પવેદનાવાળા કહ્યા છે, તેવી રીતે વ્યંતર દેવતાઓ જાણવા, કારણ કે, અસુરકુમારોથી લઇને વ્યંતર દેવતાઓ સુધીના દેવોમાં અસંજ્ઞીભૂત થાય છે, તે વિષે આ ઉદ્દેશમાંજ આગળ કહેવામાં આવશે. અસુરકુમારના પ્રકરણમાં કહેલી યુક્તિથી તેઓ અલ્પ વેદનાવાળા થાય છે, એમ સમજવું; અને જે પ્રથમ કહ્યું છે કે, સંજ્ઞી જીવો સમ્યગ્દષ્ટિ હોય છે, તે વૃદ્ધ પુરૂષોની વ્યાખ્યાને અનુસારે કહેલું છે, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવતાઓમાં તો અસંજ્ઞી ઉત્પન્ન થતાજ નથી, તેથી વેદના પદમાં તેઓ કહેલા છે.

૧ 'સર્વે નારકીઓ સરખા આહારવાળા છે' આ પદ ઉપરથી આહાર, શરીર, ઉશ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા અને ઉપપાત નામના પૂર્વોક્ત નવ પદવાળા નારકી પ્રમુખનો ચોવીશ પદનો દંડક લેશ્યા પદથી વિશેષ કરીને સૂચવ્યો છે, અને તે શિવાયના કૃષ્ણલેશ્યાદિકથી વિશેષ એવા પૂર્વોક્ત નવ પદવાળાજ યથાસંભવ પ્રમાણે નારકાદિ પદરૂપ છ દંડક સૂચવેલા છે. એવી રીતે એ સાત દંડકના સૂત્રનો સંક્ષેપ કરવા જેવી રીતે જે દંડક ભણવાનો છે તેને દર્શાવવા માટે ઔઘિક–જીવ સમુચ્ચય વિષે અહિં કહેવામાં આવ્યું છે. તેમાં જે પૂર્વે કહેલા ઔઘિક સમુચ્ચય રૂપ નારકીઓ, લેશ્યાસહિત નારકીઓ, અને સાતમા દંડકમાં લીધેલા શુકલલેશ્યા

લેશ્યાવાળાનો એક પાઠ કહેવો વિશેષમાં વેદનાના[1] સંબંધમાં એટલું કહેવાનું કે[2] માયાવીપણે મિથ્યાદષ્ટિ ઉત્પન્ન થયા છે, તેમને મહાવેદના હોય

વાળા નારકીઓ એ ત્રણેનો એક પાઠ છે. તેઓમાં લેશ્યાસહિત અને શુકલ લેશ્યાવાળા એવા વિશેષણોથી તેમાં ભેદ રહેલો છે અને ઔધિક દંડકના સૂત્રની જેમ તે બંનેનું એક સૂત્ર છે. આગળ જે 'जस्सत्थि' એવું સૂત્ર કહેવાનું છે તેનો અહિં સંબંધ છે, તેથી જેની શુકલલેશ્યા હોય છે, તેનેજ તે દંડકમાં ભણવો. અહિં તે પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને વૈમાનિકો લેવા, કારણકે, નારકીઓને શુકલલેશ્યાનોજ અભાવ છે અને કૃષ્ણલેશ્યા વાળા અને નીલલેશ્યાવાળાનો એક પાઠ અર્થાત્ ઔધિક જીવસમુચ્ચય.

૧ કૃશ્નલેશ્યા અને નીલલેશ્યાના દંડકમાં જે વેદના સૂત્ર છે, તેમાં જે કહેલું છે, તે પ્રમાણે.

૨ ઔધિક દંડકની અંદર જે ભણાવામાં આવ્યું છે તે અહિં ભણવું નહિ. જે અસંજ્ઞી હોય છે, તેઓ પહેલી પૃથ્વીમાંજ ઉત્પન્ન થાય છે, અને પહેલી પૃથ્વીમાં કૃષ્ણલેશ્યા તથા નીલલેશ્યાનો અભાવ છે, ત્યારે ત્યાં શું ભણવું જોઇએ? તેનો ખુલાસો કરવા માટે આ કહેવામાં આવ્યું છે.

જે માયાવી અને મિથ્યાદષ્ટિ છે, તે મહાવેદનાવાળા હોય છે, કારણ કે, તેઓ ઉત્કૃષ્ટિ અશુભ સ્થિતિ અનુભવે છે અને ઉત્કૃષ્ઠ સ્થિતિમાં પછી તેમને મહાવેદના થવી સંભવે છે અને બીજાઓને અલ્પવેદના થવી સંભવે છે. વળી કાપોત લેશ્યાનો દંડક નીલલેશ્યાના દંડકની જેમ ભણવો. વિશેષમાં એટલું કે નારક પદના વેદના સૂત્રમાં નારકીઓ ઔધિક દંડકની જેમ જાણવા. જેમકે નારકીઓ સંજ્ઞીભૂત અને અસંજ્ઞીભૂત-એમ બે પ્રકારના છે. તેઓમાં જે અસંજ્ઞી છે, તેઓ પહેલી પૃથ્વીમાં ઉત્પન્ન થયેલા છે, તેથી તેમને કાપોત લેશ્યાનો સંભવ છે, તેથીજ આ કહેલું છે.

જો કે મનુષ્યપદ ક્રિયાસૂત્રની અંદર ઔધિક દંડકમાં મનુષ્યો સંયત, અસંયત અને સંયતાસંયત એમ ત્રણ પ્રકારના કહ્યા છે, તેમાં જે સંયત છે, તે સરાગસંયત અને વીતરાગસંયત—એમ બે પ્રકારના છે. તથાપિ તે કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાના દંડકમાં ભણવાનું નથી, કારણ કે, કૃષ્ણ અને નીલ લેશ્યાના ઉદયમાં સંયમનો નિષેધ કહેલો છે. તેથી કૃષ્ણાદિ દ્રવ્ય લેશ્યાને અંગીકાર કરી પણ કૃષ્ણાદિ દ્રવ્યને લઇ ઉત્પન્ન થયેલ આ-

છે અને જે અમાયાવીપણે સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થયા છે, તેમને અલ્પવેદના હોય છે એમ જાણવું. જેમને તેજો[1]લેશ્યા અને પદ્મલેશ્યા છે, તેમને આશ્રીને ઔઘિક દંડકની જેમ તેમના દંડક ભણવા. વિશેષ એટલું કે, મનુષ્યે સરાગ ભણવા, વીતરાગ ભણવા નહીં. આ સૂત્રાર્થની સંગ્રહ ગાથા આ પ્રમાણે છે- દુ:ખ તથા આયુષ્ય ઉદય આવે તે વેદે તે એકવચન બહુવચનવડે ચાર દંડક કહ્યા છે. નારકીઓ સરખા આહારવાળા છે? સરખા કર્મવાળા છે? સરખા વર્ણવાળા છે? સરખી લેશ્યાવાળા છે? સરખી વેદનાવાળા છે? સરખી ક્રિયા વાળા છે? સરખી આયુષ્યવાળા છે કે સરખી રીતે ઉત્પન્ન થયેલા છે?''

પ્રથમ કહ્યું છે કે, 'નારકી લેશ્યાવાળા છે.' તે ઉપરથી લેશ્યાના સ્વરૂપને નિરૂપણ કરવા ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, લેશ્યાઓ કેટલી કહેલી છે?

---

ત્માના પરિણામ રૂપ ભાવ લેશ્યાને નહીં, એમ પ્રથમ પણ કહેલું છે, તે દર્શાદ્રવાને માટે આ કહેવામાં આવે છે.

૧ જે કોઇ જીવને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા છે, તે જીવને આશ્રીને જેમ ઔઘિક દંડક છે, તેમ તે બંનેના બે દંડક જાણી લેવા, એટલે નારકીઓને અને વિકલેંદ્રિય જીવ, તે ઉકાય તથા વાયુકાય જીવોને પહેલી ત્રણ લેશ્યાઓ જાણવી, ભવનપતિ, પૃથ્વીકાય, જલકાય, વનસ્પતિકાય; અને વ્યંતરોને પેહેલી ચાર લેશ્યાઓ જાણવી અને પંચેંદ્રિય, તિર્યંચ અને મનુષ્યોને છ લેશ્યાઓ જાણવી; તેમજ જયોતિષ્કોને તેજોલેશ્યા અને વૈમાનિકોને ત્રણ શુભ લેશ્યાઓ જાણવી. તેને માટે લખે છે કે, "ભવનપતિ અને વ્યંતરોને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા હોય છે. જયોતિષ્ક અને સૌધર્મ દેવતાઓને ફકત તેજોલેશ્યા હોય છે, સનત્કુમાર, મહેંદ્ર અને બ્રહ્મલોકના દેવતાઓને પદ્મલેશ્યા હોય છે અને તે પછી શુકલ લેશ્યા હોય છે. પૃથ્વીકાય, વાયુકાય વનસ્પતિકાય અને બાદરને તેજોલેશ્યા સુધીની ચાર લેશ્યાઓ હોય છે અને ગર્ભજ, તિર્યંચ અને ગનુષ્યોને છ લેશ્યાઓ હોય છે અને બાકીનાને ત્રણ લેશ્યાઓ હોય છે." કેવળ ઔઘિક દંડકમાં ક્રિયાસૂત્રની અંદર જે મનુષ્યો સરાગ અને વીતરાગવાળા ભણેલા છે, તે આ લેશ્યાપ્રકરણમાં ભણવા નહીં; કારણ કે, વીતરાગપણામાં તેજોલેશ્યા અને પદ્મલેશ્યા થવાનો સંભવ નથી, શુકલલેશ્યામાંજ તે વીતરાગનો સંભવ છે. પ્રમત્ત અને અપ્રમત્ત તો કહેલા છે. આ સર્વ બતાવવાને માટે આ કહેવામાં આવ્યું છે.

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, લેશ્યાઓ[1] છ પ્રકારની કહેલી છે. તે લેશ્યાનો આ બીજો ઉદ્દેશ[2] ઋદ્ધિ સુધી ભણુવાનો છે. કોઇક એમ માને છે કે, જે પશુ જીવ છે, તે મરીને પાછા પશુજ થાય છે. આવા પુરૂષને બોધ થવા માટે ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

હે ભગવન્ , અમુક નારકાદિ જીવને અતીતકાળે એક ભવમાંથી બીજા ભવમાં સંચાર કરવાનો કાળ કેટલા પ્રકારનો છે ? અર્થાત્ અમુક જીવને અતીતકાળમાં કઇ કઇ ગતિમાં રહેવાનું થાય છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે જીવને એક ભવમાંથી બીજા ભવમાં સંચાર કરવાનો કાળ ઉપાધિભેદથી ચાર પ્રકારનો કહેલો છે. એક નારકસંસાર સંસ્થાનકાળ, એટલે નારકીના ભવને વિષે જીવ રહે તે કાળ, બીજો તિર્યગ્યોનિસંસાર સંસ્થાનકાળ એટલે તિર્યંચના ભવને વિષે જીવ રહે તે કાળ, ત્રીજો મનુષ્યસંસાર સંસ્થાનકાળ એટલે મનુષ્યના ભવને વિષે જીવ રહે તે કાળ અને ચોથો દેવસંસાર સંસ્થાનકાળ એટલે દેવતાના ભવને વિષે જીવ રહે તે કાળ.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ , નારકીને સંસારમાં રહેવાનો કાળ કેટલા પ્રકારનો કહેલો છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, નારકીને સંસારમાં રહેવાનો કાળ ત્રણ પ્રકારનો કહ્યો છે, જેમકે, ૧ શૂન્યકાળ, ૨ અશૂન્યકાળ, અને ૩ મિશ્રકાળ.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ , તિર્યંચયોનિજીવોને સંસારમાં રહેવાનો કાળ કેટલા પ્રકારનો છે ? અને મનુષ્ય તથા દેવતાને સંસારમાં રહેવાનો કાળ કેટલા પ્રકારનો છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તિર્યંચયોનિજીવોને સંસારમાં રહેવાનો કાળ બે પ્રકારનો કહ્યો છે. ૧ અશૂન્યકાળ અને ૨ મિશ્રકાળ અને મનુષ્ય તથા દેવતાને નારકીની જેમ, શૂન્યકાળ, અશૂન્યકાળ અને ૩ મિશ્રકાળ એમ ત્રણ પ્રકારનો કાળ કહ્યો છે.

---

૧ આત્માને વિષે કર્મોના પુદ્ગલોનું લેશન એટલે મિશ્રણ કરવું તે લેશ્યા કહેવાય છે. તે લેશ્યાઓ યોગના પરિણામથી બને છે. જ્યારે યોગોનો નિરોધ કરવામાં આવે ત્યારે લેશ્યાઓનો અભાવ થાય છે. શરીર નામકર્મનો કોઇ પરિણામ વિશેષ તે યોગ કહેવાય છે.

૨ પ્રજ્ઞાપના સૂત્રમાં લેશ્યાપદનો ચોથો ઉદ્દેશ છે, તે અહિં લેશ્યાનું સ્વરૂપ જાણવા માટે બીજો ઉદ્દેશ સમજવો.

નારકીને તેના નરકભવને અનુગત એવા સંસારમાં રહેવાનો કાળ ત્રણ પ્રકારનો છે. તિર્યંચયોનિને શૂન્યકાળ નથી પણ અશૂન્યકાળ અને મિશ્ર-કાળ છે અને મનુષ્ય તથા દેવતાને તે ત્રણે પ્રકારનો કાળ છે; તેને માટે અન્ય સ્થળે પણ કહેલું છે. તેમાં પ્રથમ અશૂન્યકાળ સમજવાનો છે, કારણ કે, અશૂન્યકાળનું સ્વરૂપ જાણી લેવાથી બીજા શૂન્યકાળ અને મિશ્ર-કાળ સારી રીતે જાણી શકાશે, વર્ત્તમાન કાળે નારકીની સાતે પૃથ્વીઓમાં જે નારકીઓ રહેલા છે, તેઓમાંથી કોઇ પણ નારકી ઉદ્વર્ત્તે નહી–ચ્યવે નહી અને બીજો નારકી ઉપજે નહી, અર્થાત્ જેટલા હોય તેટલાજ રહે, તે કાળ નારકીને આશ્રીને અશૂન્યકાળ કહેવાય છે, તેને માટે બીજે સ્થળે પણ કહેલું છે. તે સાતે નારકીના મધ્યમાંથી એકાદિ જીવો નીકળી બીજી ગતિમાં ઉત્પન્ન થઇ ગયા અને બાકી એકજ જીવ રહે તેટલો જે કાળ તે મિશ્રકાળ કહેવાય છે. અને જયારે કહેલા સમયના બધા નારકીઓ ચ્યવીને બીજી ગતિમાં પોહોંચી ગયાં અને તે માંહેલો એક પણ જીવ બાકી રહ્યો તે શૂન્યકાળ કહેવાય છે. તેને માટે અન્ય સ્થળે પણ પ્રમાણ આપેલું છે. આ સૂત્રમાં નારકસંસારમાં રહેવાના મિશ્રકાળનો વિચાર કરવામાં આવ્યો તેથી તે સૂત્ર વર્ત્તમાનકાળના નારકીના ભવને આશ્રીને પ્રવર્ત્તેલું નથી, પ-રંતુ વર્ત્તમાનકાળના નારકીના જીવોને બીજી ગતિમાં જઈ ઉત્પન્ન થવાને આશ્રીને પ્રવર્તેલું છે. જો તેજ નારકીના ભવને આશ્રીને આ સૂત્ર પ્રવર્તેલું હોય તો શૂન્યકાળની અપેક્ષાએ મિશ્રકાળ અનંત ગણો છે, એમ જે સૂત્રમાં કહેલું છે, તે ઘટે નહીં.

તે શા માટે ઘટે નહીં? તેવી શંકાના સમાધાનમાં કહે છે કે, જે વર્ત્તમાનકાળના નારકી છે, તે પોતાની આયુષ્યના કાળને અંતે ઉદ્વર્તે છે–ચ્યવે છે, અને તેમની આયુષ્યનો કાળ અસંખ્યાત છે, એથી ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત્તના અશૂન્યકાળની અપેક્ષાએ મિશ્રકાળ જે અનંતગણો કહેવાય છે, તેના અનંતગણાપણાનો અભાવ થવાનો પ્રસંગ આવી પડે તે વિષે અન્ય સ્થળે પણ કહેલું છે. આ વાત લક્ષમાં રાખી ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, જે નારકીને સંસારમાં રહેવાના શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્રકાળ કહેલા છે, તેઓમાંથી કયા કોનાથી અલ્પ છે, ઘણાં છે, સરખા છે અને વિશેષ અધિક છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, નારકીને સર્વથી અશૂન્યકાળ અલ્પ છે, અને તેનાથી મિશ્રકાળ અનંતગણો છે, અને તેનાથી શૂન્યકાળ પણ અનંત

ગણો છે. નારકીને ઉત્પાદકાળ—ઉત્પન્ન થવાના અને ઉદ્વર્ત્તના—ચ્યવવાના કાળનો જે વિરહકાળ છે, તેનું ઉત્કૃષ્ટ બાર મુહૂર્ત્તનું પ્રમાણ છે, તેથી તે અલ્પ છે અને મિશ્રકાળ એટલે નારકીના જીવને નિર્લેપનાનો જે કાળ તે અશૂન્યકાળની અપેક્ષાએ અનંતગણો થાય છે; કારણ કે, એ કાળ નારકી શિવાયના બીજાઓને આવવાનો અને જવાનો કાળ છે, તે ત્રસ તથા વનસ્પતિ વગેરેની સ્થિતિના કાળની સાથે મિશ્રિત થઇ અનંતગણો થાય છે, કારણ કે, ત્રસ વનસ્પતિ આદિ જીવોનું ગમનાગમન–જવું–આવવું અનંત છે. તેમ વળી તે નારકીનો નિર્લેપનાકાળ વનસ્પતિકાયની સ્થિતિના અનંતભાગમાં રહે છે. તે વિષે અન્ય સ્થળે પણ કહેલું છે.

જે મિશ્રકાળથી શૂન્યકાળ અનંતગણો કહ્યો, તેનું કારણ એ છે કે, જે નારકીના સર્વ જીવો કહ્યા છે, તેઓનું પ્રાયે કરીને વનસ્પતિકાય જીવોની અંદર અનંતાનંત કાળ સુધી રહેવું, તે એ જીવોનો નારકીના બીજા ભવનો કાળ છે, તે સિદ્ધાંતમાં ઉત્કૃષ્ટો કહેલો છે.

હે ગૌતમ, જે તિર્યંચયોનિના જીવો છે, તેમને સર્વથી અલ્પ અશૂન્યકાળ છે, અને તેનાથી અનંતગણો મિશ્રકાળ છે.

તિર્યંચયોનિ જીવોને સર્વથી અલ્પ અશૂન્ય કાળ છે, એમ જે કહ્યું, તેનું કારણ એ છે કે, તે કાળ અંતર્મુહૂર્ત્તનો છે, જો કે આ કાળ તિર્યંચયોનિ જીવોને માટે કહ્યો છે, તથાપિ તે કાળ વિકલેંદ્રિય તથા સંમૂર્છિમ જીવોનો પણ સમજી લેવો, કારણ કે, તેમનો પણ વિરહકાળ અંતર્મુહૂર્તના પ્રમાણનો કહેલો છે. જેને માટે બીજે સ્થળે પણ તે વિષે પ્રમાણ આપેલું છે. જે એકેંદ્રિય જીવો છે, તેમને ઉદ્વર્ત્તન તથા ઉપપાતના વિરહનો અભાવ છે, તેથી તેમને શૂન્યકાળનો પણ અભાવ છે, તેને માટે અન્ય સ્થળે પણ કહેલું છે. પૃથ્વીકાય વગેરેમાં 'પ્રત્યેક સમય અસંખ્યાત છે.' એવું વચન છે, તેથી તેમને પણ વિરહનો અભાવ છે.

તિર્યંચયોનિજીવોને અશૂન્યકાળના કરતાં મિશ્રકાળ અનંતગણો છે, એમ જે કહેવામાં આવ્યું, તેનું કારણ એ છે કે, નારકીની જેમ તિર્યંચોને શૂન્યકાળ છેજ નહિ. કારણ કે, વર્ત્તમાનકાળના સાધારણ વનસ્પતિકાયજીવો કે જે ત્યાંથી ચ્યવેલા હોય તેમને બીજું સ્થાન હોતું નથી.

હે ગૌતમ, જે મનુષ્ય અને દેવતા છે, તેમને નારકીની જેમ સમજવું, કારણ કે તેમનો પણ અશૂન્યકાળ બાર મુહૂર્ત્તના પ્રમાણનો છે, અને તેને માટે પ્રમાણ રૂપે એક ગાથા આપેલી છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે નારકીને સંસારમાં રહેવાનો કાળ, તિર્યંચોને સંસારમાં રહેવાનો કાળ, મનુષ્યોને સંસારમાં રહેવાનો કાળ અને દેવતાને સંસારમાં રહેવાનો કાળ છે, તેને વિષે કયો કોનાથી અલ્પ હોય છે, ઘણો હોય છે, સરખો હોય છે અને વિશેષ અધિક હોય છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, જે મનુષ્યનો સંસારમાં રહેવાનો કાળ છે, તે સર્વથી થોડો છે, નારકીનો સંસારમાં રહેવાનો કાળ તેનાથી અસંખ્ય ગણો છે, દેવતાને સંસારમાં રહેવાનો કાળ પણ તેનાથી અસંખ્યગણો છે અને તિર્યંચોને સંસારમાં રહેવાનો કાળ તેનાથી અનંતગણો છે.

અહિં કદિ એવી શંકા થાય કે, તે જીવને જેમ સંસારમાંજ રહેવાનું થાય છે, તેમ મોક્ષમાં પણ રહેવાનું થાય કે કેમ ? તે શંકા દૂર કરવા માટે ગૌતમ પ્રશ્ન કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે જીવ અંત્યક્રિયા કરે કે, નહીં ? અર્થાત્ સર્વ કર્મોનો ક્ષય કરવા રૂપ મોક્ષ પ્રાપ્તિની ક્રિયા કરે કે નહીં ?

ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ, કેટલાએક જીવ તે અંત્ય ક્રિયા કરે અને કેટલાએક ન કરે.

પ્રજ્ઞાપનાસૂત્રમાં આ અંત્યક્રિયાનું પદ વીશમું છે. તેમાં આ પ્રમાણે છે કે, કેટલાએક જીવ અંત્યક્રિયા કરે અને કેટલાએક ન કરે, એવી રીતે નારકીથી તે વૈમાનિક સુધી સમજવું. અર્થાત્ જે ભવ્ય જીવ હોય તે અંત્યક્રિયા કરે અને જે અભવ્ય જીવ હોય તે ન કરે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જે નારકીમાં રહેલા જીવ છે, તે અંત્યક્રિયા કરે કે નહીં ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, એ અર્થ સર્વથા ઘટતો નથી, કારણ કે, મનુષ્યોને વિષે રહેલો નારકી અર્થાત્ મનુષ્ય રૂપ થયેલો નારકી અંત્ય ક્રિયાને કરી શકે છે.

કેટલાએક જીવો કર્મનો લેશ બાકી રહેવાથી અંત્યક્રિયા કરી શકતા નથી, તેથી તે અંત્યક્રિયાના અભાવને લઇને દેવતાને વિષે ઉત્પન્ન થાય છે, તે વિષે વિશેષ નિરૂપણ કરવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જેઓ અસંયત એટલે ચારિત્રના પરિણામથી શૂન્ય છે, તે છતાં તે ભવ્ય છે એટલે દેવપણાને યોગ્ય છે,

તેને લીધેજ જેઓ દ્રવ્યદેવ છે, એટલે ચારિત્રના પરિણામ વગરના સમ્યગ્ દૃષ્ટિ[1] જીવો છે.

જેઓએ સંયમના પરિણામની વિરાધના કરી નથી એવા એટલે દીક્ષાકાળથી માંડીને જેમણે ચારિત્રના પરિણામનો ભંગ કર્યો નથી એવા અર્થાત્ સંજ્વલન કષાયના સામર્થ્યથી અથવા પ્રમત્ત ગુણ સ્થાનકના સામર્થ્યથી માયાદિકનો અલ્પદોષ લાગવાનો સંભવ થયા છતાં પણ ચારિત્રનો ઉપઘાત જેમણે કર્યો નથી એવા, વળી જેઓ ઉપર કહેલા જીવોથી ઉલટા એટલે સંયમની વિરાધના કરનારા અર્થાત્ શ્રાવકવ્રત લીધા પછી દેશ વિરતિના પરિણામને અખંડિત રાખનારા અને તેને ખંડિત કરનારા એવા ઉભય પ્રકારના જે શ્રાવકો હોય તેવા, વળી જે અસંજ્ઞી એટલે મનોલબ્ધિ વગરના હોય તેવા. અર્થાત્ અકામ નિર્જરાવાળા, તેમજ જેઓ પડેલા પત્ર વગેરેનો આહાર કરે તેવા બાળ તપસ્વીઓ, તથા જેઓ કંદર્પી એટલે મશ્કરી કરનારા અથવા વ્યવહારથી ચારિત્ર બતાવનારા, અથવા કંદર્પકથા–કામકથા કરનારા, ( જેના સ્વરૂપનું વર્ણન અન્ય સ્થળે આપેલું છે ) તથા જેઓ ચરક પરિવ્રાજક બનેલા છે તેવા, એટલે ધાઠટિ ભિક્ષા લઇ ઉપ જીવિકા કરનારા, ત્રિદંડી સંન્યાસીઓ અથવા ચરક એટલે કચ્છોટક

---

૧ આ વિષે અન્ય સ્થળે કહ્યું છે કે, " અણુવ્રત, તથા મહાવ્રત, વગરના અને બાલતપ અને અકામ નિર્જરાવાળા જીવ જો સમ્યગ્ દૃષ્ટિ હોય તો દેવતાનું આયુષ્ય બાંધે છે. "

આ કહેવું અયુક્ત છે, કારણ કે, એ જીવોનો ઉત્કૃષ્ટથી ઉપરના ગ્રૈવેયકમાં ઉપપાત કહેલો છે, અને સમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરત હોય તોપણ તેમનો ઉપપાત તેમાં થતો નથી, કારણ કે, દેશવિરત શ્રાવકોનું ગમન અચ્યુત દેવલોકની ઉપર થતું નથી ત્યારે તેઓ નિન્હવ પણ નથી, કારણ કે, તેમને અહિં ભેદથી કહ્યા નથી, તેથી અહિં મિથ્યાદૃષ્ટિ જીવોજ ભવ્ય અથવા અભવ્ય લેવા અને જે અસંયત ભવ્ય દ્રવ્ય દેવો કહ્યાં તે શ્રમણ ગુણને ધારણ કરનારા અને સામાચારીના સર્વ અનુષ્ઠાન કરનારા દ્રવ્યલિંગ ધારી જીવો લેવા. તેઓ બધી કેવળ ક્રિયાના પ્રભાવથીજ ઉપરના ગ્રૈવેયકની અંદર ઉત્પન્ન થાય છે. તેઓને તેવું અનુષ્ઠાન કરતા છતાં પણ ચારિત્રના પરિણામ વડે શૂન્ય હોવાથી અસંયત કહેલા છે.

અહિં શંકા કરે છે કે, તેવા ભવ્ય અથવા અભવ્ય જીવો શ્રમણ ગુણને ધારણ કરનારા કેમ થઇ શકે ?

વગેરે અને પરિવ્રાજક એટલે કપિલ મુનિના શિષ્યો, તથા કિલ્વિ[1]ષિઆ એટલે જે પાપીઓ, અર્થાત્ વ્યવહારથી ચારિત્રવાળા છતાં પણ જ્ઞાનાદિકની નિંદા કરનારા, તથા તિર્યંચો એટલે દેશવિરતિ શ્રાવકની જેમ વર્ત્તનારા જે ગાય ઘોડા વગેરે, તથા આજીવિકો એટલે નાગા ફરનારા પાંખડિઓ, અથવા ગોશાળાના શિષ્યો, અથવા અવિવેકીલોક પાસેથી લબ્ધિ, પૂજા, ખ્યાતિ વગેરે મેળવવા આજીવિકારૂપે તપસ્યા પ્રમુખ કરનારા, તથા આભિ[2]યોગિક એટલે વિદ્યામંત્ર વગેરેથી વશીકરણ કરનારા, અર્થાત્ વ્યવહારથી ચારિત્રધારી થઇ મંત્રાદિકના પ્રયોગો કરનારા, તથા સલિંગી એટલે રજોહરણાદિ સાધુના ચિન્હોને ધારણ કરનારા અને જેઓનું સમ્યક્ત્વ ભ્રષ્ટ થયેલું છે, એવા નિન્હવો-એ સર્વે દેવ[3]લોકને વિષે ઉત્પન્ન થાય છે, એમ કહ્યું છે, તેઓને દેવલોક શિવાય બીજા કોઇ સ્થાને ઉપજવાનું કહ્યું છે કે નહીં ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, જેઓ અસંયત ભવ્ય દ્રવ્યદેવો છે, તેઓ જઘન્યથી ભવનવાસી દેવતાઓમાં ઉત્પન્ન થાય છે અને ઉત્કર્ષથી ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. અને જે અવિરાધિતસંયમ-સંયમને[4] વિરાધના

---

તે શંકાના સમાધાનમાં કહે છે કે, તેવા જીવોની અંદર જો કે મિથ્યા દર્શનનો મહામોહ પ્રગટ થયેલો હોય છે, તથાપિ ચક્રવર્તી વગેરે રાજાઓ તરફથી શ્રેષ્ઠ પૂજા, સત્કાર અને સન્માનના દાનને પ્રાપ્ત થયેલા સાધુઓને જોઇને તે માન મેળવવા દીક્ષાની ક્રિયા આચરવા તરફ તેમને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, તે પછી તેઓ યથાર્થ ક્રિયા કરનારા થાય છે.

૧ જ્ઞાન, કેવળી, ધર્માચાર, સંઘ અને સાધુની જે નિંદા કરે તે કિલ્વિષી કહેવાય છે.

૨ બીજાને વશીકરણ કરવું તે અભિયોગ કહેવાય છે, તે અભિયોગ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનો છે, તેમાં જે યોગાદિ છે તે દ્રવ્ય અભિયોગ અને જે વિદ્યામંત્રાદિક છે તે ભાવ-અભિયોગ કહેવાય છે. વળી સૌભાગ્ય વગેરે મેળવવા સ્નાન કરાવે, જ્વર વગેરે ઉતારવાને વિભૂતિ આપે અને પ્રશ્ન તથા સ્વપ્ન વિદ્યા બતાવે તે પણ ભાવ અભિયોગમાં આવી જાય છે.

૩ આ ઉપરથી એમ પ્રતિપાદન થયું કે, દેવપણાને લઇને કેટલાએક બીજે સ્થાને પણ ઉત્પન્ન થાય.

૪ અહિં કોઇ એવી શંકા ઉઠાવે છે કે, " સંયમને વિરાધના રક-

કરનારા નથી એવા સાધુઓ છે, તેઓ જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કર્ષથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે, અને જેઓ સંયમને વિરાધના કરનારા હોય છે. તેઓ જઘન્યથી ભવનવાસી દેવતાઓમાં અને ઉત્કર્ષથી સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થાય છે અને જેઓ સંયમી-સાધુના સંયમને વિરાધના કરનારા નથી, તેઓ જઘન્યથી સૌધર્મ કલ્પમાં અને ઉત્કર્ષથી અચ્યુત કલ્પમાં ઉત્પન્ન થાય છે અને જેઓ સંયમીના સંયમને વિરાધના કરનારા છે, તેઓ જઘન્યથી ભવનવાસી દેવતાઓમાં અને ઉત્કર્ષથી જ્યોતિષ્ક દેવતાઓમાં ઉત્પન્ન થાય છે, અને જેઓ અસંજ્ઞી[1] છે, તેઓ જઘન્યથી ભવનવાસીઓમાં ઉત્કૃષ્ટથી વાણવંતરોમાં ઉત્પન્ન થાય છે. અને બાકીના રહ્યા, તે સર્વે જઘન્યથી ભવનવાસીઓમાં ઉત્પન્ન થાય છે. હવે ઉત્કર્ષથી શેમાં ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—તાપસો—બાળતપસ્વીઓ જ્યોતિષ્કમાં ઉત્પન્ન થાય છે. કંદર્પી-કામ કથા કરનારાઓ સૌધર્મ કલ્પને વિષે ઉત્પન્ન થાય છે. ચરક-પરિવ્રાજક—ત્રિદંડી કપિલના સંન્યાસીઓ બ્રહ્મલોકમાં ઉત્પન્ન થાય છે, કિલ્વિષિયાપાપીઓ લાંતક કલ્પને વિષે ઉત્પન્ન થાય છે, તિર્યંચ-શ્રાવકો સહસ્રાર કલ્પને વિષે ઉત્પન્ન થાય છે, આજી-

---

નારાઓ ઉત્કર્ષથી સૌધર્મ કલ્પમાં ઉત્પન્ન થાય છે.” એમ જે કહેવામાં આવ્યું, તે શી રીતે ઘટી શકે? કારણ કે, દ્રૌપદીએ સુકુમાલિકાના ભવમાં સંયમની વિરાધના કરી હતી, તથાપિ તેણી ઇશાન દેવલોકમાં ઉત્પન્ન થઇ હતી, એમ સાંભળીએ છીએ, તેનું શી રીતે? તેના ઉત્તરમાં કહે છે કે, તે દ્રૌપદીએ જે સંયમની વિરાધના કરી હતી, તે માત્ર બકુશપણાને કરનારી સંયમના ઉત્તમ ગુણની વિરાધના હતી, મૂળ ગુણની વિરાધના ન હતી, અને જે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થવાય છે, તે અતિ વિશિષ્ટ એવા સંયમની વિરાધનામાં થાય છે. જો માત્ર વિરાધનાજ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન કરનારી થતી હોય તો તે ઉત્તર ગુણાદિકની પ્રતિસેવા કરનારા બકુશ વગેરેની ઉત્પત્તિ અચ્યુતાદિ દેવલોકમાં કેમ થાય? કારણ કે, તેમનું વિરાધકપણું મુશ્કેલીથી થયેલું છે.

૧ અહિં જો કે, ‘**चमबलिसारमहियं**’ એ વચનને આધારે અસુર વગેરે મહર્દ્ધિક—મોટી ઋદ્ધિવાળા છે અને ‘**पलिओवम मुक्कोसं वंतरिया-त्ति**’ એ વચનને આધારે વ્યંતરો અલ્પ ઋદ્ધિવાળા છે, તથાપિ એ વચનથી જણાય છે કે, કેટલાએક ભવનપતિઓ વ્યંતરોના કરતાં અલ્પ ઋદ્ધિવાળા છે—એમ સમજવું.

વિદ્યા-મંત્રયંત્રાદિ કરી આજીવિકા કરનારા સાધુઓ અચ્યુત કલ્પને વિષે ઉત્પન્ન થાય છે, આભિયોગિક-બીજાને વશી કરણ કરવા વગેરે કામ કરનારાઓ અચ્યુત કલ્પને વિષે ઉત્પન્ન થાય છે અને સલિંગી-વેષધારી સાધુઓ તથા દર્શનથી ભ્રષ્ટ થયેલા સાધુઓ ઉપરના ( નવમાં ) ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે.

જે અસંજ્ઞી છે, તે દેવતામાં ઉત્પન્ન થાય છે, એમ જે કહેલું છે, તે આયુષ્ય સાથે ઉત્પન્ન થાય છે, તો તેમનું આયુષ્ય નિરૂપણ કરવાને ગૌતમ સ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જે અસંજ્ઞ્યાયુ; એટલે જે અસંજ્ઞી થતાં પરભવને યોગ્ય એવી આયુષ્ય બાંધનારા છે, તે કેટલા પ્રકારે આયુષ્ય બાંધનારા કહ્યાં છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે અસંજ્ઞી ચાર પ્રકારે આયુષ્ય બાંધનારા કહ્યાં છે, જેમકે પહેલા નૈરયિક-અસંજ્ઞી આયુષ્યવાળા, એટલે નારકીને યોગ્ય એવી અસંજ્ઞી આયુષ્ય બાંધનારા, બીજા તિર્યંગયોનિ—અસંજ્ઞી આયુ એટલે તિર્યંચને યોગ્ય એવી અસંજ્ઞી આયુષ્ય બાંધનારાં, ત્રીજા મનુષ્ય અસંજ્ઞી આયુઃ એટલે મનુષ્ય ભવને યોગ્ય એવી અસંજ્ઞી આયુષ્ય બાંધનારા અને ચોથા દેવ-અસંજ્ઞી-આયુઃ એટલે દેવતાના ભવને યોગ્ય એવી અસંજ્ઞી આયુષ્ય બાંધનારા.

એ અસંજ્ઞી--આયુષ્ય માત્ર સંબંધથી પણ થાય છે. જેમકે ' ભિક્ષુકનું પાત્ર,' અહિં ભિક્ષુકની સાથે જેમ પાત્રનો સંબંધ થયો, તેવી રીતે આયુષ્યનો સંબંધ થયો, એ રીતે આયુષ્યનો સંબંધ થાયછે, તેથી તે આયુષ્યને લઇને થયેલા સંબંધનું વિશેષ નિરૂપણ કરવામાટે ગૌતમ પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે અસંજ્ઞી જીવ શું નારકીની આયુષ્ય બાંધે ? કે શું તિર્યંચયોનિજીવોની આયુષ્ય બાંધે ? શું મનુષ્યની આયુષ્ય બાંધે ? કે શું દેવતાની આયુષ્ય બાંધે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તે અસંજ્ઞી જીવ નારકીની આયુષ્ય બાંધે છે. અને તિર્યંચ, મનુષ્ય અને દેવતાની આયુષ્ય બાંધે છે. તે અસંજ્ઞી જયારે નારકીની આયુષ્ય બાંધે છે ત્યારે જઘન્યથી દશ હજાર વર્ષની અને ઉત્કર્ષથી પલ્યોપમના અસંખ્યાતા ભાગની આયુષ્ય બાંધે છે.

જે જઘન્યથી દશ હજાર વર્ષ કહ્યા, તે રત્નપ્રભા નારકીના પહેલા પ્રતરને આશ્રીને કહેલા છે અને જે ઉત્કૃષ્ઠથી પલ્યોપમનો અસંખ્યાતો ભાગ કહેલો છે. તે રત્નપ્રભાના ચોથા પ્રતરમાં મધ્ય સ્થિતિવાલા નારકીને

આશ્રીને કહેલ છે, કારણ કે, રત્નપ્રભા નારકીના પહેલા પ્રતરમાં દશહજાર વર્ષની જઘન્ય સ્થિતિ છે અને નેવું હજાર વર્ષની ઉત્કૃષ્ઠ સ્થિતિ છે. બીજા પ્રતરમાં દશ લાખ વર્ષની જઘન્ય સ્થિતિ છે અને નેવું લાખ વર્ષની ઉત્કૃષ્ઠ સ્થિતિ છે, ત્રીજા પ્રતરમાં દશ લાખ વર્ષની જઘન્ય સ્થિતિ છે, અને પૂર્વકોટી વર્ષની ઉત્કૃષ્ઠ સ્થિતિ છે. અને ચોથા પ્રતરમાં દશલાખ વર્ષની જઘન્ય સ્થિતિ છે અને સાગરોપમના દશમા ભાગની ઉત્કૃષ્ઠ સ્થિતિ છે. અહિં જે પલ્યોપમનો અસંખ્યેય ભાગ કહેલો છે, તે મધ્યમ સ્થિતિ સમજવી.

જ્યારે અસંજ્ઞી જીવ તિર્યંચયોનિ જીવનું આયુષ્ય બાંધે છે, ત્યારે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ઠની પલ્યોપમના અસંખ્યાતા ભાગની આયુષ્ય બાંધે છે. આ આયુષ્યની સ્થિતિ જુગળીયા તિર્યંચોને આશ્રીને શમજવી.

જ્યારે અસંજ્ઞી મનુષ્યની આયુષ્ય બાંધે છે, ત્યારે તે જઘન્યથી અંતર્મુહૂર્ત્તની અને ઉત્કર્ષથી પલ્યોપમના અસંખ્યાતા ભાગની બાંધે છે.

આ આયુષ્યમાં જે પલ્યોપમનો અસંખ્યાતો ભાગકહ્યો તે જુગળીયા મનુષ્યોને આશ્રીને કહેલો છે.

જ્યારે અસંજ્ઞી જીવ દેવતાની આયુષ્ય બાંધે છે. ત્યારે તે નારકીની જેમ જઘન્યથી દશહજાર વર્ષની અને ઉત્કર્ષથી પલ્યોપમના અસંખ્યાતા ભાગની આયુષ્ય બાંધે છે.

અહિં એટલું વિશેષ છે કે, જે આ આયુષ્યની સ્થિતિ કહી તે ભવનપતિ—વ્યંતરોને આશ્રીને સમજવી.

ગૌતમસ્વામી પ્રશ્ન કરેછે. હે ભગવન્ જે નારકી અસંજ્ઞીનું તિર્યંચયોનિ અસંજ્ઞીનું અને દેવ અસંજ્ઞીનું આયુષ્ય કહ્યું, તેમાં કોનાથી કયું થોડું કયું ઘણું, કયું સરખું અને કયું વિશેષ અધિક છે?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, સર્વથી દેવતા અસંજ્ઞીનું આયુષ્ય થોડું છે. તેનાથી મનુષ્ય-અસંજ્ઞીનું આયુષ્ય થોડું સંખ્યાતગણું છે, તેનાથી તિર્યંચ-અસંજ્ઞીનું આયુષ્ય અસંખ્યાતગણું છે, અને તેનાથી નારકી -અસંજ્ઞીનું આયુષ્ય અસંખ્યાતગણું છે.

જે આ અસંજ્ઞી આયુષ્યનું અલ્પપણું અને બહુપણું કહ્યું છે, તે ટુંકાપણાને અને લાંબાપણાને આશ્રીને કહેલું છે.

ગૌતમ સ્વામી કહે છે. હે ભગવન્, મેં જે પુછયું હતું, તે આપે કહ્યું, તે એમજ છે-અન્યથા નથી,

**॥ इति प्रथम शतकनो बीजो उद्देश समाप्त ॥**

# तृतीय उद्देशक.

## પ્રથમ મોહનીય કર્મનું નિરૂપણ.

પ્રથમ કહેલા બીજા ઉદ્દેશના છેલ્લા સૂત્રોમાં આયુષ્ય વિષે નિરૂપણ કરવામાં આવ્યું છે. તે આયુષ્ય મોહના દોષને લઇને થાય છે. તેથી અહિં પ્રથમ મોહનીય કર્મનું નિરૂપણ કરવા ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે. પ્રથમની સંગ્રહ ગાથામાં કહ્યું છે કે, 'कंख पओसात्ति' કાંક્ષા દોષ તે દર્શાવે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જીવ કાંક્ષામોહનીય કર્મ ક્રિયા કરે કે નહીં? જે મોહ ઉપજાવે તે મોહનીય કહેવાય છે, અને કાંક્ષા એટલે બીજા નવા નવા દર્શન પ્રાપ્ત કરવાની ઇચ્છા. અહિં ઉપલક્ષણથી શંકાદિકનું પણ ગ્રહણ કરવું, તે કાંક્ષાનું મોહનીય તે કાંક્ષા મોહનીય અર્થાત્ મિથ્યાત્વ મોહનીય, એવું કર્મ તે ક્રિયાનિષ્પાદ્ય એટલે ક્રિયામાં મુકી શકાય તેવું છે કે નહીં.? એ પ્રશ્ન.

વીરભગવાન્ ઉત્તર આપે છે,-હે ગૌતમ, તે કર્મક્રિયા કરે. કારણકે, જે કરેલું ન હોય-ક્રિયામાં મુકાયેલું ન હોય, તેને કર્મપણાની પ્રાપ્તિજ થતી નથી;

કોઇપિણ વસ્તુને કરવામાં ચતુર્ભંગી-ચારભાંગા હોય છે; દેશવડે-હાથ વગેરેથી વસ્તુના એક દેશ-એક ભાગને આચ્છાદન કરે, તે પહેલો ભાંગો. અથવા હાથ વગેરેના દેશથીજ સર્વ વસ્તુનું આચ્છાદન કરે તે બીજો ભાંગો. અથવા સર્વાત્મપણે વસ્તુના દેશનું આચ્છાદન કરે તે ત્રીજો ભાંગો; અથવા સર્વાત્મપણે સર્વ વસ્તુનું આચ્છાદન કરે તે ચોથો ભાંગો.

એ ચતુર્ભંગીને કાંક્ષામોહનીય કરણમાં ઘટાવા પ્રશ્ન કરે છે;

ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે. હે ભગવન્, ? તે કર્મને દેશે એટલે જીવના અંશેથી કાંક્ષામોહનીય કર્મના અંશ કરેલા છે? અથવા ૨ જીવના અંશે સર્વ કાંક્ષામોહનીય કર્મ કરેલું છે, ૩ અથવા સર્વાત્માથી કાંક્ષામોહનીય કર્મનો અંશ કરેલો છે ૪ અથવા સર્વ–આત્માએ સર્વ કાંક્ષામોહનીય કર્મ કર્યું છે. ?

ભગગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જીવે એક દેશે કાંક્ષામોહનીય કર્મ કર્યું નથી, જીવના દેશે સર્વ કાંક્ષામોહનીય કર્મ કર્યું નથી, સર્વ આત્માએ કરી કાંક્ષામોહનીય કર્મના દેશ કર્યો નથી પણ સર્વ–આત્માએ કરી સર્વ કાંક્ષામોહનીય કર્મ કરેલું છે, એટલે જીવના સ્વભાવને લઇને પોતાના સર્વ પ્રદેશોમાં અવગાઢ થયેલા અને એક સમયે બાંધવાના એવા કર્મોના પુદ્ગળો જ્યારે બંધાય છે, ત્યારે જીવના સર્વ પ્રદેશોનો વ્યાપાર થાય છે, તેથીજ સર્વ–આત્માએ એકી કાળે કરવા યોગ્ય કાંક્ષામોહનીય સર્વ કર્મ કરેલું છે; અર્થાત્ કર્મપણે બાંધેલું છે, તેથી પહેલા ત્રણ ભાંગાઓનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે.

અહિં એટલું સમજવાનું છે કે, જીવની અપેક્ષાએ અને કર્મ-દ્રવ્યની અપેક્ષાએ જે એક પ્રદેશો છે, તેઓની અંદર અવગાઢ થયેલું, અને જીવના સર્વ પ્રદેશોના વ્યાપારપણાને લઇને એક સમયે બાંધવાને યોગ્ય એવું સર્વ કાંક્ષામોહનીય કર્મ કરેલું છે, અથવા સર્વ એટલે જે કાંઇ કાંક્ષામોહનીય કર્મ હોય તે બધું સર્વ–આત્માએ કરેલું છે--બાંધેલું છે, એક દેશવડે નહીં.

ઉપર કહ્યું છે કે, જીવોએ તે કાંક્ષામોહનીય કર્મ કરેલું છે, તેમાં તો સામાન્ય જીવને ઉદ્દેશીને કહેલું છે. પણ તે ‘ કયા જીવો ’ એવું વિ-શેષ કહેવામાં આવ્યું નથી, તેથી તેને વિશેષપણે જણાવવાને નારકાદિ જી-વોના દંડકવડે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે કે, હે ભગવન્, નારકીના જીવો તે કાંક્ષામોહનીય કર્મ કરે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ હા, તે નારકીના જીવો કાંક્ષામોહનીય કર્મ કરે છે. તે સર્વાત્માએ કરી સર્વ કાંક્ષામોહનીય કર્મ કરે છે. અહિં તે પ્રમાણે વૈમાનિક દેવતા સુધી ચોવીશ દંડક કહેવા.

ઉપર જે કાંક્ષામોહનીય કર્મ કહ્યું છે, તે ક્રિયામાં મુકવા યોગ્ય કહ્યું છે, તો તે ક્રિયા ભૂત, વર્તમાન, અને ભવિષ્ય એમ ત્રણ કાળના વિષય વાળી હોય છે, તે ક્રિયા દર્શાવવાને માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે કાંક્ષામોહનીય કર્મ જીવોએ અતીતકાલે કરેલું છે કેમ?

ભગવાન્ કહે છે, ગૌતમ, હા, તે અતીત કાળે કરેલું છે, કારણ કે, તેમ જો કરેલું ન હોય તો આ અનાદિસંસારનો અભાવ થવાનો પ્રસંગ આવે.

ગૌતમ સ્વામી કહે છે. હે, ભગવન્, ત્યારે તે કાંક્ષામોહનીય કર્મ જીવને દેશે કરી કરેલું છે કેમ? આ આલાપ વડે વૈમાનિક દેવતા સુધીનો દંડક કહેવો. એવી રીતે તેઓ વર્તમાન કાલે પણ તે કર્મ કરે છે. આ આલાપ વડે વૈમાનિક દેવતા સુધિનો દંડક કહેવો. એવી રીતે તે ભવિષ્યકાલે પણ તે કર્મ કરવાના છે. તે આલાપ વડે વૈમાનિક દેવતા સુધિનો દંડક કહેવો.

જયારે કર્મ કરવામાં આવે ત્યારે તે કર્મને ચય, ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરા થવા જોઇએ, તેથી તે વિષે દર્શાવે છે.

જીવ તે કર્મનો ચય એટલે પ્રદેશ અનુભાગ વગેરેનું વધારવું તે, તેણે અતીતકાલે કરેલ છે, તે વર્તમાન કાલે કરે છે અને ભવિષ્યકાલે કરવાનો છે.

તે કર્મનો ઉપચય એટલે તે પ્રદેશ અનુભાગ વધાર્યો હોય, તેને વારંવાર વધારવો તે ઉપચય, તેણે તે અતીતકાલે કરેલ છે, તે વર્તમાનકાલે કરે છે અને ભવિષ્યકાલે કરવાનો છે.

અહિં કેટલાએક એમ કહે છે કે, કર્મના પુદ્ગલોને માત્ર ગ્રહણ કરવા તે ચય અને તે ચય કરેલા પુદ્ગલોનો બાધાકાલ મુકીને વેદવાને માટે નિષેક–સિંચન કરવો તે ઉપચય. તે નિષેક આ પ્રમાણે–પ્રથમ સ્થિતિમાં કર્મના ઘણાં દળીયાનો નિષેક કરે છે, પછી બીજી સ્થિતિમાં તેનો નિષેક વિશેષ હીન કરે છે. તે તેની ઉત્કૃષ્ઠ સ્થિતિ સુધી નિષેક કર્યા કરે છે; તે વિષે અન્ય સ્થળે પણ કહેલું છે;

ઉદય નહીં આવેલા કર્મનો કોઇ વિશેષ કારણવડે ઉદયમાં પ્રવેશ કરાવે, તે ઉદીરણા કહેવાય છે. જીવે તે ઉપચિત થયેલા કર્મની ભૂતકાળે ઉદીરણા કરેલી છે, તે વર્ત્તમાનકાળે ઉદીરણા કરે છે, અને ભવિષ્યકાળે ઉદીરણા કરવાનો છે;

જે કર્મનો અનુભવ કરવો તે વેદન કહેવાય છે. જીવે તે ઉદીરણા પામેલા કર્મને ભૂતકાળે વેદ્યા છે, તે વર્ત્તમાનકાળે વેદે છે, અને તે ભવિષ્યકાળે વેદવાનો છે.

કર્મને જીવના પ્રદેશોમાંથી નિર્જરાવે અર્થાત્ કર્મના પ્રદેશોનો નાશ કરવામાં આવે તે નિર્જરા કહેવાય છે.

જીવે તે ઉદીરણા પામેલા કર્મની ભૂતકાળે નિર્જરા કરી છે, તે વર્ત્તમાનકાળે નિર્જરા કરે છે, અને ભવિષ્યકાળે નિર્જરા કરવાનો છે;

તેની સંગ્રહ ગાથા આ પ્રમાણે છે;

કર્યા, ચય કર્યા, ઉપચિત કર્યા, ઉદીરિત કર્યા, વેદ્યા અને નિર્જરિત કર્યા, તેઓમાં પહેલા કૃત, ચિત અને ઉપચિત--એ સામાન્ય ક્રિયાના ત્રણ કાળને આશ્રીને તથા સમુચ્ચયને આશ્રીને ચાર ભેદવાળા છે. અને સામાન્ય ક્રિયા ન લઇએ તો તે ત્રણ ભેદવાળા અને પાછળના ઉદીરિત, વેદિત, અને નિર્જરિત એવા મોહ પુદ્ગલો ત્રણ પ્રકારના છે. અહિં કદિ શંકા થાય કે, પેહેલા ત્રણ સૂત્રોમાં કૃત, ચિત અને ઉપચિત કહ્યાં, અને ઉત્તર સૂત્રોમાં ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ એ કેમ કહ્યા ? તેના સમાધાનમાં કહે છે, કે, કૃત, ચિત અને ઉપચિત કર્મ ચિરકાલ સુધી રહે છે, એથી કરણ વગેરેને માત્ર ત્રિકાળ ક્રિયાથી જુદું ચિરકાલ રહેવાપણું છે, તેને આશ્રીને કૃત, ચિત, અને ઉપચિત કહેલા છે અને ઉદીરિત, વેદિત અને નિર્જીર્ણ કર્મને લાંબો કાળ રહેવાપણું નથી, તેથી ત્રિકાળવર્ત્તી એવી માત્ર ક્રિયાને લઇનેજ તે કહેલા છે.

'જીવ કાંક્ષામોહનીય કર્મને વેદે છે.' એમ કહેવામાં આવ્યું છે, તો તે શા કારણથી વેદે છે? એ પ્રતિપાદન કરવાને ગૌતમસ્વામી પ્રશ્ન કરેછે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્ ,જીવકાંક્ષામોહનીય કર્મ વેદે છે ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, હા, જીવ કાંક્ષામોહનીય કર્મ વેદે છે.

અહિં કોઇ શંકા કરે કે, જીવ કાંક્ષામોહનીય કર્મ વેદે છે, એ વિષેનો નિર્ણય તો પહેલા કરેલો છે, છતાં ગૌતમ સ્વામીએ પુનઃ શા માટે આ પ્રશ્ન કર્યો હશે ? તેના સમાધાનમાં કહે છે કે, પ્રથમ તો માત્ર કર્મને વેદવાનુંજ કહ્યું છે, પણ તે વેદવાનો ઉપાય કહ્યો નથી, તેથી તે કર્મને વેદવાના ઉપાયને પ્રતિપાદન કરવા માટે ગૌતમ સ્વામીએ પુનઃ આ પ્રશ્ન કર્યો છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જીવ કેવે પ્રકારે તે કાંક્ષામોહનીય કર્મ વેદે છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે જીવો અન્ય દર્શનનું શ્રવણ અને અન્ય કુતીર્થિક લોકોનો સંસર્ગ ઈત્યાદિ કારણોને લઇને શંકાવાળા થયેલા હોય એટલે શ્રીજિન ભગવાને પ્રતિપાદન કરેલા પદાર્થો પ્રત્યે સર્વથી અથવા દેશથી સંશય કરનારા હોય વળી જે જીવો કાંક્ષિતા એટલે દેશથી વા સર્વથી અન્ય દર્શનની આકાંક્ષાવાળા હોય તેમજ જે જીવો વિચિકિત્સિતા એટલે ધર્મના ફળને વિષે શંકાવાળા થયા હોય, એથી કરીને ભેદને પામેલા એટલે 'આ જિન શાસન આવું હશે કે આવું હશે' એમ જીન શાસનના સ્વરૂપ પ્રત્યે એ મતિ થઈ ગયેલા, અથવા અનિશ્ચયવાળા થઇ ગયેલા વા મતિભંગને પામી ગયેલા અને છેવટે 'આ એ પ્રમાણે નથી' એમ બુદ્ધિભ્રમને પ્રાપ્ત થયેલા તેવા જીવો કાંક્ષામોહનીય કર્મને વેદે છે.

એ કાંક્ષામોહનીય કર્મ જીવ વેદે છે એ વાત સત્ય છે,-કારણ કે, તે વાત શ્રી જીન ભગવાને પ્રરૂપેલી છે, તે સત્યતા બતાવાને માટે ગૌતમ સ્વામી કહે છે.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, જે જીન ભગવાને પ્રરૂપિત કરેલું છે, તે સત્ય અને નિઃશંક છે. અન્ય દર્શનના પુરૂષો રાગાદિકથી હણાઇ ગયેલા છે, તેથી તેમનું પ્રરૂપેલું સત્ય અને નિઃશંક ન હોય પણ શ્રીવીતરાગ ભગવાને જે પ્રરૂપેલું તે સત્ય અને નિઃશંક હોય છે. અહિં નિઃશંક કહેવાનું કારણ એ છે કે, સત્ય અને મધુર તો કદિ વ્યવહારથી પણ હોઇ શકે છે, પણ નિઃશંક હોઇ શકે નહીં.

ભગવાન્ કહે છે. હે ગૌતમ, જે જીનભગવાને પ્રરૂપેલું હોય તે સત્ય અને નિઃશંક હોયજ.

શ્રીજીન ભગવાને પ્રરૂપેલું સત્ય હોય, એવા અભિપ્રાયવાળો પુરૂષ કેવો હોય, તે બતાવવાને ગૌતમ સ્વામી કહે છે.

ગૌતમ સ્વામી કહે છે. હે ભગવન્, શ્રીજીન ભગવાને જે પ્રરૂપેલું છે, તે સત્ય અને નિઃશંક છે, એવું મનમાં લાવી તે મનને સ્થિર કરતો અને એવું મન ન થાય તો તેને કરતો-તેવી મનની ચેષ્ટા કરતો એટલે 'અન્ય મતો સત્ય નથી' એમ ચિંતવતો અથવા તપ ધ્યાન વગેરે કાર્યોમાં મનની ચેષ્ટા કરતો, અને મનને સંવર કરતો એટલે અન્ય મતોમાંથી મનને નિવૃત્ત કરતો અથવા પ્રાણાતિપાત વગેરેના પ્રચ્ચખાણ લેતો એવો જીવ શ્રીજીન

પ્રભુની આજ્ઞાનો આરાધક બને છે? એટલે જ્ઞાનાદિકની સેવા કરવા રૂપ જીન ભગવાન્‌ના ઉપદેશનો પાળક બને છે?

વીર ભગવાન્ કહે છે. હે ગૌતમ, હા, તેવોજ બને છે.

શ્રી જિન ભગવાને જે કહ્યું, તે સત્યજ હોય એ શા માટે સમજવું ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે, શ્રી જિન ભગવાને તેમાં અર્થાત્ વસ્તુના પરિણામ કહેલા છે, તે વાત દર્શાવવાને ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જે અસ્તિત્વ એટલે વસ્તુનું સત્તાપણું-હોવાપણું છે તે અસ્તિત્વને વિષે એટલે વસ્તુના હોવાપણાને વિષે પરિણમે છે, અને જે નાસ્તિત્વ છે એટલે જે વસ્તુનુંહોવાપણું નથી, તે નાસ્તિત્વ વિષે પરિણમે છે ?

કહેવાનો આશય એવો છે કે, જે વસ્તુનું હોવાપણું તે વસ્તુના હોવાપણામાં પરિણમે છે. જેમ આંગળી છે, તેની અંદર આંગળીપણું રહેલું છે. તે આંગળીને પાંસરી કરે અથવા વાંકી કરે તોપણ તે આંગળીનું આંગળીપણું રહે છે; તેવી રીતે કોઇપણ દ્રવ્યનું અસ્તિત્વ છે, તે તેના સરળતા વગેરે પદાર્થોથી કાંઇ જુદું થતું નથી; તેના એ પદાર્થો થયા કરે છે, અર્થાત્ કોઇપણ દ્રવ્યની બીજે પ્રકારે રહેલી સત્તા બીજા પ્રકારની સત્તામાં વર્ત્તી શકે છે. જેમ માટીરૂપ દ્રવ્યની જે પિંડાકારે સત્તા રચેલી હોય છે, તે તેને। ઘડો કરવામાં આવે ત્યારે ઘડાના પ્રકારની સત્તામાં રહે છે; અને જે વસ્તુ નાસ્તિત્વમાં છે-જે વસ્તુનું હોવાપણું નથી, તે વસ્તુ નાસ્તિકપણામાંજપરિણમે છે, એટલે ન હોવાપણામાં પરિણમે છે. જેમકે જે આંગળી છે, તે અંગોઠો નથી, અર્થાત્ આંગળીની અંદર અંગોઠાપણું રહ્યું નથી. તે અંગુઠાપણુંજ તે અંગુળિનું નાસ્તિત્વ છે, અને અંગુઠાપણાનું અસ્તિત્વ છે. તે આંગળીના નાસ્તિત્વમાં—નહોવાપણામાં પરિણામ પામે છે, એટલે અંગુઠાને પર્યાયે અસ્તિત્વરૂપે પરિણામ પામે છે; જેમ મૃતિકા દ્રવ્યનું નાસ્તિત્વ તંતુ વગેરેમાં છે, તે મૃત્તિકાના નાસ્તિત્વરૂપ—અભાવરૂપ વસ્ત્રની અંદર પરિણામ પામેછે.

અથવા આ વિષે એવો પણ અર્થ છે કે, જે અસ્તિત્વ—હોવાપણું છે, તે ધર્મ અને ધર્મીના અભેદથી સદ્વસ્તુ—વિદ્યમાન રૂપે થઇ અસ્તિત્વમાં—હોવાપણામાં પરિણમે છે, ત્યારે તે સત્ રૂપે થાય છે, તે અત્યંત વિનાશી થતી નથી કારણ કે, જે વિનાશી છે, તેનું રૂપ બીજા પર્યાયમાં જવાનું છે. જેમ દીપક છે, તેનો વિનાશ અંધકારરૂપે પરિણામ પામે છે. તેમજ નાસ્તિત્વ છે,-ન હોવાપણું છે, તે અત્યંત અભાવરૂપ છે, જેમકે ગધેડાનું શીંગડું તે નાસ્તિત્વમાં-અત્યંત અભાવમાંજ છે, અર્થાત્ જેમ ગધેડાને શીંગડું

હોયજ નહીં તેમ જે અત્યંત અસત્ વસ્તુ છે, તેનું સત્વ—હોવાપણું હોયજ નહીં. તેને માટે કહ્યું છે કે, " **नासतो जायते भावो नाभावो जायते सतः** " જે અસત્ છે, તેને ન હોવાપણું નથી."

અથવા એવો અર્થ થાય કે, જે અસ્તિત્વ–હોવાપણું છે, તે ધર્મીની સાથે અભેદ પામી અસ્તિત્વ–હોવાપણામાં વર્ત્તે છે, જેમ વસ્ત્ર તેના વસ્ત્રપણામાં વર્ત્તે છે; અને જે નાસ્તિત્વ–ન હોવાપણામાં છે, તે નાસ્તિત્વમાં–ન હોવાપણામાં વર્ત્તે છે, જેમ જે વસ્ત્ર નથી, તે વસ્ત્રના ન હોવાપણામાં વર્ત્તે છે.

## હવે તે પરિણામ પામવાનો હેતુ બતાવવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, જે અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં પરિણમે છે અને જે નાસ્તિત્વ છે, તે નાસ્તિત્વમાં પરિણમે છે, એટલે જે વસ્તુ છતી છે, તે છતાંપણામાં પરિણમે છે, અર્થાત્ જે પર્યાય છે, તે બીજા પર્યાયને પ્રાપ્ત થાય છે, જે વસ્તુ છતી નથી, તે ન છતાંપણામાં પરિણમે છે, અર્થાત્ બીજીવસ્તુનો પર્યાય તેના બીજા પર્યાયને પ્રાપ્ત થાય છે, તો તે પ્રયોગથી પરિણમે છે કે સ્વભાવથી પરિણમે છે. ? અહિં પ્રયોગ એટલે જીવનો વ્યાપાર જાણવો:

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ. તે પ્રયોગથી અને સ્વભાવથી પરિણમે છે.

પ્રયોગથી વસ્તુનું અસ્તિત્વ એવી રીતે પરિણમે છે કે, જેમ મૃત્તિકાનો પિંડ કુંભારના વ્યાપારના પ્રયોગથી ઘડારૂપે પરિણમે છે; અને જેમ આંગળીની સરલતા વક્રપણાને લઇને પરિણમે છે, તેવી રીતે વસ્તુનું અસ્તિત્વ પ્રયોગથી પરિણમે છે.

સ્વભાવથી વસ્તુનું અસ્તિત્વ કેવી રીતે પરિણમે ? તે વિષે દષ્ટાંત આપે છે. વાદળ સ્વભાવથી ધોળું હોય, પણ તે કાળા વાદળાને લઇને પરિણમે છે, તેવી રીતે વસ્તુનું અસ્તિત્વ સ્વભાવથી પરિણમે છે.

વસ્તુના નાસ્તિત્વ વિષે પણ પ્રયોગ અને સ્વભાવથી પરિણમવા માટે એજ ઉદાહરણો સમજવા. કારણ કે, તેમની પૂર્વાવસ્થા અને ઉત્તરાવસ્થા સત્રૂપ છે. જો કે જે અભાવ છે, તે અભાવજ હોઇ શકે, એમ વ્યાખ્યા કરવામાં આવી છે, તેમાં પણ પ્રયોગ વડે અને સ્વભાવ વડે જે અભાવ હોય તે ભાવ થઇ જાય છે, તેથી પ્રયોગ વગેરેની સફળતા નથી, એમ વ્યાખ્યા કરવી.

ઉપર કહેલા પ્રયોગ અને સ્વભાવના બંને હેતુઓની ઉભયમાં સમતા છે, અને તેમાં ભગવાન્‌ની સંમતિ છે, એ વાત દર્શાવવાને ગૌતમ સ્વામી પુછે છે,

ગૌતમ સ્વામી પુછે છે.–હે ભગવન્, જેમ તમારે મતે પ્રયોગ અને વિશ્વાસ વડે જે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે; તેમ તમારે મતે જે નાસ્તિત્વ છે, તે નાસ્તિત્વમાં પરિણમે છે, અને જેમ તમારે મતે જે નાસ્તિત્વ છે, તે નાસ્તિત્વમાં પરિણમે છે, તેમ ત[૧]મારે મતે જે અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં પરિણમે છે, તે વિષે શું છે ?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, મારા મતમાં જેમ અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, તેમ મારા મતમાં નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, અને જેમ મારા મતમાં નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, તેમ મારા મતમાં અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે.

ઉપર જે દ્રવ્યનું સ્વરૂપ કહેવામાં આવ્યું, તેને સત્યરૂપે જણાવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, નિશ્ચયે કરીને જેમ અમારે મતે વસ્તુનું અસ્તિત્વ છે, તે અસ્તિત્વને વિષે પ્રકાશવા યોગ્ય છે, અર્થાત્ સદ્વસ્તુના હોવાપણાંથી પ્રજ્ઞાપન કરવા યોગ્ય છે; તે જેમ પરિણમે, તેમાં બે આલાપ છે, તેમ ગમનીય--પ્રકાશવા યોગ્યમાં પણ બે આલાપ ભણવાના છે; પેહેલો આલાપ પરિણામના ભેદને કહીને એવો છે કે, હે ભગવન્, નિશ્ચયે કરી જે અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં પ્રકાશવા યોગ્ય છે, તે પ્રકાર અને સ્વભાવથી છે; અને બીજો આલાપ અસ્તિત્વ તથા નાસ્તિત્વના પરિણામની સમાનતાને કહેનારો છે, તે એવો છે કે, હે ભગવન્, તમારા મત પ્રમાણે જેમ જે અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં પ્રકાશવા યોગ્ય છે, ઇત્યાદિથી લઇને મારા મત પ્રમાણે જે અસ્તિત્વ છે, તે અસ્તિત્વમાં પ્રકાશવા યોગ્ય છે, ત્યાં સુધીનો છે.

ઉપર પ્રમાણે ભગવાન્‌ની વસ્તુને પ્રકાશ કરવા સંબંધી સમભાવના કહીને હવે શિષ્ય સંબંધી તે સમભાવના કહેવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે;

---

૧ કોઇવાર અતિશયવાળી વસ્તુમાં અન્યથા રીતે પણ બની જાય છે, અને શ્રી જિનભગવાન્ અતિશયવાળા છે, તેથી તેમનો આશ્રય કરી પરિણામના અન્યથાપણાની શંકા કરીને ‘ તમારે મતે ’ એમ કહેલું છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્; જેવી રીતે તમારે 'આ પોતાનો અને આ પારકો,' એવી અપેક્ષા રાખ્યા વગર સમાનભાવે જે વસ્તુ પ્રવૃત્તિથી કે ઉપકાર બુદ્ધિથી મારા જેવા નજીક રહેલા શિષ્યની આગળ પ્રકાશવા યોગ્ય છેઃ તેવી રીતે સમતા પ્રકારે કે ઉપકાર બુદ્ધિએ તે વસ્તુ ગૃહસ્થ પાખંડી માણસની આગળ પ્રકાશવા યોગ્ય છે કે નહીં?

અથવા એવો પણ અર્થ છે કે, જેવી રીતે સુખ પ્રિયત્વ--આદિ વસ્તુ સ્વાત્માને વિષે પ્રકાશ કરવા યોગ્ય છે, તેવી રીતે પરમાત્માને વિષે પ્રકાશ કરવા યોગ્ય છે કે નહી.?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, હા, જેમ અમારા મત પ્રમાણે સારા શિષ્યની આગળ જે વસ્તુ પ્રકાશવા યોગ્ય છે,--તેમ અમારા મત પ્રમાણે પણ તે વસ્તુ પ્રકાશવા યોગ્ય છે.

પ્રથમ જે કાંક્ષા મોહનીય કર્મને વેદવાનું પ્રસંગ સાથે કહેલું છે, હવે તે કર્મનો બંધ કહેવા માટે ગૌતમ સ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જીવ કાંક્ષામોહનીય કર્મ બાંધે છે?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, હા, જીવ કાંક્ષામોહનીય કર્મ બાંધે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્ જીવ તે કાંક્ષામોહનીય કર્મ શા કારણથી બાંધે છે?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, પ્રમાદ અને મન વગેરેના વ્યવહારના હેતુને લઈને જીવ કાંક્ષામોહનીય કર્મ બાંધે છે.

અહિં પ્રમાદ એટલે મદ્ય પ્રમુખ લેવા, અથવા પ્રમાદના ગ્રહણથી મિથ્યાત્વ, અવિરતિ અને કષાયરૂપ ત્રણ બંધના હેતુ ગ્રહણ કરેલા છે, અથવા તે ત્રણ હેતુઓ એક પ્રમાદની અંદર આવી જાય છે; જેને માટે કહ્યું છે કે, "મુનીંદ્રોએ આઠ પ્રકારનો પ્રમાદ કહેલો છે; તે આ પ્રમાણે ૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાત્વ, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ, ૭ ધર્મમાં અનાદર, અને ૮ મન, વચન, કાયાના યોગનું દુઃપ્રણિધાન એ આઠ પ્રકારનો પ્રમાદ વર્જવા યોગ્ય છે; યોગને કર્મબંધનો ચોથો હેતુ પણ કહ્યો છે.

હવે પ્રમાદ વગેરેના હેતુ ફળ અને ભાવને બતાવા માટે ગૌતમ સ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે. હે ભગવન્, તે પ્રમાદ કોનાથી પ્રવર્ત્તે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પ્રમાદ મન વગેરેના વ્યાપાર રૂપ યોગથી પ્રવર્ત્તે છે; કારણ કે, મદ્યાદિકનું સેવન અને મિથ્યાત્વ, અવિરતિ અને કષાયને લઇને મન વગેરેના વ્યાપાર ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામી પુછે છે,—હે ભગવન્, તે મન વગેરેના વ્યાપાર રૂપ યોગ શેમાંથી પ્રવ-ર્તે છે, ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે મન વગેરેનો વ્યાપારરૂપ યોગ વીર્યમાંથી પ્રવ-ર્તે છે.

વીર્યાંતરાય કર્મના ક્ષય તથા ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલું એક જાતનું જીવનું પરિણામ તે **વીર્ય** કહેવાય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ તે વીર્ય શેમાંથી પ્રવ-ર્તે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે વીર્ય શરીરમાંથી પ્રવ-ર્તે છે.

વીર્ય બે પ્રકારનું છે; ૧ **સકરણ** અને ૨ **અકરણ** તેમાં જે લેશ્યા રહિત કેવળી સમગ્ર જ્ઞેય અને દશ્ય પદાર્થની અંદર કેવળ જ્ઞાન તથા દર્શનનો ઉપયોગ કરતાં તેમનામાં જે સ્ફુરણા તથા પ્રતિઘાત રહિત આ-ત્માનો કોઇ પરિણામ ઉત્પન્ન થાય તે **અકરણ** વીર્ય કહેવાય છે, તે અકરણ વીર્ય આ સ્થળે લેવાનું નથી. જે લેશ્યાસહિત જીવને મન, વચન અને કાયાના કરણના સાધન રૂપે જીવના પ્રદેશને સ્ફુરણા રૂપ વ્યાપાર થાય તે સકરણ વીર્ય કહેવાય છે, આ વીર્ય શરીરમાંથી પ્રવ-ર્તે છે. શરીર વિના તે હોઇ શકતું નથી;

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, શરીર શેનાથી પ્રવ-ર્તે છે.?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, શરીર જીવથી પ્રવ-ર્તે છે. અહિં જો કે શરીરને પ્રવર્ત્તાવવામાં શરીરનું કર્મ પણ કારણ છે, કેવળ એકલો જીવ કારણ નથી, તથાપિ જે કર્મ છે, તે જીવથી કરી શકાય છે, તેથી જીવને પ્રધાન ગણી શરીર જીવથી પ્રવ-ર્તે છે, એમ કહ્યું છેઃ

હવે આ પ્રસંગને લઇને ગોશાળાનો મત દર્શાવવા ભગવાન્ કહે છે.

હે ગૌતમ, '૧એવી રીતે જીવને કાંક્ષામોહનીય કર્મનો બંધ થતાં તેને ઉત્થાન–ઉભા થવાનું થાય છે. ઉત્ક્ષેપણ૨ અને અપક્ષેપણ૩ રૂપ કર્મ

---

૧ ગોશાળાના મત પ્રમાણે ઉત્થાન વગેરે નથી થતાં એમ સમજવું. ગોશાળાનો મત એવો છે કે, ઊત્થાન વગેરે પુરૂષાર્થના સાધક નથી. પુરૂ-ષાર્થની સિદ્ધિ નિયમિતથીજ થાય છે તેનું પ્રમાણ આ પ્રમાણે છે. " प्राप्तव्यो नियतिबलाश्रयेण योऽर्थः सोऽवश्यं भवति नृणां शुभोऽशुभो वा। भूतानां महति कृते प्रयत्ने नाभाव्यं भवति न भाविनोऽस्ति नाशः " ॥ १ ॥

" જે શુભ કે અશુભ બનાવ નિયતિ ( થવા કાળ ) ના બળથી થવાનો છે, તે માણસોને અવશ્ય થયા વિના રહેતો નથી; મહાન્ યત્ન કરવામાં આવે તો પણ જે ભાવી ન હોય તે થતુ નથી અને જે ભાવી હોય તે મટતું નથી. ૧ ૨ ઊંચું ફેંકવું, ૩ નીચું ફેંકવું.

થાય છે, શરીરના પ્રાણનું બળ થાય છે, જીવના ઉત્સાહ રૂપ વીર્ય સ્ફુરે છે અને પુરૂષાર્થના અભિમાન રૂપ ઇચ્છિત પ્રયોજનને સાધે તેવું પરાક્રમ પ્રગટે છે અથવા પરાક્રમ એટલે પુરૂષની ક્રિયા--કામ જે સ્ત્રીની ક્રિયા--કામથી ઉત્કર્ષવાળી હોય છે, તે થાય છે; નહીં તો પરાક્રમનો અર્થ શત્રુનું નિરાકરણ કરવાનો થાય છે.

એવી રીતે કાંક્ષામોહનીય કર્મનું વેદન અને બંધ હેતુસહિત કહીને હવે તેની ઉદીરણા અને બીજું જે કાંઇ તેમાં રહેલું હોય તે બતાવવાને ગૌતમ પ્રશ્ન કરે છે.

ગૌતમ પ્રશ્ન કરે છે. હે ભગવન્, તે જીવ પોતેજ કે જે કાંક્ષા-મોહનીય કર્મના બંધ વગેરેમાં મુખ્ય અધિકારી કહ્યો છે, બીજો કહ્યો નથી, તે જીવ તે કર્મની ઉદીરણા કરે છે ? એટલે કોઈ કરણથી તેને આકર્ષી ભવિષ્યકાળે વેદવા યોગ્ય કરી તેને ખપાવાને ઉદયાવળિકામાં પ્રવેશ કરાવે છે, ? તેમજ તે જીવ પોતેજ તે કર્મને નિંદે છે ? એટલે અતીતકાળે કરેલા તે કર્મ સ્વરૂપને જોઇ તે થવાના કારણોની નિંદા કરે છે ? તથા તે કર્મનો સંવર કરે છે ? એટલે જીવને વિશેષ બોધ થવાથી વર્તમાનકાળના તે કર્મનું સ્વરૂપ જોઇ તેના હેતુનો સંવર કરે છે ?

અહિં ગર્હા વગેરે કરવામાં જો કે ગુરૂ વગેરેની સહાય હોય છે, તથાપિ તેઓ તેમાં પ્રધાન ગણાતા નથી, કારણ કે, તેમાં એકલા જીવના વીર્યનુંજ કારણ હોય છે અને ગુરૂ વગેરે તો માત્ર તેના વીર્યોલ્લાસના હેતુ બને છે.

ભગવાન્ ઉતર આપે છે, હે ગૌતમ, તે જીવ પોતાના આત્માએ કરીનેજ કર્મક્ષય કરે, એમ જે પ્રથમ કહેલું છે, તે પ્રમાણે ભણવું--જાણવું.

## હવે ઉદીરણાને આશ્રીને ગૌતમ સ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે.—હે ભગવન્, તે જીવ પોતાના આત્માએજ ઉદીરણા કરે, આત્માએજ ગર્હા કરે અને આત્માએજ તેનો સંવર કરે, તો તે શું જે ઉદય આવ્યું, તેની ઉદરણા કરે? કે જે ઉદય ન આવ્યું તેની ઉદીરણા કરે ? કે જે ઉદય ન આવ્યું હોય પણ ઉદય આવવાને

યોગ્ય થયું હોય તેવા કર્મની ઉદીરણા કરે? અને ઉદય આવ્યા પછી તે સમયે પશ્ચાત્ કરેલા કર્મની ઉદીરણા કરે?[1]

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જીવ ઉદય આવેલું કર્મ ઉદીરે નહીં, કારણ કે, જે ઉદીરણા પામ્યું હોય, તે ઉદીર્ણપણાને લઇને તેની ઉદીરણા કરવામાં ઉદીરણાને વિરામ પામવાનો પ્રસંગ આવે અને જે કર્મ ઉદય આવ્યું નથી, તે ઉદીરે નહીં, કારણ કે, જે ઉદય આવ્યું નથી, તે ભવિષ્યમાં ઉદય આવવાનું, તેથી તેને ઉદીરે નહીં. વળી તે વિષયની ઉદીરણાનો હાલ અથવા ભવિષ્યમાં અભાવ છે, જે કર્મ સ્વરૂપથી ઉદય આવ્યું નથી પણ જે પછીના અનંતર સમયે ઉદય આવવાને યોગ્ય છે, તે કર્મને ઉદીરે છે, કારણ કે તે વિશેષ યોગ્યતાને પ્રાપ્ત થયેલું છે. અને ઉદય આવ્યા પછીના અનંતર સમયે પશ્ચાત્ કરેલું કર્મ ઉદીરે નહીં; કારણ કે, તે કર્મ અતીતકાળે કરેલું છે, અને જે અતીતકાળે કરેલું હોય, તે સત્–વિદ્યમાન રહેતું નથી અને તેવા અસત્ની ઉદીરણા હોઇ શકે નહીં.

અહિં જો કે ઉદીરણા વગેરેમાં કાળ સ્વભાવ વગેરે કારણરૂપ છે, તોપણ તેમાં પુરૂષના વીર્યનું કારણ પ્રધાન છે, તેથી તેને દર્શાવવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

---

૧ અહિં એવી શંકા થાય કે, પ્રથમ ઉદીરણા, ગર્હા અને સંવર –એવા ત્રણ પદનો ઉદ્દેશ કર્યોછે, તે છતાં અહિ **उदिणां उदीरेइ** ઇત્યાદિ એકલા આદ્ય પદનોજ નિર્દેશ કેમ કર્યો? તે શંકાના સમાધાનમાં કહેવાનું કે, **उदीर्णादिक कर्म** ના જે ચાર વિશેષણો આપેલા છે, તે ઉદીરણાનેજ આશ્રીને તે પહેલા વિશેષણનો સદ્ભાવ છે, બીજા બે વિશેષણોને તેનો અભાવ છે, તેથી એમ આપેલું છે, એમ સમજવું. ત્યારે વળી એવી શંકા થશે કે, 'ગર્હે છે અને સંવર કરે છે,' એ બે પદ ઉદ્દેશ સૂત્રમાં શામાટે ગ્રહણ કરેલા છે? કારણ કે, તેમનો ઉત્તર ભાગમાં નિર્દેશ કરવાનો નથી? તેના સમાધાનમાં કહેવાનું કે, કર્મની ઉદીરણામાં ગર્હા અને સંવર—એ ઉપાયો છે, એમ બતાવવાને માટેજ તે બંને પદ ગ્રહણ કરેલા છે. એવી રીતે ઉત્તર ભાગમાં પણ સમજવું અને આ પ્રશ્નનો અર્થ ઉત્તરના વ્યાખ્યાન ઉપરથી સમજી લેવો.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે કર્મ ઉદય આવ્યું ન હોય અને અનંતર કાળે જે ઉદીરણાને યોગ્ય થવાનું હોય, તે કર્મને જીવ ઉદીરે તો શું તે ઉત્થાનથી ઉદીરે? ગમનાદિક કર્મથી ઉદીરે? શરીરના બળથી ઉદીરે? વીર્યથી ઉદીરે? કે પુરૂષાર્થ-પરાક્રમથી ઉદીરે -મર્દાઇના અભિમાનથી ઉદીરે? અથવા તે જે પ્રકારે ઉદય નથી આવ્યું, તે ઉદીરણાને યોગ્ય એવા કર્મને ઉદીરે? તે ઉત્થાન વિના, કર્મ વિના, બળ વિના, વીર્ય વિના અને પુરૂષાર્થ-પરાક્રમ વિના ઉદય નહી આવેલા અને ઉદીરણાને યોગ્ય એવા કર્મને ઉદીરે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે જીવ ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષાર્થ-પરાક્રમથી પણ ઉદય નહીં આવેલા અને ઉદીરણાને યોગ્ય એવા કર્મને ઉદીરે છે, પણ નહી ઉત્થાન કર્મ, બળ, વીર્ય અને પુરૂષાર્થ-પરાક્રમ વિના પણ ઉદય નહી આવેલા અને ભાવી ઉદીરણા વિના પણ કર્મ પોતાની મેળે ઉદીરે છે,-અર્થાત્ કર્મ પોતાની મેળે સ્વતઃ ઉદય આવે છે. એવી રીતે ઉત્થાન વગેરેથી સાધ્ય એવી ઉદીરણા થતાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરૂષાર્થ-પરાક્રમવડે અનુદય એવા ભાવી કર્મને ઉદીરે છે.

ઉપર પ્રમાણે કાંક્ષામોહનીય કર્મની ઉદીરણા કહ્યા પછી હવે તેનું ઉપશમન કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જીવ પોતાના આત્માએ કરી તે કાંક્ષામોહનીય કર્મને [1]શમાવે છે, આત્માએ કરી તેને ગર્હે છે, અને આત્માએ કરી તેનો સંવર કરે છે? તે વિષે શું છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, તે વિષે પૂર્વોક્ત પ્રમાણે કહેવું. વિશેષમાં એટલું કે, જીવ જે કર્મ ઉદય ન આવ્યું હોય, તે કર્મ ઉપશમાવે છે, પણ જે કર્મ ઉદય આવ્યું હોય તે તો અવશ્ય વેદવુંજ પડે છે, તેને ઉપશમ થવાનો અભાવ છે, ઉદય આવેલું અવશ્ય વેદાય છે, ઉદય આવેલું ઉપશમાવે, ઇત્યાદિ બાકીના ત્રણ ભાંગા વર્જી દેવા.

---

૧ ઉદય આવેલા કર્મનો ઉપશમ થાય છે, ઉદય નહીં આવેલા કર્મનો ક્ષય થાય છે, અને વિપાક તથા પ્રદેશથી કર્મનો અનુભવ ન થવો અર્થાત્ સર્વથા તેના ઉદયને અટકાવવો તે. આ ઉપશમ અનાદિ મિથ્યાદષ્ટિવાળા પુરૂષને ઔપશમિક સમ્યક્ત્વના લાભમાં અથવા ઉપશમ શ્રેણીને પ્રાપ્ત થયેલાને થાય છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે કર્મ ઉદય આવ્યું ન હોય, તે જીવ ઉપશમાવે છે, તે શું ઉત્થાને કરીને, કર્મે કરીને, બલે કરીને, વીર્યે કરીને અને પુરૂષાર્થ–પરાક્રમે કરીને? અને હે ભગવન્, ઉદય આવેલું તે કર્મ જીવ આત્માએ કરીને વેદે અને આત્માએ કરીને ગર્હે? તે વિષે શું છે?

ભગવાન્ કહે છે હે ગૌતમ, અહિં સર્વ પરિપાટી એવી રીતેજ કહેવી. વિશેષમાં એટલું છે કે, જે કર્મ ઉદય આવ્યું હોય તે વેદે છે અને જે કર્મ ઉદય આવ્યું ન હોય તે વેદાતું નથી, તેવી રીતે પુરૂષાર્થ–પરાક્રમ સુધી સમજવું.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, ત્યારે જીવ પોતાના આત્માએ કરી તે કર્મની નિર્જરા કરે છે, અને પોતાના આત્માએ કરીને નિંદે છે, તે વિષે શું છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, એ સર્વ પરિપાટી એ પ્રમાણેજ છે. વિશેષમાં એટલું છે કે, તે કર્મ ઉદય આવ્યા પછીના અનંતર સમયે, પશ્ચાત્–અતીતકાલે કરેલા કર્મની નિર્જરા કરે છે, તે પુરૂષાર્થ–પરાક્રમ કરવા સુધી સમજી લેવું.

ઉપર કહેલ કાંક્ષામોહનીય વેદવાથી તે નિર્જરા કરવા સુધીના સર્વ સૂત્રોના વિસ્તાર નારકી પ્રમુખ ચોવીશ દંડક ઉપર ઘટાવવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે નારકીના જીવો છે, તે કાંક્ષા-મોહનીય કર્મને વેદે છે? જેમ ઔઘિક જીવ તેમ નારકીના જેવા તે સ્તનિત કુમાર સુધીના જીવ સુધી કહેવા.

આ ઉપરથી એમ સૂચવ્યુ છે કે, ગૌતમ સ્વામીના એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહેછે કે, હે ગૌતમ, હા તે નારકીના જીવો કાંક્ષામોહનીય કર્મ વેદે છે. ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે કે, 'તે શા કારણથી વેદેછે'? તેના ઉત્તરમાં ભગવાન 'तेहिं तेहिं कारणेहिं' ઇત્યાદિ સૂત્ર પ્રમાણે કહે છે.

તે સ્તનિત કુમારના તે પ્રકરણોમાં નિર્જરા સૂત્ર સુધી સમજવું. **તેઓમાં જયાં જયાં જીવ પદ પ્રથમ કહેલું છે, ત્યાં ત્યાં નારકાદિ પદ કહેવું.**

જે શંકા વગેરે કાંક્ષામોહનીય કર્મને વેદવાના પ્રકારો છે, તે પંચેંદ્રિય જીવોનેજ લાગુ પડી શકે છે, પણ એકેંદ્રિય વગેરેને લાગુ પડી શકતા નથી, તેથી તેમને વેદવાનો વિશેષ પ્રકાર બતાવા માટે ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્,—જે પૃથ્વિકાય જીવો છે, તે કાંક્ષામોહનીય કર્મને વેદે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, તેઓ વેદે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે કેવી રીતે વેદે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવોને તર્ક–વિચાર હોતો નથી, અર્થના ગ્રહણની સંજ્ઞા હોતી નથી, સમગ્ર વિષયનું વિશેષ જ્ઞાન થવાની પ્રજ્ઞા હોતી નથી, મનમાં સ્મરણ કરવા વગેરે એટલે જાતિ-સ્મરણ વિશેષ મતિના ભેદરૂપ જ્ઞાન હોતું નથી, અને વાણી હોતી નથી, તેથી 'અમે કાંક્ષામોહનીય કર્મ વેદીએ છીએ' એમ તે જાણતા નથી, તે છતાં તે વળી કાંક્ષામોહનીય કર્મ વેદે છે.

ગૌતમ કહે છે, હે ભગવન્, જે જિનકેવલી ભગવાને પ્રરૂપ્યું, તેજ સત્ય અને નિઃશંક છે. બાકીનું પુરૂષાર્થ–પરાક્રમ સુધીનું બધું એવીજ રીતે સમજવું. તેમ વળી ચઉઇંદ્રિય જીવો તથા પંચેંદ્રિય તિર્યંચ-યોનિના જીવોથી માંડીને વૈમાનિક સુધી જેમ ઔધિક જીવોના પ્રકરણમાં કહ્યું, તેમ સમજી લેવું.

બાકીના જીવોને તો કાંક્ષામોહનીય કર્મને વેદવાનું ભલે હોય અને તે હોવું જોઇએ, પરંતુ જે નિર્ગ્રંથ મુનિઓ છે, તેમને તો એ કાંક્ષા-મોહનીય કર્મ વેદવાનો સંભવ નથી, કારણ કે, તેમની બુદ્ધિ જિનાગમના બોધને લઇને ઉજ્વળ હોય છે, તેથી તે વિષય જાણવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે વ્રતધારી અને બાહ્ય તથા આભ્યંતર ગ્રંથ વગરના નિર્ગ્રંથ–મુનિઓ હોય છે, તેઓ [૧]પણ કાંક્ષા-મોહનીય કર્મને વેદે કે નહીં?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, હા, તેઓ પણ વેદે છે.

---

૧ અહિં 'अवि' (પણ) શબ્દ મુકયો છે, તે ઉપરથી એમ સૂચવે છે કે, બૌદ્ધ વગેરેના સાધુઓ તો વેદે પણ નિર્ગ્રંથ એવા જૈન મુનિઓને તો તે વેદવાનો સંભવ નથી.

ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, તેવા શ્રમણ નિર્ગ્રંથ મુનિઓ તે કાંક્ષામોહનીય કર્મને શા કારણથી વેદે છે?

ભગવાન્ કહે છે. હે ગૌતમ, તેઓ તે તે કારણોને લઇને વેદે છે; જેવાં કે, જ્ઞાનાંતરથી એટલે એવી જાતના જ્ઞાનોને લઇને, દર્શનાંતરથી એટલે સામાન્ય બોધોને લઇને, એવા કોઇ ચારિત્રોને લઇને, એવા કોઈ લિંગોને લઇને, એવા કોઇ પ્રવચનોને લઇને, એવા કોઇ પ્રવચનના જ્ઞાતાઓને લઇને, એવા કલ્પીઓને લઇને, એવા માર્ગોને લઇને, એવા મતાંતરોને લઇને; એવી ભંગીઓને લઇને, એવા નયોને લઇને, એવા નિયમોને લઇને અને એવા પ્રમાણોને લઇને શંકાવાળા થયેલા, કાંક્ષા-વાંછાવાળા થયેલા, ધર્મના ફળમાં સંદેહવાળા થયેલા, જિન શાસન તરફ ભેદ બુદ્ધિ પામેલા, અને મતિનો વિપર્યાસ પામેલા એવા તે શ્રમણ–નિર્ગ્રંથ મુનિઓ કાંક્ષા-મોહનીય કર્મને વેદે છે.

## જ્ઞાનાંતર વગેરે કારણોના વિશેષાર્થ.

જ્ઞાનાંતર એટલે એકથી બીજા જ્ઞાનો એટલે કોઇ જાતના જ્ઞાનો, તેને લઇને શંકાવાળા થયેલા, એ સંબંધ સર્વત્ર લેવો.

અહીં શંકા થાય કે, પરમાણુ વગેરે સર્વ રૂપી દ્રવ્યના અવસાન વિષયના ગ્રાહકપણાને લઇને અવધિજ્ઞાનો અસંખ્ય રૂપવાળા છે, તો પછી બીજા મનઃપર્યાય જ્ઞાનની શી જરૂર રહી? કારણકે એક અવધિ જ્ઞાનથી તેના વિષયરૂપ મનોદ્રવ્ય જોઈ શકાય છે, તો પછી આગમમાં મનઃપર્યાય જ્ઞાન શા માટે જુદું કહયું હશે? આમાં ખરૂં શું હશે? એવી જે જ્ઞાનથી શંકા થવી તે જ્ઞાનાંતર કહેવાય છે.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે. જો કે, અવધિજ્ઞાન મનના વિષયને દર્શાવનારૂં છે, તથાપિ તે અવધિજ્ઞાનની અંદર મનઃપર્યાય જ્ઞાનનો સમાવેશ થતો નથી. કારણકે, તે મનઃપર્યાય જ્ઞાનનો સ્વભાવ અવધિજ્ઞાનથી જુદો છે, તે આ પ્રમાણે, મનઃપર્યાય જ્ઞાન માત્ર મનોદ્રવ્યનું ગ્રાહક છે, અને તે દર્શન પૂર્વક થતું નથી, અને અવધિજ્ઞાન તો કાંઇક મનોદ્રવ્ય શિવાય બીજા દ્રવ્યનું અને કાંઇક ઉભય–બંને દ્રવ્યનું ગ્રાહક છે, તે સાથે દર્શન પૂર્વક કેવળ મનોદ્રવ્યનું ગ્રાહક નથી, એ વિષે બીજું ઘણું કહેવાનું છે, પણ અહિં તો એટલુંજ બસ છે, તેથી સિદ્ધ થાય છે કે, મનઃપર્યાય જ્ઞાન અવધિજ્ઞાનથી જુદું છે.

## હવે દર્શન વિષે કહે છે.

દર્શન એટલે સામાન્ય બોધ સમજવો. અહિં એવી શંકા થાય કે, જો કે ઇંદ્રિય તથા અનિંદ્રિય નિમિ-તે સામાન્ય અર્થવિષયનો જે બોધ તે દર્શન કહેવાય છે, તો એક બોધ ચક્ષુર્દર્શન અને બીજો અચક્ષુર્દર્શન એવો ભેદ પડે છે. વળી ઇંદ્રિયના ભેદથી અને અનિદ્રિયના ભેદથી પણ ભેદ પડે છે, તો ચક્ષુની જેમ શ્રોત્ર વીગેરે ઇંદ્રિયોને પણ દર્શન હોવાનો સંભવ છે, તો પછી ઇંદ્રિય તથા નોઇંદ્રિયોના-મળી છ દર્શનો થાય; ફકત બે ન થાય.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે, પ્રત્યેક વસ્તુમાં સામાન્ય અને વિશેષપણું હોય છે, તેથી કોઇ વાર તેનો વિશેષ રૂપે અને કોઈ વાર સામાન્ય રૂપે નિર્દેશ કરવામાં આવે છે, તેથી અહિં ચક્ષુર્દર્શનનો વિશેષથી અને અચક્ષુર્દર્શનનો સામાન્યથી નિર્દેશ કરવામાં આવ્યો છે, એમ સમજવું.

વળી બીજે પ્રકારે પણ નિર્દેશનો સંભવ છે, જેમકે, ચક્ષુર્દર્શન અને અચક્ષુર્દર્શન એમ જે કહેવામાં આવ્યું છે, તે ઇંદ્રિયોના [1]અપ્રાપ્તકારિત્વ અને પ્રાપ્તકારિત્વ એવા બે વિભાગને લઈને કહેવામાં આવ્યું છે. મન ઇંદ્રિય અપ્રાપ્તકારી છે, તો પણ બીજો પ્રાપ્તકારી ઇંદ્રિય વર્ગ તેને અનુસરે છે, તે વર્ગ ઘણો હોવાથી તે મનના દર્શનને અચક્ષુર્દર્શન તરીકે ગ્રહણ કરવામાં આવ્યું છે.

અથવા દર્શન એટલે સમ્યકત્વ, તેની અંદર એવી શંકા કરે છે કે, ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યકત્વના સરખા લક્ષણો છે. જે મિથ્યાત્વ ઉદય આવે તેને ક્ષીણ કરે, અને જે મિથ્યાત્વ ઉદય ન આવે તેને શમાવે, તે ક્ષાયોપશમિક, અને જે મિથ્યાત્વ ઉદય આવે તેને શમાવે તે ઔપશમિક---આ લક્ષણો લગભગ સરખા હોવાથી ક્ષાયોપશમિક અને ઔપશમિક દર્શન સમ્યકત્વની અંદર કાંઈ તફાવત નથી; આવી શંકા તે દર્શનાંતરને લઈને થાય છે.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે, જે મિથ્યાત્વ ઉદય આવ્યું હોય તેનો ક્ષયોપશમ થાય છે, અને જે ઉદય આવ્યું ન

---

૧. જે વસ્તુ પ્રાપ્ત કરી શકે તે ઇંદ્રિય પ્રાપ્તકારી અને જે વસ્તુ પ્રાપ્ત ન કરી શકે તે અપ્રાપ્તકારી કહેવાય છે.

હોય તેનો ક્ષય થાય છે, અને વિપાકના અનુભવની અપેક્ષાએ ઉપશમ છે, અને પ્રવેશના અનુભવથી તો ઉદયજ છે. ઉપશમની અંદર પ્રવેશનો અનુભવ હોતોજ નથી; તેને માટે અન્ય સ્થળે પણ પ્રમાણ છે.

## હવે ચારિત્રાંતર વિષે કહે છે.

ચારિત્ર એટલે ચરણ તેમાં જે સામાયિકચારિત્ર છે, તેનું લક્ષણ સર્વ સાવદ્યથી વિરામ પામવાનું છે, અને જે છેદોપસ્થાપનીયચારિત્ર છે, તેનું લક્ષણ પણ તેવુંજ છે. કારણ કે, જે મહાવ્રત છે, તે અવિરતિરૂપ છે તો પછી તે બંને ચારિત્રની અંદર શો તફાવત? આવી શંકા ચારિત્રાંતર ને લઇને થાય છે.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે. જે છેદોપસ્થાપનીય-ચારિત્ર છે, તે પહેલા અને છેલ્લા તીર્થંકરના સરળ જડ, અને વક્ર જડ એવા સાધુઓને આશ્વાસન આપવાને માટે કહેલું છે, કારણ કે, જે વ્રત આરોપણ કરવામાં જરા સામાયિકની અશુદ્ધિ હોય તો પણ તેમનું વ્રત ખંડિત ન થાય, તેમજ “અમે ચારિત્ર વાળા છીએ અને ચારિત્ર એ વ્રત રૂપ છે,” એવી તેમની બુદ્ધિ થાય, અને જો ફકત એકલું સામાયિક ચારિત્ર હોય તો તેની જરા અશુદ્ધિ થતાં “અમારૂં ચારિત્ર ભંગ થઈ ગયું, કારણ માત્ર સામાયિકનેજ ચારિત્ર-પણું છે,” એમ ધારી તેમને આશ્વાસન મળે નહીં. તેને માટે અન્ય સ્થળે પણ તેવુંજ કહ્યું છે.

## હવે લિંગાંતર વિષે કહે છે.

લિંગ એટલે સાધુનો વેષ. તેમાં એવી શંકા થાય છે કે, પહેલા અને છેલ્લા તીર્થંકર શિવાયના વચ્ચેના તીર્થંકરોએ સાધુઓને માટે જેવા મળે તેવા વસ્ત્રનું લિંગ ધારણ કરવાનો ઉપદેશ કર્યો છે, અને પહેલા અને છેલ્લા તીર્થંકરોએ અમુક પ્રમાણના ધોળા વસ્ત્રનું તેમજ લિંગ ધારણ કરવાનું કહ્યું છે,–સર્વજ્ઞોના વચન વિરોધી ન હોય તે છતાં એમ જુદું જુદું કેમ કહ્યું હશે? આવી શંકા લિંગાંતરોને લઇને થાય છે,

તેના સમાધાનમાં કહેવાનું કે, વચ્ચેના તીર્થંકરોના શિષ્ય સરળ જડ, વક્રજડ અને ઋજુપ્રજ્ઞ હોય છે, તેથી તેવાઓને આશ્રીને તેવા લિંગનો ઉપદેશ આપ્યો છે, કારણ કે તેથી તેમનો ઉપકાર થવાનો સંભવ છે.

## હવે પ્રવચનાંતર વિષે કહે છે.

પ્રવચન એટલે આગમ. તેમાં એવી શંકા થાય છે કે, વચ્ચેના તીર્થંકરોના પ્રવચન [૧]ચાતુર્યામધર્મને પ્રતિપાદન કરનારા છે, અને પહેલા અને છેલ્લાં તીર્થંકરોના પ્રવચનો પંચયામધર્મને પ્રતિપાદન કરનારા છે, તેવો ભેદ શા માટે જોઈએ? કારણ કે,--સર્વજ્ઞોના વચનમાં વિરોધ ન હોવો જોઇએ; આવી શંકાને લઇને પ્રવચનાંતર થાય છે.

તેના સમાધાનમાં કહેવાનું કે, જે ચતુર્યામધર્મ છે, તે તત્વથી ખરી રીતે પંચયામજ છે. કારણ કે, ચોથું વ્રત પરિગ્રહની અંદર આવી જાય છે. એવો ન્યાય છે કે, સ્ત્રીનો પરિગ્રહ કર્યો હોય તોજ તે ભોગવાય છે.

## હવે પ્રાવચનિકાંતર વિષે કહે છે.

પ્રાવચન-આગમને જે જાણે અથવા ભણે તે પ્રાવચનિક કહેવાયછે, તે ઉપરથી કાળની અપેક્ષાએ બહુ આગમ ભણેલો પુરૂષ લેવો. તેમાં એવી શંકા થાય છે કે, એક પ્રાવચનિક પુરૂષ આમ કહે છે અને બીજો આમ કહે છે, તેમાં સત્ય શું હશે? એવી શંકા પ્રાવચનિકોને લઇને થાયછે.

આ શંકાનું સમાધાન એવું છે કે, ચારિત્રમોહનીય કર્મના કોઇ ક્ષયોપશમને લઇને અને ઉત્સર્ગ તથા અપવાદ વગેરેને લઇને પ્રાવચનિકો આગમ વેત્તાઓની વિચિત્ર પ્રવૃત્તિ હોઈ શકે છે, તેથી એ પ્રવૃત્તિ સર્વથા પ્રમાણ થઇ શકે નહીં; કારણ કે, જે પ્રવૃત્તિ આગમની વિરૂદ્ધ ન હોય, તેવી પ્રવૃત્તિજ પ્રમાણ રૂપ ગણાય છે.

## હવે કલ્પાંતર વિષે કહે છે.

કલ્પ એટલે જિનકલ્પી વગેરેની સમાચારી, તેમાં એવી શંકા કરે કે, જે જિનકલ્પીનો નગ્ન રહેવા વગેરે મહા કષ્ટકારિ કલ્પ (આચાર) છે તે કર્મોના ક્ષયને માટે થઇ શકે છે, અને જે સ્થવિરકલ્પીઓનો વસ્ત્ર, પાત્ર વગેરેનો ઉપભોગ કરવા રૂપ યથાશક્તિ કરી શકાય તેવો કષ્ટસ્વભાવી કલ્પ છે, તે કર્મોના ક્ષય માટે કેમ થઇ શકે? એવી શંકા કલ્પાંતરને લઇને થાય છે.

---

૧ ચતુર્યામનો અર્થ ચાર પહોર ભાગ વાળો એટલે તે ઉપરથી ચાર વ્રતવાળો એવો થાય છે. તેવીજ રીતે પંચયામનો અર્થ સમજવો.

આ શંકાનું સમાધાન એવું છે કે, તે બંને પ્રકારના કલ્પો અવસ્થાભેદવડે કર્મક્ષયના હેતુરૂપ થાય છે, એમ જિનભાગવાને કહેલું છે, કારણ કે, કષ્ટ અને અકષ્ટ તે વિશેષ કર્મોનો ક્ષય કરવામાં કારણ રૂપ હોઇ શકતા નથી.

## હવે માર્ગાંતર વિષે કહે છે.

પૂર્વ પુરૂષોના ક્રમથી ચાલી આવતી જે **સમાચારી** તે **માર્ગ** કહેવાય છે. તેની અંદર એવી શંકા કરે કે, કેટલાએકની સમાચારીમાં બે વાર ચૈત્યવંદના હોય છે અને અનેક પ્રકારના કર્મોત્સર્ગ કરવા વગેરે આવશ્યક કરવાના હોય છે, અને કેટલાએકની સામાચારીમાં તેવું હોતું નથી, તો પછી સત્ય શું છે? એવી શંકા માર્ગાંતરને લઇને થાય છે. આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે,જે સામાચારી ગીતાર્થ એવા સત્પુરૂષોએ પ્રવર્તાવેલી હોય છે તે સર્વ સામાચારી વિરોધરહિત હોય છે. કારણ કે, તે આચરિત લક્ષણવાળી હોય છે. આચરિતનું લક્ષણ આ પ્રમાણે છે " જે શ્રદ્ધા વગરના પુરૂષે–અશ્રાવકે આચરેલું ન હોય, કોઇ પણ રીતે દોષવાળું નહોય અને બીજાઓએ નિવારણ કરેલું ન હોય અને ઘણાંઓએ માનેલું હોય તે **આચરિત** કહેવાય છે.

## હવે મતાંતર વિશે કહે છે.

મત એટલે આચાર્યોના આગમમાં સરખો અભિપ્રાય. તે વિષે શંકા કરે છે કે, સિદ્ધસેન દિવાકર એમ માને છે કે, કેવળીને જ્ઞાન અને દર્શન એકી સાથે થાય છે, જો એમ માનીએ તો તેમને આવરણનો જે ક્ષય થયો છે, તે નિરર્થક થઇ જાય. ક્ષમાશ્રમણ જિનભદ્રગણી એમ માને છે કે, જ્ઞાન અને દર્શન થવાના જુદા જુદા કાળ છે; કારણ કે તે જીવ સ્વરૂપ છે. જેમકે તેમાં આવરણનો ક્ષયોપશમ સરખો છે, તોપણ મતિ તથા શ્રુત જ્ઞાનનો ઉપયોગ ક્રમથીજ થાય છે, કાંઇ તેઓ બંનેમાંથી એકનો ઉપયોગ થતાં બીજાના ક્ષયોપશમનો કાંઇ અભાવ થતો નથી, કારણ કે, તેના ક્ષયોપશમનું ઉત્કૃષ્ટ પ્રમાણ સણસઠ સાગરોપમનું છે. આ પ્રમાણે જુદા જુદા મતમાં ખરૂં તત્વ શું છે? એવી શંકા મતાંતરને લઇને થાય છે.

તેના સમાધાનમાં એટલુંજ છે કે, જે મત આગમને અનુસારે હોય તેજ મત સત્ય છે, એમ માનવું; બાકીનાની ઉપેક્ષા કરવી; અને એમ જાણવું કે, જે બહુશ્રુત ન હોય તેનાથી મત બાંધી શકાયજ નહીં. જે મતભેદ થાય છે, તે આચાર્યોને પોતપોતાના સંપ્રદાય વગેરેના દોષને લઇને થાય છે, પણ

શ્રી જિનભગવાનનો મત તો એકજ છે, અને અવિરૂદ્ધ છે, કારણ કે, તેઓ રાગાદિ દોષોથી રહિત છે. તેને માટે લખ્યું છે કે, " પરાનુગ્રહ કરવામાં પરાયણ અને રાગદ્વેષ તથા મોહને જિતનારા યુગપ્રવર તીર્થંકરો અન્યથા કહેનારા હોતા નથી. "

## હવે ભંગાંતર વિષે કહે છે.

ભંગ એટલે બે ત્રણ વગેરેના સંયોગના ભાંગા. તેમાં જુદી જુદી શંકા થાય છે, જેમકે, દ્રવ્યથી એકજ હિંસા છે, ભાવથી નથી; ઇત્યાદિ ચતુર્ભંગી–ચાર ભાંગા કહેલ છે, તેમાં આ પહેલો ભાંગો ઘટતો નથી, કારણ કે, જે દ્રવ્યથી હિંસા છે, તે ઇર્યાસમિતિ વડે ચાળતા એવા પુરૂષને કીડી વગેરેની હિંસા થઇ જાય તે છે, પણ તે ખરી રીતે હિંસા ગણાતી નથી. કારણ કે, તેને હિંસાનું લક્ષણ લાગુ પડતું નથી. હિંસાનું લક્ષણ આ પ્રમાણે છે. "જે પ્રમાદી પુરૂષ અયોગથી વર્ત્તી હિંસા કરે તે હિંસક ગણાય છે. એટલે ભાવથી હિંસાનું લક્ષણ છે, અને અયોગથી દ્રવ્ય તથા ભાવ હિંસા ગણાય છે. "

તેથી અહિં શંકા કહેવામાં આવી પણ તે શંકા કરવી ઘટતી નથી, કારણ કે, ઉપરની ગાથામાં જે હિંસાનું લક્ષણ કહેલું છે, તે દ્રવ્ય તથા ભાવહિંસાને આશ્રીને કહેવામાં આવ્યું છે, કેમકે જે દ્રવ્ય—હિંસા છે, તે માત્ર મરણ થવામાંજ પ્રવર્તે છે, તેથી ભંગાંતરોને લઇને આવી શંકા કરવામાં આવે છે.

## હવે નયાંતર વિષે કહે છે.

નય એટલે દ્રવ્યાસ્તિક નય વગેરે. અહિં એવી શંકા થાય છે કે, દ્રવ્યાસ્તિક નય પ્રમાણે જે વસ્તુ નિત્ય માનેલી હોય છે, તેજ વસ્તુ પર્યાયાસ્તિક નય પ્રમાણે અનિત્ય મનાય છે, એ પરસ્પર વિરૂદ્ધ છે. આવી શંકા થાય છે, પણ તે શંકા કરવી ઘટિત નથી, કારણ કે દ્રવ્યની અપેક્ષાએ વસ્તુનું નિત્યપણું અને પર્યાયની અપેક્ષાએ અનિત્યપણું છે. અપેક્ષાને લઈને એકજ વસ્તુમાં કોઈવાર વિરોધી ધર્મોનો સમાવેશ થયેલો જોવામાં આવે છે. જેમકે, પિતાની અપેક્ષાએ જે પુત્ર છે, તેજ પુત્રની અપેક્ષાએ પિતા છે. આવી રીતે નયાંતરને લઇને શંકાઓ થાયછે.

## હવે નિયમાંતર વિષે કહે છે.

નિયમ એટલે અભિગ્રહ તેની અંદર એવી શંકા થાય છે કે, જયારે સર્વ વિરતિ સામાયિક લેવામાં આવ્યું હોય તો પછી પૌરૂષી

વગેરે બીજા નિયમો લેવાની શી જરૂર છે? એકલા સર્વ વિરતિ સામાયિકથીજ સર્વ ગુણોની પ્રાપ્તિ થઈ શકે છે? આવી શંકા નિયમાંતરને લઈને થાય છે.

તેના સમાધાનમાં કહે છે કે, એ શંકા રહી શકતીજ નથી, કારણકે, સામાયિક લીધા છતાં પણ પૌરૂષી પ્રમુખ નિયમ લેવાની આવશ્યતાજ છે, નહીં તો તે પ્રમાદની વૃદ્ધિનું કારણ બને છે, તેને માટે કહે છે કે, સાવદ્યના ત્યાગ રૂપ સામાયિક ગ્રહણ કર્યાં છતાં પણ પ્રમાદની વૃદ્ધિને ઉત્પન્ન ન કરે તેવા નિયમ લેવાની જરૂર છે."

## હવે પ્રમાણાંતર વિષે કહે છે.

પ્રમાણ એટલે પ્રત્યક્ષાદિ. તેમાં એવી શંકા થાય છે કે, આગમ પ્રમાણ એવું છે કે, સૂર્ય પૃથ્વીની ઉપર આઠસો યોજનને અંતરે ફરે છે અને ચક્ષુથી પ્રત્યક્ષ પ્રમાણે તે સૂર્ય પૃથ્વીમાંથી નીકળતો દેખાય છે. આ બંને પ્રમાણોમાં કયું પ્રમાણ સત્ય? આવી શંકા પ્રમાણાંતરથી ઉદ્ભવે છે.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે. સૂર્ય જે પ્રત્યક્ષ પૃથ્વીમાંથી નીકળતો દેખાય છે, તે પ્રત્યક્ષ પ્રમાણ યથાર્થ નથી, કારણ કે, ઘણાં દૂર-દેશને લઇને તે વિભ્રમથી દેખાય છે; તેમાં તો આગમ પ્રમાણજ સત્ય છે.


ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, જે શ્રીજિન ભગવાનને પ્રરૂપ્યું છે, તે સત્ય અને નિઃશંક છે.?

ભગવાન કહે છે, હે ગૌતમ, તે સત્ય અને નિશંક છે. પુરૂષાર્થ-પરાક્રમ સુધીનું તે બધું સત્ય અને નિઃશંકજ છે, એમ સમજવું.

ગૌતમ કહે છે, હા, શ્રી ભગવંતે કહ્યું, તે સર્વ સત્યજ છે, અન્યથા નથી.

આ પ્રમાણે પ્રથમ શતકનો ત્રીજો ઉદ્દેશ કહયો.

**इति श्री प्रथम शतकनो त्रीजो उद्देश समाप्त.**



# चतुर्थ उद्देशक.

## કર્મની પ્રકૃતિના ભેદ.

ત્રીજા ઉદ્દેશમાં કર્મની ઉદીરણા અને વેદના વગેરે કહેવામાં આવ્યા, હવે તેજ કર્મના ભેદ વગેરે કહેવા માટે આ ચોથા ઉદ્દેશમાં ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે,—હે ભગવન્, કર્મની પ્રકૃતિઓ કેટલા પ્રકારની કહેલી છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે કર્મની આઠ પ્રકૃતિ કહેલી છે, અહિં પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીશમા 'કર્મ પ્રકૃતિ' નામના પદનો પ્રથમ ઉદ્દેશ અનુભાગ સુધીનો સમજવો. તેની સંગ્રહ ગાથા આ પ્રમાણે છે.—

'गइ पगडी' ઇત્યાદિ.

## સંગ્રહ ગાથાનાં અર્થના પ્રશ્નોત્તર.

ગૌતમ સ્વામી–હે ભગવન્ કર્મની પ્રકૃતિ કેટલા પ્રકારની કહી છે?

દ્વાર ૧.

ભગવાન્–હે ગૌતમ, કર્મની આઠ પ્રકૃતિ કહી છે.

દ્વાર ૨.

ગૌતમ–જીવ કર્મની કેટલી પ્રકૃતિ બાંધે ?

ભગવાન્–જીવ, કર્મની આઠ પ્રકૃતિને બાંધે છે. તે આ પ્રકારે, જ્યારે જીવને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થાય ત્યારે દર્શનાવરણીય કર્મ બાંધે, એટલે જીવ વિશેષ ઉદય આવેલું તે કર્મ પ્રાપ્ત કરે છે. જ્યારે દર્શનાવરણીય કર્મ ઉદય આવે ત્યારે દર્શનમોહનીય કર્મ બાંધે છે, અર્થાત્ તેને વિપાકાવસ્થામાં કરે છે. જ્યારે દર્શનમોહનીય કર્મ ઉદય

આવે ત્યારે મિથ્યાત્વને પામે છે, અને મિથ્યાત્વના ઉદયથી બીજું, એવી રીતે જીવ કર્મની આઠ પ્રકૃતિ બાંધે છે.

અહિં કોઈ કદિ ઈતરેતરાશ્રય દોષની શંકા કરે તો તે કરવી નહીં, કારણ કે, કર્મના બંધનો પ્રવાહ અનાદિ છે.

દ્વાર ૩.

ગૌતમ–હે ભગવન્, જીવ કર્મની કેટલી પ્રકૃતિ વેદે છે ?

ભગવાન્–હે ગૌતમ, કેટલાએક વેદે છે, અને કેટલાએક નથી વેદતા. તેઓમાં જે વેદે છે, તે કર્મની આઠ પ્રકૃતિને વેદે છે.

ગૌતમ–હે ભગવન્, જીવ જ્ઞાનાવરણીય કર્મ વેદે કે નહીં ?

ભગવાન્–હે ગૌતમ, કેટલાએક વેદે છે અને કેટલાએક નથી વેદતા. જે કેવળી છે તે વેદતા નથી.

ગૌતમ–હે ભગવન્, નારકી જીવો જ્ઞાનાવરણીય કર્મ વેદે કે નહીં ?

ભગવાન્–હે ગૌતમ, તે નિશ્ચે વેદે છે.

દ્વાર ૪

ગૌતમ–હે ભગવન્, અનુભાગ રસ કયા કર્મનો કેટલા પ્રકારનો હોય છે?

ભગવાન્–હે ગૌતમ, તે અનુભાગ દશ પ્રકારનો હોય છે.

ગૌતમ–હે ભગવન્, જ્ઞાનાવરણીય કર્મનો અનુભાગ–રસ કેટલા પ્રકારનો કહ્યો છે ?

ભગવાન્–હે ગૌતમ, જ્ઞાનાવરણીય કર્મનો અનુભાગ દશ પ્રકારનો કહ્યો છે. તે દ્રવ્યેંદ્રિયાવરણ, ભાવેંદ્રિયાવરણ વગેરે સમજવો.

હવે આ કર્મના વિચારનો અધિકાર ચાલે છે, તેથી મોહનીય કર્મને આશ્રીને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછેછે, હે ભગવન્, પોતે કરેલું મિથ્યાત્વ મોહનીય કર્મ જયારે ઉદય આવે ત્યારે જીવ પરલોકની ક્રિયા કરે? અર્થાત્ અન્યદર્શની થઇ જાય ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, તે જીવ પરલોકની ક્રિયા અંગીકાર કરે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, શું જીવ વીર્યતાથી તે પરલોકની ક્રિયા અંગીકાર કરે કે અવીર્યતાથી–વીર્યના અભાવથી અંગીકાર કરે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે જીવ વીર્યતાથી અંગીકાર કરે પણ અવીર્યતાથી અંગીકાર ન કરે, કારણ કે, તે પરલોકની ક્રિયા અંગીકાર કરવામાં વીર્યજ તેનું કારણ હોય છે.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, જો જીવ વીર્યતાથી તે પરલોકની ક્રિયા કરે, તો તે બાલ વીર્યતાથી કરે, પંડિત વીર્યતાથી કરે ? કે બાલ વીર્યતા તથા પંડિત વીર્યતા—બંનેથી કરે ?

સમ્યક્ પ્રકારે અર્થનો બોધ ન હોવાથી અને સદ્બોધનું કાર્ય જે વિરતિ, તેનો અભાવ હોવાથી બાળ એટલે મિથ્યાદષ્ટિ જીવ સમજવો. તે બાળજીવની વીર્યતા એટલે તેના કોઇ જાતના પરિણામ.

પંડિત એટલે સર્વ સાવદ્યને વર્જનારો જીવ. તેજ ખરો પંડિત કહેવાય છે, તે શિવાયનો જે પરમાર્થપણે જ્ઞાન રહિત હોય તે અપંડિત સમજવો અર્થાત્ સર્વ વિરતિવાલો જીવ.

ખરા જ્ઞાનનું લક્ષણ આ પ્રમાણે છે.—

"तद् ज्ञानमेव न भवति
यस्मिन्नुदिते विभाति रागगणः
तमसः कुतोऽस्ति शक्ति
र्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ १ ॥"

**ભાવાર્થ**—જેનો ઉદય થતાં રાગનો સમૂહ શોભે એટલે જે મેળવ્યાં છતાં પણ રાગાદિ દોષો રહે, તે જ્ઞાનજ ન કહેવાય. સૂર્યના કિરણોની આગળ રહેવાને અંધકારની શકિત કયાંથી હોય ?"

દેશ વિરતિના અભાવથી બાળ અને દેશ વિરતિના હોવાથી પંડિત અર્થાત્ બાલપંડિત એટલે દેશવિરતિવાળો જીવ.

મિથ્યાત્વનો ઉદય થતાં જીવ મિથ્યાદષ્ટિ થઇ જાય, એટલે તે બાલ વીર્યથીજ પરલોકની ક્રિયા કરે, પંડિત વીર્ય અને બાલપંડિતવીર્ય—એ બંનેથી ન કરે, તેવા આશયથી ભગવાન્ ઉત્તર આપે છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે જીવ બાલવીર્યતાથી પરલોકની ક્રિયા કરે, પંડિતવીર્યતા અને બાલપંડિતવીર્યતાથી કરતો નથી.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે જીવ બાલવીર્યતાથી અપક્રમે—પાછો ફરે, એટલે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થતાં સમ્યકત્વથી,

અથવા સંયમથી અથવા દેશવિરતિથી અતિક્રમે અર્થાત્ મિથ્યા દષ્ટિ થાય, પણ પંડિતવીર્યતાથી ન અપક્રમે—ન પાછો ફરે—કારણ કે,-પંડિત પણાના કરતાં અતિપ્રધાન એવું ગુણ સ્થાન હોતું નથી, કે જેને લઇને તે પંડિતવીર્ય વડે પાછો ફરે; અને કદાચિત્ ચારિત્રમોહનીય કર્મના ઉદયથી સંયમમાંથી પાછો ફરે પણ પાછો બાલપંડિતવીર્ય વડે દેશ વિરતિ થઇ શકે.

કોઇ ઠેકાણે બીજા પ્રકારની વાચના પણ છે,-પાઠાંતર છે. તેમાં એમ લખેલું છે કે, "હે ગૌતમ, તે જીવ બાલવીર્યપણાથી અપ ક્રમે છે—પાછો ફરે છે, પંડિતવીર્યતાથી કે બાલપંડિતવીર્યતાથી પાછો ફરતો નથી. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, મિથ્યાત્વ મોહનો ઉદય થતાં બાલવીર્યજ હોય છે, પંડિતવીર્ય અને બાલપંડિતવીર્ય એ બંનેનો નિષેધ છે.

હે ગૌતમ, જેમ ઉદીર્ણના બે આલાપ છે, તેમ તેની સામે ઉપશાંતના પણ બે આલાપ જાણવા. ઉદીર્ણના આલાપની અપેક્ષાએ ઉપશાંતના બે આલાપમાં એટલું વિશેષ છે કે, પહેલા આલાપમાં જયારે સર્વથા મોહનીય ઉપશાંત થાય ત્યારે તે જીવ પરલોકની ક્રિયા અંગીકાર કરે, કારણ કે, ક્રિયાઓની અંદર પંડિતવીર્ય વડે ઉપશાંત મોહાવસ્થામાં પંડિતવીર્યનુંજ હોવાપણું છે, અને બીજા બે વીર્યનો અભાવ છે.

અહિં વૃધ્ધો કોઈ વાચનાને આશ્રીને એમ પણ વ્યાખ્યા કરે છે કે, ઉપશાંત મોહનીયવડે જીવ મિથ્યાદષ્ટિ ન થાય પરંતુ સાધુ અથવા શ્રાવક થાય છે.

બીજા આલાપમાં તો ઉપશાંતમોહનીયવડે સંયમીપણાને લઇને બાલપંડિતવીર્યવડે અપક્રમ કરતો-પાછો જીવ દેશસંયત થાય છે, કારણ કે તેને દેશથી મોહોપશમ હોય છે, પણ તે મિથ્યા-દષ્ટિ થતો નથી, કારણ કે, મિથ્યાદષ્ટિ તો મોહના ઉદયમાંજ હોય છે, અને અહિં તો મોહોપશમનોજ અધિકાર છે.

હવે જે કહેવામાં આવ્યું કે, જીવ અપક્રમ કરે—પાછો નીચે પડે. તે વિષે સામાન્ય પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે જીવ પોતાના આત્માથી અપક્રમે-પાછો ફરે છે કે પોતાના આત્માથી અપક્રમ નથી કરતો? અર્થાત્ તે પોતાથી કે પરથી અપક્રમે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે જીવ મોહનીયકર્મને વેદતો પોતાના આત્માથી અપક્રમે છે, પરથી અપક્રમ કરતો નથી, એટલે પોતાની જાતે નીચો ફરે છે, બીજાથી નીચો ફરતો નથી.

આ કહેવાનો આશય એવો છે કે, તે જીવ મિથ્યાત્વમોહનીય અથવા ચારિત્રમોહનીય કર્મને વેદતો અર્થાત્ ઉદીર્ણ મોહવાળો થતો પ્રથમ પંડિતપણામાં રૂચિ કરનારો અથવા મિશ્રણ રૂચિ કરનારો અથવા મિથ્યા રૂચિવાળો થાય છે.

તે જીવનું અપક્રમણ–નીચે ફરવું, કેવે પ્રકારે થાય? તે વિષે ગૌતમસ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે જીવ કેવે પ્રકારે અપક્રમણ કરે છે? એટલે મોહનીય કર્મને વેદતો કેવી રીતે પાછો નીચો ફરે છે, ?

ભગવાન્ ઉત્તર આપેછે, હે ગૌતમ, તે જીવ પૂર્વે એટલે અપક્રમણ કર્યા પહેલા શ્રી જિનભગવાને પ્રરૂપેલ જીવાદિ અથવા અહિંસાદિ વસ્તુ ઉપર રૂચિ કરે છે, શ્રધ્ધા રાખે છે, અને પછી જયારે મોહનીય કર્મને ઉદય થવાનો કાળ આવે ત્યારે તેજ શ્રીજિનભગવાને પ્રરૂપેલી જીવાદિ અથવા અહિંસાદિ વસ્તુ ઉપર રૂચિ કરતો–શ્રધ્ધા રાખતો નથી, એ રીતે તે મોહનીયકર્મને વેદતો અપક્રમણ કરે છે.

એ પ્રમાણે મોહનીય કર્મને વેદવાનો અર્થ કહી હવે મોહનીયકર્મના અધિકારથી સામાન્યકર્મ વિષે વિચાર કરવામાટે ગૌતમસ્વામી પ્રશ્ન કરેછે.–

ગૌતમસ્વામી પ્રશ્ન કરેછે, હે ભગવન્, એવીરીતે નારકી, તિર્યંચયોનિ, મનુષ્ય અથવા દેવતાના જીવે જે મોક્ષનો વ્યાઘાત કરવાના હેતુરૂપ એવું પાપકર્મ કરેલું હોય તે જીવને તે કર્મ વેદ્યા શિવાય તે કર્મમાંથી મોક્ષ થતો નહીં હોય–? અર્થાત તે કર્મ ભોગવ્યા વિના તેમનો છુટકારો થતો નહીં હોય ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાને તે પાપકર્મ ભોગવ્યા વિના તેમાંથી છુટકારો થતો નથી.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાને તે કર્મ ભોગવ્યા વિના છુટકારો થતો નથી, તે શા માટે કહેવામાં આવ્યું હશે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ,? ૧અમોએ બે પ્રકારના કર્મ કહેલ

---

૧ 'અમોએ' એમ કહી ભગવાને સર્વજ્ઞપણાથી પોતાનું સ્વતંત્રપણું દર્શાવ્યું છે.

છે, એક **પ્રદેશકર્મ** અને બીજું **અનુભાગકર્મ**. જે કર્મના પુદ્ગલો જીવના પ્રદેશમાં ઓતપ્રોત—વ્યાપીને રહેલા છે, તે **પ્રદેશકર્મ** કહેવાય છે, અને તેજ કર્મના પ્રદેશોને અનુભવતાં તે સંબંધી જે રસ, તે રસ રૂપ કર્મને અનુભાગકર્મ કહે છે, એટલે જીવના પ્રદેશમાં વ્યાપી રહેલ તે પ્રદેશકર્મ અને તેનો અનુભવ કરવો તે અનુભાગકર્મ. તેમાં જે પ્રદેશ કર્મ છે, તેને જીવ નિયમથી (અવશ્ય) વેદે છે એટલે વિપાકનો અનુભવ થતો નથી છતાં પણ કર્મના પ્રદેશોને તે પ્રદેશોમાંથી અવશ્ય ખપાવે તેથી તે જીવ તે પ્રદેશોને નિયમથી ખપાવે છે. અને જે અનુભાગકર્મ છે, તેને કેટલાએક જીવ વેદે છે અને કેટલાએક નથી વેદતા, એટલે મિથ્યાત્વને તેના ક્ષયોપશમને કાળે અનુભાગકર્મરૂપે વેદતા નથી અને પ્રદેશ કર્મરૂપે વેદેછે.

આ બે પ્રકારના કર્મ છે, તેથી તેના વેદવાના પણ બે પ્રકાર છે. તે અર્હંત ભગવાન્ જાણે છે, તે દર્શાવવા વીરભગવાન્ કહે છે.

હે ગૌતમ, તે વેદવાના બે પ્રકાર આગળ કહેવાશે, તે અર્હંત ભગવાને સામાન્ય પણે જાણેલા છે, [1]સ્મરણ કરેલા છે, એટલે પ્રતિપાદન કરેલા છે, અથવા વિચાર્યા છે અને દેશકાળાદિકના વિભાગરૂપઃવિવિધ પ્રકારે જાણ્યાં છે—

ઉપર કહેલી વાત સિધ્ધ કરવા કહે છે; હે ગૌતમ, આ જીવ **આભ્યુગમિકી** વેદનાવડે તે કર્મને [2] વેદશે. એટલે દીક્ષા ગ્રહણ કર્યાના સમયથી માંડીને બ્રહ્મચર્ય, ભૂમિશયન અને કેશલોચ વગેરેની ક્રીયાને અંગીકાર કરી તે કર્મને વેદશે. ઔપક્રમિકી વેદના વડે વેદશે એટલે કર્મ વેદવાના ઉપાયની અર્થાત્ પોતાની મેળે ઉદય આવેલા કર્મની ઉદીરણા કરવાથી અથવા ઉદય આવેલા કર્મના અનુભવથી વેદશે. તેમજ યથા કર્મ એટલે જે કર્મ, બાંધ્યું હોય તેનો અતિક્રમઃ કર્યા શિવાય અને વિપરીત પરિણામના હેતુ રૂપ એવા નિયમિત દેશકાલાદિક કારણોનો અતિક્રમ કર્યા શિવાય ભગવંતે જેમ જેમ કર્મ જોયેલું છે, તેમ તેમ તે વિપરીત

---

૧ કેવળીપણાને લઇને ભગવાનને સ્મરણ કરવાનું રહેતું નથી, છતાં જિન ભગવાનને અત્યંત કોઇ વિષયમાં વ્યભિચાર હોતો નથી, તેથી 'સ્મરણ કરેલા' એમ કહેલું છે.

૨ અતીત અને વર્તમાનકાળને બીજો પણ અનુભવ દ્વારા જાણી શકે પણ જે વિશિષ્ટ જ્ઞાનવાન્ હોય તેજ ભવિષ્ય જાણી શકેછે, તેવા આશયથી અહિં ભવિષ્ય કાળ વાપર્યો છે.

પણે પરિણમશે ; તે કારણને લઇને નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતાના જીવને ભોગવ્યા વિના તે કર્મમાંથી મોક્ષ થઇ શકે નહીં.

ઉપર જે કર્મનો વિચાર કરવામાં આવ્યો, તે કર્મ પુદ્ગલ રૂપ છે, તેથી પરમાણુ-પ્રમુખ પુદ્ગલનો વિચાર કરવાને અથવા પરિણામનો અધિકાર ચાલે છે, તેથી પુદ્ગલોનો પરિણામ જાણવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે,—

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે પુદ્ગલ-પરમાણું છે, તે અતીતકાળને વિષે અનંત એટલે અનાદિ પણાને લઇને અપરિમાણ અને શાશ્વત સમય, એટલે સદા વિદ્યમાન, અતીત કાળે લોક કદાચિત્ શૂન્ય નથી હોતો, તેથી સદા કાળ વિદ્યમાન હતા, એમ કહી શકાય કે કેમ ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે પુદ્ગલપરમાણુ અતીત કાળને વિષે અનંત-પરિમાણ રહિત, અને સદાકાળ વિદ્યમાન હતા, એમ કહી શકાય.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે પુદ્ગલ પરમાણુ વર્ત્તમાન સમયને વિષે અનંત-પરિમાણ રહિત અને સદાકાળ વિદ્યમાન છે, એમ કહી શકાય ?

અહિં વર્ત્તમાનકાળને પણ સદા રહેવા પણાને લઇને શાશ્વતપણું છે, અને એવી રીતે ભવિષ્યકાળને પણ છે, તે પૂર્વસ્કંધ કહ્યો છે. સ્કંધ એટલે પોતાના પ્રદેશની અપેક્ષાએ જીવ પણ થાય, એમ જીવ સૂત્ર ઉપરથી સમજવું.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, વર્ત્તમાન સમયને વિષે પણ પુદ્ગલ-પરમાણુ અનંત-અપરિમાણ અને શાશ્વત કાળ છે, એમ કહી શકાય.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે પુદ્ગલ-પરમાણુ ભવિષ્ય કાળને વિષે અનંત અને શાશ્વત કાળ રહેશે, એમ કહી શકાય ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, તેમ પણ કહી શકાય.

આ સ્કંધ સાથે અતીત, વર્ત્તમાન અને ભવિષ્ય-એમ ત્રણ આલાપ છે. તે જીવની સાથે પણ ત્રણ આલાપ કહેવા-સમજવા.

હવે જીવના અધિકારથી પ્રાયે કરીને યથોત્તર પ્રધાન પણે જે જીવ સંબંધી કહેવાનું છે, તે આ ઉદ્દેશના અંત સુધી કહે છે,—

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જે મનુષ્ય છદ્મસ્થ છે. તે અતીતકાળે અનંત અને શાશ્વત સમયે કેવળ એટલે અસહાય અથવા શુદ્ધ અથવા

પરિપૂર્ણ વા અસાધારણ એવા સંયમ, સંવર, બ્રહ્મચર્ય અને આઠ પ્રવચન જ્ઞાતા એટલે પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિવડે સિદ્ધ થયા છે, પ્રતિબોધ પામ્યા છે, અને સર્વ દુઃખનો અંત કરવારૂપ મોક્ષ પામ્યા છે?

અહિં છદ્મસ્થ એટલે અવધિજ્ઞાન રહિત સમજવો, પણ માત્ર કેવળ જ્ઞાન રહિત ન સમજવો, કારણ કે, તે પછી અવધિજ્ઞાની વિષે કહેવાનું આવશે. **સંયમ** એટલે પૃથ્વીકાય વગેરેનું રક્ષણ કરવું તે. સંવર એટલે ઇંદ્રિય તથા કષાયનો વિરોધ કરવો તે.

આ પ્રશ્ન કરવામાં ગૌતમસ્વામીનો એવો અભિપ્રાય છે કે, ઉપશાંતમોહાદિ અવસ્થામાં સંયમ વગેરે સર્વ વિશુદ્ધ થાય છે, અને વિશુદ્ધ સંયમાદિ હોય તો સિદ્ધિ સાધી શકાય છે, તેવી સિદ્ધિ છદ્મસ્થને પણ હોઇ શકે.

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તમે જે પુછ્યું, તે અર્થ ઘટતો નથી.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમાદિ ગુણે કરી સિદ્ધિ પામ્યા અને તે મોક્ષે ગયા, એમ જે કહેવાય છે, તે અર્થ શા કારણથી ઘટતો નથી, ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે કોઇ આ સંસારનો અંત કરનારા છે, અને [1]ચરમશરીરી છે, તેઓએ સર્વ દુઃખનો અંત કર્યો છે, અર્થાત્ મોક્ષે ગયા છે, તેઓ સર્વ દુઃખનો અંત કરે છે—મોક્ષે જાય છે અને સર્વ દુઃખનો અંત કરશે મોક્ષે [2]જશે.

વળી તેઓ સર્વે ઉત્પન્ન થયેલા જ્ઞાન તથા દર્શનને ધારણ કરનારા એટલે અનાદિ સિદ્ધ જ્ઞાનવાળા નહીં તેવા, તેથીજ અર્હત્ પૂજા કરવાને યોગ્ય, જિન-રાગાદિકને જીતનારા, અને કે[3]વળી-સર્વજ્ઞ થઇ સિદ્ધ થયા છે, અને સિદ્ધ થાય છે, અને સિદ્ધ થશે, પ્રતિબોધ પામશે, મુક્ત થયા છે, મુક્ત થાય છે અને મુક્ત થશે.

પરિનિવૃત્ત એટલે કર્મના પુદ્ગલોનો ક્ષય કરી શીતળ થયા છે,

---

૧ ઘણે લાંબે કાળે કદિ સંસારનો તો અંત થાય, તેથી ચરમશરીરી એમ કહ્યું છે. ૨ અહિં સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે ઇત્યાદિ લગાડવું, કારણ કે, સિદ્ધાદિ થયા શિવાય સર્વ દુઃખના અંતને-મોક્ષને પામવાનું બની શકતું નથી. ૩ રાગાદિકને જીતનારા તો છદ્મસ્થ પણ હોય તેથી કેવળી-સર્વજ્ઞ એ વિશેષણ આપ્યું છે.

થાય છે, અને થશે અને સર્વ દુઃખનો અંત કર્યો છે મોક્ષે ગયા છે, જાય છે, અને જશે, હે ગૌતમ, તે કારણને લઇને તેઓએ સર્વ દુઃખનો અંત કર્યો છે, કરે છે, અને કરશે, ત્યાં સુધી કહેવામાં આવ્યું છે, તેમાં વર્ત્તમાનકાળને લઇને 'સિદ્ધ થયા છે,' તેને ઠેકાણે 'સિદ્ધ થાય છે,' એમ કહેવું અને ભવિષ્યકાળને લઇને 'સિદ્ધ થશે' એમ કહેવું.

જેમ છદ્મસ્થના સંબંધમાં કહેવામાં આવ્યું, તેમ આધોવધિક તથા પરમાધોવધિકના સંબંધમાં પણ ત્રણ ત્રણ આલાપ કહેવા. જે અધઃ એટલે પરમ અવધિથી નીચેનો અવધિ તે અધોઽવધિ કહેવાય છે, તેવા અવધિથી જે વ્યવહાર કરે તે 'આધોવધિક' કહેવાય છે, જેને પરિમિત ક્ષેત્ર વિષયનો અવધિ હોય તે. જે તે આધોવધિકથી પરમ ઉત્કૃષ્ટ હોય તે પરમાધોવધિક કહેવાય છે, તે સમસ્ત રૂપિદ્રવ્ય, અસંખ્યાતલોક તથા આલોકના ખંડ અને અસંખ્યાત અવસર્પિણીના વિષય પર્યંત જ્ઞાનવાળો હોય છે.

ત્રણ કાળને જાણનારા કેવળીને પણ એ ત્રણ દંડક હોય છે, પણ જે વિશેષ છે, તે દર્શાવા ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્,—જે કેવળી છે, તેઓએ અતીતકાલે અનંત, શાશ્વત સમયે યાવત્ સર્વ દુઃખનો અંત કરેલો છે, કરે છે, અને કરશે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે કેવળી સિદ્ધ થયેલા છે, થાય છે અને થશે. તેમજ તેઓએ યાવત્ સર્વદુઃખનો અંત કરેલો છે, કરેછે અને કરશે તેમના સંબંધમાં પણ ત્રણ આલાપક છદ્મસ્થની પેઠે કહેવા. વિશેષમાં એટલું કે, તેઓ સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે. અને સિદ્ધ થશે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે નિશ્ચે અતીતકાળે અનંત શાશ્વત સમયે, વર્ત્તમાનકાલે અનંતશાશ્વત સમયે અને ભવિષ્યકાળે અનંત શાશ્વત સમયે જે કોઇ જીવો સર્વ દુઃખનો અંત કરનારા અને તે ચરમ-શરીરી થઇ સર્વ દુઃખનો અંત કરેલો છે, કરે છે અને કરવાના છે, તે સર્વે ઉત્પન્ન એવા જ્ઞાનદર્શનને ધરનારા, અર્હત્-પૂજાને યોગ્ય થયેલા, જિન-રાગાદિકને જીતનારા અને કેવલજ્ઞાની થઇ તે પછી સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેઓએ અતીતકાળે અનંત શાશ્વત સમયે સર્વ દુઃખનો અંત કર્યો છે, કરે છે અને કરશે, અર્થાત્ તેઓ મોક્ષે જાશે..

વળી હે ભગવન્, તેઓ ઉત્પન્ન જ્ઞાનદર્શનને ધારણ કરનારા, અર્હંત્ –પૂજાને યોગ્ય, જિન—રાગાદિકને જીતનારા, અને કેવળી થયા, તો પછી તેમને સર્વ પરિપૂર્ણ થાઓ, પછી તેનાથી બીજું કાંઇ પ્રાપ્તવ્ય જ્ઞાન તેને બાકી રહેતું નથી, એ વિષે કાંઇ કહેવાનું રહે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેઓ ઉત્પન્ન જ્ઞાનદર્શનને ધારણ કરનારા, અર્હંત્–પૂજા કરવા યોગ્ય, જિન–રાગદ્વેષને જિતનારા અને કેવળી થયેલા હોય, તેમને પછી સર્વ પરિપૂર્ણ થયેલું છે, એમજ કહેવાનું રહે છે. અર્થાત્ એ સત્યજ છે.

**ગૌતમ સ્વામી** કહે છે, ભગવાને જે કહ્યું, તે સર્વ સત્ય છે, તે અન્યથા હોયજ નહીં.

॥ इति प्रथम शतकनो चतुर्थ उद्देश समाप्त. ॥

# पंचम-उद्देश.

## પૃથિવીઓના સ્વરૂપનું પ્રતિપાદન.

ઉપરના ચોથા ઉદ્દેશના છેલ્લા સૂત્રોમાં જે અર્હંત્ વગેરે કહ્યા તે પૃથિવીમાંથી ચ્યવીને મનુષ્યપણાને પ્રાપ્ત થયેલા છે, તેથી તે પૃથિવીનું પ્રતિપાદન કરવા ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે,—

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, પૃથિવીઓ કેટલા પ્રકારની કહી છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પૃથિવી સાત પ્રકારની કહી છે. જે રત્નપ્રભાથી માંડીને તમસ્તમઃપ્રભા સુધીની છે.

નરકને વર્જી પ્રાયે કરી પ્રથમ કાંડમાં ઇંદ્રનીલ વગેરે ઘણાં પ્રકારના રત્નો થાય છે, તેથી જેમાં રત્નોની પ્રભા કાંતિ પડે છે, તે રત્નપ્રભા નામે પૃથ્વી છે. મૂળમાં **यावत्** ( સુધી ) નું ગ્રહણ છે, તેથી ૨ શર્કરાપ્રભા ૩ વાળુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધૂમ પ્રભા, ૬ તમઃપ્રભા, અને ૭ તમસ્તમઃ-પ્રભા એ સાતેનું ગ્રહણ કરવું; તેમનો શબ્દાર્થ રત્નપ્રભાની જેમ કરવો તમસ્તમઃપ્રભા એટલે ઉત્કૃષ્ટ અંધકારના જેવી પ્રભાવાળી.

તે ભૂમિઓમાં નરકાવાસ હોય છે, તેથી આવાસના અધિકારથી તેની અંદર શેષ જીવોના આવાસ રૂપ એવા નરકાવાસનું પરિણામ દર્શાવવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે,—

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, એ પ્રત્યક્ષ એવી પહેલી રત્નપ્રભા પૃથ્વીને વિષે કેટલા લાખ નરકાવાસ હશે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે ત્રીશલાખ નરકાવાસ કહેલા છે.

બીજી બાકીની જે પૃથ્વીઓ રહી, તેના સૂત્રો નીચેની ગાથાને અનુસારે જાણવા.

## તે ગાથાનો અર્થ,-

પહેલી રત્નપ્રભા પૃથ્વીનેવિષે ત્રીશલાખ નરકાવાસ છે, બીજી શર્કરા-પ્રભા પૃથ્વીને વિષે પચવીશલાખ નરકાવાસ છે, ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીને વિષે પંનરલાખ નરકાવાસ છે, ચોથી પંકપ્રભા પૃથ્વીને વિષે દશલાખ નરકાવાસ છે, પાંચમી ધૂમપ્રભા પૃથ્વીને વિષે ત્રણલાખ નરકા-વાસ છે, છઠી તમઃપ્રભા પૃથ્વીને વિષે પાંચ ઉણા એક લાખ નરકા-વાસ છે, અને સાતમી **તમસ્તમ પ્રભા** પૃથ્વીને વિષે પાંચજ નરકાવાસ છે. એકંદર તે નારકીના ચોરાશીલાખ નરકાવાસ કહ્યાં છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, અસુરકુમાર દેવતાના આવાસ કેટલા લાખ કહ્યાં છે?

## તે વિષે ગાથાનો અર્થ,

ભગવાન્ કહે છે, હે ગૌતમ, અસુરકુમારોના ચોસઠલાખ ભવનો છે. તેમાં ચોત્રીશલાખ દક્ષિણમાં અને ત્રીશલાખ ઉત્તરમાં રહેલા છે. નાગકુમારના ચોરાશીલાખ ભવનો છે, તેમાં ચુમાલીશલાખ દક્ષિણશ્રેણીમાં અને ચાલીશલાખ ઉત્તરશ્રેણીમાં રહેલા છે. સુપર્ણકુમારના બોંહોતેરલાખ ભવનો છે, તેમાં આડત્રીશલાખ દક્ષિણશ્રેણીમાં અને ચોત્રીશલાખ ઉત્તરશ્રેણીમાં રહેલા છે. છન્નુલાખ વાયુકુમારના ભવનો છે; તેમાં પચાસલાખ દક્ષિણશ્રેણીમાં અને છેતાંલીશલાખ ઉત્તરશ્રેણીમાં રહેલા છે. દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર-એ પ્રત્યેક દેવતાને દક્ષિણશ્રેણિ તથા ઉત્તરશ્રેણિ બંને મળીને છોંતેરલાખ ભવનો છે,-એ અસુર કુમારાદિ સર્વેના મળીને સાત-કોટી અને બોંહોતેરલાખ ભવનો થાય છે, તેમાં ચારકોટી અને છ લાખ ભવનો દક્ષિણશ્રેણીમાં અને ત્રણકોટી અને છાંસઠલાખ ભવનો ઉત્તર-શ્રેણીમાં રહેલાં છે.

હવે પૃથ્વીકાય વગેરે જીવોના આવાસ વિષે દર્શાવવાને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે,--

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, પૃથ્વીકાય જીવોને રહેવાના આવાસ કેટલા લાખ કહેલા છે?

ગભવાન્ કહે છે, હે ગૌતમ, પૃથ્વીકાય વગેરેને રહેવાના આવાસ-સ્થાન અસંખ્યાતા લાખ કહેલા છે. તે પૃથ્વીકાયથી માંડીને જ્યોતિષ્ક દેવતાના વિમાનોના આવાસસ્થાન પણ અસંખ્યાતા લાખ કહેલા છે.

બારદેવલોક, નવગ્રૈવેયક અને પાંચ–અનુત્તર વિમાનને આશ્રીને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ કહે છે,—હે ભગવન્,--સૌધર્મદેવલેકમાં આવાસસ્થાનો કેટલા લાખં કહેલા છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, સૌધર્મદેવલોકમાં બત્રીશલાખ વિમાન–આવાસ સ્થાનો કહેલા છે.

**સર્વ દેવલોકના વિમાનોની સંખ્યાની ગાથા કહે છે.**

સૌધર્મદેવલોકમાં બત્રીશલાખ વિમાન, ઇશાન દેવલોકમાં બાવીશ-લાખ વિમાન, સનત્કુમાર દેવલોકમાં બારલાખ વિમાન માહેંદ્ર દેવલોકમાં આઠલાખ વિમાન, બ્રહ્મેન્દ્ર દેવલોકમાં ચારલાખ વિમાન,—એમ એ પાંચ દેવલોકના સર્વ વિમાનો મળીને ચોરાશીલાખ વિમાનો થાય છે. લાંતક દેવલોકમાં પચાશહજાર વિમાન, શુક્રદેવલોકમાં ચાલીશહજાર વિમાન, સહસ્રાર દેવલોકમાં છહજાર વિમાન, આનત અને પ્રાણત-એ બંને દેવ-લોકમાં ચારસો વિમાન, આરણ તથા અચ્યુત–એ બંને દેવલોકના મળીને ત્રણસો વિમાન, એમ ચાર દેવ લોકના મળીને સાતસો વિમાન થાય છે. નીચેના ગ્રૈવેયકમાં એટલે પહેલા, બીજા અને ત્રીજા ગ્રૈવેયકમાં એકસોને અગીયાર વિમાનો છે. મધ્યમગ્રૈવેયકમાં એટલે ચોથા, પાંચમાં અને છઠા ગ્રૈવેયકમાં બધામળીને એકસોસાત વિમાનો છે, અને ઉપરના ગ્રૈવેયકમાં એટલે સાતમાં, આઠમા અને નવમાં ગ્રૈવેયકમાં બધા મળી એકસો વિમાન છે. અને અનુત્તર વિમાનમાં પાંચ વિમાન છે. પૂર્વાદિ વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને વચ્ચેના સર્વાર્થ સિદ્ધ-એ પાંચમાં પાંચ વિમાનો છે, એમ સર્વ મળી ઉર્ધ્વલોકમાં (૮૪૯–૭૦૨૩) વિમાનો આવેલાછે–

હવે જે આ ઉદ્દેશનો અધિકાર ચાલે છે, તેના અર્થની સંગ્રહ ગાથા કહેછે.

પૃથ્વી વગેરે જે જીવોના વાસસ્થાન છે, તેમની અંદર ૧ સ્થિતિ-સ્થાન, ૨અવગાહના, ૩ શરીર, ૪ સંઘયણ, ૫ સંસ્થાન, ૬ લેશ્યા, ૭ દ્રષ્ટિ, ૮ જ્ઞાન, ૯ યોગ, અને ૧૦ ઉપયોગ એ દશ દ્વાર કહેવા. એટલે આ ઉદ્દેશ-શમાં આ દશ વસ્તુનો વિચાર કરવાનો છે.

પ્રથમ રત્નપ્રભા પૃથ્વીની અંદર જે સ્થિતિ સ્થાન છે, તેની પ્રરૂપણા કરવાને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, રત્નપ્રભા પૃથિવીના જે ત્રીશ લાખ નરકાવાસ છે, તેમાં એકેકા નરકાવાસમાં નારકીના કેટલા સ્થિતિ સ્થાન કહ્યા છે? એટલે તેમના આયુષ્યના કેટલા વિભાગ કહ્યા છે?

ભગવાન કહે છે, હે ગૌતમ, તે નારકીના એકેકા નરકાવાસમાં અસંખ્યાતા સ્થિતિ સ્થાન છે, તે શી રીતે અસંખ્યાતા કહ્યા છે? કે પ્રથમ પૃથિવીની અપેક્ષાએ તેમની જઘન્ય સ્થિતિ દશહજાર વર્ષની અને ઊત્કૃષ્ટ સ્થિતિ સાગરોપમની છે. એ સ્થિતિમાં એકએક સમયની વૃદ્ધિ થવાથી અસંખ્યાતા સ્થિતિસ્થાન થાય છે, કારણકે, સાગરોપમના સમય અસંખ્યાતા છે, એવી રીતે નરકાવાસીની અપેક્ષાએ પણ તે સ્થિતિસ્થાન અસંખ્યાતા થાય છે;માત્ર તેની અંદર જઘન્ય અને ઉત્કૃષ્ટનો વિભાગ બીજા ગ્રંથમાંથી જાણી લેવો. જેમ રત્નપ્રભા પૃથિવીના પહેલા પ્રસ્તર (પાથડા)ના નરકોમાં દશહજાર વર્ષની જઘન્ય સ્થિતિ અને નેવું હજાર વર્ષની ઊત્કૃષ્ટિ સ્થિતિ છે. એ દર્શાવવાને માટે ભગવાન્ કહેછે, હે ગૌતમ, તેની જઘન્ય સ્થિતિ જે દશ હજાર વર્ષ પ્રમુખની છે તે સમયથી અધિક છે એટલે જે દશહજાર વર્ષની જઘન્ય સ્થિતિ કહી, તે એક સ્થિતિસ્થાન સમજવું. તે સ્થિતિસ્થાન પ્રત્યેક સમય ભિન્ન રૂપવાળું છેઃ અને તેજ સ્થિતિ જે સમયાધિક કહી, તે બીજું સ્થિતિસ્થાન, તે પણ વિચિત્ર–અનેક પ્રકારનું છે. એવી રીતે તે અસંખ્યાતા સમયથી અધિક છે.

હવે તે સર્વથી છેલ્લું સ્થિતિસ્થાન બતાવવાને કહે છે.

તે નરકાવાસને યોગ્ય એવું ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન પણ અનેક પ્રકારનું છે, કારણકે, ઊત્કર્ષ સ્થિતિનું વિચિત્રપણું છે,

ઉપર પ્રમાણે સ્થિતિસ્થાન પ્રરૂપી હવે તે સ્થિતિસ્થાનમાં નારકીનો ક્રોધાદિકનો ઉપયોગ વિભાગ વડે દર્શાવવાને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ જે રત્નપ્રભા પૃથિવીના ત્રીશ લાખ નરકાવાસ છે, તે પ્રત્યેક નરકાવાસમાં જે નારકીયો જઘન્ય સ્થિતિમાં રહેલા

છે, તેઓમાં ક્રોધવાળા ઘણાં છે, કે માનવાળા ઘણાં છે? કે માયાવાળા ઘણાં છે, કે લોભવાળા ઘણાં છે?

પ્રત્યેક નરકમાં જઘન્ય સ્થિતિવાળા નારકી ઘણાં હોય છે, અને તેઓને નારકીભવને વિષે ક્રોધનો ઉદય પણ ઘણાંઓને હોય છે, તેથી તેઓના સત્યાવીશ ભાંગા છે, અને એક બે વગેરે સંખ્યાતા સમયથી અધિક જઘન્ય સ્થિતિવાળા કોઇ કોઇ હોય તેથી તેઓમાં ક્રોધાદિકનો ઉપયોગ કરનારા ઓ એક તથા અનેક થવાનો સંભવ છે, તેથી તેમના એંશી ભાંગા થાય છે, અને જે એકેદ્રિંય જીવો છે, તેઓમાં સર્વ કષાયોનો ઉપયોગ હોવાથી પ્રત્યેક ઘણાં નારકીયો હોવાનો સંભવ છે, તેથી તેમનો ભાંગો થતો નથી, તેને માટે બીજે સ્થળે પણ લખેલું છે, આ ભાંગા વિરહની અપેક્ષાએ થાય છે; તે વિરહ તેમની તે સત્તાની હોવાની અપેક્ષા રાખે છે, પણ ઉત્પાદ-ઉત્પન્ન થવાની અપેક્ષા રાખતો નથી, કારણ કે, રત્નપ્રભા પૃથીમાં ઉત્પાદ-ઊત્પન્નના વિરહનો કાળ ચોવીશ મુહૂર્ત્તનો કહેલો છે, તેથી એમ સમજવું કે, જયાં સત્યાવીશ ભાંગા કહેલા છે, ત્યાં વિરહ ભાવને લઇને એશી ભાંગા થાય છે; અને સત્યાવીશ ભાંગાનો અભાવ છે.

૧ ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ. તેના સાત ભાંગા છે? સર્વે નારકીયો ક્રોધનો ઉપયોગ કરનારા છે કારણ કે પ્રત્યેક નરકે પોતાની સ્થિતિની અપેક્ષાએ ઘજન્ય સ્થિતિવાળા નારકીયો સદા બહું હોવાથી તેમજ નારકીના ભવમાં ક્રોધનો ઉદય ઘણો હોવાથી સર્વે ક્રોધનો ઉપયોગ કરનારા હોય છે.

### દ્વિકસંયોગીના છ ભાંગા.

૧ અથવા ક્રોધનો ઉપભોગ કરનારા ઘણાં હોય અને માનનો ઉપયોગ કરનાર એક હોય છે એ પહેલા ભાંગો.

૨ અથવા ક્રોધનો ઉપભોગ કરનારા ઘણાં અને માનનો ઉપયોગ કરનારા પણ ઘણાં હોય, એ બીજો ભાંગો.

૩ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને માયાનો ઉપયોગ કરનાર એક હોય એ ત્રીજો ભાંગો.

૪ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને માયાનો ઉપયોગ કરનારા પણ ઘણાં હોય એ ચોથો ભાંગો.

૫ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને લોભનો ઉપયોગ કરનાર એક હોય, એ પાંચમો ભાંગો.

૬ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને લોભનો ઉપયોગ કરનારા પણ ઘણાં હોય, એ છઠો ભાંગો.

## ત્રિક સંયોગી બાર ભાંગા.

૧ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને માનનો તથા માયાનો ઉપયોગ કરનાર એક એક, એ પહેલો ભાંગો.

૨ ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં, માનનો ઉપયોગ કરનાર એક અને માયાનો ઉપયોગ કરનારા ઘણાં, એ બીજો ભાંગો.

૩ ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં, માનનો ઉપયોગ કરનારા ઘણાં અને માયાનો ઉપયોગ કરનાર એક, એ ત્રીજો ભાંગો.

૪ ક્રોધ, માન અને માયાનો ઉપયોગ કરનારા ઘણાં, એ ચોથો ભાંગો.

એવી રીતે ક્રોધ, માન અને લોભના ચાર ભાંગા ગણતાં સર્વ મળીને બાર ભાંગા થયા. દ્વિકસંયોગીના સાત અને ત્રિકસંયોગીના છ સાથે ગણતાં સર્વ મળીને ઓગણીશ ભાંગા થયા.

## ચતુઃસંયોગી આઠ ભાંગા.

૧ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં, અને માન, માયા અને લોભનો ઉપયોગ કરનાર એક એક—એ પહેલો ભાંગો.

૨ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં, માન તથા માયાનો ઉપયોગ કરનાર એક એક અને લોભનો ઉપયોગ કરનારા ઘણાં એ બીજો ભાંગો.

૩ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને માનનો ઉપયોગ કરનાર એક અને માયાનો ઉપયોગ કરનારા ઘણાં અને લોભનો ઉપયોગ કરનાર એક એ ત્રીજો ભાંગો.

૪ અથવા ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં, માનનો ઉપયોગ કરનાર એક, અને માયા તથા લોભનો ઉપયોગ કરનારા ઘણાં, એ ચોથો ભાંગો.

૫ અથવા ક્રોધ અને માનનો ઉપયોગ કરનારા ઘણાં અને માયા તથા લોભનો ઉપયોગ કરનાર એક એક એ પાંચમો ભાંગો.

૬ અથવા ક્રોધ અને માનનો ઉપયોગ કરનારા ઘણાં, માયાનો ઉપયોગ કરનાર એક અને લોભનો ઉપયોગ કરનારા ઘણાં–એ છઠો ભાંગો.

૭ અથવા ક્રોધ, માન અને માયાનો ઉપયોગ કરનારા ઘણાં અને લોભનો ઉપયોગ કરનાર એક, એ સાતમો ભાંગો.

૮ ક્રોધ, માન, માયા અને લોભનો ઉપયોગ કરનારા ઘણાં–એ આઠમો ભાંગો.

એ પ્રમાણે જઘન્ય સ્થિતિવાળા નારકીઓના કુલ મળીને સત્યાવીશ ભાંગા જાણવા.

જઘન્ય સ્થિતિમાં ઘણાં નારકીઓ હોય છે, તેથી ક્રોધના ઉપયોગને વિષે સર્વે બહુવચનમાં કહેલા છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસમાં પ્રત્યેક નરકાવાસની અંદર સમયથી અધિક એવી જઘન્ય સ્થિતિમાં રહેલા નારકીઓમાં શું ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં છે? કે માનનો ઉપયોગ કરનારા ઘણાં છે? કે માયાનો ઉપયોગ કરનારા ઘણાં છે? કે, લોભનો ઉપયોગ કરનારા ઘણાં છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, ક્રોધ, માન, માયા અને લોભનો ઉપયોગ કરનાર એક છે, અને ઘણાં પણ છે; અથવા ક્રોધનો અને માનનો ઉપયોગ કરનાર એક છે. અથવા ક્રોધનો ઉપયોગ કરનાર એક અને માનનો ઉપયોગ કરનારા ઘણાં છે, એવી રીતે ચોરાશી ભાંગા થાય છે. અહિં ચોરાશી ભાંગા એવી રીતે થાય છે કે, સમયથી અધિક એવી જઘન્ય સ્થિતિને માંડીને સંખ્યાના સમયથી અધિક એવી જઘન્ય સ્થિતિ સુધીમાં નારકીઓ હોતા નથી, તો પણ જો કદિ હોય તો એક અથવા અનેક હોઇ શકે છે, તેથી ક્રોધાદિકના ઉપયોગમાં એક નારકીને લઇને ચાર વિકલ્પ થાય અને બીજા ક્રોધાદિકના ઉપયોગમાં ઘણાં નારકીઓને લઇને પણ ચાર ભાંગા થાય, તે ચાર ભાંગાને દ્વિકનો સંયોગ કરતાં ચોવીશ ભાંગા થાય, તે આ પ્રમાણે, ક્રોધ તથા માનના ઉપયોગમાં એક અને ઘણાં પક્ષે ચાર ભાંગા તેવી રીતે ક્રોધ તથા માયાના ચાર ભાંગા, ક્રોધ તથા લોભના ચાર ભાંગા, માન તથા માયાના ચાર ભાંગા, માન તથા લોભના ચાર ભાંગા અને માયા તથા લોભના ચાર ભાંગા એમ દ્વિકના સંયોગમાં ચોવીશ ભાંગા થાય છે.

તેને જ્યારે ત્રિકનો સંયોગ કરીએ ત્યારે બત્રીશ ભાંગા થાય છે. તે આ પ્રમાણે, ક્રોધ, માન, તથા; માયાને એકના ઉપયોગમાં એક ભાંગો અને તેઓમાં માયાના ઉપયોગમાં ઘણાંઓને લેતાં બીજો ભાંગો એ બંને ભાંગાને માનના ઉપયોગમાં એકને લઇને બે ભાંગા અને તેમના ઉપયોગમાં ઘણાંઓને લઇ બીજા બે, એમ ચાર ભાંગા થાય, પછી ક્રોધના ઉપયોગમાં એકને લઇને ચાર અને બીજા ક્રોધના ઉપયોગમાં ઘણાંને લઇને ચાર એટલે ક્રોધ, માન અને માયાના ત્રિક સંયોગથી આઠ ભાંગા થયા. તેવી રીતે ક્રોધ, માન અને લોભના ઉપયોગમાં બીજા આઠ ક્રોધ, માયા અને લોભના

ઉપયોગમાં બીજા આઠ અને તેવીજ રીતે માન, માયા અને લોભના ઉપયોગમાં આઠ—એમ કુલ મળી બત્રીશ ભાંગા થાય છે,

પછી ચાર સંયોગે સોળ ભાંગા થાય તે આ પ્રમાણે ક્રોધાદિકના ઉપયોગમાં એકને લઇને એક ભાંગો અને લોભના ઉપયોગમાં ઘણાંઓને લઇને બીજો ભાંગો તે બંને ભાંગા માયાના ઉપયોગમાં એકને લઇને અને બીજા બે માયાના ઉપયોગમાં ઘણાંને લઇ એમ ચાર ભાંગા થાય, તે ચારે ભાંગા માનના ઉપયોગમાં એકને લઇને અને બીજા ચાર માનના ઉપયોગમાં ઘણાંઓને લઇને એમ એ આઠ ભાંગા થાય, તે આઠે ભાંગા ક્રોધના ઉપયોગમાં એકને લઇને અને બીજા આઠ ભાંગા ક્રોધના ઉપયોગમાં ઘણાંને લઇ લેતાં બે મળીને સોળ ભાંગા થાય, પછી કુળ બધા મળીને એશી ભાંગા થાય છે.

એ ભાંગા નારકીની જઘન્ય સ્થિતિ કે, જે એક વગેરે સંખ્યાતા સમયથી અધિક છે, તેની અંદર થાય છે, અને અસંખ્યાતા સમયથી અધિક એવી નારકીની જઘન્ય સ્થિતિને માંડીને લઇએ તો સત્યાવીશ ભાંગાજ થાય છે, કારણ કે, તેમાં નારકીઓ ઘણાં હોય છે.

## सत्यावीश भांगानो यंत्र.

### असंयोगी १

ક્રોધનો ઉપયોગ કરનારા અને તે ઘણાંઓ ૧

### દ્વિક સંયોગી ૬

| | | |
|---|---|---|
| ક્રોધનો ઉપયોગ ઘણાં કરનારાઓ | માનનો ઉપયોગ કરનાર એક | ૧ |
| ૩ ... ... ... ... ... ... ... | ૩ | ૨ |
| ૩ ... ... ... ... ... ... ... | માયાનો ઉપયોગ કરનારએક | ૩ |
| ૩ ... ... ... ... ... ... ... | માયાનો ઉપભોગ કરનારાઘણાં | ૪ |
| ૩ ... ... ... ... ... ... ... | લોભનો ઉપયોગ કરનાર એક | ૫ |
| ૩ ... ... ... ... ... ... ... | લોભનો ઉપયોગ કરનારા ઘણાં | ૬ |

## ત્રિક સંયોગી ૧૨

| ક્રોધ. | માન. | માયા | ભાંગા-અંક |
|---|---|---|---|
| ૩ | ૧ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ | ૨ |
| ૩ | ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૩ | ૪ |
| ક્રોધ | માન | લોભ | |
| ૩ | ૧ | ૧ | ૫ |
| ૩ | ૧ | ૩ | ૬ |
| ૩ | ૩ | ૧ | ૭ |
| ૩ | ૩ | ૩ | ૮ |
| ક્રોધ | માયા | લોભ. | |
| ૩ | ૧ | ૧ | ૯ |
| ૩ | ૧ | ૩ | ૧૦ |
| ૩ | ૩ | ૧ | ૧૧ |
| ૩ | ૩ | ૩ | ૧૨ |

## ચતુઃ સંયોગી. ૮

| ક્રોધ | માન | માયા | લોભ | |
|---|---|---|---|---|
| ૩ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૧ | ૩ | ૨ |
| ૩ | ૧ | ૩ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૩ | ૩ | ૪ |
| ૩ | ૩ | ૧ | ૧ | ૫ |
| ૩ | ૩ | ૧ | ૩ | ૬ |
| ૩ | ૩ | ૩ | ૧ | ૭ |

## એવી રીતે ૨૭

| ક્રોધ | માન | માયા | લોભ | |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૪ |
| ૩ | ૩ | ૩ | ૩ | ૪ |

## દ્વિકસંયોગી ભાંગા ૨૪

| ક્રોધ | માન | ક્રોધ | માયા. |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૩ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ | ૩ |

| ક્રોધ | લોભ | માન | માયા |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૩ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ | ૩ |

| માન | લોભ | માયા | લોભ |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૩ | ૩ |

## ચતુઃસંયોગી ૧૬

| ક્રોધ | માન | માયા | લોભ |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૩ | ૧ |
| ૧ | ૧ | ૩ | ૩ |
| ૧ | ૩ | ૧ | ૧ |
| ૧ | ૩ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૩ | ૧ |
| ૩ | ૧ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૧ | ૩ |
| ૩ | ૧ | ૩ | ૧ |
| ૩ | ૧ | ૩ | ૩ |
| ૩ | ૩ | ૧ | ૧ |
| ૩ | ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ | ૩ |

## ત્રિકસંયોગી ભાંગા ૩૨

| ક્રોધ | માન | માયા. |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૩ |
| ૧ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ |
| ૩ | | |

| ક્રોધ | માન | લોભ. |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૩ |
| ૩ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ |

| ક્રોધ | માયા | લોભ |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૩ |
| ૩ | ૧ | ૧ |
| ૩ | ૩ | ૩ |
| ૩ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ |

| માન. | માયા. | લોભ. |
|---|---|---|
| ૧ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ |
| ૩ | ૧ | ૧ |
| ૩ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૧ |
| ૩ | ૩ | ૩ |

## હવે બીજું અવગાહના દ્વાર કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્ , રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસમાં પ્રત્યેક નરકાવાસને વિષે નારકીના અવગાહના[1] સ્થાન કેટલા કહ્યા છે?

ભગવાન્ કહે છે–હે ગૌતમ, તે નારકીને અવગાહના સ્થાન અસંખ્યાતા કહ્યા છે. તેમાં જે જઘન્ય અવગાહના છે, તે સર્વ નરકની અંદર અંગુળના અસંખ્યાતા ભાગ છે. તે જઘન્ય અવગાહના એક પ્રદેશે અધિક અને બે પ્રદેશે અધિક તેમ અસંખ્યાતા પ્રદેશ સુધી અધિક હોય છે. તે જઘન્યા અવગાહના નારકીને યોગ્ય એવી ઊત્કૃષ્ટી અવગાહના જુદી જુદી છે. જેમ તેને પહેલે નરકે ઉત્કૃષ્ટી અવગાહના તે તેને પાંચ કે સાત ધનુષ્ય, ત્રણ હાથ અને છ આંગળ છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, એ રત્નપ્રભા પૃથિવીના ત્રીશ લાખ નરકાવાસમાં એક એક નરકાવાસે જઘન્ય અવગાહનામાં વર્ત્તતા એવા નારકી શું ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં હોય છે?

ભગવાન્ ઉત્તર આપે છે—હે ગૌતમ, તે જઘન્ય અવગાહનાને વિષે એટલે તે એકાદિ સંખ્યાતા પ્રદેશથી અધિક એવી જઘન્ય અવગાહનાને વિષે વર્ત્તતા એવા નારકી થોડા હોય છે, તેથી ક્રોધાદિકનો ઉપયોગ કરનાર એક પણ હોય તેથી તેના એશી ભાંગા થાય છે; અને યાવત્ સંખ્યાતા પ્રદેશથી અધિક જઘન્ય–અવગાહનામાં અને અસંખ્યાતા પ્રદેશથી અધિક જઘન્ય અવગાહનાને વિષે અને તેને યોગ્ય એવી ઉત્કૃષ્ટ અવગાહનાને વિષે વર્ત્તતા એવા બંને નારકીઓ ઘણાં હોય છે. તેઓમાં ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં અને માન, માયા, અને લોભનો ઉપયોગ કરનારા ઘણાં અને એક હોવાના સંભવથી સત્યાવીશ ભાંગા થાય છે.

કદિ અહિં શંકા થાય કે, જે જઘન્ય સ્થિતિવાળા અને જઘન્ય અવગાહનાવાળા છે, તેઓને જઘન્ય સ્થિતિપણે સત્યાવીશ ભાંગા પ્રાપ્ત થાય અને જઘન્ય–અવગાહનાને લઇને એશી ભાંગા થાય એ વિરોધ આવે છે? તેના સમાધાનમાં કહેવાનું કે, જઘન્ય સ્થિતિવાળાને પણ જઘન્ય અવગા-

---

૧ જેમાં શરીર અવગાહના કરે–રહે તે અવગાહના અર્થાત્ તે શરીરના આધારભૂત ક્ષેત્ર, તેના સ્થાન એટલે પ્રદેશની વૃદ્ધિથી થયેલા વિભાગ તે અવગાહના સ્થાન કહેવાય છે.

હનાને કાળે એંશીજ ભાંગા થાય, તે યુકત છે, કારણ કે, ઉત્પત્તિ કાળના ભાવીપણાને લઇને જઘન્ય અવગાહનાઓ થોડી હોય છે. વળી જે જઘન્ય સ્થિતિવાળાઓના સત્યાવીશ ભાંગા કહ્યાં છે, તે જઘન્ય અવગાહનાને જેઓ ઉલ્લંઘન કરી ગયા હોય તેમના સમજવા.

## હવે શરીરદ્વાર કહે છે.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, રત્નપ્રભા પૃથ્વીના ત્રીશ લાખ નરકાવાસમાં પ્રત્યેક નરકાવાસે નારકીના જીવોને કેટલા શરીર[1] કહ્યા છે?

ભગવાન્ કહે છે–હે ગૌતમ, તેમને વૈક્રિય, તૈજસ અને કાર્મણ એવા ત્રણ શરીરો કહ્યાં છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તેજ રત્નપ્રભા પૃથ્વીને વીશે વૈક્રિય શરીરમાં રહેલા એવા નારકીઓ શું ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં છે?

અહી વૈક્રિય, તૈજસ અને કાર્મણ–ત્રણે શરીરને વિષે સત્યાવીશ ભાંગા કહેવા–( જાણી લેવા. )

જો કે મૂળ પાઠમાં વૈક્રિય શરીરને વિષે સત્યાવીશ ભાંગા કહ્યા છે, તથાપિ જે ભાંગાની પ્રરૂપણા સ્થિતિને આશ્રીને અને અવગાહનાને આશ્રીને તેવીજ રીતે જોઇ લેવી–સમજી લેવી. કારણ કે, તે પ્રરૂપણાનો અહીં અવકાશ નથી અને જે શરીરને આશ્રીને ભાંગાની પ્રરૂપણા છે તેનો અહિં અવકાશ છે; એવીરીતે બીજે પણ વિચારી લેવું. એકલા વૈક્રિય શરીરના સૂત્ર પાઠ ઉપરથી વૈક્રિય, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીરો લેવા અને ત્રણેની અંદર સત્યાવીશ ભાંગા કહેવા.

અહિં શંકા થાય છે કે, વિગ્રહ–શરીરની ગતિમાં કેવળ જે તૈજસ અને કાર્મણ શરીર છે, તેઓ અલ્પ હોય છે, તો તેમના પણ એંશી ભાંગા છે એમ કેમ કહ્યું ?

તેના સમાધાનમાં કહે છે કે, તે કહેવું સત્ય છે, પરંતુ જે તૈજસ અને કાર્મણ શરીર કેવળ વૈક્રિય શરીરને અનુસરીને રહેલા છે, તે શરીરનો

---

૧ શરીર પાંચ પ્રકારના હોય છે. તેઓમાંથી કેટલા શરી હોય છે? એ પ્રશ્ન.

અહિં આશ્રય લેવાનો છે, પણ જે વૈક્રિય શરીરને અનુસરીને રહેલા નથી, તેમનો આશ્રય લેવાનો નથી, એટલે સત્યાવીશ ભાંગાજ થઇ શકે.

અહિં બે શરીરનોજ નિર્દેશ કરવો જોઇએ છતાં ત્રણ શરીર કહ્યાં છે, તે ત્રણેની અત્યંત સમાનતા દર્શાવાને કહેલ છે.

## હવે સંહનનદ્વાર કહે છે.

ગોતમ સ્વામી પુછે છે, હે ભગવન, રત્નપ્રભા પૃથ્વીને વિષે જેટલા નારકી છે, તેમના શરીર કેવા સંહનન (સંઘયણ) વાળા કહ્યાં છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, વજ્રઋષભ, નારાચ આદિ છ સંઘયણ કહેવાય છે, તે બધામાંથી એક પણ સંઘયણ તે નારકીને હોતી નથી, તેથી તે અસંહનની છે, અસ્થિનો જે સંચય તે સંહનન કહેવાય છે, તો નારકીને અસ્થિ હોતા નથી શિરા–નાડો હોતી નથી અને નસો હોતી નથી. જે પુદ્ગળો અનિષ્ટ, કુરૂપ, અપ્રિય, અશુભ મનને સારા લાગે નહી તેવા અને વારંવાર સંભારતા જે ગમે નહીં તેવા હોય છે, તેવા પુદ્ગળોના સંઘાત રૂપે તેમના શરીર બંધાએલા હોય છે.

ઉપર પ્રમાણે પુદ્ગળોને આપેલા વિશેષણો પ્રાયઃ એક અર્થવાળા છે, તે પુદ્ગળોની ઉત્કૃષ્ટ અનિષ્ટતાને પ્રતિપાદન કરવા માટે આપેલા છે, તે નારકીના પુદ્ગળો અનિષ્ટ છે. કદિ અનિષ્ટ હોય પણ જરા સુંદર હોય તો તે સારા લાગે છે, તેથી કહે છે કે, તે અકાંત છે–સુંદર નથી. કદિ સુંદર ન હોય તો પણ કદિ કોઇ કારણને પ્રીતિકારક થાય, પણ તે 'અપ્રિય' છે. એટલે અપ્રીતિ થવાના કારણ રૂપ છે, તેવા શા માટે છે ? તેથી કહે છે કે તે ' અશુભ ' છે, એટલે તેમનો સ્વભાવજ અશુભ છે. ત્યારે તેવા અશુભ તો સામાન્ય રીતે પણ હોય, તેથી કહે છે કે તે ' અમનોજ્ઞ ' છે. એટલે તેનો મનમાં અનુભવ કરતાં તે ઘણાં અશુભ લાગે છે. તેવા તો કદિ કોઇવાર લાગતા હશે, તેથી કહે છે કે તે ' અમનોમ ' છે, એટલે તેમને વારંવાર મનમાં સંભારતા તે અણગમતાલાગે તેવા છે. આ પ્રમાણે તે નારકીના પુદ્ગળો ઉત્કર્ષરીતે અનિષ્ટતાને દર્શાવનારા છે. તેવા પુદ્ગળો તે નારકીના શરીરમાં સંચય થઇને રહેલા છે.

## હવે સંસ્થાન દ્વાર કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીના નારકીઓમાં શરીર કેવા સંસ્થાનવાળા કહ્યા છે ? એટલે તે નારકીના શરીરનો આકાર કેવો હોય છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકીના શરીર બે પ્રકારે કહ્યા છે, એક ભવધારણીય એટલે જન્મતાં વેતજ ધારણ કરી શકાય તેવાં અર્થાત્ જન્મ લઈ શકાય તેવા અને બીજા ઉત્તરવૈક્રિય એટલે પહેલા વૈક્રિય શરીરની અપેક્ષાએ ઉત્તરકાળે આગળે કાળે થાય તેવા. તેમાં જે ભવધારણીય શરીરવાળા છે, તે સર્વરીતે અશુભ સંસ્થાનવાળા કહયા છે, અને જે ઉત્તર વૈક્રિય શરીરવાળા નારકી છે, તે પણ અશુભસંસ્થાનવાળા કહ્યાં છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે નારકીઓ અશુભ સ્થાને રહેલા છે, તેઓ શું ક્રોધના ઉપયોગ કરનારા છે?

ભગવાન્ કહે છે— હે ગૌતમ, તેમના સંબંધમાં પણ સત્યાવીશ ભાંગા કહેવા.

## લેશ્યા દ્વાર કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીને વિશે રહેલા નારકીને કેટલી લેશ્યાઓ[1] કહી છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા નારકીને એક કાપોત લેશ્યા જ કહેલી છે.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, શું કપોત લેશ્યામાં રહેલા નારકીયોને ક્રોધનો ઉપયોગ કરનારા કહ્યા છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેમાં પણ સત્યાવીશ ભાંગા સમજવા.

## હવે દષ્ટિદ્વાર કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે રત્નપ્રભા નારકીને વિષે રહેલા નારકીઓ શું સમ્યગ્ દષ્ટિ છે? શું મિથ્યાદષ્ટિ છે? કે શું? સમ્યગ્ મિથ્યાદષ્ટિ છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તેઓ ત્રણે દષ્ટિવાળા છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તેઓમાં જે સમ્યગ્દષ્ટિ નારકીઓ છે, તેઓ શું ક્રોધના ઉપયોગ કરનારા છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેમના પણ સત્યાવીશ ભાંગા થાય છે, એવી રીતે મિથ્યાદષ્ટિના પણ સત્યાવીસ ભાંગા થાય છે, અને સમ્યગ્

૧ જે કર્મવડે જેનું આલિંગન કરાય તે તેની લેશ્યા કહેવાય છે.

મિથ્યાદષ્ટિ-મિશ્રદષ્ટિના એંશી ભાંગા થાય છે. કારણ કે, મિશ્રદષ્ટિ ઘણાં થોડા હોય છે, અને તેનો ભાવ પણ કાળને લઇને અલ્પ હોય છે, એટલે કોઇ એક મળી આવે છે, એટલે એંશી ભાંગા થાય છે.

## હવે જ્ઞાનદ્વાર કહે છે.

ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા નારકીઓ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તેઓ જ્ઞાની પણ છે, અને અજ્ઞાની પણ છે. તેમાં ત્રણ જ્ઞાન નિયમિત રીતે છે અને ત્રણ અજ્ઞાન વિકલ્પે છે.

જે સમકિતવાળા જીવ નારકીમાં ઉત્પન્ન થાય છે, તેઓને પ્રથમ સમયથી આરંભીને ભવપ્રત્યય એટલે પોતાના ભવની પ્રતીતિ આપનારૂં અવધિ જ્ઞાન હોઇ શકે, તેથી તેઓને ત્રણ જ્ઞાન નિયમથીજ હોય છે, અને જે મિથ્યાદષ્ટિ જીવ હોય તેઓ સંજ્ઞી તથા અસંજ્ઞીથી ઉપજે છે, તેઓમાં જેઓ સંજ્ઞીથી ઉપજેલા છે, તેઓને ભવ પ્રત્યય જ્ઞાનથી વિભંગ થાય છે, એટલે તેઓ અજ્ઞાની હોય છે, અને જે અસંજ્ઞીથી ઉપજેલા છે. તેઓને પહેલા અંતર્મુહૂર્તથી પર વિભંગ જ્ઞાનની ઉત્પત્તિ છે. એથી કરીને તેમને પૂર્વે બે અજ્ઞાન હોય છે. અને પાછળથી વિભંગની ઉત્પત્તિ થતાં ત્રણ અજ્ઞાન હોય છે, તેથીજ કહ્યું છે કે, તે નારકીને કોઇવાર વિકલ્પે અજ્ઞાન હોય છે, એટલે કોઇવાર બે અજ્ઞાન અને કોઇવાર ત્રણ અજ્ઞાન હોય છે, તેને માટે અન્ય સ્થળે પણ કહેલું છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા નારકી આભિનિબોધિક જ્ઞાનમાં રહ્યા હોય ત્યારે તેઓ ક્રોધનો ઉપયોગ કરનારા હોય છે કે નહીં?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેઓના પણ સત્યાવીશ ભાંગા જાણવા.

અહિં આભિનિબોધિક જ્ઞાનની પેઠે સત્યાવીસ ભાંગાએ સહિત પહેલા ત્રણ જ્ઞાન અથવા અજ્ઞાન કહેવા. તેમાં જે અહિં ત્રણ જ્ઞાન કહેવામાં આવ્યા છે, તે આભિનિબોધિક જ્ઞાનને ફરીવાર ગણીને કહેલા છે, નહીં તો બેજ જ્ઞાન કહેવા અને જે ત્રણ અજ્ઞાન કહ્યાં છે, તેમાં મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન કે જે વિભંગના પૂર્વકાળે થવાના છે, તે સમજવા; ત્યારે તેના એંશી ભાંગા થઇ શકે છે. કારણકે, તેઓ થોડા હોય છે. કેમકે, તેઓ

જઘન્ય અવગાહનાવાળા હોવાથી જઘન્ય અવગાહનાના આશ્રયથીજ તેમના એંશી ભાંગા સમજવા.

## હવે યોગદ્વાર કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા નારકીના જીવો શું મનોગી છે, વચનયોગી છે, કે કાયયોગી છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેઓ ત્રણે યોગવાળા છે, એટલે, મનોયોગી પણ છે, વચનયોગી પણ છે, અને કાયયોગી પણ છે, તેઓ જયારે મનોયોગમાં રહેલા હોય ત્યારે તેમના સત્યાવીશ ભાંગા કહેવા અને કાયયોગમાં રહેલા હોય ત્યારે પણ તેના સત્યાવીસ ભાંગા કહેવા.

અહિં જોકે કેવળ કાર્મણ કાયાના યોગમાં તેના એંશી ભાંગા થવાનો સંભવ છે, તથાપિ તે અહિં કહેવાની ઇચ્છા ન હોવાથી અને જે આ કહેલ છે, તે એક સામાન્ય કાયયોગને આશ્રીને કહ્યું છે, તેથી કાયયોગના પણ સત્યાવીશ ભાંગા કહેલા છે.

## હવે ઉપયોગદ્વાર કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા નારકી સાગારોપયોગી છે કે અનાગારોપયોગી છે ?

આકાર એટલે વિશેષ અંશને ગ્રહણ કરવાની જે શક્તિ, તે શક્તિથી યુક્ત તે સાકાર અર્થાત્ જ્ઞાનોપયોગે સહિત અને તેનાથી રહિત તે અનાકાર એટલે સામાન્યગ્રાહી અર્થાત્ કેવળદર્શનોપયોગી.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે રત્નપ્રભા પૃથ્વીને વિષે રહેલા સાગરોપયોગી નારકી ક્રોધાદિકનો ઉપયોગ કરનારા છે કે નહીં ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેના પણ સત્યાવીસ ભાંગા કહેવાના છે; અને એવી રીતે અનાગારોપયોગી નારકીના પણ સત્યાવીસ ભાંગા કહેવાના છે.

આ પ્રમાણે સ્થિતિ વગેરે જે દશ દ્વાર રત્નપ્રભા પૃથ્વીના નારકીને કહ્યા છે, તેજ પ્રમાણે બાકીની પૃથ્વીઓના દશ દશ દ્વાર સમજવા.

માત્ર તેઓમાં લેશ્યાદ્વારની અંદર કાંઇક વિશેષ છે. કારણ કે, લેશ્યાઓની અંદર ભેદ રહેલો છે, તેથી તે બતાવા માટે નીચે પ્રમાણે ગાથાનો અર્થ આપે છે.

"પહેલી તથા બીજી પૃથ્વીને વિષે કાપોત લેશ્યા છે, ત્રીજી વાલુકા-પ્રભા પૃથ્વીના ઉપરને પાથડે કાપોત લેશ્યા અને નીચેને પાથડે નીલ લેશ્યા હોય છે, ચોથી પૃથ્વીને વિષે એકલી નીલ લેશ્યાજ હોય છે, પાંચમી પૃથ્વીને વિષે મિશ્ર લેશ્યા એટલે નીલ તથા કૃષ્ણ લેશ્યા હોય છે; છઠ્ઠી પૃથ્વીને વિષે એકલી કૃષ્ણ લેશ્યા હોય છે અને સાતમી પૃથ્વીને વિષે પરમ કૃષ્ણ લેશ્યા હોય છે."

અહિં નારકીનો અધિકાર સંપૂર્ણ થાય છે.

## હવે ભવનપતિનો અધિકાર કહે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, જે અસુરકુમારોના ચોસઠ લાખ આવાસ–ભુવનો છે, તે પ્રત્યેક આવાસ–ભુવનને વિષે તેમના સ્થિતિ-સ્થાન ( આયુષ્યના વિભાગ ) કેટલા કહેલા છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે અસુરકુમારોના સ્થિતિસ્થાન અસંખ્યાતા કહેલા છે અને તેમની જઘન્ય સ્થિતિ નારકીની જેમ સમજવાની છે; તેમાં એટલું વિશેષ છે કે, અસુરકુમારોના પ્રતિલોમ ભાંગા સમજવા એટલે તે તેનાથી ઉલટી રીતે લેવા. જેમ કે, નારકીને માટે ક્રોધ, માન, માયા અને લોભનો ક્રમ લેવાય છે, તેમ અસુરકુમારોને માટે લોભ, માયા, માન અને ક્રોધ એવો ક્રમ લેવો; કારણ કે, દેવતાઓ પ્રાયે કરીને લોભનો ઉપયોગ કરનારા હોય છે; તેથી સર્વે પણ અસુરકુમારો લોભનો ઉપયોગ કરનારા હોય છે. જો દ્વિક સંયોગ લઇએ તો લોભનો ઉપયોગ કરવામાં બહુ વચનજ આવે અને માયાના ઉપયોગમાં એક વચન અને બહુ વચન આવે, એટલે બે ભાંગા થાય. તેથી એકંદર સત્યાવીશ ભાંગા કરવા. વિશેષમાં એટલું છે કે, તેમનું નાનાત્વ એટલે વિવિધપણું જાણવું, એટલે નારકી અને અસુર કુમારોને પરસ્પર વિવિધપણું જાણી પ્રશ્નના અને ઉત્તરના સૂત્રો ભણવા. તે નારકી અને અસુરોને સંઘયણ, સંસ્થાન અને લેશ્યાના સૂત્રોની અંદર સમજી લેવા.

અસુર કુમારોના સંબંધમાં જેમ કહ્યું તે પ્રમાણે સ્તનિત કુમાર સુધી સમજી લેવું.

## હવે પૃથ્વીકાયનો અધિકાર કહે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, પૃથ્વીકાય જીવોના જે અસંખ્યાતા લાખ આવાસ છે, તે પ્રત્યેક પૃથ્વીકાય–આવાસમાં પૃથ્વીકાય જીવોના કેટલા સ્થિતિ સ્થાન કહેલા છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવોના અસંખ્યાતા સ્થિતિ સ્થાન કહેલા છે. તે જઘન્ય સ્થિતિથી તે ઉત્કૃષ્ટ સ્થિતિ સ્થાન સુધીના જાણવા.

ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે પૃથ્વીકાયના અસંખ્યાતા લાખ આવાસો છે, તે પ્રત્યેક આવાસમાં જઘન્ય સ્થિતિમાં રહેનારા પૃથ્વીકાય જીવો શું ક્રોધનો ઉપયોગ કરનારા ઘણાં છે, કે માનનો ઉપયોગ કરનારા ઘણાં છે, કે માયાનો ઉપયોગ કરનારા ઘણાં છે કે, લોભનો ઉપયોગ કરનારા ઘણાં છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે પૃથ્વીકાય જીવો ક્રોધ, માન, માયા અને લોભ–એ બધાનો ઉપયોગ કરનારા ઘણાં છે. તેથી તે પૃથ્વીકાય જીવો એક એક કષાયનો ઉપયોગ કરનારા ઘણાં મળી, તેથી તે સર્વ સ્થાનોમાં એટલે દશે સ્થાનોમાં અભંગ છે. વિશેષમાં માત્ર તે લેશ્યામાં તેમના એંશી ભાંગા થાય છે.

પૃથ્વીકાય જીવોને લેશ્યાદ્વારમાં માત્ર તેજોલેશ્યાજ હોય છે. તે આ પ્રમાણે:–જ્યારે દેવલોકમાંથી ચ્યવીને કોઇ દેવતા એક અથવા અનેક પૃથ્વીકાય જીવોની અંદર ઉત્પન્ન થાય છે, ત્યારે તે એકપણે રહેવાથી તેના એંશી ભાંગા થઇ શકે છે.

આ પૃથ્વીકાય જીવોના દશ દ્વારમાંથી અહિં માત્ર એકજ દ્વાર લખેલું છે, તો પછી બાકીના નવ દ્વાર નારકીની જેમ સમજી લેવા. તેમાં એટલું વિશેષ કે, તેમનું નાનાત્વ એટલે વિવિધપણું પણ પ્રશ્ન તથા ઉત્તરથી જાણી લેવું. તે પૃથ્વીકાય જીવોના શરીર વગેરે સાત દ્વારો પણ સમજી લેવા. તે આ પ્રમાણે—

**શરીરદ્વાર**–તે પૃથ્વીકાય જીવોને ઔદારિક, તૈજસ અને કાર્મણ–એ ત્રણે શરીર હોય છે. ક્રોધ તથા માનનો ઉપયોગ વગેરે કહેવાનું છે. તેમના પુદગળો શરીર રૂપે પરિણામ પામવાનું પણ પૂર્વવત્ છે.

**સંસ્થા દ્વાર**–પૃથ્વીકાય જીવોને ભવધારણીય પ્રમુખ બે પ્રકારના શરીરનો અભાવ છે. તેથી તેમાં હુંડસંઠિયા એટલુંજ કહેવાનું છે.

**લેશ્યાદ્વાર**–પૃથ્વીકાય જીવોનેકૃષ્ણ લેશ્યાથી તેજોલેશ્યા સુધીની લેશ્યાઓ કહેલી છે; અને ત્યાં સુધી અભંગક છે, અને તેજોલેશ્યામાં એંશી ભાંગા થાય છે,

દૃષ્ટિદ્વાર–પૃથ્વીકાય જીવો મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનદ્વાર–પૃથ્વીકાય જીવો જ્ઞાની કે અજ્ઞાની નથી. નિયમથી અજ્ઞાની છે.

યોગદ્વાર–પૃથ્વીકાય જીવો મનોયોગી અને વચનયોગી નથી પણ કાયયોગી છે.

અપકાય જીવો પણ પૃથ્વીકાય જીવોની જેમ સમજવા. તેઓ દશ સ્થાન (દ્વાર) માં અભંગક છે, માત્ર તેજોલેશ્યામાં તેમના એંશી ભાંગા થાય છે, કારણ કે, તેમાં દેવતા ઉત્પન્ન થાય છે.

તેઉકાય અને વાયુકાય જીવોને દશ સ્થાનમાં પણ અભંગક છે, કારણ કે, ક્રોધાદિકનો ઉપયોગ કરનારા એવા તેઓ ઘણાં હોય છે, અને તેમાં દેવતાઓ ઉત્પન્ન થતા નથી. તેમ વળી તેમનામાં તેજોલેશ્યા નથી, અને તે પછી તેનો સંભવ છે, તેથી એંશી ભાંગા પણ ન થાય, એટલે તે અભંગક છે. તેઓમાં બધા સૂત્રો પૃથ્વીકાયના સૂત્રોની જેમ સમજવા. ફકત વાયુકાય સૂત્રોની અંદર શરીરદ્વારની અંદર એમ જાણવું.

વનસ્પતિકાયના સંબંધમાં પૃથ્વીકાયની જેમજ સમજી લેવું. કારણ કે, તેનાં દશે સ્થાનોમાં ભાંગા થવાનો અભાવ છે, અને તેજોલેશ્યામાં તેવીજ રીતે એંશી ભાંગા થઇ શકે તેમ છે.

અહિં શંકા કરે છે કે, પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય-જીવોના દૃષ્ટિદ્વારમાં સાસ્વાદાન ભાવ વડે સમ્યકત્વ થાય, એમ કર્મ ગ્રંથોમાં કહેલું છે, તો તે કારણને લઈનેજ જ્ઞાનદ્વારમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અને તે જીવો ઘણાં થોડા છે, એમ લઇને તેમના એંશી ભાંગા સમ્યગ્દર્શન, આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનની અંદર કેમ ન થાય?

આ શંકાના સમાધાનમા કહે છે કે, એવી રીતે એંશી ભાંગા થઇ શકે નહીં. કારણ કે, પૃથ્વીકાય વગેરેમાં સાસ્વાદનભાવ ઘણોજ વિરલ છે, તેથી એવી પ્રરૂપણા કરવાની ઇચ્છા નથી, તે કારણથી કહેલું છે કે, તેમાં ઉભય–બંનેનો અભાવ છે.

હે ગૌતમ, જે સ્થાનને વિષે નારકીને એંશી ભાગા છે, તે સ્થાનને વિષે બે ઇંદ્રિય, તેઇંદ્રિય, અને ચોઇંદ્રિય જીવોને પણ એંશી ભાંગા સમજવા.

એટલે એકાદિ સંખ્યાતા સમયથી અધિક એવી જઘન્ય સ્થિતિમાં એક, જઘન્ય અવગાહનામાં બે, સંખ્યાતા અંત પ્રદેશની વૃદ્ધિમાં ત્રણ અને

મિશ્રદષ્ટિને વિષે ચાર—એમ નારકીના એંશી ભાંગા કહેલા છે; અને જે વિકલેંદ્રિય જીવોને તેઓના પણ મિશ્રદષ્ટિને વર્જીને એ સ્થાનોમાં એંશી ભાંગા કહેલા છે; કારણકે તેઓ ઘણાં અલ્પ છે અને તેમને એક એક પણ ક્રોધાદિકના ઉપયોગનો સંભવ છે, અને વિકલેંદ્રિય અને એકેંદ્રિય જીવોની અંદર મિશ્રદ્રષ્ટિ હોતી નથી, તેથી વિકલેંદ્રિય જીવોને અશાતિ-ભાંગાનો સંભવ પણ નથી. કેટલાએક વૃદ્ધ પુરૂષોએ આ સૂત્રની કોઈ વાચનાથી જયાં **અશીતિ** શબ્દ છે, ત્યાં **અભંગક** એવી વ્યાખ્યા કરેલી છે.

આ વિષે વિશેષ કહેવા માટે કહે છેઃ—

એમાં એટલું વિશેષ છે કે, તેમને સમ્યકત્ત્વમાં, આભિનિબોધિકમાં અને શ્રુતજ્ઞાનમાં અધિક એંશી ભાંગા થાય છે.

કહેવાનો આશય એવો છે કે, દષ્ટિદ્વારમાં અને જ્ઞાનદ્વારમાં નારકીના સત્યાવીશ ભાંગા કહેલા છે અને વિકલેંદ્રિયના અધિક એવા એંશી ભાંગા કહેલા છે; તે સમ્યકત્ત્વ, આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં થાય છે, કારણ કે, ઘણાંજ એવા વિકલેંદ્રિય જીવોને સાસ્વાદન ભાવવડે સમ્યકત્ત્વ થાય છે, અને તેઓ અલ્પ હોય છે એટલે તેમને એકપણાનો સંભવ હોવાથી તેમના અંશીજ ભાંગા થઈ શકે છે. એવી રીતે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાનમાં સમજી લેવું.

હે ગોતમ, જે સ્થાનોમાં નારકીના સત્યાવીશ ભાંગા કહ્યા છે, તે સ્થાનોમાં બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચોઇંદ્રિય જીવોને અભંગક છે એટલે ભાંગાનોજ અભાવ છે.

અહિં એમ સમજવાનું છે કે, અહિં જે સ્થાનો કહ્યા છે, તે પ્રથમ કહેલા એંશી ભાંગાના સ્થાનોમાંથી બાકી રહેલા સ્થાનો સમજવા અને જે અભંગક—ભાંગાનો અભાવ કહ્યો તે ક્રોધાદિકનો ઉપયોગ કરનારાઓ એકી સાથે ઘણાં હોવાના સંભવને લઇને કહ્યો છે.

આ સ્થળે વિકલેંદ્રિય અથવા પૃથ્વીકાય જીવોના સૂત્રોની જેમ સૂત્રો ભણવા. પણ એટલું વિશેષ છે કે, લેશ્યાદ્વારમાં તેજોલેશ્યા ભણવી નહીં.

દૃષ્ટિદ્વારમાં બેઇંદ્રિય જીવોના પ્રશ્નમાં એવો ઉત્તર છે કે, તે બેઇંદ્રિય જીવો સમ્યગદષ્ટિ પણ છે અને મિથ્યાદષ્ટિ પણ છે, પરંતુ સમ્યગ્મિથ્યાદષ્ટિ નથી.

સમ્યગ્દર્શનમાં રહેલા બેઇંદ્રિયજીવો ક્રોધનો ઉપયોગ કરનારા છે કે નહીં? એ પ્રશ્નના ઉત્તરમાં તેના એંશી ભાંગા થાય એમ કહેવું.

**જ્ઞાનદ્વારમાં** બેઇંદ્રિયોના પ્રશ્નમાં એવો ઉત્તર છે કે, તે બેઇંદ્રિયજીવો જ્ઞાની છે, અને અજ્ઞાની પણ છે, તેમાં જે જ્ઞાની છે તે મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે, એમ સમજવું. બાકી તેજ પ્રમાણે તેના એંશી ભાંગા સમજવા.

**યોગ દ્વારમાં**–બે ઇંદ્રિય જીવોના પ્રશ્નમાં એવો ઉત્તર છે કે, તે બે ઇંદ્રિયજીવો મનોયોગી નથી, પણ વચનયોગી અને કાયયોગી છે. બાકીનું તેજ પ્રમાણે સમજવું–એજ પ્રમાણે તેઇંદ્રિય અને ચોઇંદ્રિય જીવોના સૂત્રો પ્રશ્નોત્તર રૂપે સમજવા.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે પંચેંદ્રિય તિર્યંચયોનિના જીવો છે, તે નારકીના જીવોની જેમ સમજવા. વિશેષમાં એટલું કે, જયારે તેમના સત્યાવીશ ભાંગા હોય ત્યારે અભંગક કરવું, એટલે ત્યાં ભાંગાનો અભાવ સમજવો. અહિં સમજવાનું કે, જયાં નારકીના સત્યાવીશ ભાંગા હોય છે, ત્યાં પંચેંદ્રિય તિર્યંચજીવોના ભાંગા હોતા નથી. અભંગક જઘન્ય સ્થિતિવગેરેમાં હોય છે, તે પ્રથમ દર્શાવેલું છે, અને તે ભાંગાનો અભાવ ક્રોધાદિકનો ઉપયોગ કરનારા ઘણા હોવાથી, એકી સાથે તેઓમાં હોઇ શકે છે; આ વિષે બધા સૂત્રો નારકીની જેમ જાણવા.

**શરીરદ્વારમાં** એટલો વિશેષ છે કે,—પંચેંદ્રિય તિર્યંચ યોનિ જીવો ઔદારિક, વૈકારિક, તૈજસ અને કાર્મણ–એ ચારે શરીર હોય છે, અને તે તે સર્વમાં ભાંગાનો અભાવ છે.

**સંહનનદ્વારમાં**–પંચેંદ્રિય તિર્યંચ જીવોને વજ્રનારાચસંહનનવાળા સમજવા.

**સંસ્થાનદ્વારમાં**–પંચેંદ્રિય તિર્યંચ જીવોને સમચતુરસ્ર વગેરે છ સ્થાનો સમજવા,

**લેશ્યાદ્વારમાં**--પંચેંદ્રિય તિર્યંચ જીવોને કૃષ્ણ લેશ્યા વગેરે છ લેશ્યાઓ સમજવી.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જેવી રીતે નારકીઓને દશ સ્થાનોમાં કહ્યા છે, તેમ મનુષ્યોને દશે સ્થાનોમાં પણ કહેલા સમજવા. જે સ્થાનોમાં નારકીઓના એંશી ભાંગા કહેલા છે, તે સ્થાનોમાં મનુષ્યોના પણ એંશી ભાંગા કહેલા સમજવા.

અહિં સમજવાનું કે, તે નારકીઓને એકાદિ સંખ્યાતા અંત સમયે અધિક એવી જઘન્ય સ્થિતિની અંદર તેમજ જઘન્ય–અવગાહના કે જે સંખ્યાતા અંત પ્રદેશથી અધિક છે, તેની અંદર તેમજ મિશ્રની અંદર એંશી ભાંગા કહેલા છે. તેવી રીતે મનુષ્યોને પણ તેઓની અંદર એંશી ભાંગા થાય છે,–કારણ કે, તેઓ અલ્પ છે.

નારકી અને મનુષ્યોની સર્વ રીતે તુલ્યતા નથી, એ વાત જણાવાને ભગવાન્ કહે છે:—

જેમાં નારકીને સત્યાવીશ ભાંગા કહેલા છે, તેમાં મનુષ્યોને અભંગક છે–ભાંગાનો અભાવ છે.

એટલે નારકીઓને જે સત્યાવીશ ભાંગાના સ્થાન, તેમની જઘન્ય સ્થિતિ તથા અસંખ્યાતા સમયથી અધિક એવી જઘન્ય સ્થિતિ વગેરે છે; તેઓની અંદર જઘન્ય સ્થિતિમાં વિશેષ કહેવાની ઇચ્છાને લઇને તે શિવાયના સ્થાનોમાં મનુષ્યોને અભંગક છે. કારણ કે, નારકીઓને ઘણી રીતે ક્રોધનો ઉદય થયા કરે છે; તેથી તેમના સત્યાવીશ ભાંગા તે સ્થાનોમાં ઘટે છે. પણ મનુષ્યો કે જેઓ પ્રત્યેક ક્રોધાદિકનો ઉપયોગ કરનારા ઘણાં હોય છે, તેથી તેમને કષાયનો ઉદય થવામાં કાંઇ વિશેષપણું નથી, તેથી તેઓને તે સ્થાનોની અંદર અભંગક છે.
તે વિશે વિશેષ કહે છે:—

હે ગૌતમ, વિશેષમાં એટલું છે કે, મનુષ્યોને એટલું અધિક છે કે તેમને જઘન્ય સ્થિતિમાં આહારક શરીરે એંશી ભાંગા થાય છે.

અહિં સમજવાનુ કે, જે સ્થાનોમાં નારકીને એંશી ભાંગા થાય છે તે સ્થાનોમાં મનુષ્યોને પણ એંશી ભાંગા થાય છે, અને જે સ્થાનોમાં સત્યાવિશ ભાંગા કહેલા છે, ત્યાં અભંગક છે. આ કેવળ મનુષ્યોમાં અધિક છે; એટલે જઘન્યસ્થિતિમાં મનુષ્યોને એંશી ભાંગા થાય છે, પણ નારકીઓ થતા નથી માટેજ ત્યાં સત્યાવીશ ભાંગા કહેલા છે, તે અભંગક છે.

વળી મનુષ્યોને આહારક શરીરે એંશી ભાંગા છે, કારણકે આહારકશરીરવાળા મનુષ્યો અલ્પ હોય છે, અને નારકીને તેમ હોતું નથી, તેથી પણ એ મનુષ્યોને માટે અધિક છે. અહીં નારકીના અને મનુષ્યોના સૂત્રોને પ્રાયે કરીને શરીરના પ્રમુખ ચાર સ્થાનોમાં અને જ્ઞાનદ્વારમાંજ વિશેષ છે, તે આ પ્રમાણે:—

ગૌતમે પુછેલા મનુષ્યોના શરીર સંબંધી પ્રશ્નમાં ભગવાને ઉત્તર આપ્યો છે કે, મનુષ્યોને ઔદારિક, વૈકારિક, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચે શરીરો હોય છે. તેવી રીતે ક્રોધાદિકના ઉપયોગ કરવા સુધીનાં પ્રશ્નોત્તર સમજી લેવા. એવીરીતે એકંદર સર્વ શરીરમાં વિશેષ એટલું કે આહારક શરીરની અંદર તેમના એંશી ભાંગા જાણવા.

સંહનનદ્વારમાં મનુષ્યોને વજ્રઋષભનારાચ વગેરે છ સંહનન કહેલા છે.

**સંસ્થાન દ્વારમાં** મનુષ્યોને સમચતુરસ્ર પ્રમુખ છ સંસ્થાનો કહેલા છે.

**લેશ્યાદ્વારમાં** મનુષ્યોને કૃષ્ણ લેશ્યા વગેરે છ લેશ્યાઓ કહેલી છે.

**જ્ઞાનદ્વારમાં**–મનુષ્યોને આભિનિબોધિક વગેરે પાંચ જ્ઞાન કહેલા છે, એક કેવળ જ્ઞાન શિવાયના ચાર જ્ઞાનોમાં અભંગક છે--ભાંગાનો અભાવ છે. કારણ કે, કેવળજ્ઞાનમાં કષાયનો ઉદય હોતો નથી. હે ગૌતમ, વાણુવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક–એ ત્રણ દેવતાઓના સંબંધમાં ભવનપતિની જેમ સમજી લેવું.

એટલે વાનવ્યંતર વગેરે ત્રણ દેવતાઓને તે દશ સ્થાનોમાં જેમ ભવનવાસી દેવતાઓને માટે કહ્યું તેમ સમજી લેવું–જેમ કે, જ્યાં અસુર વગેરેના એંશી ભાંગા છે, અને જ્યાં સત્યાવીશ ભાંગા છે, ત્યાં તે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓના ભાંગા સમજવા અને તે ભાંગા લોભને પ્રથમ કરીને જાણવા.

તે ઉપરથી ભવનવાસી દેવતાઓની સાથે વાણવ્યંતર દેવતાઓની તુલ્યતા થાય છે, પણ જ્યોતિષી વગેરે દેવતાઓને તો તેવી તુલ્યતા નથી, તેથી તેઓની સર્વ રીતે તુલ્યતા થતી નથી, એ દર્શાવવાને કહે છે.

હે ગૌતમ, તે વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ ભવનવાસી દેવતાની જેમ કહેલા છે, પરંતુ તેઓની અંદર નાનાપણું–વિવિધપણું રહેલું છે, તે અનુત્તર દેવ સુધી જાણવું.

કહેવાનો ભાવ એવો છે કે, જે લેશ્યાદિકમાં રહેલું જ્યોતિષી વગેરે દેવતાનું વિવિધપણું છે, એટલે બીજા દેવતાની અપેક્ષાએ ભેદ છે, તે વિવિધપણું જાણવું અર્થાત્ પરસ્પરથી વિશેષ જાણીને તેમના સૂત્રો ભણવા.

**લેશ્યાદ્વારમાં**–જ્યોતિષી દેવતાને એક તેજોલેશ્યા કહેલી છે.

**જ્ઞાનદ્વારમાં**-જ્યોતિષી દેવતાને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહેલા છે, કારણ કે,-તેમને અસંજ્ઞીપણામાં ઉપપાતનો અભાવ હોવાથી અપર્યાપ્ત અવસ્થામાં પણ વિભંગ થાય છે.

વૈમાનિક દેવતાઓને **લેશ્યાદ્વારમાં**-તેજોલેશ્યા વગેરે ત્રણ લેશ્યાઓ કહેલી છે, અને **જ્ઞાનદ્વારમાં** ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન કહેલા છે.

વૈમાનિક દેવતાના સૂત્રો તે પ્રમાણે સમજી લેવા.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, આપે જે કહ્યું તે સત્ય છે.

**प्रथम शतकनो पांचमो उद्देश समाप्त.**

# ૬ ઠો ઉદ્દેશ.

ગયા ઉદ્દેશોમા તેના છેલ્લા સૂત્રોની અંદર જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓના અસંખ્યાતા આવાસ–વિમાનો જે કહ્યા છે, તેમની પ્રત્યક્ષ ગતિ બતાવવાને માટે આ ઉદ્દેશમાં કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જેટલા અવકાશ રૂપ અંતરાળથી ઉદય પામતો સૂર્ય શીઘ્રતાથી દૃષ્ટિસ્પર્શમાં આવે છે, તેમ અસ્ત પામતો પણ સૂર્ય તેટલાજ અવકાશરૂપ[1] અંતરાળથી શીઘ્ર દૃષ્ટિ[2]સ્પર્શમાં આવે છે, તેનું શું કારણ? આ પ્રશ્નનો આશય એવો છે કે, જ્યારે સૂર્ય અભ્યંતરમંડળમાં હોય છે, ત્યારે સડતાળીશ હજાર બસો અને ત્રેસઠ યોજન અને એકવીશ ભાગે ઊગતો જોવામાં આવે છે, અને તેટલાજ પ્રમાણમાં પાછો અસ્ત સમયે પણ જોવામાં આવે છે તેનું શું કારણ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, હા, સૂર્ય ઊગતો તેટલાજ પરિમાણે અવકાશ–અંતરથી દૃષ્ટિ સ્પર્શમાં શીઘ્ર આવે છે. અને અસ્ત પામતો પણ તેટલાજ પરિમાણે શીઘ્ર દૃષ્ટિ સ્પર્શમાં આવે છે, એટલે પ્રત્યેક મંડલે સૂર્યના દર્શનમા તફાવત છે, પણ તે સ્થાનાંતરથી જાણી શકાય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, સૂર્ય ઉદય પામતો જેટલા ક્ષેત્રની સર્વ દિશાઓને અને વિદિશાઓને પોતાના આતપ વડે–તેજ વડે જરા પ્રકાશિત કરે છે, વધારે પ્રકાશિત કરે છે અને તપાવે છે, તેટલા ક્ષેત્રની સર્વ

---

૧ સૂર્ય જેટલા આકાશની અંદર રહેલો.

૨ દૃષ્ટિસ્પર્શ એટલે દૃષ્ટિમર્યાદામાં આવવું તે. અહિં સ્પર્શનો અર્થ 'અડકવું' લેવો નહીં કારણ કે, તે સૂર્ય નેત્રથી પ્રાપ્ત કરી શકાતો નથી.

દિશાઓ અને વિદિશાઓની ચારે તરફ તે આથમતો સૂર્ય પણ જરા પ્રકાશિત કરે છે, વધારે પ્રકાશિત કરે છે, અને તપાવે છે;

અહિં 'જરા પ્રકાશ કરે છે,' તે ઉપરથી ઘણી સ્થૂળ-મોટી વસ્તુને પ્રકાશિત કરે છે, એમ સમજવું. અને 'વધારે પ્રકાશિત કરે છે' તે ઉપરથી અતિ સૂક્ષ્મ-કીડી વગેરે વસ્તુને પ્રકાશિત કરે છે, એમ સમજવું અને જે 'તપે છે' એમ કહ્યું, તેનો અર્થ વસ્તુને શીતવગરની કરે છે, ગરમીવાળી કરે છે. અથવા જે વસ્તુ ઘણી સૂક્ષ્મ હોય તે જોઇ શકાય એવી કરે છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હા, તેમજ છે.

## હવે ગૌતમ તે ક્ષેત્રને આશ્રીને પુછે છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, સૂર્ય જે ક્ષેત્રને જરા પ્રકાશિત કરે છે, વિશેષ પ્રકાશિત કરે છે, અને તપાવે છે, તે ક્ષેત્રને સ્પર્શીને પ્રકાશે છે, કે સ્પર્શ્યા શિવાય પ્રકાશે છે? એવી રીતે છ દિશા સુધી વધારે પ્રકાશિ- કરે છે, તપાવે છે, અને પ્રકાશિત કરે છે, એમ કહેવું. અને તે નિયમથી છ દિશાને પ્રકાશિત કરે છે, એમ જાણવું. મૂળમાં **जाव-यावत्** એટલે સુધી એવો શબ્દ છે. તે ઉપરથી નીચે પ્રમાણે. પ્રશ્નોત્તર સમજવાના છે.

**ગૌતમ**-હે ભગવન્, તે સૂર્ય સ્પર્શીને પ્રકશિત કરે છે કે સ્પર્શ કર્યા શિવાય પ્રકાશિત કરે છે?

**ભગવાન્**-હે ગૌતમ, તે સ્પર્શીને પ્રકાશિત કરે છે, સ્પર્શ કર્યા શિવાય પ્રકાશિત કરતો નથી.

**ગૌતમ**-હે ભગવન્, તે અવગાઢપણે પ્રકાશિત કરે છે કે અવગાઢ પણે રહિત પ્રકાશિત કરે છે?

**ભગવાન્**-હે ગૌતમ, તે અવગાઢપણે પ્રકાશિત કરે છે, અવગાઢપણે રહિત પ્રકાશિત કરતો નથી; એવી રીતે અનંતરાવગાઢપણે પ્રકાશિત કરે છે, પરંપરાવગાઢપણે નહીં.

**ગૌતમ**-હે ભગવન્, તે અણુને પ્રકાશિત કરે છે કે બાદરને?

**ભગવાન્**-હે ગૌતમ, તે અણુને પણ પ્રકાશિત કરે છે અને બાદરને પણ પ્રકાશિત કરે છે.

**ગૌતમ**-હે ભગવન્, તે ઊર્ધ્વ-ઊંચે પ્રકાશિત કરે છે, તિરછો પ્રકાશિત કરે છે કે અધઃ—નીચે પ્રકાશિત કરે છે?

**ભગવાન્**–હે ગૌતમ, તે ઊંચે, તિરછો અને નીચે પણ પ્રકાશિત કરે છે.

**ગૌતમ**–હે ભગવન્, તે આદિમાં પ્રકાશિત કરે છે, મધ્યે પ્રકાશિત કરે છે કે, અંતે પ્રકાશિત કરે છે?

**ભગવાન્**–હે ગૌતમ, તે આદિ, મધ્યે અને અંતે પ્રકાશિત કરે છે.

**ગૌતમ**–હે ભગવન્, તે આનુપૂર્વીએ પ્રકાશિત કરે છે કે અનાનુપૂર્વીએ પ્રકાશિત કરે છે?

**ભગવાન્**–હે ગૌતમ, તે આનુપૂર્વીએ પ્રકાશિત કરે છે, અનાનુપૂર્વીએ નહીં.

**ગૌતમ**–હે ભગવન્, તે કઇ દિશા પ્રકાશિત કરે છે?

**ભગવાન્**–હે ગૌતમ, તે નિયમથી છ દિશા પ્રકાશિત કરે છે.

પ્રથમ કહ્યું કે, 'સ્પર્શ કરીને ક્ષેત્રને પ્રકાશિત કરે છે,' તે સ્પર્શ દર્શાવવાને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છેઃ—

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, સર્વ દિશાઓમાં સર્વ–આતપે કરી સર્વ ક્ષેત્રને સ્પર્શ કરવાને સમયે સૂર્ય જેટલા ક્ષેત્રનો સ્પર્શ કરે છે, તેટલા ક્ષેત્રને સ્પર્શ કરેલો કહેવો કે કેમ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે સર્વથી સઘળી દિશાઓને વિષે સ્પર્શેલો કહેવો.

સ્પર્શ કરતો અને સ્પર્શ કરેલો—એ બંનેની એકતા પ્રથમના સૂત્રથી જાણવી, તેથી સ્પર્શને આશ્રીને પ્રશ્ન કરે છેઃ—

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, શું તે સ્પર્શ કરેલાને સ્પર્શે છે? યાવત્ નિયમથી છ દિશા સુધી—કહેવું.

વળી હે ભગવન્ તે લોકાંત એટલે સર્વથી લોકના અવસાનને વિષે અલોકાંત એટલે લોકની અંદર સ્પર્શે છે, કે અલોકાંતને વિશે લોકાંતની અંદર સ્પર્શે છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે લોકાંતને વિષે અલોકાંતને સ્પર્શે છે અને અલોકાંતને વિષે પણ લોકાંતને સ્પર્શે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, તે સ્પર્શ કરેલાને સ્પર્શે છે, કે નહિં સ્પર્શ કરેલાને સ્પર્શે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે યાવત્ છ દિશાને સ્પર્શે છે એમ કહેવું.

કહેવાની ભાવના એવી છે કે, સ્પર્શ કરેલા અલોકાંતને સ્પર્શે છે અહિં કોઇ શંકા કરે કે, દૂર રહેલી વસ્તુને પણ વ્યવહારથી સ્પર્શ થયેલું ગણાય છે. જેમકે નેત્રનો સ્પર્શ તેથી અહિં અવગાઢ એટલે નજીક સ્પર્શ. સમજવો. તેમાં પણ કદિ એમ કહે કે, તે તો આસત્તિ–આસંગમાત્રથી પણ થાય છે, તેથી અહિં તે સ્પર્શ અનંતરાવગાઢ એટલે વચ્ચે વ્યવધાન વગર સંબંધવાળો પણ પરંપરાએ અવગાઢ નહીં એટલે સાંકળની કડીની જેમ પરંપરાયે સંબંધ વગરનો તે સ્પર્શ અણુને સ્પર્શી શકે છે. કારણ કે, કોઇ સ્થળે અલોકાંતને પ્રદેશ માત્રવડે સૂક્ષ્મ કહેલો છે. તે બાદરનો પણ સ્પર્શ કરે છે, કારણ કે, કોઇ સ્થળે બહુ પ્રદેશવડે તેને બાદર પણ કહેલો છે; વળી તે ઊંચે, નીચે અને તિરછો પણ સ્પર્શ કરે છે; કારણ કે તે ઊંચી-નીંચી વગેરે દિશાઓમાં લોકાંત અને અલોકાંત રહેલા છે; તે આદિ, મધ્ય અને અંતે સ્પર્શ કરે છે, કારણ કે નીંચા, તિરછા અને ઊંચા લોકના પ્રાંત ભાગોને આદિ, મધ્ય અને અંતે કલ્પેલા છે. તે સ્વવિષયનો સ્પર્શ કરે છે એટલે જે સ્પર્શેલા અને અવગાઢ કરેલા ઇત્યાદિકમાં સ્પર્શ કરે છે, પણ જે સ્પર્શ વગેરે કર્યા નહોય તેવા અવિષયનો સ્પર્શ કરતો નથી; વળી આનુપૂર્વીથી સ્પર્શ કરે છે, એટલે અહિ આનુપૂર્વી એવી છે કે પહેલા સ્થાનમાં લોકાંત અને બીજા સ્થાનમાં અલોકાંત એવી અવસ્થાન-પણે સ્પર્શ કરે છે, તે શિવાય સ્પર્શ થઇ શકેજ નહીં. તે છ દિશાઓમાં સ્પર્શ કરે છે, કારણ કે લોકાંતની પડખે અને સર્વ તરફ અલોકાંત રહેલ છે. અહિ વિદિશાઓમાં સ્પર્શ થતો નથી, કારણ કે દિશાઓનું પ્રમાણ લોકના વિષ્કંભ ઉપર હોય છે અને ત્યાં વિદિશાઓને પ્રમાણ હોતું નથી.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે સૂર્ય દ્વીપના અંતને વિષે સાગરના અંતને સ્પર્શે અને સાગરના અંતને વિષે દ્વીપના અંતને સ્પર્શે કે નહીં ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે સૂર્ય યાવત્ નિયમથી છ દિશા-ઓને સ્પર્શે છે;

અહિં સમજવાનું કે, દ્વીપાંત તથા સાગરાંત વગેરે સૂત્રોમાં સ્પષ્ટ-સ્પર્શ કરેલાના અર્થવાળા પદોની ભાવના કરવી, તેમાં એટલું વિશેષ કે દ્વીપ સાગરાદિ સૂત્રોમાં છ દિશાની ભાવના કરવી તે આ પ્રમાણે-દ્વીપ અને સમુદ્રો એક હજાર યોજન અવગાઢ થયેલા હોય છે. તેથી તેમની ઉપરના

અને નીચેના દ્વીપ સમુદ્રોના પ્રદેશોને આશ્રીને ઉંચે તથા નીચે એમ બે દિશાની સ્પર્શના થાય છે, અને પૂર્વાદિ દિશાઓની સ્પર્શના તો થયેલીજ સમજવી, કારણ કે તે દ્વીપ સમુદ્રો તેની આસપાસ રહેલા હોય છે.

એ પ્રમાણે એ અભિલાષાથી એમ સમજવું કે તે સૂર્ય નદીના જળની અંદરથી વહાણના છેડાને સ્પર્શે છે. આ ઉપરથી જળમાં ઊંડે મગ્ન થઈ તેની ઉંચાઇની અપેક્ષાએ ઉંચી દિશા ઉર્ધ્વ દિશાનો સ્પર્શ સમજવો અને તે છિદ્રની અંદર પેશી વસ્ત્રના અંતને સ્પર્શે છે. અહિં પણ વસ્ત્રની ઉંચાઇની અપેક્ષાએ છ દિશાની ભાવના કહેલી છે; અથવા કાંબળ વસ્ત્રની પોટલીમાં મધ્યે ઉત્પન્ન થયેલા જીવનું ભક્ષણ કરવા વડે તેની વચ્ચેના છિદ્રની અપેક્ષાએ લોકાંતની સૂત્રની પેઠે છ દિશાઓના સ્પર્શની ભાવના કહેલી છે. વળી તે છાંયાની અંદર આતપ તડકાના એ અંતને સ્પર્શે છે, અહિં છાંયાના ભેદથી એટલે ભીંત વગેરેમાં જે છાંયો ચડતો ઉતરતો દેખાય છે, તે ભેદથી છ દિશાની ભાવના કહેલી છે. તે આ પ્રમાણે—જેમ સૂર્યના તડકામાં આકાશે ઉડતા પક્ષી વગેરે પદાર્થની જે છાયા તડકાની અંદર ચારે દિશાઓમાં સ્પર્શે છે, તેજ છાયાની જમીનથી તે ઉડતા પદાર્થની જેટલી ઉંચાઇ હોય ત્યાંથી છાયાને અંતે તડકાની અંદર ઊંચે તથા નીચે તે સ્પર્શે છે અથવા કોઇ પ્રાસાદની દીવાલ વગેરેની છાંયા કે જે તેની દિવાલ ઊપરથી ઉતરતી અને ચડતી હોય તેને અંતે તડકાની અંદર ઉંચે તથા નીચે તે સ્પર્શે એમ સમજવું; અથવા તેજ છાંયા તથા તડકાના પુદ્ગળો અસંખ્યાતા પ્રદેશમાં અવગાહન કરી રહ્યા હોય તેને લઇને તેની ઉંચાઇ હોઇ શકે, અને તે કારણથી ઊંચે તથા નીચે જે વિભાગ પડે તેથી પણ છાંયાને અંતે તડકાની અંદર ઉંચે નીચે સ્પર્શે છે, આ ઉપરથી ભગવાને કહ્યું છે કે, તે સૂર્ય જલને અંતે વહાણના અંતને, છિદ્રને અંતે વસ્ત્રના અંતને અને છાયાને અંતે તડકાના અંતને સ્પર્શે છે.

આ સ્પર્શના ચાલતા અધિકારથી પ્રાણાતિપાત ( હિંસા ) પ્રમુખ પાપ સ્થાન વડે ઊત્પન્ન થતાં બંધાતાં કર્મનો સ્પર્શ પણ થાય તેથી તેને આશ્રીને ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન, જીવને પોતે કરેલી પ્રાણાતિપાત ક્રિયા લાગુ પડે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, હા, તે લાગુ પડે છે.

ગૌતમસ્વામી પુછે, હે ભગવન્, જો જીવને તે ક્રિયા લાગુ પડતી હોય તો તેને તે સ્પર્શથી લાગુ પડે છે, કે અસ્પર્શથી લાગુ પડે છે?

અહિં એમ કહેવું કે યાવત્ અલોકનો છેડો નથી ત્યાં છ દિશાને સ્પર્શિને ક્રિયા લાગે છે, અને જયાં વ્યાઘાત એટલે અલોકનો છેડો છે; ત્યાં એક શેષ ત્રણ દિશા, કોઈવાર ચાર દિશા અને કોઇવાર પાંચ દિશા એ સર્વ આહારની પેઠે વિચારીને કહેવું.

ગોતમસ્વામી પુછે છે, હે ભગવન્, જીવને પ્રાણાતિપાતિકી ક્રિયા લાગુ પડે તે ક્રિયા કરેલી ગણાય કે ન કરેલી ગણાય ?

કહેવાનો આશય એવો છે કે, જીવે તે ક્રિયા કરેલી ગણાય. કારણકે, જે કર્મ કર્યું ન હોય તે કર્મ હોઇ શકેજ નહી, અને કરેલી ક્રિયા ન ગણાતી હોય તો જે કર્મ પોતે કરેલું હોય તો જાતે કરેલું ગણાય છે; તે શિવાય કરેલું ગણાતું નથી.

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે ક્રિયા કરેલી હોય તેજ ક્રિયા લાગે છે, જે ક્રિયા કરેલી ન હોય તે ક્રિયા લાગતી નથી.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જીવને જે કરેલી ક્રિયા લાગે તે પોતે કરેલી લાગે કે બીજાએ કરેલી લાગે કે પોતે અને બીજાએ બંનેએ કરેલી ક્રિયા લાગે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પોતે કરેલી ક્રિયા લાગે, બીજાએ કરેલી કે બંનેએ કરેલી ક્રિયા ન લાગે ?

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે આનુપૂર્વીએ ક્રિયા લાગે કે આનુપૂર્વી શિવાય ક્રિયા લાગે ?

જેમાં પૂર્વ-પહેલો કે પશ્ચાત્-પાછળ એવો વિભાગ ન હોય તે આનુ-પૂર્વી કહેવાય છે એટલે પહેલા ક્રિયા કરે અને પછી પાપ લાગે તે આનુ-પૂર્વી અને પહેલા પાપ લાગે અને પછી ક્રિયા કરે તે અનાનુપૂર્વી-આનુ-પૂર્વી શિવાય કહેવાય છે.

ભગવાન્ ઉત્તર આપે છે કે, હે ગૌતમ, તે આનુંપૂર્વીવડે કરેલી ક્રિયા લાગે છે, આનુપૂર્વી વગર લાગતી નથી. જે ક્રિયા કરલી છે, જે ક્રિયા કરે છે અને જે ક્રિયા કરશે તે સર્વ ક્રિયા આનુપૂર્વીએ કરેલી સમજવી પણ અનાનુપૂર્વીએ કરેલી સમજવી નહીં, એમ કહેવું.

ગૌતમસ્વામી પૂછે છે, હે ભગવન્, જે નારકીના જીવો છે, તેઓને પ્રાણાતિપાત ક્રિયા લાગે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકીના જીવોને પ્રાણાતિપાતની ક્રિયા લાગે છે.

ગૌતમ પુછે છે, હે ભગવન્, ત્યારે તે સ્પર્શ કરેલી લાગે કે સ્પર્શ વગરની લાગે ?

યાવત્ નિયમથી તે છ દિશાએ ક્રિયા લાગે ઇત્યાદિ કહેવું.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકીને કરેલી ક્રિયા લાગે કે ન કરેલી ક્રિયા લાગે ?

અહિં આનુપૂર્વી સુધી પ્રથમ પ્રમાણે પ્રશ્નોત્તર સમજવા.

અહિં નારકીને માટે જે કહેવામાં આવ્યું તે પ્રમાણે અસુર વગેરેના સંબંધમાં સમજવું. તેમાં એકેંદ્રિય જીવો ન લેવાં. કારણ કે, તે એકેંદ્રિય જીવોના સંબંધમાં બીજી રીતે કહેલું છે. તે એકેંદ્રિય જીવોને નિર્વ્યાઘાતપણે છ દિશા અને વ્યાઘાતપણે કોઇવાર ત્રણ દિશા, કોઇવાર ચાર અને કોઇવાર પાંચ દિશા એમ સમજી લેવું.

તેમજ પ્રાણાતિપાત એટલે જીવહિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ અને ક્રોધથી લઇને મિથ્યાદર્શન શૈલ્ય સુધીના અઢાર પાપસ્થાન ચોવીશ દંડકે કહેવા. તે અઢાર પાપસ્થાન આ પ્રમાણે—૧ જીવહિંસા ૨ મૃષાવાદ—અસત્ય ભાષણ, ૩ અદત્તાદાન—ચોરી, ૪ મૈથુન, ૫ પરિગ્રહ, ૬ માન, ૭ માયા, ૮ લોભ, ૯ રાગ એટલે જેમાં માયા તથા લોભનો સ્વભાવ સ્પષ્ટ દેખાય નહીં તેવું માત્ર આસકિતરૂપ પ્રેમ, ૧૦ દ્વેષ એટલે જેમાં ક્રોધ અને માનનું સ્વરૂપ સ્પષ્ટ દેખાય નહિ, તેવું માત્ર અપ્રીતિ, ૧૧ કલહ—કંકાશ, ૧૨ અભ્યાખ્યાન એટલે બીજાના અછતા દોષ કહેવા, ૧૩ પૈશુન્ય એટલે છુપી રીતે અછતા દોષ કહેવા, ૧૪ પરપરિવાદ એટલે બીજાના ગુણ દોષ કહેવા ૧૫ અરતિ રતિ મોહનીય કર્મના ઉદયથી ચિત્તમાં ઉદ્વેગ થવો, તે અરતિ અને તેના ફળરૂપે વિષયોમાં મોહનીયના ઉદયથી ચિત્તની પ્રસન્નતા, તે રતિ ૧૭ માયા, મૃષા એટલે ત્રીજો કષાય અને બીજો આશ્રય તે બંનેના સંયોગ. આ ઉપરથી સર્વ પ્રકારના સંયોગો ગ્રહણ કરી લેવા અથવા વેષ કે ભાષા ફેરવીને બીજાને છેતરવું તે પણ માયામૃષા કહેવાય છે. અને ૧૮ મિથ્યાદર્શન શલ્ય એટલે શલ્યની જેમ વિવિધ

પ્રકારની વ્યથા-પીડાનું કારણરૂપ એવું મિથ્યા દર્શન. આ અઢાર પાપ સ્થાન કહેવાય છે.

પછી ગૌતમસ્વામીએ કહ્યું, હે ભગવન્, આપે જે કહ્યું તે સર્વે સત્ય છે આવું કહી શ્રી ગૌતમ મુનિ ભગવાન, મહાવીર પ્રભુને વંદના કરી વિચરવા લાગ્યા. આ પ્રમાણે ગૌતમસ્વામિદ્વારા શ્રી વીર ભગવાને કર્મની પ્રરૂપણા કરી.

## શ્રી રોહક મુનિનો પ્રસંગ.

આ પ્રમાણે શ્રી ગૌતમસ્વામિદ્વારા જે કર્મની પ્રરૂપણા કરવામાં આવી, તે કર્મ પ્રવાહથી શાશ્વત-હંમેશા રહેનાર છે, તેથી હવે શાશ્વત એવા લોકાદિ પદાર્થોની રોહક નામના એક મહાન્ મુનિદ્વારા પ્રરૂપણા કરવાને તેની પ્રસ્તાવના કરે છે.

તે કાલે અને તે સમયે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુના રોહક નામે એક અનગાર શિષ્ય હતા, જેઓ સ્વભાવે કોમળ અને વિનયવાળા હતા. તેમનામાં ક્રોધનો ઉદય થતો નહીં, તેથી તેઓ સ્વભાવે શાંત હતા. કદિ તેમને ક્રોધ, માન, માયા અને લોભ એ કષાયનો ઉદય થઇ આવે તોપણ તે કષાય ઘણાંજ સૂક્ષ્મરૂપે થતા, તેમનામાં મૃદુતા અત્યંત હતી. એટલે ગુરૂના ઉપદેશથી તેમણે અહંકારનો જય કર્યો હતો. તેઓ ગુરૂને આશ્રિત થઇને રહેતા હતા, તેઓ ગુરૂની શિક્ષાના ગુણથી ભદ્રક હતા, એટલે કોઇને પરિતાપ કરનારા નહતા અને તેઓ ગુરૂની સેવા કરવાના ગુણથી વિનીત હતા. એવા તે રોહકમુનિ ભગવાન્ વીરપ્રભુની અતિસમીપ નહીં તેમ અતિદૂર નહીં તેવી રીતે રહી પોતાના જાનુ ઊંચા અને મસ્તક નીચું કરી ધ્યાનરૂપી કોઠામાં રહી એટલે ધર્મધ્યાનમાં ચિત્તને સ્થિર કરી સંયમથી નવા કર્મને અટકાવતા અને તપથી સમૂળગા કર્મની નિર્જરા કરતા અને પોતાના આત્મા પ્રત્યે સારી ભાવના ભાવતા વિચરતા હતા, તે સમયે તે રોહકમુનિ શ્રદ્ધાવાળા અને સેવા કરતા નીચે પ્રમાણે શ્રીવીર ભગવાન પ્રત્યે કહેવા લાગ્યા.

રોહકમુનિ પુછે છે, હે ભગવન્, પહેલા લોક અને પછી અલોક છે કે પહેલા અલોક અને પછી લોક છે ?

ભગવાન ઉત્તર આપે છે, હે રોહક, તે લોક અને અલોક પહેલા પણ છે અને પછી પણ છે. તે લોક અને અલોક—બંને શાશ્વત પદાર્થો છે. અને આનુપૂર્વી વગર છે એટલે તેઓમાં પહેલા કે પાછળ—એવો અંતર નથી, તે બંને બરાબર છે, તેને માટે અમુક પહેલો અને અમુક પાછળ એમ કહી શકાય નહીં.

રોહકમુનિ પુછેછે—હે ભગવન્, પહેલા જીવ અને અજીવ કે પહેલા અજીવ અને પછી જીવ ?

ભગવાન્ કહે છે, હે રોહક, જેમ લોક અને અલોક પહેલા અને પછી કહી શકાતા નથી, તેમ જીવ અને અજીવ પણ પહેલા અને પછી કહી શકાતા નથી. તે જીવ અને અજીવ—બંને શાશ્વત છે. એવી રીતે ભવસિદ્ધિ એટલે જેમને સિદ્ધિ થવાની છે, એવા અર્થાત્ ભવ્ય અને અભવસિદ્ધિ એટલે જેમને સિદ્ધિ થવાની નથી અર્થાત્ અભવ્ય જે સિદ્ધિ—મુક્તિ અને અસિદ્ધિ—સતત તે લઇને સિદ્ધ અને અસિદ્ધ કહેવાય છે, તે સર્વ જીવો સમજવા.

રોહકમુનિ પુછે છે, હે ભગવન્, ત્યારે પહેલા ઇંડુ અને પછી કુકડી કે પહેલા કુકડી અને પછી ઇંડુ ?

ભગવાન્ કહે છે, હે રોહક, તે ઇંડું શેમાંથી થયું ?

રોહક કહે છે, હે ભગવન્, તે ઇંડુ કુકડીમાંથી થયું છે.

ભગવાન્ કહે છે, હે રોહક, તે કુકડી કયાંથી થઈ?

રોહક કહે છે, હે ભગવન્, તે કુકડી ઇંડાંમાંથી થઇ.

ભગવાન્ કહે છે, હે રોહક, ત્યારે તે ઇંડુ અને તે કૂકડી બંનેમાં કોઇ પહેલું થયેલ નથો તેમ કોઈ પાછળ થયેલ નથી, બંને શાશ્વત પદાર્થ છે. તેથી તેઓ આનુપૂર્વીથી રહિત છે.

રોહક મુનિ પુછે છે, હે ભગવન્, પ્રથમ લોકનો અંત અને પછી અલોકનો અંત હશે કે પ્રથમ અલોકનો અંત અને પછી લોકનો અંત હશે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે રોહક, લોકનો અંત અને અલોકનો અંત તે બંનેમાં કોઇ પહેલો અને કોઈ પાછળ—એમ છેજ નહીં, તેઓને આનુપૂર્વી—અનુક્રમ થઈ શકે નહીં.

રોહક મુનિ પુછે છે, હે ભગવન્, પહેલા લોકનો અંત અને પછી સાતમી પૃથ્વીની નીચેના આકાશનું અંતર એમ હશે ?

ભગવાન્ કહે છે, હે રોહક, લોકનો અંત અને સાતમી પૃથ્વીના આકાશનું અંતર તે બંનેને આનુપૂર્વી નથી, એટલે અમુક પહેલો અને અમુક પછી એમ કહી શકાય નહીં. અહિં લોકાંત, સાતમી પૃથ્વીનો તનુ વાત, ઘનવાત, ઘનોદધિ, અને નારકીની સાતે પૃથ્વીઓ તેઓ એક એક સ્થાન સાથે જોડવા.

તે સ્થાનોની સંગ્રહ ગાથા આ પ્રમાણે છે;

સાત આકાશના અંતર, તનુવાત, ઘનવાત, ઘનોદધિ, સાત નારકીની પૃથ્વીઓ, જંબૂદ્વીપ વગેરે અસંખ્યાતા દ્વીપ, લવણ વગેરે સમુદ્રો, ભરત વગેરે સાત ખંડ, નારકી વગેરે ચોવીશ દંડક, પાંચ અસ્તિકાય, સમય–કાળના વિભાગ, આઠ કર્મ, છ લેશ્યાઓ, મિથ્યાદષ્ટિ વગેરે ત્રણ દષ્ટિઓ, ચાર દર્શન, પાંચ જ્ઞાન, ચાર સંજ્ઞા, પાંચ શરીર, ત્રણ યોગ, બે ઉપયોગ, છ દ્રવ્યો, અનંત પ્રદેશ, અનંત પર્યાય અને અદ્ધા–એટલે અતીતકાળ, અનાગતકાળ અને સર્વકાળ–એટલાસ્થાનોના પ્રશ્નો કરવા.

આ પ્રમાણે સૂત્રના અભિલાપનો નિર્દેશ છે, તેમાંથી હવે પાછળના છેલ્લા સૂત્રનો અભિલાપ દર્શાવવાને કહે છે.

રોહકમુનિ પુછે છે કે, હે ભગવન્, પહેલા લોકાંત અને તે પછી સર્વાદ્ધા સર્વકાળ છે ? અહિં લોકાંતની સાથે બધા સ્થાનો જોડી દેવા તેમજ અલોકાંતની સાથે પણ બધા સ્થાનો જોડી દેવા.

રોહકમુનિ પુછે કે, હે ભગવન્, પહેલા સાતમી પૃથ્વીના આકાશનું અંતર અને પછી સાતમી પૃથ્વીનો તનુવાત કે પહેલા સાતમી પૃથ્વીનો તનુવાત અને પછી સાતમી પૃથ્વીના આકાશનું અતર ?

એવી રીતે સાતમા આકાંશાંતરની સાથે સર્વાદ્ધાસુધી સર્વ સ્થાનોને જોડી દેવા.

વળી રોહક પુછે છે, હે ભગવન્, પહેલા સાતમી પૃથ્વીના આકાશનું અંતર અને પછી સાતમી પૃથ્વીનો ઘનવાત ? કે પહેલા સાતમી પૃથ્વીનો ઘનવાત અને પછી સાતમી પૃથ્વીનું આકાશાંતર ?

અહિં ભગવાન્ ઉત્તર આપે છે કે, તે સર્વમાં કોઇ પહેલું કે કોઇ પછી એમ કહી શકાય નહીં–એવી રીતે સર્વાદ્ધા–સર્વકાળ સુધી ભગવાનનો ઉત્તર સમજી લેવો. એ પ્રમાણે ઉપરનો લોક પણ એક એક છોડવો અને તે પછીનો એક એક નીચેનો લોક પણ છોડવો. તે સર્વાદ્ધા–સર્વકાળ સુધી કહેવું.

સર્વાધ્ધાને માટે એવા પ્રશ્ન છે કે, પહેલા અતીત–અદ્ધા એટલે ભૂતકાળ અને પછી અનાગત–અધ્ધા એટલે ભવિષ્ય કાળ કે પહેલા અનાગત કાળ અને પછી આગત કાળ? તેમજ પહેલા અનાગત–કાળ અને પછી સર્વકાળ કે પહેલા સર્વ કાળ અને પછી અનાગત? તે સર્વ પ્રશ્નોનાં સંબંધે ભગવાને એવોજ ઉત્તર આપેલા છે કે, તે આનુપૂર્વીઓ થઈ શકે નહીં એટલે અમુક પહેલા અને અમુક પછી એમ કહી શકાય નહીં.

પછી રોહક મુનિએ કહ્યું, હે ભગવન, આપે જે કહ્યું, તે સત્ય છે; આ પ્રમાણે કહી રોહક મુનિ વિચરી ગયા.

## લોક [1]સ્થિતિના સ્વરૂપ વિષે શ્રી ગૌતમ સ્વામીના પ્રશ્નો અને શ્રી વીર પ્રભુના ઉત્તરો.

જ્ઞાની એવા ગૌતમ સ્વામીએ આવી શ્રમણ ભગવાન્ વીર પ્રભુને વંદના કરી નીચે પ્રમાણે પ્રશ્ન કર્યો.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, આ લોકની સ્થિતિ કેટલા ભેદે કહેલી છે.?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, તે લોકની સ્થિતિ આઠ પ્રકારની કહેલી છે, તે આ પ્રમાણે પહેલી લોક સ્થિતિ **આકાશ પ્રતિષ્ઠિત વાત** એટલે આકાશ ઉપર રહેલ તનુવાત અને ઘનવાત રૂપ વાયુ. તે તનુવાત અને ઘનવાત અવકાશના અંતર ઉપર રહેલા છે, અને આકાશ તો પોતાની મેળેજ પ્રતિષ્ઠિત છે, તેથી તે સંબંધી વિચારવાનું રહેતું નથી;

બીજી લોક સ્થિતિ **વાત પ્રતિષ્ઠિત–ઉદધિ** એટલે તનુવાત તથા ઘનવાત ઉપર રહેલ ઘનોદધિ.

ત્રીજી લોક સ્થિતિ–**ઉદધિ પ્રતિષ્ઠિત–પૃથ્વી** એટલે ઘનોદધિ ઉપર રહેલી પૃથ્વી જો કે જરા ભારવાળી પૃથ્વી તો આકાશ ઉપરજ રહી છે, પરંતુ રત્નપ્રભા વગેરે ઘણી પૃથ્વીઓને લઇને તેને ઘનોદધિ ઉપર રહેલી કહેવામાં આવી છે.

---

૧ રોહક મુનિની દ્વારા જે સૂત્રો કહેવામાં આવ્યા હતા, તે શૂન્યજ્ઞાન પ્રમુખવાદનુ ખંડન કરી વિચિત્ર એવી બાહ્ય અને આધ્યાત્મિક વસ્તુની સત્તાને પ્રતિપાદન કરનારા અને ઈશ્વરાદિ કર્તાની માન્યતાને ખંડન કરી જગતનું અનાદિત્વ સિદ્ધ કરનારા છે.

ચોથી લોકસ્થિતિ **પૃથ્વીપ્રતિષ્ઠિત-ત્રસસ્થાવરપ્રાણા.** એટલે પૃથ્વી ઉપર રહેલ ત્રસ તથા સ્થાવર જીવ જો કે ત્રસ તથા સ્થાવર જીવો આકાશ, પર્વત અને વિમાન ઉપર રહેલા હોય છે, પણ પ્રાયે કરીને તેઓ પૃથ્વી ઉપર રહેલા કહેવામાં આવ્યા છે.

પાંચમી લોકસ્થિતિ **અજીવાજીવપ્રતિષ્ટિતા** અટલે શરીરાદિક પુદ્ગળ રૂપ અજીવો જીવ ઉપર રહેલા છે તે, કારણ કે, અજીવ પુદ્ગળો હંમેશા જીવ ઉપરજ રહે છે.

છઠી લોક સ્થિતિ-**જીવાકર્મ પ્રતિષ્ઠિત** એટલે જીવ કર્મની ઉપર રહેલા છે, તે જેમની ઉદય આવવાની સ્થિતિ હજુ થઇ નથી એવા પુદ્ગળના સમુદાય રૂપ જે કર્મો, તેમની ઉપર સંસારી જીવો આશ્રિત થઇને રહેલ છે.

અહિં કેટલાએક એવો અર્થ કરે છે કે, જીવો કર્મવડે પ્રતિષ્ઠિત છે, એટલે કર્મને લઇને નારકાદિ ભાવે રહેલા છે.

સાતમી લોક સ્થિતિ-**અજીવાજીવસંગૃહીતા** એટલે જે અજીવો છે તે મન-ભાષા વગેરે પુદ્ગલોના જીવોની સાથે એકત્ર થઇને રહેલા છે.

અહિં એવી શંકા થાય કે, પાંચમી લોકસ્થિતી કે જે જીવો જીવ ઉપર રહેલા છે તે અને આ સાતમી લોક સ્થિતિ કે જે અજીવો જીવની સાથે સંગ્રહિત થઇ રહેલા છે. એ બંનેની અંદર શો ભેદ ? તેઓ બંને સરખીજ લાગે છે, તેનું સમાધાન આ પ્રમાણે છે. પાંચમી લોક સ્થિતિમાં આધાર આધેયભાવ છે. એટલે અજીવો જીવને આધારે રહેલાં છે, એવો અર્થ થાય છે. અને સાતમી લોક સ્થિતિમાં સંગ્રાહ્ય સંગ્રાહક ભાવ એટલે એક સંગ્રહ કરવામાં યોગ્ય છે અને બીજા સંગ્રહ કરનારા છે, અર્થાત્ અજીવ સંગ્રહ-કરવા યોગ્ય છે, અને જીવ તેમને સંગ્રહ કરનારા છે, જે જેનું સંગ્રાહ્ય-સંગ્રહ કરવા યોગ્ય હોય તે તેનું અર્થાપત્તિથી આધેય પણ થાય છે, જેમ પુરીને તેલ એવી રીતે ઉત્તર વાકયમાં પણ આધારાધેય ભાવ સમજવો.

આઠમી લોક સ્થિતિ-**જીવાકર્મસંગ્રહીતા** એટલે સંસારી જીવ કર્મથી સંગ્રહીત થયેલા છે. કારણ કે, તેઓ ઉદય આવેલા કર્મોને વશ રહેનારા છે. જેઓ જેમને વશ રહેનારા હોય, તેઓ તેમાં રહેલા હોય છે. જેમ ઘડાની અંદર રૂપાદિ રહેલ છે. અહિં પણ આધારાધેય ભાવ સમજવા.

ગોતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, લોકસ્થિતિ આઠ પ્રકારની કહી તેમાં જીવ કર્મથી સંગ્રહીત છે ત્યાં સુધી જે કહેવામાં આવ્યું તે શા કારણથી ?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ, કોઇ દેવદત્ત નામનો પુરૂષ ધંમણને વાયુથી પુરે તે ઉપરથી તેના મુખે ગાંઠ બાંધી લે, તે પછી તેની વચ્ચે ગાંઠ બાંધે અને તે પછી તેના ઉપર ગાંઠ મુકે પછી તે ઉપરના ભાગથી વાયુ કાઢે પછી ઊપરને ભાગે અર્ધમાં પાણી ભરે અને ઊપરના મુખે ગાંઠ બાંધે પછી વચલી ગાંઠ છોડે તે અપકાય તે વાયુકાયના ઉપર ઉપરને તળે રહે છે.

કહેવાનો આશય એવો છે કે, કોઇ માણસ ધંમણને વાયુથી ભરે, તે પછી તેની ઉપર બંધ બાંધી લે તેની વચ્ચે અને ઉપર ગાંઠ વાળે; તે પછી ઉપરના ભાગથી વાયુ કાઢે અને તે પછી ઉપલા અર્ધભાગમાં પાણી ભરે તે અપકાયજીવ જો કે વ્યવહારથી ઉપર ઉપર ભાવ આવી શકે તેથી કહે છે કે તે અપકાય ઉપરના તળમાં અર્થાત્ સર્વોપરી રહે છે. આ ઉપરથી જળનો આધાર વાયુ હોવાથી ત્યાં પણ આકાશ તથા ઘનવાત વગેરેને આધારાધેય ભાવ થાય છે, પહેલા પણ સર્વ પદોની અંદર આધારધેય ભાવ દર્શાવ્યો છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે અપકાય જીવ તે વાયુકાયની ઉપર તળીએ રહે છે.

ગોતમસ્વામી કહે છે, હે ભગવાન્, એ સત્ય છે, તે અપકાય વાયુ કાયની ઉપર રહે છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જેમ વાયુકાયને આધારે અપકાય રહે છે તેમ આધારાધેયપણે આકાશ ઘનવાત વગેરે પણ સમજવા અને તે કારણથી જીવ પણ કર્મથી સંગૃહીત થયેલા સમજવા.

## તે વિષે બીજું દ્રષ્ટાંત કહે છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જેમ કોઇ પુરૂષ ધંમણને વાયુથી પૂરે પછી તેને કડીથી બાંધી લે, પછી જેનો તાગ આવે નહીં અર્થાત્ અગાધ–ઊંડા, તરી શકાય નહીં એવા અને એક પુરૂષ બુડી જાય તેટલા પ્રમાણથી પણ વધારે એવા જળની અંદર તે પેસે, તે પુરૂષ તે અપકાય–જળની ઊપર રહે છે. ગૌતમસ્વામી કહે છે, હે ભગવન, હા, તે પુરૂષ જળ ઉપર રહી શકે છે.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, એવી રીતે આઠ પ્રકારે લોકસ્થિતિ કહી છે. તે 'જીવ કર્મ સંગૃહીત છે' ત્યાંસુધી સમજવું.

## વળી ચાલતા આ લોકસ્થિતિના અધિકારથી ગૌતમસ્વામી પુછેછે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જીવ અને પુદ્ગળો પરસ્પર બંધાએલા છે. એટલે જીવપુદ્ગલોની સાથે અને પુદ્ગળો જીવોની સાથે બંધાએલા છે, તે પરસ્પર સ્પર્શ કરીને રહેલા છે એટલે પ્રથમ માત્ર સ્પર્શથી પરસ્પર બંધાઇને પછી અતિગાઢપણે જોડાએલા છે, તે પછી પરસ્પર લોલીભાવને પામેલા છે એટલે દૂધ અને જળની જેમ મળી ગયા છે, અને જેમ શરીર ઉપર રેણું ચોટી જાય તેમ રાગાદિ સ્નેહે બંધાણા[1] છે, તે જીવ અને પુદ્ગળો પરસ્પર સમુદાયભાવે રહે છે કે કેમ ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તેવી રીતે રહે છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, તે જીવ અને પુદ્ગળો શા કારણથી તેવી રીતે રહે છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જેમ કોઈ પાણીનો ધરો પાણીથી ભરેલો અને તે માપ પ્રમાણે જરાપણ ઉણો ન રહે તેમ પૂરેપૂરો ભરેલો હોય, તેમાં પછી અતિ જળ ભરવાથી તે છલકાઇ જતો હોય અને ઘણાં જળથી ઉછળતો હોય તે ધરો સર્વ રીતે જલથી ભરેલા ઘડાની જેમ રહે છે. તેવા તે ધરાની અંદર કોઇ પુરૂષ જેમાંથી પાણી આવી શકે એવા સેંકડો છિદ્રવાળી અને મોટી નાવિકા મુકે.

હે ગૌતમ, પછી તે નાવિકા તે છિદ્રોદ્વારા જળથી પૂરાતી, જરાપણ ઊણી ન રહેતી, અને પાણીથી છલકાતી ધરામાંથી સર્વ રીતે ભરેલા ઘડાની જેમ તે ભરાઇને ડુબી જાય એટલે ધરાના નીચેના જળ સાથે રહે તેમ થાય કે ?

**ગૌતમસ્વામી** કહે, હે ભગવન્ તેમ થાય.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પ્રમાણે જેમ નાવિકા અને પાણીના ધરાનું જળ પરસ્પર અવગાહન કરીને રહે છે, તેમ જીવ અને પુદ્ગળો પણ તેવી રીતે રહે છે.

---

૧ જીવ રાગદ્વેષથી ચીકણો થાય ત્યારે તેને કર્મનો બંધ ચોટી જાય છે.

## હવે લોકસ્થિતિ વિષે પુછે છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, સર્વકાળે એટલે સર્વ ઋતુઓમાં સૂક્ષ્મ પાણીનો ઓસ પરિમિત-પ્રમાણથી પડે છે કે કેમ ?

( અહિં રાત્રે અને દિવસને પહેલે અને છેલ્લે પોહોરે એમ કાળનો સ્નિગ્ધ તથા શુકા વખતને લઇને ઓસનું બહુ તથા અલ્પપણું પણ કહી શકાય છે. )

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે સૂક્ષ્મ પાણીનો ઓસ તેવી રીતે પડે છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જો તે પડે છે તો તે ઉર્ધ્વ ભાગે એટલે વર્તુલ-વૈતાઢય પર્વત વગેરેમાં પડે છે, કે અધોભાગે એટલે અધોલોકના ગામ વગેરેમાં પડે છે, કે તિરછા લોકમાં પડે છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે ઉર્ધ્વભાગે પડે છે, અધોભાગે પણ પડે છે અને તિરછે ભાગે પણ પડે છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જેમ બાદર અપકાય એટલે વરસાદનું પાણી તેનાથી સરોવર વગેરે ભરાય છે, તે માંહોમાંહી મળી તળાવ વગેરેને પૂરીને દીર્ઘકાળસુધી રહે કે કેમ ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે અર્થ ઘટતો નથી એટલે તમે કહો છો તેમ થઇ શકે નહી, તે પાણીનો ઓસ જલદી નાશ પામી જાય છે, કારણ કે, તે ઘણુંજ અલ્પ હોય છે, તેથી ઓગળી જાય છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, આપ જે કહોછો તે સત્ય છે. ભગવંતના વચન અન્યથા હોય નહીં.

**इति प्रथम शतकनो ६ ठो उद्देश समाप्त.**

# सप्तम उद्देश.

## ઊત્પાદ-ઊત્પત્તિસ્વરૂપની પ્રરૂપણા.

ગયા છઠ્ઠા ઉદ્દેશમાં છેવટે કહેવામાં આવ્યું કે, તે અપકાય-ઓસ વિધ્વંસને પામી જાય છે, તો આ સાતમા ઉદ્દેશમાં તે નાશથી ઉલટું એટલે ઊત્પત્તિ વિષય કહેવામાં આવશે.

અથવા પ્રથમ જે લોકસ્થિતિ વિષે કહેવામાં આવ્યું, તે વિષે આ ઉદ્દેશમાં પણ કહેવામાં આવશે.

પ્રથમની સંગ્રહિણીગાથામાં નારકીના સંબંધે સૂચવેલું છે, તેથી આ ઉદ્દેશમાં તે નારકીનો પ્રસંગ જણાવે છે.

૧ ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, જે જીવ નારકીને વિષે હજુ ઉત્પન્ન થવા માંડયો હોય તેને ઉત્પન્ન થયેલો કહે છે, તો તે જીવ શું પોતાનો દેશ અને નારકીના દેશ લઇને ઉત્પન્ન થાય છે? એટલે પોતાના અવયવના ભાગે અને નરકના ભાગે ઉત્પન્ન થાય છે અર્થાત્ પોતાના અવયવે કરી નારકીના અવયવપણે ઉપજે છે?

૨-કે પોતાના-જીવના માત્ર અંશ-અવયવ અને સર્વ ભાગ નરકના-એવી રીતે ઉપજે છે?

૩-કે-જીવના સર્વ ભાગ અને નરકના અંશ, એવીરીતે ઉપજે છે?

અથવા જીવના સર્વ અંશ અને નરકના પણ સર્વ અંશ એવીરીતે ઉપજે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, 'જીવના અંશ અને નરકના સર્વ ભાગ, એવીરીતે નારકી ઉપજતા નથી, તેમ જીવના સર્વ ભાગ અને નરકના અંશ એવીરીતે પણ ઉપજતા નથી તેમ જીવ અને નરકના સર્વ દેશે પણ ઉપજતા નથી પણ તેઓ જીવ અને નરકના સર્વ ભાગે ઉપજે છે. એવીરીતે વૈમાનિક દેવતાસુધીના ચોવીશ દંડક સમજવા.

અહિં ભગવાન્ મહાવીરે એવો ઉત્તર આપ્યો છે કે, નારકીના જીવ પોતાના દેશ–ભાગે ઉપજતા નથી કારણકે, પરિણામી કારણના અવયવ કાર્યનો અવયવ બની શકતો નથી. જેમ વસ્ત્રનો તંતુ તે વસ્ત્રનો અવયવ છે, તેનાથી વસ્ત્રસાથે નહીં બંધાએલ વસ્ત્રને એક દેશ બની શકતો નથી. કહેવાનો આશય એવો છે કે, પૂર્વના અવયવીની સાથે બંધાએલા તેના એક અવયવથી પછીના અવયવીનો દેશ બની શકે નહીં. તેમ તે નારકી જીવ તેના સર્વ દેશથી પણ ઉપજે નહીં. કારણ કે, તંતુવડે વસ્ત્રની જેમ તેનું કારણ પરિપૂર્ણ હોતું નથી. તેમ તે નારકી સર્વ રીતે દેશપણે પણ ઉપજે નહીં, કારણકે જેમ ઘડાના બધા કારણોથી ઘડાનો એક ભાગ થાય નહીં તેમ તેના પરિણામી કારણો સંપૂર્ણ હોય છે, પરંતુ તે નારકી જીવ પોતાના અને નારકીના સર્વપણે ઉપજે. કારણકે, ઘડાની જેમ તેના કારણનો સમવાય પૂર્ણ છે. આ પ્રમાણે ચૂર્ણિકાની વ્યાખ્યામાં આપેલું છે.

ટીકાકાર તો આ સ્થળે આ પ્રમાણે વ્યાખ્યા કરે છે,–જે જીવ જયાં રહેલો છે, તે દેશને દૂર કરી જે ઠેકાણે ઉપન્ન થવું હોય ત્યાં દેશથી ઉત્પન્ન થાય છે. અથવા દેશથી સર્વપણે ઉત્પન્ન થાય છે; અથવા જયાં સર્વાત્મપણે ઉત્પન્ન થવાનું હોય, તેના દેશમાં ઉત્પન્ન થાય છે, અથવા સર્વાત્મરીતે સર્વમાં ઉત્પન્ન થાય છે; આ ચાર ભાંગામાંથી છેલ્લા બે ભાંગા ગ્રાહ્ય છે; કારણકે, સર્વ એવા પોતાના આત્મપ્રદેશના વ્યાપારવડે જેમ ઈળનો કીડો ચાલે તેમ ચાલીને જયાં ઉત્પન્ન થવાનું હોય તેના દેશમાં ઉપન્ન થાય છે, કારણકે, તે દેશ ઉત્પત્તિના સ્થાનના પ્રદેશથી વ્યાપ્ત હોય છે, અથવા જીવની જો દડાના જેવી ગતિ લઇએ તો તે જીવ પૂર્વના સ્થાનને છોડી દઇ સર્વપણે સર્વમાં ઉપજે છે. આ ટીકાકારની વ્યાખ્યા બીજી વાચનાને લઇને થાય છે.

## હવે ઉત્પત્તિની અંદર આહારક સૂત્ર આવે તેથી તે વિષે કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે નારકીના જીવ ઉપજતા હોય, તે વખતે તે દેશે કરીને આહારના દેશનો આહાર કરે, કે દેશે કરી સર્વ આહાર કરે કે, સર્વ આહારનો દેશે કરી આહાર કરે કે સર્વ આહારનો આહાર કરે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકી જીવ દેશે કરીને આહારના દેશનો આહાર કરે નહી, તેમ દેશેં કરી સર્વ આહાર કરે નહીં, પણ તે સર્વે આહારના દેશે કરી આહાર કરે તેમજ સર્વે આહારનો સર્વે આહાર કરે.

(કહેવાનો આશય એવો છે કે, તે નારકી જીવ ઉત્પત્તિ થયા પછીના સમયમાં આત્માના સર્વે પ્રદેશો વડે કેટલાએક આહારના પુદ્‌ગળોને ગ્રહણ કરે છે અને કેટલાએકને છોડી દેછે. તે વિષે આ પ્રમાણે દષ્ટાંત છે. જેમ તપેલી તાવડીમાં રહેલા તેલમાં પુડલો નાંખ્યો હોય તે કેટલુંક તેલ ગ્રહે છે, અને કેટલુંક છોડી દેછે; તેવી રીતે જીવ દેશે કરી આહાર કરે છે. તેમજ નારકી જીવ સર્વે આત્મ પ્રદેશ વડે ઉત્પત્તિને સમયે આહારના પુદ્‌ગળોને ગ્રહણજ કરે છે. તે વિષે આ પ્રમાણે દષ્ટાંત છે, જેમ પ્રથમથી તેલની ભરેલી કડાહીમાં પહેલે સમયે જે પુડલો પડયો તે સર્વનું ગ્રહણ કરે છે, પણ છોડી દેતો નથી, એવી રીતે નારકી સર્વ વડે સર્વનો આહાર કરે છે.)

આ પ્રમાણે વૈમાનિક સુધી સર્વ દંડક જાણી લેવા. આ પ્રમાણે ઉત્પત્તિ અને આહારથી યુક્ત એવા બે દંડક કહ્યા.

હવે આહાર સહિત ચ્યવવાનું કહે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે—હે ભગવન્, તે નારકી નરકમાંથી ચ્યવવા માંડે તો તે જીવના દેશે કરી ચ્યવવામાંડે ? અહિં પૂર્વે જેમ ઉપજવા માંડયો તે રીતે તે ચ્યવવા માંડે, તેમ કહેવું ? એવી રીતે એ દંડક ભણવો; વળી ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્,—તે નારકી ચ્યવવામાંડે ત્યારે શું તે જીવના દેશે આહારના દેશનો આહાર કરે છે, કે તેમજ યાવત્ સર્વ આહાર કરે છે, કે—સર્વ જીવ સર્વ આહારને આહાર કરે છે ? તે પૂર્વ પ્રમાણે કહેવું. એવી રીતે વૈમાનિક સુધી ચોવીશ દંડક વિસ્તારથી કહેવા.

હવે ઉત્પત્તિ અને ઉત્પત્તિનો આહાર તેને આશ્રીને બે દંડક કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકી નરકને વિષે ઉત્પન્ન થયો, તે જીવના દેશે નરકના દેશને વિષે ઉત્પન્ન થયો ? ઇત્યાદિ ચાર ભાંગા પ્રથમની જેમ પ્રશ્ન રૂપે કહેવા.

તેના ઉત્તરમાં કહેવું કે, તે દેશ વડે દેશમાં ઉત્પન્ન થયો. યાવત્ સર્વ વડે સર્વમાં ઉત્પન્ન થયો એવાં ત્રણ ભાંગાનો નિષેધ છે અને સર્વ વડે સર્વમાં ઉત્પન્ન થયો, એ ચોથા ભાંગાનો સ્વીકાર કરવો.

આ ઠેકાણે જેમ ઊપજવા માંડયો અને ત્યાં આહાર અને જયાં ચ્યવવામાંડયો ત્યાં આહાર એમ ચાર દંડક કહ્યા છે, તેમ ઊત્પન્ન થયો ત્યાં આહાર અને ત્યાં ચ્ય૦યો ત્યાં આહાર–એમ ચાર દંડક કહેવા તેમાં ઊત્પન્ન થયો અથવા ચ૦યો–એ બે દંડકને વિષે ચાર ભાંગા છે. તેમાંથી ત્રણ ભાંગાનો નિષેધ અને ચોથા ભાંગાનો સ્વીકાર છે, તે કહે છે,–જીવ સર્વ અને નરકપણ સર્વ ઊત્પન્ન થયા એ દંડક, તથા આહાર દંડકને વિષે પાછળા બે ભાંગા નિષેધવા અને બે ભાંગા ગ્રહણ કરવા. સર્વ જીવ આહારનો દેશ આહાર કરે અને સર્વ જીવ–આહાર સર્વ આહાર કરે--એ વિષે પૂર્વની જેમ પૂડા અને તેલનો દષ્ટાંત લાગુ કરવો.

એ રીતે જેમ બે આલાપ ઊત્પત્તિના સંબંધે કહયા, તેમ ચ્યવનાને સંબંધે પણ બે આલાપ જાણવા;

એવી રીતે દેશ અને સર્વથી આઠ આલાપ કહયા તેવીજ રીતે હવે અર્ધ અને સર્વથી આઠ--આલાપ કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, નારકીને વિષે ઊપજતો જીવ શું પોતાના ( જીવના ) અર્ધે અને નારકીને અર્ધે ઊપજે ? અથવા જીવ અર્ધ અને નારકી સર્વ એવી રીતે ઊપજે ? અથવા જીવ અને નારકી અર્ધ એમ ઊપજે ? અથવા જીવ સર્વ અને નારકી સર્વ એમ ઊપજે ?

( અહિં કદિ શંકા થાય કે, દેશ અને અર્ધ એમાં શો તફાવત છે ? તો તેના સમાધાનમાં કહ્યું છે કે, દેશ એટલે ત્રીજો ભાગ આદિ, તે દેશ અનેક ભાગે હોય છે અને અર્ધ તો એકજ ભાગે હોઇ શકે છે. )

અહિં પહેલા જેમ દેશે કરી આઠ દંડક કહયા છે, તેમ અહિં અર્ધથી આઠ દંડક કહેવા તેમાં એટલું વિશેષ છે કે, જે ઠેકાણે ‘દેશ વડે દેશે ઊપજે’ એમ કહયું છે, તે ઠેકાણે ‘અર્ધે અર્ધ ઊપજે’ એમ કહેવું, એટલો ભેદ છે, એવી રીતે સઘલા મલીને સોલ દંડક વિચારીને ઊપયોગ સહિત કહેવા.

ઊત્પન્ન થવું અને ચ્યવવું એ ગતિ પ્રવર્ત્તક હોઇ શકે છે, તેથી હવે ગતિસૂત્રો કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જીવ વાંકી ગતિએ ચલાયમાન થાય છે કે સીધી ગતિએ ચલાયમાન થાય છે. ?

(નારકીના જીવો અલ્પ છે, તેથી તેઓ નરકાદિક સ્થાનમાં વાંકી ગતિવાલા હોવાને સંભવ નથી અને કદિ સંભવ હોયતો તે નારકી નરકમાં એકાદિ ઊપજે છે તો તેમને વાંકી ગતિનો નિષેધ આવે, કારણકે તેઓ ઘણાં હોય છે.)

ભગવાન્ ઊત્તર આપે છે—હે ગૌતમ, કોઇવાર કોઇ જીવ વાંકી ગતિવાલા હોય છે, અનેકવાર કોઇ જીવ સીધી ગતિવાલા હોય છે. એવી રીતે વૈમાનિક દેવ સુધી ચોવીસ દંડક કહેવા.

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, જીવ અનંતા છે, તેથી પ્રત્યેક સમયે વાંકી ગતિવાલા પણ ઘણાં છે. અને પ્રત્યેક સમયે સિધી ગતિવાળા પણ ઘણાં છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે નારકી જીવ શું વાંકી ગતિવાલા છે અને સીધી ગતિવાલા પણ[1] છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, નારકીને વિષે સીધી ગતિવાલા સર્વે હોય છે, કારણકે સીધી ગતિવાલા હંમેશા ઘણાં હોય છે, તેથી તેમને માટે બહુ વચન છે, અને વાંકી ગતિવાલા થોડા હોય છે, તેથી તેમને માટે એક વચન છે તેથી કહે છે કે, અથવા સીધી ગતિવાલા ઘણાં અને વાંકી ગતિવાલો કોઇએક હોય છે, અથવા સીધી ગતિવાલા પણ ઘણાં હોય છે, અને વાંકી ગતિવાલા પણ ઘણાં હોય છે, એમ ત્રણ ભાંગા સમજવા.

એવી રીતે વિશેષ રહિત એવા જીવ અને એકેંદ્રિય જીવ–તે બંનેને વિષે વાંકી ગતિવાલા અને સીધી ગતિવાળા જીવ ઘણાં હોય છે, તેથી તેમના ત્રણ ભાંગા હોતા નથી, તેટલા માટે એકેંદ્રિય જીવને વર્જીને બીજા સર્વ દંડકમાં ત્રણ ભાંગા થાય છે.

## હવે ગતિના અધિકારથી ચ્યવવાનું સૂત્ર કહે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન, જે વિમાનના પરિવાર વગેરેની અપેક્ષાએ મોટી પદ્ધિવાલો છે, શરીરના આભૂષણ વગેરેની અપેક્ષાએ મોટી કાંતિવાલો છે, શરીર પ્રાણની અપેક્ષાએ મોટા બળવાલો છે, મોટી ખ્યાતિવાલો છે. મહાન્ ઇશ્વર છે–મોટા સુખના સાધનોવાલો છે. અને

૧ જે જીવ એક ભવમાંથી બીજે ભવે વાંકી ગતિએ જાય તે વિગ્રહ ગતિ અને જે જીવ સીધી ગતિએ જાય તે અવિગ્રહ ગતિ કહેવાય છે.

પ્રધાન વૈક્રિય પ્રમુખ કરવાથી અચિંત્ય સામર્થ્યવાલો છે. તેવો દેવતા મૃત્યુકાળે શરીરને છોડતો .એટલે જીવતો પણ મરણકાલે કેટલોક વખત આહાર લેતો નથી; કારણ કે, તે સમયે તેને લજ્જા ઉત્પન્ન થાય છે, જ્યારે પોતાને ચ્યવવાનો સમય આવે તે વખતે જ્યાં સુધી જીવ ગયો ન હોય તેટલા વખતમાં તે પોતાની ઉત્પત્તિનું સ્થાન જોઇ શકે છે. તે પુરૂષથી ભોગવાતી સ્ત્રીના ગર્ભાશયરૂપ એવા દેવતાના ભવથી વિપરીત દેખાવ જોઇ તે ઘણો લજ્જા પામે છે; તેથી તે આહાર લેતો નથી. વળી શુક્ર-વીર્ય વગેરેને ઉત્પત્તિનું કારણ જાણી તેને દુંગંછા ઉત્પન્ન થવાથી અને અરતિના પરીષહથી તે આહાર લેતો નથી. લોકમાં પણ જ્યારે અરતિ-ઉદ્વેગ ઉપજે છે, ત્યારે આહાર લેવામાં અરૂચિ થાય છે, પછી લજ્જા વગેરેનો સમય ગયા પછી ક્ષણવારે ક્ષુધા વેદનીયને લાંબો કાળ સહન ન કરી શકવાથી તે મનવડે તેવી જાતના પુદ્ગળોને ગ્રહણ કરવારૂપ આહાર ગ્રહણ કરે છે. આહાર કરે છે તે છતાં આહાર કરેલો અને પરિણમવા માંડયો છે, તે છતાં પરિણમ્યો એમ સમજવું. અહીં ક્રિયાકાળ અને નિષ્ટા-કાળ અર્થાત્ વર્તમાનકાળ અને ભૂતકાળનો અભેદ દર્શાવી તેના આહાર કરવાના સમયને અલ્પ કહેલો છે; તે પછી તે દેવતાનો જીવ ક્ષીણ આયુષ્યવાળો થાય છે, ત્યારબાદ જે મનુષ્ય વગેરેમાં તેને ઉત્પન્ન થવાનું હોય, તેની આયુષ્યને તે અનુભવે છે. તે તિર્યંચ અથવા મનુષ્યની આયુષ્ય સમજવી, કારણ કે દેવતાનો જીવ દેવ અને નારકીની આયુષ્ય બાંધતો નથી.

ભગવાન્ કહે છે, હે ગોતમ, દેવતાનો જીવ મહર્દ્ધિકને લઇને મનુષ્ય સુધીનું આયુષ્ય ભોગવે

## હવે ઉત્પત્તિના અધિકારથી ગૌતમ સ્વામી પુછે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે જીવ ગર્ભને વિષે ઉત્પન્ન થાય છે તે ઇંદ્રિય સહિત ઉત્પન્ન થાય છે? કે ઇંદ્રિય રહિત ઉત્પન્ન થાય છે?

ભગવાન કહે છે, હે ગૌતમ, તે કોઇવાર ઇંદ્રિયસહિત ઉત્પન્ન થાય છે. અને કોઇવાર ઇંદ્રિય રહિત ઉત્પન્ન થાય છે.

ગૌતમ સ્વામી કહે છે, હે ભગવન્, તેનું શું કારણ છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, નિવૃત્તિના ઉપકરણારૂપ જે સ્પર્શ રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રરૂપ ઇંદ્રિય પર્યાપ્તપણે દ્રવ્ય ઇંદ્રિય કહેવાય

છે, તે દ્રવ્ય ઇંદ્રિય–એટલે બાહ્ય ઇંદ્રિયને આશ્રીને ઇંદ્રિય રહિત ઉપજે છે, અને લબ્ધિના ઉપયોગ લક્ષણ જે અંતર્ગત જ્ઞાનરૂપ ઇંદ્રિય કે જે સંસારી જીવને સર્વ અવસ્થામાં હોય છે. તે ભાવઇંદ્રિયને આશ્રીને ઇંદ્રિય સહિત ઉપજે છે, જે કારણથી તે ઇંદ્રિય સહિત અને ઇંદ્રિય રહિત ઉપજે એમ કહ્યું છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જે જીવ ગર્ભને વિષે ઉત્પન્ન થતો હોય, તે શરીરસહિત ઉત્પન્ન થાય છે કે શરીરરહિત ઉત્પન્ન થાય છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કોઇવાર તે શરીરસહિત ઉત્પન્ન થાય છે, અને કોઈવાર તે શરીર રહિત ઉત્પન્ન થાય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તેમ શા કારણથી થાય છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, ઔદારિક, વૈક્રિય અને આહારિક એ ત્રણ પ્રકારના શરીરની અપેક્ષાએ તે શરીર રહિત ઉપજે છે કારણ કે વાટે વહેતા એવા જીવને એ ત્રણ શરીરનો અભાવ છે, અને તૈજસ અને કાર્મણ–એ બે શરીર જીવને સંસારની સર્વ અવસ્થામાં હોય છે, તેની અપેક્ષાએ તે શરીરસહિત ઉત્પન્ન થાય છે, તે કારણને લઇ જીવ કોઇવાર શરીર સહિત અને કોઇવાર શરીર રહિત ઉત્પન્ન થવાનું કહ્યું છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, જીવ ગર્ભને વિષે ઉત્પન્ન થતાંજ પ્રથમ કેવો આહાર ગ્રહણ કરે છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે માતાનું રૂધિર અને પિતાનું શુક્ર–વીર્ય હોય તે બંને મિશ્ર થઇ કિલ્વિષરૂપ બને છે, તેનો આહાર જીવ પ્રથમ ગ્રહણ કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે હે ભગવન્, તે જીવ ગર્ભમાં ઉત્પન્ન થયા પછી કેવો આહાર કરે છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે ગર્ભમાં રહેલા જીવની માતા દુધ વગેરે જે રસની અનેક પ્રકારની વિકૃતિનો આહાર કરે, તે રસની વિકૃતિના એક થોડા ભાગ સાથે ઓજનો તે જીવ આહાર કરે છે;

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, તે ગર્ભમાં રહેલો જીવ વિષ્ટા કરે, પિશાબ કરે, થુંકે, નાકમાંથી લીંટ કાઢે, વમન કરે અને પિત કાઢે કે નહીં?

ભગવાન્ કહે છે હે ગૌતમ, તે અર્થ ઘટી શકે નહીં.

ગૌતમ કહે છે હે ભગવન્, તે શા માટે એ અર્થ ઘટી શકે નહીં ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે ગર્ભમાં રહેલો જીવ જે આહાર કરે છે, તે આહારને શ્રોત્રેંદ્રિય, ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસનેંદ્રિય, સ્પર્શેન્દ્રિય, અસ્થિ, હાડમાં રહેલી ચીકાશ, કેશ, દાઢી મુંછના વાળ, રૂવાંડાં, અને નખ પણ પુષ્ટ કરે છે, તે કારણથી ગર્ભમાં રહેલા જીવને ઝાડો, પીશાબ વગેરે હોતા નથી.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે ગર્ભમાં રહેલો જીવ મુખમાં કાવલિક-આહાર એટલે કોલીયાનો આહાર લેવાને સમર્થ છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે અર્થ ઘટી શકે નહી.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, શા કારણથી તે અર્થ ઘટી શકે નહી ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, ગર્ભમાં રહેલો જીવ સર્વ આત્માએ આહાર કરે છે, સર્વ આત્માએ તેને પરિણમાવે છે, સર્વ આત્માએ શ્વાસ લેછે, અને સર્વ આત્માએ નિઃશ્વાસ લેછે, તેમ વલી તે વારંવાર આહાર લેછે, વારંવાર આહારને પરિણમાવે છે, વારંવાર શ્વાસ લેછે, અને વારંવાર નિઃશ્વાસ લેછે, વળી તે કોઇવાર આહાર લેછે, કોઇવાર આહાર પરિણમાવે છે, કોઈવાર શ્વાસ લેછે અને કોઈવાર નિઃશ્વાસ લેછે કારણ કે માતાના જીવના રસને હરણ કરનાર તેની નાભિનું નાલ પુત્રના જીવને રસ ગ્રહણ કરવામાં કારણ રૂપ છે કેમકે તે માતાના જીવની સાથે થઇને પુત્રના જીવને સ્પર્શીને રહેલી છે, તેને લઈને તે જીવ આહાર કરે છે અને આહારને પરિણમાવે છે અને બીજી નાડી પુત્રના જીવના રસને હરનારી પણ તે પુત્રના જીવ સાથે બંધાએલી છે, તેને લઇને તે માતાના જીવને સ્પર્શીને રહેલી છે. તેથી તે શરીરને પુષ્ટ કરે છે અને વધારે છે; તે કારણથી તે જીવ મુખ વડે કવલા-આહાર કરવાને સમર્થ થઇ શકતો નથી.

(અહિં વિશેષમાં કહેવાનું કે, જે માતાના જીવના રસને હરનાર નાભિનાળ છે, તે પુત્રના રસને ગ્રહણ કરવામાં કારણ રૂપ છે, કારણકે તે માતાના જીવની સાથે પ્રતિબદ્ધ થયેલ છે, તેથી તે પુત્રના જીવને સ્પર્શી શકે છે, અહિં પ્રતિબદ્ધ એટલે ગાઢ સંબંધવાળું છે, એમ સમજવું કારણ કે, તે તેના અંશ રૂપ છે અને જયાં સ્પર્શ કરવાનું કહયું છે, ત્યાં માત્ર

સંબંધજ સમજવો કારણકે તે તેના અંશ રૂપ નથી, અથવા અહિં માતૃ જીવરસહરણી અને પુત્રજીવરસહરણી એટલે માતાના જીવરસને હરનારી અને પુત્રના જીવરસને હરનારી બે નાડીઓ છે, તેમાં જે પહેલી માતૃ જીવની સાથે પ્રતિબદ્ધ થયેલી છે તે પુત્રના જીવને સ્પર્શનારી છે, તેથી તે માતૃ-જીવની સાથે પ્રતિબદ્ધ થયેલી રસહરણી નાડી વડે પુત્રજીવને સ્પર્શીને આહાર કરી શકે છે. અને પુત્રજીવની રસહરણી નાડીવડે પુત્રજીવને સ્પર્શીને માતૃજીવને સ્પર્શે છે, જેને લઇને ગર્ભનો જીવ પોતાના શરીરને પુષ્ટ કરી શકે છે. તેને માટે બીજા તંત્રમાં પણ કહ્યું છે કેઃ—

“ पुत्रस्य नाभौ मातुश्च हृदि नाडी निबध्यते ।
यथासौ पुष्टिमाप्नोति केदार इव कुल्यया ” ॥ १ ॥

“ બાળકની નાભિમાં અને માતાના હૃદયમાં એક નાડી બંધાય છે, જે નાડીવડે તે બાળક જેમ પાણીની નીકથી છોડવાનો કયારો પુષ્ટ થાય તેમ પુષ્ટિ પામે છે. ” ૧

## હવે ચાલતા ગર્ભના અધિકારથી કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે ગર્ભના જીવને માતાના અંગ કેટલા કહ્યા છે ?

( અહિ આર્તવ–ઋતુ સંબંધી ઘણાં વિકારોને લઇને ઘણાં અંગ કહેલા છે. )

ભગવાન્ કહે છે, હે ગૌતમ, માંસ, રૂધિર અને માથાની મીંજી. ( અહિં કેટલાએક ચરબી અને ફેફસા પણ કહે છે. ) તે ત્રણ અંગો માતાના કહેલાં છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન, તે ગર્ભના જીવને પિતાના અંગ કેટલા હોય છે ?

( અહિં વીર્યના વિકારોને લઇને ઘણાં અંગો કહેલા છે. )

ભગવાન્ કહે છે, હે ગૌતમ, હાડની અંદરની મીંજી, વચ્ચેના અવ-યવનો[1] ભાગ અને કેશ, દાઢીમૂંછ; રોમ તથા નખ—એ ત્રણ અંગો પિતાના કહેલાં છે.

---

૧ કેશાદિક—બધા એકજ અંગમાં સમજવા.

અને તે શિવાયના બાકીના જે અંગો છે, તે શુક્ર અને શોણિતના સરખા વિકાર રૂપે હોવાથી માતાપિતાના સાધારણ અંગો છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે માતા અને પિતાના અવયવો વડે ઉત્પન્ન થયેલું તે શરીર કેટલો કાળ રહે છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જીવને ભવધારણીય એટલે ભવોપગ્રાહક મનુષ્યાદિ શરીર જયાંસુધી નાશ પામે નહીં, ત્યાંસુધી તે માતાપિતા સંબંધી અંગ રહે છે. અર્થાત્ મરણ પર્યંત રહે છે; તે શરીરના ઉપચય પામવાના–વધવાના છેલ્લા સમય પછી તે માતાપિતાથી થયેલું શરીર ક્ષય પામતું પામતું તે જીવના આયુષ્યને છેલ્લે સમયે જાય છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, તે જીવ ગર્ભમાં રહેતો થતો નારકીને વિષે ઉત્પન્ન થાય કે નહી ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કોઈ જીવ નારકીને વિષે ઉત્પન્ન થાય અને કોઇ જીવ ન થાય.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, શા કારણથી એમ બને ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, કોઇ જીવ રાજાની રાણીના ગર્ભમાં આવ્યો હોય, તે જીવ સંજ્ઞી પંચેંદ્રિયપણાની જે પોતાની સર્વ પર્યાપ્તિ, તેને પ્રાપ્ત થવાથી વીર્યલબ્ધિ તથા વૈક્રિયલબ્ધિવડે કરી અથવા વીર્યલબ્ધિવાળો તથા વૈક્રિયલબ્ધિવાળો થઇ શત્રુની સેનાને આવેલી સાંભળી અને મનમાં અવધારી જીવના ગર્ભના પ્રદેશથી બાહેર કાઢે અને બાહેર કાઢીને અને વૈક્રિય સમુદ્ઘાતવડે સમવહત થાય અને તેમ થઇને હાથી, ઘોડા, રથ અને પેદળરૂપ ચતુરંગી સેનાને વિકુર્વે અને તે વિકુર્વીને શત્રુની સેનાની સાથે યુદ્ધ કરે તે જીવને દ્રવ્યની વાંછા હોય છે, રાજયની કામના હોય છે, ભોગ એટલે ગંધ, રસ, તથા સ્પર્શની કામના હોય છે, શબ્દ તથા રૂપની આસક્તિ હોય છે, રાજયની ભોગની અને કામની આસક્તિ હોય છે. અને અર્થ, રાજય અને ભોગ પ્રાપ્ત થયા છતાં પણ તેનાથી તૃપ્તિ થતી નથી. અને તે અર્થ વગેરેમાંજ તેનું ચિત્ત લાગેલું હોય છે, તેમાંજ તેના મનનો વિશેષ ઉપયોગ હોય છે, તેજ ઉપરજ તેને લેશ્યા હોય છે, તેમાંજ તેનાં અધ્યવસાય એટલે તેનો ભોગ કરવાની ક્રિયા સંપાદન કરવાની વૃત્તિ હોય છે, તેને માટેજ તે સદા ઉપયોગવાળો–સાવધાન રહે છે, તેને માટેજ તેની ઇંદ્રિયો જોડાએલી રહે છે અથવા તેને માટે કરવું, કરાવવું

અને અનુમોદવું, એ ત્રણ ક્રિયાઓ આચરે છે, તેનીજ ભાવના તે ભાવ્યા કરે છે. તે જીવ એમ કરતાં તે સંગ્રામ કરવાને અવસરે અંતરમાં કાળ કરે છે એટલે મૃત્યુ પામે છે, અને મૃત્યુ પામ્યા પછી તે નારકીને વિષે ઉત્પન્ન થાય છે, હે ગૌતમ, તે કારણથી કોઈ જીવ ગર્ભમાંથી નરકે ઉત્પન્ન થાય છે અને કોઇ જીવ નથી થતાં એમ કહ્યું છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, ગર્ભમાં રહેલો જીવ દેવપણામાં ઉત્પન્ન થાય કે નહીં ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, કોઇ જીવ ગર્ભમાં રહેલો થકો દેવ-પણામાં ઉત્પન્ન થાય છે અને કોઈ જીવ નથી ઉત્પન્ન થતો.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્ એમ શા કારણથી બને છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે જીવ જે સંજ્ઞી પંચેદ્રિય જીવ સઘળી પર્યાપ્તિઓ તે પ્રાપ્ત કરી તેવો સાધુ કે જે દેવલોકમાં ઊત્પન્ન થવાને યોગ્ય હોય છે અથવા સ્થૂળ પ્રાણાતિપાત વગેરેથી નિવૃત્ત થયેલો શ્રાવક અથવા દેશથી વિરત બ્રહ્મચર્ય પાળનાર બ્રાહ્મણ હોય તેની સમીપે અનેક આર્ય અને ધાર્મિક વચનોને સાંભળી આ સંસારના ભય વડે સંવેગ ઊત્પન્ન થવાથી ધર્માદિકમાં તેને શ્રદ્ધા ઊત્પન્ન થાય છે, પછી તેનું મન ધર્મના તીવ્ર અનુરાગમાં લાગે છે એટલે તે જીવને શ્રુતચારિત્ર રૂપ ધર્મ અને તેના ફલરૂપ શુભ કર્મની, સ્વર્ગની અને મોક્ષની વાંછા થાય છે, તેમાં આસકિત થાય છે, અને તેમને માટે અતૃપ્તિ રહે છે, એટલુંજ નહી પણ તે પદાર્થોની અંદર તેનું મન રહયા કરે છે તેમનીજ લેશ્યાઓ થાય છે, અને તેમનોજ અધ્યાસ થાય છે, પોતાની ઇંદ્રિયો તેમને માટેજ અર્પણ કરે છે, સર્વદા તેમનીજ ભાવના ભાવે છે, એમ કરતાં મૃત્યુ પામીને તે દેવતામાં ઊત્પન્ન થાય છે,-હે ગોતમ, આ કારણને લઇને કહયું છે કે, કેટલાએક જીવ ગર્ભમાં રહયા થકા દેવતામાં ઊત્પન્ન થાય છે અને કેટલાએક ઊત્પન્ન નથી થતા.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, માતાના ગર્ભમાં રહેલો જીવ કેવી રીતે રહે છે ? તે ઊંધો રહે છે, પડખાભેર રહે છે, આંબાના ફળની જેમ કુબડો રહે છે, સામાન્યપણે બેઠો રહે છે, ઊર્ધ્વસ્થાને ખડો રહે છે, સારી રીતે આસન કરીને બેશે છે, સુતો રહે છે, અથવા તેની માતા સુવે ત્યારે સુવે છે, તેની માતા જાગે ત્યારે જાગે છે, તેની માતાના સુખે તે સુખી રહે છે, કે તેની માતાને દુઃખે તે દુઃખી રહે છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે માતાના ગર્ભમાં રહેલો જીવ તેના માતાના સુખે સુખી અને માતાના દુઃખે દુઃખી થાય, ત્યાં સુધી બધું સમજી-લેવું. હવે તે માતાને જયારે પ્રસવનો સમય આવેછે, ત્યારેતે મસ્તકેથી અથવા પગથી અવતરેછે તે સરખી રીતે અવતરેછે, અથવા તિરછો થઇ પેટમાંથી અવતરેછે, તો તે મૃત્યુ પણ પામી જાયછે, કારણકે તે યોનિમાંથી નિકલી શકતો નથી જયારે તે ગર્ભમાંથી નીકલેછે, ત્યારે તેને શું થાયછે, તે કહેછે, જે કર્મોની શ્લાઘા પ્રશંસા હણવા યોગ્યછે અર્થાત જે અશુભછે, જે કર્મો તે જીવે ગર્ભમાંથી નીકળતાં બાંધેલાછે, જે કર્મો પોષણ કરેલાછે, જે કર્મો નિધત્ત કરેલાછે એટલે અતિગાઢ બંધથી ઉદવર્તન તથા અપવર્તન કરણ શિવાય બાકીના કરણને યોગ્ય એવા વ્યવસ્થિત કરેલાછે, જે કર્મો નિકાચિત કરેલાછે એટલે સર્વ કરણને અયોગ્ય પણાને લઇને વ્યવસ્થાપિત કહેલાછે, જે કર્મો મનુષ્યગતિ, પંચેંદ્રિયજાતિ તથા પ્રમાદિ નામ કર્મની સાથે ઉદય આવવાને વ્યવસ્થાપિત થયેલાછે, જે કર્મો અભિનિવિષ્ટ એટલે તીવ્ર અનુ-ભાવ પણાથી નિવિષ્ટ થયેલાછે, અને જે કર્મો ઉદય આવવાને સન્મુખ થઇ રહેલાંછે તે પછી જે કર્મો ઉદીરણાને પામ્યાછે અને ઉપશાંત થયા નથી પછી તેવા કર્મોને લઇને તે જીવ કુરૂપવાલો દુષ્ટ વર્ણવાળો દુર્ગંધી મુખ-વાલો, નઠારા રસવાળો નઠારા સ્પર્શવાળો, કાંટાના જેવા નઠારા સ્પર્શવાળો, અનિષ્ટ, સુંદરપણાંથી રહિત, અપ્રિય, અશુભ, અંગ ઊપાંગે બેડોલ, સર્વને અમાન્ય, અલ્પસ્વરવાલો, દીન સ્વરવાળો, અનિષ્ટ સ્વરવાળો, અરૂચિ કરે તેવા સ્વરવાળો, અપ્રિય સ્વરવાળો, અશુભ સ્વરવાળો, અમનોજ્ઞ સ્વરવાળો, સર્વને અમાન્ય સ્વરવાળો અને જેનું વચન કોઇ ગ્રહણ કરે નહીં એવો થાયછે અથવા ઉત્પન્ન થયા પછી પણ તેનું વચન કોઈ માને નહીં તેવો થાયછે પણ જેણે ઉપર કહેલા અશુભ કર્મો બાંધ્યા ન હોય તે ઉપર કહ્યો તેનાથી ઉલટો થાયછે, એટલે ઉપર જે જે કહેવામાં આવ્યું, તે તેને સારૂં થાયછે તે સુવર્ણ સ્વરૂપ, સુગંધી ઇત્યાદિ લઇને ગ્રહણ કરવાં યોગ્ય વચન વાળો થાય ત્યાંસુધી સમજવું એ શુભ કર્મના ફલ કહયા છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, આપે જે કહ્યું તે સત્ય છે.

## इति प्रथम शतकनो सातमो उद्देश समाप्त.

# अष्टम-उद्देश.

## જીવના આયુષ્યની પ્રરૂપણા.

સાતમા ઉદ્દેશને અંતે ગર્ભ વિષે કહેવામાં આવ્યું છે, તો તે ગર્ભવાસ આયુષ્યને લઇને હોઇ શકે છે, તેથી આ આઠમા ઉદ્દેશમાં જીવના આયુષ્યની પ્રરૂપણા કરે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, [1]એકાંતબાળ એટલે મિથ્યાદષ્ટિ અથવા અવિરત એવો મનુષ્ય શું નારકીની આયુષ્ય કરે ? કે તિર્યંચની આયુષ્ય કરે ? કે મનુષ્યની આયુષ્ય કરે ? કે દેવતાની આયુષ્ય કરે ? અથવા નારકીનું આયુષ્ય કરીને નારકીમાં ઉત્પન્ન થાય, તિર્યંચનું આયુષ્ય કરીને તિર્યંચમાં ઉત્પન્ન થાય, મનુષ્યનું આયુષ્ય કરીને મનુષ્યમાં ઉત્પન્ન થાય, અને દેવતાનું આયુષ્ય કરીને દેવતામાં ઉત્પન્ન થાય ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે જીવ એકાંત બાળ–મિથ્યા દષ્ટિ જીવ છે, તે નારકીનું આયુષ્ય પણ કરેછે, તિર્યંચ તથા મનુષ્યનુ આયુષ્ય પણ કરે છે, તેમજ તે નારકીનું આયુષ્ય કરીને નારકીમાં ઉત્પન્ન થાય છે, અને તિર્યંચ તથા મનુષ્યનું આયુષ્ય કરીને દેવલોકમાં ઉત્પન્ન થાયછે,

જોકે એકાંત બાળપણું સમાન છે છતાં પણ તેમાં જે વિવિધ પ્રકારના આયુષ્યનું બંધન થાયછે, તે મહારંભાદિ, ઉન્માર્ગની દેશનાદિ તનુકષાયાદિ અને અકામનિર્જરાદિ તથા તેના કોઇ હેતુને લઇને થાયછે, એ કારણથીજ બાલપણું સમાન છતાં પણ અવિરત દષ્ટિ મનુષ્ય દેવતાનું આયુષ્ય બાંધેછે. બીજા આયુષ્ય બાંધતો નથી.

---

૧ અહિં એકાંત શબ્દનું ગ્રહણ કર્યું છે, તેથી મિશ્રપણાનો વ્યવચ્છેદ કરે છે.

ગૌતમસ્વામી પુછેછે હે ભગવન્, જે એકાંત[1] પંડિત એટલે સાધુ પુરૂષછે, તે શું નારકીનું આયુષ્ય કરેકે તિર્યંચ મનુષ્ય તથા દેવતાનું કરી નારકીને વિષે ઊત્પન્ન થાય? તેમજ તિર્યંચ મનુષ્ય તથા દેવતાનું આયુષ્ય કરી દેવલોકનેવિષે ઊત્પન્ન થાય?

ભગવાન્ કહેછે, હે ગૌતમ, એકાંત પંડિત-સાધુ મનુષ્ય કોઇવાર આયુષ્ય બાંધેછે અને કોઇવાર નથી બાંધતો કારણકે તે સમ્યકત્વનું સપ્તક એટલે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર-મોહનીય અને સમકિત મોહનીય-એ સાત પ્રકૃતિ ખપાવતાં આયુષ્યને ન બાંધે અને તે દર્શનના સપ્તકને ખપાવ્યા પહેલાં આયુષ્ય બાંધે જો તે આયુષ્ય બાંધેતો નારકીની આયુષ્ય બાંધે નહીં, તિર્યંચનું આયુષ્ય બાંધે નહીં, અને મનુષ્યનું આયુષ્ય બાંધે નહીં, પણ તે દેવતાનું આયુષ્ય બાંધેછે, તે નારકીનું આયુષ્ય બાંધીને નારકીને વિષે ઉત્પન્ન થતો નથી તેમ તિર્યંચ-ને વિષે તથા મનુષ્યને વિષે ઉત્પન્ન થતો નથી પણ તે દેવતાનું આયુષ્ય બાંધીને દેવતાને વિષે ઊત્પન્ન થાય છે;

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તેમ થવાનું શું કારણ છે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે એકાંત પંડિત સર્વ વિરતિ સાધુની બે ગતિ જાણવામાં આવે છે, તે કેવલીજ જાણે છે-તે ગતિ અંત ક્રિયા અને કલ્પોપપત્તિકા એવા નામની છે-જે સર્વ કર્મોનો ક્ષયકરી મોક્ષેજાયતે અંતક્રિયા ગતિ કહેવાય છે. અને અનુત્તર વિમાન સુધીના સામાન્ય દેવલોકમાં ઊત્પન્ન થવું તે કલ્પોપપત્તિકા ગતિ કહે વાય છે. તે બે ગતિઓમાં ઊત્પન્ન થવાના કારણને લઇને કહેવામાં આવ્યું છે કે, તે દેવતાનું આયુષ્ય બાંધીને દેવતાને વિષે ઊત્પન્ન થાય છે.

જે એકાંત પંડિત મનુષ્ય છે. તેને બીજે સ્થાને વર્ત્તવાપણું છે, તેથી હવે બાળપંડિત વિષે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે,

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ જે બાળપડિત મનુષ્ય એટલે

---

૧ મનુષ્ય એ વિશેષણ સ્વરૂપના જ્ઞાનને માટે આપેલુંછે, કારણકે, મનુષ્યજીવ શિવાય બીજાને એકાંત પંડિતપણાનો યોગજ ન હોય અને તે યોગનો અભાવ બીજા સર્વ વિરતિ ને હોઈ શકે નહીં સમ્યકત્વનું સપ્તક ખપાવતાં પછી સાધુ આયુષ્યને બાંધતો નથી પણ તેની પહેલા બાંધેછે, તેથી આમ કહેવામાં આવ્યું છે.

દેશવિરતિ પાંચમે ગુણસ્થાને રહેલો શ્રાવક મનુષ્ય છે તે નારકીની આયુષ્ય કરે અને યાવત્દેવતાનું આયુષ્ય કરી દેવતામાં ઊત્પન્ન થાય ?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, તે બાલપંડિત મનુષ્ય નારકીની આયુષ્ય બાંધતો નથી તેમ તિર્યંચ તથા મનુષ્યની આયુષ્ય બાંધતો નથી પણ તે દેવતાની આયુષ્ય બાંધીને દેવતાને વિષે ઊત્પન્ન થાય છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે બાલપંડિત મનુષ્ય દેવતાની આયુષ્ય બાંધીને દેવતામાં ઊત્પન્ન થાય છે, તેનું શું કારણ છે ?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગોતમ, તે બાલપંડિત મનુષ્ય—અર્થાત્ દેશ વિરત શ્રાવક તેવા કોઇ શ્રમણ તપસ્વી કે બ્રહ્મચર્ય પાળનારા બ્રાહ્મણની સમીપે આર્ય—ઊત્તમ ધર્મના વચન સાંભળીને અને તેને તે પોતાના મનમાં અવધારીને દેશથી વિરત થાય છે અને નથી થતો દેશથી સ્થૂળ પ્રાણાતિપાત વગેરેના પચ્ચખાણ કરે છે અને નથી કરતો, તેથી તે બાલપંડિત મનુષ્ય જે કારણથી દેશથી સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચખાણ કરે, તે કારણથી તે નારકીની આયુષ્ય બાંધે નહીં, પણ દેવતાનું આયુષ્ય બાંધીને દેવતાને વિષે ઊત્પન્ન થાય, તે કારણથી બાલપંડિત દેવતાની આયુષ્ય બાંધીને દેવતાને વિષે ઊત્પન્ન થાય એમ કહયું છે.

## હવે આયુષ્ય બાંધવાની ક્રિયાના કારણ રૂપે પાંચ ક્રિયા સૂત્રો કહે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ કોઇ પુરૂષ કચ્છ એટલે નદીના જલથી વીંટાએલા ભાગમાં, પાણીના ધ્રોમાં, જલાશયમાં ઘાસ વગેરે દ્રવ્યના જથ્થામાં ગોલાકાર નદી વગેરેના જળની વક્ર ગતિવાલા પ્રદેશમાં, ગાઢ અંધકારમાં, વૃક્ષો, વેલાઓ, લતાઓ તથા શાખાઓના ઝુંડવાલા પ્રદેશમાં પર્વતના એક ભાગમાં રહેલા વૃક્ષો તથા વેલાઓના સમુદાયમાં, પર્વતમાં પર્વતોના સમુદાયમાં એક જાતના વૃક્ષોના વનમાં, અને વિવિધ જાતના વૃક્ષોના જથ્થામાં મૃગલાઓથી આજીવિકા કરનારો હોય, મૃગલા[1] ઊપરજ સંકલ્પ કરનારો એટલે મૃગને મારવાનો અધ્યવસાય[2] કરનારો હોય અને મૃગનો

---

૧ મૃગનું રક્ષણ કરનારો પણ તે ઊપર આજીવિકા કરે છે, તેથી આ વિશેષણ આપ્યુંછે.

૨ મૃગમારવામાં ચિત્તને સ્થિર કરનારો.

કરવામાં એકાગ્ર ચિત્તવાળો હોય, તે પુરૂષ તે મૃગનો વધ કરવાને માટે ઉપર કહેલા પ્રદેશોમાં જઇને 'તેમાં મૃગ છે,' એવું જાણી તે મૃગનો વધ કરવાને તેને પકડવા સારૂં ખાડો અને પાસલો રચે છે. હે ભગવન્, તેવા કૂટપાસ કરવાથી તે પુરૂષને કાયિકી વગેરે કેટલી ક્રિયાઓ લાગે છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે પુરૂષને કોઇવાર ત્રણ ક્રિયાઓ લાગે, કોઇવાર ચાર ક્રિયાઓ લાગે અને કોઇવાર પાંચ ક્રિયાઓ લાગે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્! તેનું શું કારણ હશે?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, જે ભવ્ય એટલે યોગ્ય અર્થાત્ કર્ત્તા છે, તે મૃગને પકડવા માટે જેટલો વખત કૂટપાસ કરનારો હોય પણ તેને બંધન કરનારો કે મારનારો ન હોય, તેટલો કાળ તે પુરૂષને ગમનાદિકની ચેષ્ટા કરવા રૂપ કાયિકી ક્રિયા કુટપાસ કરવાના અધિકરણરૂપે આધિકરણકી ક્રિયા અને તે મૃગ ઉપર દ્વેષ કરવાથી પ્રાદ્વેષિકી ક્રિયા—એમ તેને ત્રણ ક્રિયાઓ લાગે છે, જે કર્ત્તા પુરૂષ જેટલો વખત કુટપાશ કરે અને બંધન કરે પણ મારે નહીં, તો તેટલો તેને કાયિકી, આધિકરણકી પ્રાદ્વેષિકી અને મૃગને પરિતાપ કરવાને લઇને પારિતાપનિકી—એ ચાર ક્રિયાઓ લાગે છે. જે કર્ત્તા પુરૂષ જેટલો કાળ કુટપાશ રચે, બંધન કરે અને મારે, તેટલો કાળ તેને કાયિકી, આધિકરણી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાત ક્રિયા—એ પાંચ ક્રિયાઓ લાગે છે, હે ગૌતમ, તે તે કારણને લઇને કોઇવાર બે, કોઈવાર ત્રણ, કોઇવાર ચાર અને કોઇવાર પાંચ ક્રિયાઓ લાગે, એમ કહ્યું છે.

ગૌતમ ભગવાન્ પુછેછે, હે ભગવન્, જે પુરૂષ પ્રથમ કહેલા નદીના જળથી વીંટાએલા વૃક્ષોના પ્રદેશથી તે વિવિધ પ્રકારના વૃક્ષોના સમૂહવાળા પ્રદેશસુધીના સ્થાનોમાં જેટલો કાળ ઘાસને પ્રસરાવી અને ઊંચા કરી અગ્નિકાયની અંદર ફેંકીદે, તેટલા કાળમાં તે પુરૂષને કેટલી ક્રિયા લાગે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પુરૂષને કોઈવાર ત્રણ ક્રિયા, કોઈવાર ચાર ક્રિયા અને કોઇવાર પાંચ ક્રિયા લાગે.

ગૌતમ પુછેછે, હે ભગવન્, તે શા કારણથી ત્રણ ચાર અને પાંચ ક્રિયાઓ લાગે?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે પુરૂષ જેટલોકાળ ઘાસને ઊંચા કરે તેટલો કાળ ત્રણ ક્રિયા લાગે એટલે પહેલા કાયિકી લાગે પછી આધિ-

કરણિકી અને પ્રાદ્વેષિકી એમ ત્રણ ક્રિયા લાગે. પછી જયારે તે તેની અંદર અગ્નિ ફેંકે પણ બાળે નહીં, તેટલા કાળમાં તેને કાયિકી વગેરે ચાર ક્રિયા લાગે; જે પુરૂષ તે ઘાસ ઊંચા કરે, તેની અંદર અગ્નિ નાખે અને તેને બાળે પણ ખરો તેટલોકાળ તેને કાયિકીથી તે પ્રાણાતિપાતકીસુધી પાંચ ક્રિયા લાગે, તે કારણને લઇને ત્રણ, ચાર અને પાંચ ક્રિયા લાગવાનું કહ્યું છે.

ગૌતમ સ્વામી પુછેછે, હે ભગવન્, પ્રથમ કહેલા નદીના જલથી વીંટાએલા વૃક્ષોના પ્રદેશથી તે વિવિધ પ્રકારના વૃક્ષોના સમૂહસુધીના પ્રદેશો જે પુરૂષ મૃગની આજીવિકાવાળો મૃગને હું જાળમાં ફસાવીશ અથવા બાણથી મારીશ એવો સંકલ્પ કરનારો મૃગને મારવાનો અધ્યવસાય કરનારો મૃગને મારવામાંજ એકાગ્ર ચિત્ત રાખનારો એવો તે પુરૂષ આ મૃગ દીશે છે, એમ ધારી મૃગને મારવા માટે પ્રત્યંચા ચડાવી તીરકાઢે તેવા પુરૂષને કેટલી ક્રિયા લાગે?

ભગવાન્ ઉત્તર આપેછે, હે ગૌતમ તેવા પુરૂષને કોઇવાર ત્રણ ક્રિયા કોઇવાર ચારક્રિયા અને કોઇવાર પાંચ ક્રિયા લાગે છે.

ગૌતમસ્વામી કહેછે, હે ભગવન્ એવીરીતે જુદી જુદી ક્રિયા શાકારણથી લાગે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે પુરૂષ બાણકાઢે પણ પણચ સાથે ચડાવે નહીં અને મારે નહીં તેને કાયિકી વગેરે ત્રણ ક્રિયા લાગે અને તે બાણ કાઢે પણચ ઉપર ચડાવી બિહરાવે પણ મારે નહીં તેને કાયિકી વગેરે ચારક્રિયા લાગે અને જે પુરૂષ જેટલો વખત બાણકાઢે પણચ ઊપર ચડાવે અને મારે તેટલા વખતમાં તેને પાંચે ક્રિયા લાગે તે કારણને લઇને જુદી જુદી ક્રિયા લાગવાનું કહ્યું છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કહેછે, હે ભગવન્, જે પુરૂષ પ્રથમ કહેલા નદીના જળથી વીંટાએલા કચ્છાદિ પ્રદેશનેવિષે કોઇ મૃગને મારવા માટે કાનસુધિ લાંબુ તીર ખેંચી ઉભોરહે અને બીજો કોઇ પુરૂષ પાછળથી આવીને પોતાને હાથે તરવારવડે તે પુરૂષના મસ્તકને છેદે તે વખતે પેલો તીર તેના હાથમાંથી છુટી જાય અને તે વડે પેલો મૃગ વીંધાઇ જાય, તો હવે પેલો જે પુરૂષના મસ્તકનો છેદનારો તેને મૃગના વધનું પાપ લાગે કે જે મૃગને મારવાને તૈયાર થયો હતો, તે પુરૂષને મૃગના વધનું પાપ લાગે?

ભગવાન ઉત્તર આપેછે, હે ગૌતમ જે પુરૂષે મૃગને મારવાનેમાટે તીર ચડાવ્યું હતું, તે પુરૂષને તે મૃગના વધનું પાપ લાગે કારણકે અહિ

જે મૃગનો વધ થયો છે, તે વૈરનો હેતુ તે પુરૂષ હતો અને જેણે તે બાણધારી પુરૂષને માર્યો, તે પુરૂષને તે બાણધારીના વધનું પાપ લાગે કારણકે તેને બાણધારીની સાથે વૈર હતું.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, તે મૃગના મારનાર વૈરીને તે મૃગના વધનું પાપ લાગે, અને પુરૂષના મારનારને પુરૂષનું પાપ લાગે, એમ જે કહ્યું, તે શાકારણથી ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે ધનુષનો તીર કરવા માંડયો હોય તે કરેલો કહેવાય છે, તે તીરને પણુચ ઉપર ચડાવવા માંડયો, તે ચડાવેલો કહેવાય છે, તે પણુચ ઉપર ચડાવ્યા પછી પણુચને ખેંચી ધનુષ્યને વ-તુંલાકારે કરવા માંડયું, તે માંડેલું કહેવાય છે અને જયારે તે બાણ છોડવામાં આવતો હોય તેને છોડવામાં આવ્યો કહેવાય છે.

ગૌતમ કહે છે, હે ભગવન્, ધનુષનો તીર કરવા માંડયો તેને કરેલો કહેવાય છે. ત્યાંથી તે તીર નીકળતો હોય તે નીકળેલો કહેવાય છે, ત્યાંસુધી સમજવું. ધનુષ્યમાંથી તીર નીકળવાની ક્રિયાનો કરનાર ધનુર્ધારી પુરૂષ છે, તેથી તેણેજ મૃગને માર્યો, તે કારણથી કહ્યું કે, તે મૃગના વૈરને લઇને મૃગના વધનું પાપ તે ધનુર્ધારીને લાગે અને જે ખડ્ગધારી પુરૂષ વૈરથી ધનુર્ધારીને માર્યો તે પાપ ખડ્ગધારી પુરૂષને લાગે.

અહિં વિશેષ સમજવાનું એટલું છે કે, તે મૃગ છ માસસુધીમાં મૃત્યુ પામે તો તે પુરૂષને પાંચે ક્રિયાઓ લાગે, કારણકે, છમાસસુધી મૃગના મરણનું કારણ તે ધનુર્ધારીનો પ્રહાર હોય છે; અને છ માસ વીત્યા પછી જો બીજા પરિણામથી તે મૃગનું મૃત્યુ થાય તો તે ધનુર્ધારી પુરૂષને પ્રાણાતિપાતિકી ક્રિયા ન લાગે. એ તેનો પરમાર્થ છે. આ વ્યવહારનયની અપેક્ષાએ પ્રાણાતિપાતકી ક્રિયાનો માત્ર વ્યપદેશ દેખાડવાને કહ્યું છે. નહીંતો જયારે પ્રહારના કારણરૂપ મૃગનું મૃત્યુ થયું ત્યારેજ પ્રાણાતિપાતકી ક્રિયા લાગે, એટલે તે પુરૂષને કાયિકી ક્રિયાને લઇને પાંચે ક્રિયા લાગે, એમ કહેવું. એટલે જો તે મૃગ બાહેર છમાસે મૃત્યુ પામે તો તે પુરૂષને કાયિકી ક્રિયાથી લઇને પારિતાપનકી ક્રિયા સુધીની ચાર ક્રિયાઓ લાગે, કારણકે, છમાસે મરેલો મૃગ બાણથી મરેલો નથી, તેથી તેને પ્રાણાતિપાતકી ક્રિયા લાગે નહીં.

વળી ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, કોઈ પુરૂષ બીજા પુરૂષને શક્તિથી મારી નાંખે અથવા શક્તિજાતના હથીયારથી મારી નાંખે

અથવા તે પુરૂષ પોતાને હાથે તરવારથી મસ્તક છેદે, તે પુરૂષને કેટલી ક્રિયા લાગે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, તે પુરૂષ જેટલો વખત તે પુરૂષને શક્તિથી હણીં નાંખે અથવા પોતાને હાથે મસ્તક છેદે, તેટલો વખત તે પુરૂષને શરીર ચલવવારૂપ કાયિકી ક્રિયા, શક્તિનો વ્યાપાર કરવારૂપ આધિકરણકી ક્રિયા, મનમાં ખરાબ ચિંતવવારૂપ પ્રાદ્વેષિકી ક્રિયા, પરિતાપ કરાવવારૂપ પારિતાપનિકી ક્રિયા અને મારવારૂપ પ્રાણાતિપાત ક્રિયા એમ પાંચે ક્રિયા સંઘાતે લાગે છે. કારણકે, તે પુરૂષ વૈરથી નજીક[1] વધવાળો છે તેમ વળી બીજાના પ્રાણની અપેક્ષા વગરની વૃત્તિવાલો છે અથવા પોતાના નાશને દૂર કરવા બેદરકાર છે.

## હવે આ ચાલતા ક્રિયાધિકારને લઇને પુનઃ ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્, બે પુરૂષો કુશળતા વગેરેમાં સરખા હોય, તે બંનેની છવિ પણ સરખી હોય, વય પણ સરખી હોય પાત્ર દ્રવ્ય અને હથીયાર વગેરે ઉપકરણાની સમૃધ્ધિ પણ બંનેની સરખી હોય, તેવા બે પુરૂષો પરસ્પર યુદ્ધ કરે, તે બનેમાં એક પુરૂષ જીતે અને બીજો પરાજય પામે એ શી રીતે બનતું હશે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે વીર્યવાલો પુરૂષ હોય તે જય પામે છે અને જે વીર્ય વગરનો હોય, તે પરાભવ પામે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્ તે બનવાનું શું કારણ છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે પુરૂષે વીર્યથી હણવા યોગ્ય એવા કર્મ બાંધ્યા ન હોય, સ્પર્શ્યા ન હોય, સામા આવ્યા ન હોય, ઉદય આવ્યા ન હોય, અને ઉપશાંત થયા હોય, તે પુરૂષ જય પામે છે અને જે પુરૂષે વીર્યને હણવાયોગ્ય કર્મ બાંદ્યા હોય, તે સ્પર્શ્યાં હોય, સામા આવ્યા હોય ઉદય આવ્યા હોય, અને ઉપશાંત થયા ન હોય, તે પુરૂષ પરાભવ પામે છે તે કારણને લઇને સર્વ રીતે સરખા એવા પણ બે પુરૂષોમાં એક જીતે અને બીજો હારે એમ કહેવામાં આવ્યું છે.

---

૧ જે માણસ વૈરથી બીજાનો વધ કરે છે, તે માણસનો તે જન્મમાં અથવા બીજા જન્મમાં વધ થાય છે, તેથી તેવા માણસનો વધ નજીક આવેલો ગણાય છે.

## હવે સવીર્ય અને અવીર્યનો પ્રસંગ લઇ ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જીવ સવીર્ય વીર્યસહિત છે અને અવીર્ય-વીર્ય રહિત પણ છે, તે કેવી રીતે હોઇ શકે ?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, જીવ બે પ્રકારના કહયા છે, એક સંસાર સમાપન્ન અને બીજા અસંસાર સમાપન્ન જે જીવ ચાર ગતિને વિષે ભમનારા તે સંસાર સમાપન્ન કહેવાય છે અને જે ચાર ગતિને વિષે નહીં ભમનારા તે અસંસારસમાપન્ન કહેવાય છે, તેમાં જે અસંસારસમાપન્ન જીવ છે, તે સિદ્ધ જીવો સમજવા. તે સિદ્ધ જીવોને કારણ વીર્યનો અભાવ છે તેથી તે અવીર્ય-વીર્ય રહિત કહેવાય છે, જેઓ સંસારસમાપન્ન એટલે ચાર ગતિમાં ભમનારા જીવો છે તે બે પ્રકારના કહયા છે. એક શૈલેશી પ્રતિપન્ન અને બીજા અશૈલેશી પ્રતિપન્ન. સર્વ સંવર રૂપ ચરણમાં જે પ્રભુ-સમર્થ તે **શીલેશ** અને તેની જે અવસ્થા તે શૈલેશી તેને પ્રાપ્ત થયેલા તે શૈલેશી પ્રતિપન્ન કહેવાય છે, અથવા શૈલેશ એટલે મેરૂ પર્વત તેવી જે અવસ્થા એટલે દ્દઢ સ્થિરતા અર્થાત્ મેરૂ પર્વતના જેવી સ્થિરતા ને પ્રાપ્ત થયેલા. આવી સ્થિરતા યોગ નિરોધની અંદર પાંચ હ્રસ્વ અક્ષરના ઊચ્ચાર જેટલા કાળના પ્રમાણવાળી ગણાય છે, તેને પ્રાપ્ત થયેલા જે જીવ તે શૈલેશી સમાપન્ન કહેવાય છે અર્થાત્ તે ચૌદમે અયોગી ગુણઠાંણે રહેલા જીવ ગણાય છે અને તેથી ઊલટા જે જીવ તે અશૈલેશી પ્રતિપન્ન કહેવાય છે. તે જીવો પહેલા ગુણ ઠાંણાથી લઇને તેરમા ગુણ ઠાંણા સુધી રહેલા હોય છે, તેઓમાં જે શૈલીશી પ્રતિપન્ન જીવ છે, તેઓ સવીર્ય છે, એટલે વીર્યાંતરાયના ક્ષય તથા ક્ષયોપશમથી વીર્યની લબ્ધિ વડે વીર્યવાળા કહેવાય છે, અને લબ્ધિ વીર્યની જે કાર્ય રૂપ ક્રિયા તે કરણ અને તે કરણ રૂપી વીર્ય વડે અવીર્ય કહેવાય છે; અર્થાત તેઓમાં જે ઊત્થાનાદિ ક્રિયાવાલા સવીર્ય ગણાય છે અને જે ઊત્થાનાદિ ક્રિયાથી રહિત તે અવીર્ય ગણાય છે. તેઓ અપર્યાપ્તિ કાળે સમજવા.

ઊપર કહેલા બને પ્રકારના જીવોમાં જે અશૈલેશીપ્રતિપન્ન જીવ છે, તેઓ લબ્ધિવીર્યે કરીને સવીર્ય છે અને કરણવીર્યે કરી સવીર્ય પણ પણ હોય છે, અવીર્યપણ હોય છે, આ કારણને લઇને જીવ સવીર્ય અને અવીર્ય એમ બે પ્રકારે કહેવામાં આવ્યા છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, જે નારકીના જીવ છે, તે સવીર્ય-વીર્યસહિત છે કે અવીર્ય-વીર્ય રહિત છે?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, જે નારકીના જીવ છે, તે પણ લબ્ધિવીર્યે કરીને સવીર્ય-વીર્ય સહિત હોય છે, અને કરણવીર્યે કરીને અવીર્ય-વીર્યરહિત પણ હોય છે.

ગૌતમસ્વામી પુછે છે હે ભગવન્, નારકીના જીવો લબ્ધિવીર્યે કરી સવીર્ય અને કરણવીર્યે કરી અવીર્ય હોય છે તે શા કારણથી?

ભગવાન્ કહે છે હે ગૌતમ જે નારકીને ઊત્થાન કર્મ, બલ, વીર્ય પુરૂષકાર અને પરાક્રમ હોય છે, તેનાથી નારકીના જીવ લબ્ધિવીર્યવડે સવીર્ય હોય છે અને કરણવીર્યથી પણ સવીર્ય છે, અને જે નારકીના જીવને ઉત્થાન. કર્મ, બળ, વીર્ય, પુરૂષકાર અને પરાક્રમ નથી, તે નારકી લબ્ધિવીર્યવડે કરીને સવીર્ય અને કરણવીર્યવડે કરીને અવીર્ય હોયછે, તે કારણથી નારકીના જીવ લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી સવીર્ય અને અવીર્ય પણ કહેલા છે,

હે ગૌતમ, જેવી રીતે નારકીના જીવ કહ્યા, તેવીરીતે પંચેંદ્રિય તિર્યંચ યોનિના જીવ સમજવા અને મનુષ્યને વિષે જેવી રીતે ઓઘ જીવો કહ્યાં છે, તેમ સમજવું, પણ તેમાંથી સિદ્ધના જીવોને બાદ કરવા. અને વાનવ્યંતર જ્યોતિષી અને વૈમાનિક એ ત્રણ દંડક નારકીની જેમ સમજવા.

ગૌતમસ્વામી કહેછે, હે ભગવન્, આપે જે કહ્યું છે, તે સત્ય છે.

इति प्रथम शतकनो आठमो उद्देश समाप्त.

# નવમ ઉદ્દેશ.

## જીવનું ગુરૂત્વાદિ પ્રતિપાદન

ઉપર કહેલા આઠમા ઉદ્દેશમાં છેવટે વીર્યવિષે કહેવામાં આવ્યુંછે તો તે વીર્યથી જીવ ગુરૂત્વ વગેરે મેળવેછે, તેથી આ નવમા ઉદ્દેશમાં જીવનું ગુરૂત્વ વગેરેનું પ્રતિપાદન કરે છે.

ગૌતમ સ્વામી પુછેછે, હે ભગવન્, જીવ અશુભ કર્મની વૃદ્ધિરૂપે નીચે જવામાં હેતુરૂપ એવું ગુરૂત્વ–ભારેપણું જલદી કયારે પામે છે?

ભગવાન્ કહેછે, હે ગૌતમ, પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, (ચોરી) મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, પારકાદોષનું કહેવું, ચાડી કરવી; રતિ, અરતિ, બીજાનો અપવાદ કહેવો, માયામોષ એટલે હૃદયમાં દુષ્ટતા અને મોઢે મીઠાશ રાખવી, બીજાને દુઃખમાં પાડવો, મિથ્યા દર્શન અને મિથ્યા–શલ્ય એટલે દેવ, ગુરૂ તથા ધર્મમાં રહેલું મિથ્યાત્વ મટે–નહીં એ બધા અશુભ કર્મોના ઉપચયથી જીવ નીચે જવામાં હેતુરૂપ એવા ગુરૂત્વને–ભારેપણાને જલદી પામે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરેછે, હે ભગવન, જીવ લઘુપણાને–હલકાપણાને કેવીરીતે પામે છે ?

ભગવાન્ કહેછે, હે ગૌતમ, ઉપર જે પ્રાણાતિપાતથી માંડીને મિથ્યા દર્શન શલ્ય સુધીના અઢાર પાપસ્થાન કહ્યા, તેને નિવૃત્ત કરવાથી જીવ ગુરૂપણાંથી ઉલટા લઘુત્વ–હલકાપણાને જલદી પામેછે.

હે ગૌતમ, એવીરીતે જીવ કર્મવડે આ સંસારને ઘણો કરેછે, કર્મવડે થોડો કરેછે, દીર્ઘ–લાંબા વખતનો કરેછે, હ્રસ્વ–અલ્પ વખતનો કરેછે; એવીરીતે આ સંસારમાં વારંવાર ભમેછે, વળી સંસારને તરી જાય છે. તેમાં

૧–લઘુત્વ–હલકાપણું, ૨–પરીતત્વ–થોડા કરવાપણું ૩–હ્રસ્વત્વ–ટુંકાપણું, અને ૪--ઉલ્લંઘનપણું--એ ચાર મોક્ષના અંગ હોવાથી શ્રેષ્ઠ ગણાય છે અને ૧.ગુરૂત્વ--ભારેપણું, ૨ આકુલપણું, ૩ દીર્ઘપણું અને ૪--અનુપ્રવર્તન એ ચાર મોક્ષના અંગ ન હોવાથી શ્રેષ્ટ ગણાંતા નથી.

## હવે ગુરૂત્વ અને લઘુત્વના ચાલતા અધિકારથી ગૌતમસ્વામી તે સંબંધે વિશેષ પુછેછે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જે સાતમી પૃથ્વીના નીચેનો અવકાશાંતર છે, તે શું ગુરૂ છે? કે લઘુ છે? કે ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે સાતમી પૃથ્વીની નીંચેનો અવકાશાંતર ગુરૂ નથી, તેમ લઘુ નથી, તેમ ગુરૂલઘુ નથી પણ તે અગુરૂલઘુ છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, સાતમી પૃથ્વીની નીચેનો તનુવાત શું ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે સાતમી પૃથ્વીની નીંચેનો તનુવાત લઘુ નથી, ગુરૂ નથી, અગુરૂલઘુ નથી પણ તે ગુરૂલઘુ છે.

એવી રીતે સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ, સાતમી પૃથ્વી અને સર્વે અવકાશાંતર–એ બધા સાતમા અવકાશાંતરની પેઠે અને સાતમા તનુવાતની પેઠે સમજવા; એટલે તે ગુરૂ નહીં, લઘુ નહીં પણ અગુરૂલઘુ જાણુવા એવીજ રીતે ગુરૂલઘુ ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્રીપ, સાગર, ના આવાસ તથા ભરતાદિ ક્ષેત્ર–એ સર્વ ગુરૂલઘુ સમજવા.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, જે નારકી છે, તે ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકી ગુરૂ નથી અને લઘુ નથી પણ તે ગુરૂલઘુ છે, અને અગુરૂલઘુ પણ છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, શાકારણથી નારકી ગુરૂલઘુ છે, અને અગુરૂલઘુ પણ છે?

ભગવાન્, ઉત્તર આપે છે, હે ગૌતમ, તે નારકીને વૈક્રિય અને તૈજસ શરીરને આશ્રીને ગુરૂપણું નથી, લઘુપણું નથી અને અગુરૂલઘુપણું

નથી પણ ગુરૂલઘુત્વ હોય છે; કારણકે, વૈક્રિય તથા તૈજસ વર્ગણાત્મક ગુરૂલઘુજ કહેવાય છે; તેથી જીવની અપેક્ષાએ અને કાર્મણ શરીરની અપેક્ષાએ તે નારકી અગુરૂલઘુજ છે; કારણ જીવ અરૂપી હોવાથી તેનું અગુરૂલઘુત્વ હોય છે, અને કાર્મણ શરીર કાર્મણવર્ગણાત્મક હોવાથી તેનું અગુરૂલઘુત્વ છે. તે કારણને લઇને હે ગૌતમ, નારકી ગુરૂલઘુ છે અને અગુરૂલઘુ પણ છે. એવીરીતે વૈમાનિક દેવતાસુધીના ચોવીશ દંડક સમજી લેવા. તેમાં વિશેષ એટલું કે, શરીરનું વિવિધપણું જાણીને તે પ્રમાણે જાણી લેવું એટલે જેના જેવાં શરીર હોય તેને તે જાણીને અસુર પ્રમુખના ગુરૂત્વાદિ સમજવા. તેમાં અસુરાદિ દેવો નારકીની જેમ સમજવા. પૃથ્વીકાય વગેરે ઔદારિક અને તૈજસ શરીરને આશ્રીને ગુરૂલઘુ છે અને જીવ તથા કાર્મણ શરીરને આશ્રીને અગુરૂલઘુ છે. વાયુકાય, ઔદારિક, વૈક્રિય અને તૈજસ શરીરને આશ્રીને ગુરૂલઘુ છે. એવી રીતે પંચેંદ્રિય મનુષ્ય ઔદારિક, વૈક્રિય, તૈજસ, અને આહારક શરીરને આશ્રીને ગુરૂલઘુ અને કાર્મણશરીરને અગુરૂલઘુ છે અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય એ અરૂપીપણાને લઇને અગુરૂલઘુ છે અને બાકીના ત્રણ પદનો એટલે ગુરૂ, લઘુ અને ગુરૂલઘુનો નિષેધ સમજવા

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જે પુદ્ગલાસ્તિકાય છે, તે ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે પુદ્ગલાસ્તિકાય ગુરૂ નથી, લઘુ નથી, પણ તે ગુરૂલઘુ પણ છે, અને અગુરૂ લઘુ પણ છે.

ગૌતમસ્વામી કહેછે, હે ભગવન્, તે શાકારણથી ?

ભગવાન કહે છે, હે ગૌતમ, ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ દ્રવ્યને આશ્રીને તે પુદ્ગલાસ્તિકાય ગુરૂ નથી, લઘુ નથી પણ ગુરૂલઘુ છે અને અગુરૂલઘુ નથી અને કાર્મણ, મન તથા ભાષા--એ ત્રણને આશ્રીને તે પુદ્ગલાસ્તિકાય ગુરૂ નથી, લઘુ નથી ગુરૂલઘુ નથી પણ અગુરૂલગુ છે. અને જે કાળ અને કર્મ છે, તેમાં કાળ અમૂર્ત છે અને કર્મ કાર્મણ વર્ગણાત્મક છે, તેથી તે અગુરૂલઘુ છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે,-હે ભગવન્,-જે કૃષ્ણલેશ્યા છે, તે ગુરૂ છે, લઘુ છે, ગુરૂલઘુ છે કે અગુરૂલઘુ છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ભગવન્, તે કૃષ્ણલેશ્યા ગુરૂ નથી, લઘુ નથી, પણ ગુરૂલઘુ છે અને અગુરૂલઘુ પણ છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, તેનું શું કારણ છે ?

ભગવાન્ કહે છે, હે ગૌતમ, દ્રવ્ય આશ્રીને જે કૃષ્ણલેશ્યા છે તે ઔદારિકાદિ શરીર વર્ણ છે, અને ઔદારિક ગુરૂલઘુ છે, માટે તે કૃષ્ણલેશ્યા ત્રીજે પદે છે એટલે ગુરૂલઘુ છે અને જે ભાવલેશ્યા છે, તે જીવની પરિણતિરૂપ છે, તેથી તે અમૂર્તપણાને લઇને ચોથે પદે છે એટલે અગુરૂલઘુ છે. એજ પ્રમાણે શુકલ-લેશ્યાસુધી સમજવું. દષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞા એ જીવના પર્યાય હોવાથી તે ચોથે પદે છે એટલે અગુરૂલઘુ છે. અહિં જે અજ્ઞાનને ગણાવ્યું છે, તે જ્ઞાનના વિપક્ષપણાથી કહેલું છે, નહી તો દ્વારને વિષે તો જ્ઞાનનેજ ગણેલું છે.

ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ—એ ચાર શરીર ત્રીજા પદે એટલે ગુરૂલઘુ જાણવા. અને કાર્મણ શરીર ચોથે પદે એટલે અગુરૂલઘુ સમજવું, કારણકે, કાર્મણ શરીર અગુરૂલઘુ દ્રવ્ય રૂપ હોવાથી તેના જે મનોયોગ તથા વાગ્યોગ છે તે ચોથે પદે કહેવા, કારણકે, તેના દ્રવ્ય અગુ-રૂલઘુ હોય છે. અને કાયયોગ કાર્મણ શરીરને વર્જીને ત્રીજે પદે ગુરૂલઘુ સમજવું. સાગારોપયોગ એટલે જ્ઞાનયોગ અને અનાગારોપયોગ એટલે દર્શનોપયોગ—એ બંને ચોથે અગુરૂલઘુ પદે સમજવા. ધર્માસ્તિકાય વગેરે ષટ્દ્રવ્ય, સર્વ પ્રદેશો કે જેમના ભાગ કહી શકાય નહીં તેવા છે, તે સર્વપર્યાય, વર્ણ તથા ઉપયોગ વગેરે જે દ્રવ્યધર્મો છે, તે પુદ્ગલા-સ્તિકાયની જેમ જાણી લેવા. એટલે ગુરૂલઘુ પણે તથા અગુરૂલઘુપણે જાણ-વા, કારણકે. સૂક્ષ્મ અને અમૂર્ત એવા દ્રવ્યો અગુરૂલઘુ છે, અને બાકીના ગુરૂલઘુ છે અને જે પ્રદેશનાં પર્યાયો છે, તે તેને દ્રવ્યના સંબંધને લઈ ને તે તે સ્વભાવવાળા હોય છે, અને અતીત—અદ્ધા (ભૂતકાળ) અનાગત—અદ્ધા (ભવિષ્યકાળ) અને સર્વાદ્ધા-એ ચોથે અગુરૂલઘુ પદે સમજવા.

## હવે ગુરૂલઘુના ચાલતા અધિકારને લઇને ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. હે ભગવન્ ૧ અલ્પ ઉપધિ—એટલે થોડા ઉપકરણ રાખવા, ૨ અલ્પ ઇચ્છા એટલે આહાર વગેરેમાં અલ્પ અભિલાષા રાખવી ૩ અમૂર્છા એટલે ઉપકરણો વગેરેમાં મૂર્છા ન રાખવી, ૪ અગૃદ્ધિ એટલે ભોજનાદિકમાં લુબ્ધતા ન રાખવી અને ૫ અપ્રતિબદ્ધતા એટલે સ્વજન વગેરેમાં સ્નેહનો અભાવ—એ પાંચવાના શ્રમણ તપસ્વી અને બાહ્ય તથા આભ્યંતર ગ્રંથ રહિત એવા નિર્ગ્રંથ મુનિને પ્રશસ્ત છે ?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, મુનિને તે ઉપધિ વગેરે અલ્પ રાખવા પ્રશસ્ત છે.

## ઉપધિ વગેરેમાં જે અલ્પતા કહેવામાં આવી તે અલ્પતા ક્રોધાદિકના અભાવથી થઇ શકે છે, તેથી હવે ક્રોધાદિકના અભાવ વિષે પ્રશ્ન કરે છે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્ શ્રમણ-તપસ્વી અને બાહ્ય તથા આભ્યંતર ગ્રંથથી રહિત એવા નિર્ગ્રંથ મુનિને ક્રોધ, માન, માયા અને લોભથી રહિતપણું રાખવું, તે પ્રશસ્ત છે?

ભગવન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, એ પ્રશસ્ત છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, કાંક્ષા એટલે બીજા દર્શનનો આગ્રહ અથવા ગૃદ્ધપણું તે દોષનો જેણે ત્યાગ કર્યો છે અર્થાત્ પ્રત્યેક રાગદ્વેષ જેણે છોડી દીધા છે, એવો શ્રમણ નિર્ગ્રંથમુનિ કર્મનો અંત કરે અને અંતિમ શરીરી થાય-અને ઘણા મોહથી પ્રથમ વિચરીને પછી મોહ રહિત થઇને કાલ-કરે અને તે પછી સિદ્ધ તથા બુદ્ધ થઇ આ સંસારનો અંત કરે અર્થાત્ મોક્ષે જાય?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, કાંક્ષાદિ દોષ ક્ષીણ થવાથી ચરમ શરીરી એવો નિર્ગ્રંથ મુનિ આ સંસારનો અંત કરી મોક્ષે જાય છે.

## હવે દર્શનના વિપરીતપણા વિષે ગૌતમ પ્રશ્ન કરેછે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જે અન્યતીર્થી-અન્ય દર્શની છે, તે સામાન્ય પણે, વિશેષપણે, હેતુ પૂર્વક ઉપપત્તિ સાથે કહે અને વિવિધ ભેદ દર્શાવી કહે કે, એક જીવ એક સમયે નિશ્ચે કરીને બે પ્રકારના આયુષ્ય બાંધે છે તે બે પ્રકારના આયુષ્ય આ પ્રમાણે એક આ ભવનું અને બીજું પરભવનું આયુષ્ય એટલે સ્વપર્યાયના સમૂહરૂપ એવો જીવ છે, તે જયારે આયુષ્યનો એક પર્યાય કરેછે ત્યારે અન્ય બીજો પર્યાય પણ કરે છે, કારણકે, જ્ઞાન સમ્યક્ત્વના પર્યાયની જેમ જીવને તે પોતાનો પર્યાય છે, અને જીવ સ્વપર્યાયનો કર્ત્તા છે, એતો દેખીતી વાત છે, જો એમ ન હોયતો સિદ્ધપણા વગેરેના પર્યાયોને પણ ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે નહીં, તે વાત સ્પષ્ટ કરવાને કહે છે, જે સમયે જે ભવ ચાલતો હોય તેનું ફલરૂપે જે આયુષ્ય હોય, તે આ ભવની આયુષ્ય અને તેવી રીતે બીજા ભવની આયુષ્ય પણ સમજવી. આ ઉપરથી એમ સમજવું કે, આ ભવની આયુષ્ય કરવાને સમયે તેમાં પરભવની આયુષ્ય કરવી તે નિયમિત થાય છે, અને પરભવની આયુષ્ય

કરવાને સમયે આ ભવની આયુષ્ય કરવી એ નિયમિત છે, અર્થાત્ જે સમયે વર્ત્તમાનભવનું આયુષ્ય બાંધે, તે સમયે આગામીભવનું આયુષ્ય બાંધે અને જે સમયે આગામીભવનું આયુષ્ય બાંધે તે સમયે વર્ત્તમાન ભવનું આયુષ્ય બાંધે.

એવીરીતે એક સમયના કાર્ય બંને ને કહીને હવે એક સમયે બંનેની એક ક્રિયા–કાર્ય પણ કહેછે તે આ પ્રમાણે, તે જીવ આ ભવના આયુષ્યને બાંધવાની ક્રિયા કરતાં પરભવના આયુષ્યને બાંધે અને પરભવના આયુષ્યને બાંધવાની ક્રિયા કરતાં આ ભવના આયુષ્યને બાંધે, એવીરીતે એક જીવ એક સમયે બે પ્રકારની આયુષ્ય બાંધે છે, આ પ્રમાણે જે અન્યતીર્થી કહે છે, તે શીરીતે છે ?

ભગવાન ઉત્તર આપે છે, હે ગૌતમ, તે અન્ય તીર્થીનું કહેવું મિથ્યાછે તે વિષે હું આ પ્રમાણે–સામાન્યપણે, વિશેષપણે ઉપપત્તિ પૂર્વક અને પ્રરૂપણાથી કહુંછું, એક જીવ એક સમયે એક આયુષ્યનો બંધ કરે છે જેમકે, તે આ ભવનું આયુષ્ય બાંધે અથવા પરભવનું આયુષ્ય બાંધે, જે સમયનેવિષે આ આ ભવનું આયુશ્ય બાંધે નહીં, તે સમયને વિષે પરભવનું આયુષ્ય બાંધે અને જે સમયને વિષે પરભવનું આયુષ્ય બાંધે તે સમયને વિષે આ ભવનું આયુષ્ય બાંધે નહીં આ ભવના આયુષ્યને બાંધવાથી પરભવનું આયુષ્ય ન બાંધે અને પરભવના આયુષ્યને બાંધવાથી આ ભવનું આયુષ્ય ન બાંધે એવી-રીતે નિશ્ચયથી એક જીવ એક સમયને વિષે એક આયુષ્યને બાંધે એટલે તે કાંતો આ ભવનું આયુષ્ય બાંધે અથવા કાંતો પરભવનું આયુષ્ય બાંધે

ઉપર પ્રમાણે અન્યતીર્થીએ કહ્યું, તેમાં આ પ્રમાણે મિથ્યાપણું છે– પ્રથમતો એક અધ્યવસાયથી વિરૂદ્ધ એવા બે આયુષ્યના બંધનો સાથે યોગથઇ શકેજ નહીં. જીવ પોતાના પર્યાયને લઇને અન્ય પર્યાય કરવામાં અન્ય પર્યાય કરી શકે એ એકાંતે કહી શકાયજ નહી, કારણકે સિદ્ધપણું કરવામાં સંસારી પણું શી રીતે કરી શકાય ? અહિં ટીકાકારનું એવું પણ વ્યાખ્યાન છે કે "જીવ જયારે આ ભવનું આયુષ્ય કરે છે એકલે વેદે છે, ત્યારે તે પર-ભવનું આયુષ્ય બાંધે છે. આ સ્થળે આ ભવનું આયુષ્ય ભોગવતાં પરભ-વનું આયુષ્ય બાંધે છે, એવો અર્થ કરે છે. પણ તે વિષે તેપર મત તદન મિથ્યા થાય છે, કારણકે જન્મતા વેતજ જીવ આ ભવનું આયુષ્ય વેદે છે ત્યારે જો તેણે પરભવનું આયુષ્ય બાંધ્યું તો પછી તેણે જે આ ભવે દાન

અધ્યયન... કરેલું હોય તે વ્યર્થ થઇ જાય એતો આયુષ્યને ...ાના કાળથી બીજે કાલે સમજવું જોઇએ નહીં તો આયુષ્યના બંધ ...તે આ ભવનું આયુષ્ય વેદે અને પરભવનું આયુષ્ય તો તે કરે છેજ.

ગૌતમસ્વામીએ કહ્યું, હે ભગવન્, આપે જે કહ્યું, તે સત્ય છે, કદિ પણ અન્યથા હોતું નથી, તે પછી ભગવાન્ ગૌતમ આત્માને ભાવતા થકા વિચરવા લાગ્યા.

## અહિં અન્યતીર્થીના ચાલતા પ્રસંગને લઇને વિશેષ કહેછે.

તે સમયે શ્રીપાર્શ્વનાથ ભગવાનનો શિષ્ય નામે કાલાસવેસિત પુત્ર સાધુ જ્યાં ભગવાન્ મહાવીર પ્રભુના સ્થવિર એટલે શ્રુતવૃદ્ધ એવા શિષ્ય હતાં ત્યાં આવ્યાં ત્યાં આવીને તેમણે સ્થવિર ભગવાનને આ પ્રમાણે કહ્યું કે સ્થવિર શ્રમણ ભાવરૂપ સામાયિકને જાણતા નથી, તે સામાયિક-ના કર્મના અનુંપાદાન રૂપ પ્રયોજનને જાણતા નથી, તે પચ્ચખાણ એટલે પૌરૂષી આદિના નિયમને જાણતા નથી. તે પચ્ચખાણના આશ્રવદ્વારને નિરોધ કરવારૂપ અર્થ જાણતા નથી, તે પૃથ્વીકાય આદિ ષટ્કાયના રક્ષણ રૂપ સંયમને જાણતા નથી, તે સંયમના અનાશ્રવરૂપ અર્થને જાણતા નથી, તે ઇંદ્રિય તથા નોઇંદ્રિયના નિગ્રહરૂપ સંવરને જાણતા નથી, તે સંવરના અનાશ્રવરૂપ અર્થને જાણતા નથી, તે વિવેક-વિશેષ બોધને અને ત્યાં જઈ વસ્તુના ત્યાગ કરવારૂપ તેના અર્થને જાણતા નથી, તે કાય વગેરેને ઉત્સર્ગ કરવારૂપ કાયો-ત્સર્ગને અને તેના વાંછા રહિતપણાના અર્થને જાણતા નથી, મુનિ કાલાસવેસિત પુત્રનું આવું કથન સાંભળી તે ભગવાને તેને આ પ્રમાણે કહ્યુ, હે આર્ય, સમપરિણામરૂપ સામાયિક અને કર્મ અનુંપાદાન-નિર્જરારૂપ તેનો અર્થ અમે જાણીએ છીએ, તેમજ પચ્ચખાણ અને તેનો અર્થ, સંયમ અને તેનો અર્થ, સંવર અને તેનો અર્થ વિવેક અને તેનો અર્થ, અને કાયોત્સર્ગ અને તેનો અર્થ, ઉપર કહ્યા પ્રમાણે અમે જાણીએ છીએ,

તે કાલે કાલાસવેસિત પુત્ર સાધુએ ભગવાન્ સ્થવિરને કહ્યું, હે આર્ય, જો તમે સામાયિક, પચ્ચખાણ, સંયમ, સંવર, વિવેક અને કાયોત્સર્ગ તથા તેમના અર્થ જાણતા હોતો સામાયિક, પચ્ચખાણ, સંયમ, સંવર, વિવેક અને કાર્યોત્સર્ગ તથા તેમના અર્થ વિષે તમારો મત શો છે, ?

ભગવાન્ સ્થવિરે કાલાસવેસિત પુત્ર સાધુને કહ્યું, હે આર્ય, જે આત્મા-જીવ સામાયિક ગુણને પ્રાપ્ત થયેલો હોય તે જીવ સામાયિકજ કહેવાય છે

અને સામાયકનો અર્થ પણ જીવજ છે, કારણકે, કર્મનું જે અનુપાદાન–અગ્રહણ ઇત્યાદિ ગુણો જીવનાજ છે, તે જીવથી જુદા નથી, એવી રીતે પ્રત્યાખ્યાન, સંયમ, સંવર, વિવેક અને વ્યુત્સર્ગ તથા તેમના અર્થ પણ જીવના ગુણરૂપ હોવાથી જીવ રૂપેજ સમજવા.

કાલાસવેસિત પુત્ર સાધુએ સ્થવિર ભગવાનને કહ્યું, હે આર્યો! જો તમારા મતમાં આત્મા–જીવજ સામાયિક, પચ્ચખાણ, સંયમ, સંવર, વિવેક અને ઉત્સર્ગ તથા તેમના અર્થરૂપ હોયતો તે પછી તેનો ત્યાગ કરી ક્રોધ, માન, માયા અને લોભને તમે શા માટે નિંદોછો? એટલે "**निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि**"ઇત્યાદિ પદો બોલી ગુરૂ સાક્ષીએ કેમ નિંદોછો, ?

સ્થવિર ભગવાન કહે છે, હે કાલાસવેસિતપુત્ર, અમે જે નિંદા કરીએ છીએ' તે સંયમને અર્થે કરીએ છીએ.

કાલાસવેસિત પુત્રને આ પ્રશ્ન કરવાનો આશય એવો છે કે, જે સામાયિકવાલો હોય તેણે ક્રોધાદિકને ત્યાગ કરેલા હોય છે, તો પછી તે નિંદા અને ગર્હાના શબ્દો કેમ બોલે? કારણકે તેવા ઊદ્ગાર ક્રોધ થયા વિના નીકલતા નથી તેના આ પ્રશ્નનો ઊત્તર સ્થવિર આર્યે એટલો આપ્યો કે, એ શબ્દો અમારે સંયમને અર્થે બોલવા પડે છે; કારણકે, અવદ્યની ગર્હણામાં સંયમ હોય છે અને અવદ્યની અનુમતિમાં સંયમનો છેદ થાય છે. પછી કાલાસવેસિત પુત્ર સાધુએ સ્થવિર ભગવાનને પ્રશ્ન કર્યો કે, હે આર્ય, શું ત્યારે ગર્હાસંયમ છે કે અગર્હાસંયમ છે?

સ્થવિર ભગવાને ઊત્તર આપ્યો, હે કાલાસવેસિત પુત્ર, ગર્હાસંયમ છે અગર્હાસંયમ નથી કારણકે જે ગર્હા છે તે સર્વ રાગાદિક દોષને અથવા પૂર્વકૃત પાપને વા દ્વેષને ખમાવે છે, તેમજ તે બાલ્ય એટલે મિથ્યાત્વ–અવિરતિને જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી જાણીને અર્થાત્ તેના પચ્ચખાણ લઇને તે ખપાવે છે, એવીરીતે નિશ્ચે અમારો આત્મા સંયમને વિષે અત્યંત સ્થિર થાય છે, અથવા આત્મરૂપ સંયમને પ્રાપ્ત થાય છે, આત્માં સંયમના વિષયમાં પુષ્ઠ થાય છે, સંયમ ઉંપચિત થાય છે, અને અત્યંત અવસ્થાયી થાય છે.

સ્થવિર ભગવાનના આ વચનો સાંભળી તે સમયે કાલાસવેસિત પુત્ર અનગાર સાધુ પ્રબુદ્ધ થઇ ગયો તેણે સ્થવિર ભગવાનને વંદનાકરી નમસ્કાર કર્યો પછી તેમણે આ પ્રમાણે કહ્યું, હે ભગવન, પૂર્વે જે પદ અજ્ઞાન પણાને

લઇને સ્વરૂપથી જાણવામાં આવેલા નથી. અશ્રવણુ એટલે નહીં સાંભળવામાં આવવાને લઇને અબોધિપણાને લઇને એટલે જિનધર્મની અપ્રાપ્તિપણાને લઇને અર્થાત્ મહાવીરપ્રભુના ધર્મની અપ્રાપ્તિને લઇને અથવા ઔત્પત્તિકી વગેરે બુદ્ધિના અભાવને લઇને અને બોધના અભાવને લઇને જેપદ જોયેલા નથી, એટલે સાક્ષાત્ સ્વયં ઉપલબ્ધ થયેલા નથી, વળી જેપદ સાંભલ્યા નથી–બીજા પાસેથી શ્રવણ કર્યા નથી, જે પદ સંભાર્યા નથી એટલે દર્શનના શ્રવણને અભાવે ધ્યાનમાં લીધા નથી, તેથી કરીને જે પદ અવિજ્ઞાત છે, એટલે વિશિષ્ટ બોધના વિષયમાં કરેલા નથી, જે પદ ગુરૂઓએ વિશેષ પણે કહેલા નથી, જે પદ સામા પક્ષથી વ્યવચ્છેદ પામ્યા નથી, જે પદ અનુગ્રહ પરાયણ ગુરૂઓએ મોટા ગ્રંથમાંથી સુખે બોધ થાય તેવી રીતે ઉધ્ધૃત કર્યા નથી, એથી કરીને જે પદ અમોએ અવધાર્યા નથી, તેવા પદોનો આવો અર્થ અમોએ શ્રદ્ધાથી માન્યો નહીં, તે ઉપર પ્રીતિ કરી નહીં, અથવા પ્રતીતિ પણ કરી નહીં, તેમજ કરવાની ઇચ્છા પણ કરી નહી, અને તે તરફ રૂચિ પણ થઈ નહીં હે ભગવન્, હવે એ પદોના અર્થ જ્ઞાનથી જાણ્યા, શ્રવણથી સાંભલ્યા, અને વિસ્તારથી બોધિત થયાં, તેથી સાંભલેલા, સંભારેલા, વિજ્ઞાત કરેલા, ગુરૂએ કહી વિશેષ સમજાવેલા, સામા પક્ષના સંદેહથી વ્યવચ્છિન્ન કરેલા--ગુરૂએ મોટા ગ્રંથમાંથી સંક્ષેપે ઉદ્ધાર કરેલા, અને અમોએ અવધારેલા તે પદોના અર્થ ઉપર હવે હું શ્રદ્ધા રાખુંછું, પ્રીતિ વા પ્રતીતિ રાખુંછું, અને તે તરફ રૂચિ ધરાવુંછું, આપ જે વસ્તુ કહોછો, તે તેમજ છે, સત્ય છે,

તે પછી તે સ્થવિર ભગવાન તે કાલાસવેસિત પુત્ર સાધુ પ્રત્યે આ પ્રમાણે બોલ્યા–હે આર્ય, અમે કહેલા અર્થ ઉપર તું શ્રદ્ધાવંત થાઓ પ્રીતિવાન્ અથવા પ્રતીતિવાન્‌થાઓ અને તને તે ઉપર રૂચિ થાઓ.

તે પછી તે કાલાસવેસિત પુત્ર સાધુએ તે સ્થવિર ભગવાનને વંદના કરી અને નમસ્કાર કર્યો. વંદના અને નમસ્કાર કર્યા પછી તેણે ભગવાન સ્થવિરને આ પ્રમાણે કહ્યું, હે ભગવન્, હું તમારી પાસે ચાર મહાવ્રતવાલો–ધર્મ--અને પાંચમા મહાવ્રત રૂપ પ્રતિક્રમણ સહિત ધર્મને આદરીને વિહાર કરૂં.

(શ્રીપાર્શ્વનાથ જિનને ચાર મહાવ્રતો હોય છે, કારણકે પરિગૃહીત કર્યા વગરની સ્ત્રી ભોગવાતી નથી; તેથી મૈથુન વ્રતનો અંતર્ભાવ પાંચમાં પરિગ્રહની અંદર થઇ જાય છે, વળી શ્રીપાર્શ્વનાથનો ધર્મ પ્રતિક્રમણ

રહિત છે, કારણ કે તેમાં કારણ હોય તોજ પ્રતિક્રમણ કરાય છે, અને મહાવીરપ્રભુના ધર્મમાં કારણ વિના પણ પ્રતિક્રમણ કરાય છે તેથી તેમનો ધર્મ પ્રતિક્રમણ સહિત કહેવાય છે.)

સ્થવિર ભગવાને કહયું, હે દેવાનુપ્રિય, જેમ સુખ ઉપજે તેમ કરો પ્રતિબંધ–વ્યાઘાત કરશો નહી;

તે પછી કાલાસવેસિત પુત્ર અનગારે તે સ્થવિર ભગવાનને વંદના કરી નમસ્કાર કર્યો અને તે વંદના અને નમસ્કાર કર્યા પછી ચાર મહાવ્રત રૂપ ધર્મ પંચ મહાવ્રત રૂપ પ્રતિક્રમણ સહિત ધર્મ આદરીને તે અનગાર વિચરવા લાગ્યો. તે ઘણાં વર્ષો સુધી દીક્ષાપર્યાય પાલવા લાગ્યો. જેમાં વસ્ત્ર રહિત પણે રહેવું, મુંડ ભાવ રાખવો, શરીર પ્રક્ષાલન-ન-કરવું, દંતધાવન-કરવું નહીં, છત્રી રાખવી નહીં, ઉપાન પેહેરવા નહીં, ભૂમિ ઊપર સુવું, પાટીઆ ઊપર સુવું, લાકડા ઉપર સુઇ રહેવું, અથવા જેવા તેવા સ્થાનમાં વસવું, કેશનો લોચ કરવો, બ્રહ્મચર્ય પાળવું, પરઘેર પ્રવેશ કરવો, ત્યાં મલે, ન મળે અથવા પુરૂં મલે નહીં, અથવા અનુકૂલ પ્રતિકૂલ કે ઇંદ્રિયોને કાંટાની જેમ પીડાકરે તેવા બાધક બાવીશ પરીષહો તથા ધર્મથી ભ્રષ્ટ કરનારા દેવતાઓએ કરેલા ઉપસર્ગો તે બધા તેણે આત્માને અર્થે આરાધ્યા અને તે આરાધીને કાલાસવેસિત પુત્ર અનગાર છેલ્લે શ્વાસોચ્છાસે સિદ્ધ, બુદ્ધ તત્વનો જાણ, મુક્ત–કર્મથી રહિત અને શીતલી ભાવને પામી સર્વ દુઃખથી રહિત થયો–મોક્ષે ગયો.

આ પ્રમાણે હે ભગવંન્, એવું કલ્યાણકારી વચન કહી ભગવાન ગૌતમે, શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને વંદના અને નમસ્કાર કર્યો, અને તે કહીને તેઓ શ્રી વીરપ્રભું પ્રત્યે આ પ્રમાણે બોલ્યા,

હે ભગવન્, લક્ષ્મી દેવતાએ અધ્યાસ કરેલી અને સોનેરી કશબથી સુશોભિત એવી પાઘડી વાલા નગરશેઠને અને એક દરિદ્રી રાંક માણસને તેમજ એક રાજાને પચ્ચખાણની ક્રિયાનો અભાવ અથવા અપ્રત્યાખ્યાનથી ઉપજેલો કર્મબંધ તે રૂપ ક્રિયા કરે?

ભગવાન ઊત્તર આપે છે, હે ગૌતમ, તે નગર શેઠને યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા કરે.

ગૌતમસ્વામી પુછેછે, તે શા કારણથી?

ભગવાન ઊત્તર આપે છે, હે ગૌતમ, અવિરતિને આશ્રીને એટલે

ઇચ્છાની અનિવૃત્તિને લઇને તે તેજ કારણથી તે અપ્રત્યાખ્યાન ક્રિયા કરે છે. તે ઇચ્છાની અનિવૃત્તિ સર્વને સરખી હોય છે.

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, મોટો શ્રેષ્ઠી અને દરિદ્રી યાવત્ અપ્રત્યાખ્યાન ક્રિયા કરે (અપ્રત્યાખ્યાનની ક્રિયાનો પ્રસંગ આવે છે તેથી કહે છે.)

તે આધાકર્મી[1] આહાર કરે તો બાહ્ય અને આભ્યંતર ગ્રંથથી રહિત એવા નિર્ગ્રંથ મુનિ શું બાંધે? એટલે પ્રકૃતિ બંધને આશ્રીને શું બાંધે? શું કરે? એટલેસ્થિતિ બંધની અપેક્ષાએ શું કરે? અનુભાગ બંધની અપેક્ષાયે શું ચિત કરે? અને પ્રદેશબંધની અપેક્ષાએ શું ઉપચિત કરે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, તે આધાકર્મી આહાર કરે તે આયુષ્યકર્મને વર્જીને, સાત કર્મની પ્રકૃતિ જે શિથિલ બંધથી બાંધેલી હોય તે દઢ બંધનથી બાંધે, એટલે હળવા કર્મને રેશમની ગાંઠની જેમ તાણી બાંધે કે જેથી તે આ સંસારને વિષે અનંતવાર ભમ્યા કરે.

ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, આધાકર્મી આહાર કરનારો સાધુ આ ચતુર્ગતિ સંસારને વિષે ભમે, તેનું શું કારણ, ?

ભગવાન્ ઊત્તર આપે છે, હે ગૌતમ, આધાકર્મી આહાર કરનારો સાધુ, આત્માએ કરીને પોતાના ચરિત્રને અથવા શ્રુતધર્મને અતિક્રમે-એટલે ધર્મથી ભ્રષ્ટ થાય છે, જયારે આત્માએ કરી ધર્મનો અતિક્રમ કરે એટલે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય તથા દ્વીંદ્રિય પ્રમુખ જીવને નાશ કરે, તે ઊપર દયા--ન--આવે અને તે જીવના શરીરના આહારનો આહારકરે અને તે જીવ ઉપર અનુકંપા ન આવે તે કારણને લઇને આધાકર્મી આહાર કરનારો સાધુ આયુષ્ય શિવાય સાતકર્મની પ્રકૃતિ જે શિથિલબંધે બાંધી હોય તેને દઢ બંધથી બાંધે, અને સંસારમાં પરિભ્રમણ કરે, એમ કહેવામાં આવ્યું છે;—

ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, પ્રાસુક અને એષણીય આહારને કરનારો સાધુ શું બાંધે, શું કરે,—? શું-ચિત કરે? અને શું ઊપચિત કરે?

---

૧ આધાય ક્રિયતે इति आधाकर्म સાધુ પ્રણિધાનથી જે સચેત હોય તેને અચેત કરે અથવા અચેત કરી પકાવે, ઘર વગેરેને ચિત કરે અથવા વસ્ત્ર વગેરેને સીવે તે આધાકર્મ કહેવાય છે.

ભગવાન્ ઉત્તર આપે છે; હે ગૌતમ, પ્રાસુક તથા એષણીય આહાર કરનારો સાધુ આયુષ્ય શિવાય જે સાતકર્મની પ્રકૃતિ દૃઢ બંધવાલી હોય તેને શિથિલ બંધવાલી કરે જેમ સંવૃત નામના અનગારને કહ્યું હતું. તેમ અહિં એટલું વિશેષ છે કે, આયુષ્યકર્મને કોઇવાર બાંધે અને કોઇવાર ન બાંધે જો આયુષ્યકર્મ ન બાંધે તો તે જીવ મુકિતનો અનુસરનારો થાય, બાકીનું બધું સંવૃત સાધુની પ્રમાણે જાણવું; અર્થાત્ તેની જેમ મોક્ષે જાય.

ગોતમસ્વામી પ્રશ્ન કરે છે, હે ભગવન્, તેવો સાધુ આ સંસાર તરી મોક્ષે જાય, એમ જે કહ્યું, તેનું શું કારણ ?

ભગવાન્ ઉત્તાર આપે છે, હે ગૌતમ, જે શ્રમણ નિર્ગ્રંથ મુનિ પ્રાસુક તથા એષણીય આહાર કરે તે પોતાના આત્માએ કરી ચારિત્રધર્મને કે શ્રુત ધર્મને ઓલંગતો નથી, અને જયારે તે શ્રુત ચારિત્રરૂપ ધર્મનું ઉલ્લંઘન કરતો નથી, એટલે તે પૃથ્વીકાયથી લઇને ત્રસકાય તથા દ્વીંદ્રિય પ્રમુખ જીવની રક્ષા કરે છે. તે કદિ પણ જીવના શરીરનો આહાર કરે, તોપણ તે જીવની રક્ષા કરે છે, તે કારણથી તે આ સંસારના પારને પામે છે,–મોક્ષે જાય છે.

આધા કર્મથી ઉલટો પ્રાસુક–એષણીય આહાર છે, તે પછીના સૂત્રમાં તેવા આહારથી આ સંસારનું ઉલ્લંઘન કહેવામાં આવ્યું, પણ તે કર્મની અસ્થિરતાને લઇને પ્રલોટન–જુદાંપણુ થાયછે, તેથી હવે કર્મની અસ્થિરતા વિષે ગૌતમસ્વામી પુછેછે, હે ભગવન્, જે લોહ વગેરે અસ્થિર દ્રવ્ય છે, તે પ્રલોટે છે, એટલે ઉંધુંચીતું થાય છે, તેવી રીતે અસ્થિર એવું કર્મ જે અધ્યાત્મ ચિંતામાં કહેલું છે, તે જીવના પ્રદેશથી પ્રતિ સમયે ચલ્યા કરે છે, એટલે ઉદયે આવવું તથા નિર્જરા પામવું વગેરે પરિણામોથી પરિવર્તે છે. પણ જે શિલા વગેરે સ્થિર વસ્તુ છે, તે પ્રલોટતી નથી તેવી રીતે જે અધ્યાત્મચિંતામાં સ્થિર જીવ છે, તે કર્મનો ક્ષય થતાં પણ અવસ્થિત રહે છે.–તે જીવ પ્રલોટતો નથી એટલે પોતાના ઉપયોગ લક્ષણ સ્વભાવથી પરિવર્ત્તન પામતો નથી. તેમ જે તૃણ વગેરે અસ્થિર–એટલે ભાંગી જવાના સ્વભાવ વાલી વસ્તુ છે, તે ભાંગી જાય છે.–તેના કટકા થઇ શકે છે. અને લોહની શકાલા વગેરે વસ્તુ છે. તે સ્થિર રહે છે, એટલે ભાંગતી નથી. તે પ્રમાણે જે કર્મ અધ્યાત્મ ચિંતામાં અસ્થિર છે, ભાંગે તેવું છે, તે ભાંગી જાય છે, પરંતુ જે જીવ અધ્યાત્મ ચિંતામાં સ્થિર છે, તે જીવ ભાંગતો

નથી, કારણ કે, તે શાશ્વત હોય છે, તે જીવ વ્યવહારથી બાલક અને નિશ્ચયથી અસંયત એવો જીવ દ્રવ્યપણાને લઇને શાશ્વત છે અને વ્યવહારથી બાળપણું અને નિશ્ચયથી અસંયતપણું તે પર્યાયપણાને લઇને અશાશ્વત છે; તેવી રીતે વ્યવહારથી પંડિતપણું શાશ્વત અને નિશ્ચયથી સંયતીજીવ શાશ્વત અને દ્રવ્યથી પંડિતપણું અશાશ્વત અને નિશ્ચયથી પંડિતપણું અશાશ્વત તે વિષે શું છે?

ભગવાન્ ઉત્તર આપે છે, હે ગૌતમ, જે અસ્થિર છે, તે પરિવર્ત્તન પામે છે, અને બાલપણું અને પંડિતપણું—એ સર્વ અશાશ્વત છે.

ગૌતમસ્વામી કહે છે, હે ભગવન્, આપે જે કહ્યું તે સર્વ સત્ય છે, અન્યથા નથી.

આ પ્રમાણે કહી ગૌતમસ્વામી પ્રભુને વંદના કરી વિચરવા લાગ્યા.

### इति प्रथम शतकनो नवमो उद्देश समाप्त.



# दशम उद्देश.

## અસ્થિર કર્મ વિષે વિશેષ વિવેચન.

ઉપર કહેલા નવમાં ઊદ્દેશમાં અસ્થિર કર્મ વિષે જે કહેવામાં આવ્યું છે. તો કુતીર્થીઓ તે અસ્થિર કર્મ વગેરેમાં પ્રવર્ત્તે છે તો તે કુતીર્થીઓના અધિકાર વિષે તેમજ સંગ્રહણી ગાથાની અંદર કર્મનો ચલન ધર્મ કહેલો છે, તે પ્રતિપાદન કરવાને આ પ્રથમ શતકનો દશમો ઊદ્દેશ કહેવામાં આવે છે.

ગૌતમસ્વામી પુછે છે, હે ભગવન્, જે કુતીર્થીઓ-અન્યતીર્થીઓ સામાન્યપણે કહે છે, અને પ્રરૂપેછે કે, જે કર્મ ચલવા માંડે તેને ચલ્યું એમ ન કહેવાય એટલે વર્ત્તમાન કાલને અતીત કાલરૂપે ન કહેવાય, તે નિર્જરા પામેલાને નિર્જરા પામ્યું, ત્યાંસુધી વર્ત્તમાનકાલને ભૂતકાલ રૂપે કહેવાય નહીં. અર્થાત્ જે ચલ્યું તે ચલ્યુંજ કહેવાય છે, અને જે નિર્જર્યું તે નિર્જર્યુંજ કહેવાય વળી તેઓ એમ કહે છે કે, બે પરમાણું એકત્ર મળે એટલે શુદ્ધરૂપે મલી શકે નહીં, કારણ કે, બે પરમાણું પુદ્ગલોને સ્નેહ પર્યાયનો રાશિ હોઈ શકે નહીં, કારણ કે, તે સૂક્ષ્મ છે; ત્રણ પરમાણું પુદ્ગળો એકત્ર મલી શકે એટલે શુદ્ધપણે થઇ શકે, કારણ કે, સ્થૂલપણાને લઇને (બાદરપણાને લઇને) તે ત્રણ પરમાણું પુદ્ગળો સ્નેહ પર્યાયનો રાશિ છે; વળી તે ત્રણ પરમાણું પુદ્ગળોને શુદ્ધ રૂપે ભેદ પામવાથી બે પ્રકારના થાય છે, તેમજ ત્રણ પ્રકારના પણ થાયછે, જયારે તેના બે ભેદ કરવામાં આવે ત્યારે એક પાસે દોઢ પરમાણું પુદ્ગળ થાય અને બીજી પાસે પણ દોઢ પરમાણું પુદ્ગળ થાય છે, અને તેના ત્રણ ભેદ કરતાં જુદા જુદા ત્રણ પરમાણુ પુદ્ગળ થાય છે; એવી રીતે ચાર પાંચ પરમાણુ

પુદ્ગળો એકઠા મળે—એટલે શુદ્ધરૂપે થાય, ત્યારે તે દુઃખ રૂપ કર્મપણે પરિણમે છે; તે કર્મના અનાદિપણાથી તે દુઃખ પણ શાશ્વતપણે સદા—સર્વ કાળ સમ્યકત્વ પરિણામે ચય પામે અને અપચય પામે.

વળી તે અન્ય તીર્થીઓ કહે છે કે, જે પૂર્વે બોલવામાં આવી હોય તે ભાષા કહેવાય છે, અને જે વર્ત્તમાનકાલે બોલાતી હોય તે ભાષા કહેવાતી નથી; કારણ વર્ત્તમાન સમય અતિ સૂક્ષ્મ છે, તેથી વચનથી જે ભાષાના દ્રવ્ય નીકલતાંજ ભાષા કહેવાય છે; અને સમયથી અતિક્રાંત બોલાઇ, તે ભાષા અને તે જે બોલ્યા પહેલી ભાષા અને જે બોલાતી ભાષા તે અભાષા કહેવાય. તે ઉપરથી એટલું સિદ્ધ થયું કે. સમય અતિક્રાંત થયા પછી બોલાય તે ભાષા કહેવાય ત્યારે શું તે ભાષક—ભાષણ કરનારની ભાષા કે અભાષક—ભાષણ ન કરનારની ભાષા?

અન્યતીર્થી આ પ્રશ્નનો ઉત્તર એવો આપે કે, તે અભાષકની ભાષા કહેવાય પણ ભાષકની ભાષા કહેવાય નહી.

વળી અન્યતીર્થી એમ કહે છે કે, કાયિકી વગેરે ક્રિયા જ્યાં લગી કરવામાં ન આવે ત્યાં લગી તે દુઃખનું કારણ છે, પણ જ્યારે તે કરવામાં આવે ત્યારે તે દુઃખનું કારણ નથી—કારણકે અભ્યાસને લઇને તે છે; ક્રિયાનો સમય અતિક્રમણ થતાં કરેલી ક્રિયા દુઃખનું કારણ થાય છે, જે ક્રિયા પહેલી દુઃખનો હેતુ છે, પણ જ્યારે તે કરવામાંડી ત્યારે દુઃખઃનો હેતુ થાય છે કે ક્રિયાનો સમય વ્યતિક્રાંત થતા કરેલી ક્રિયા દુઃખનો હેતું થાય છે. તો તે ક્રિયા કરણને આશ્રીને દુઃખનો હેતુ છે કે, અકરણને આશ્રીને દુઃખનો હેતુ છે. એટલે કરતાં દુઃખનો હેતુ કે ન કરતાં દુઃખનો હેતુ છે. તે ન કરતાં પણ તે ક્રિયા દુઃખ રૂપે પ્રાપ્ત થાય છે, એવી રીતે પૂર્વોક્ત વસ્તુ વકતવ્યરૂપે પ્રાપ્ત થાય છે.

વળી બીજા અન્ય તીર્થીઓ એમ કહે છે કે, જે જીવોને અકૃત્ય એટલે અનાગતકાળની અપેક્ષાએ કરવા યોગ્ય નહીં એવું દુઃખ એટલે અશાતા અથવા કર્મ, તે અકૃત્યપણાને લઇને અસ્પૃશ્ય છે, એટલે બાંધવા યોગ્ય નથી. તેમજ જે તર્ત્તમાનકાલે કરાતું અને અતીતકાલે કરેલું ન હોવાથી અક્રિયમાણ કૃત છે, એટલે ત્રણ કાલે પણ કર્મના બંધનો નિષેધ છે, તેવું કર્મ કર્યા વગર પ્રાણ[1] ભૂત, જીવ અને સત્વ—પ્રાણીઓ શુભાશુભ કર્મની વેદનાને

---

[1] "બેંદ્રિય તેંરિદ્રિય અને ચોઇંદ્રિય જીવ પ્રાણ કહેવાય છે. વૃક્ષ પ્રમુખ ભૂત કહેવાય છે, પંચેંદ્રિય જીવ કહેવાય છે અને બાકીના સર્વ સત્વ કહેવાય છે."

અથવા પીડાને અનુભવે છે તે શી રીતે ? કહેવાનો આશય એવો છે કે અન્યતીર્થીઓ કહે છે કે, સર્વ લોકને સુખ દુઃખ અદચ્છાએ અકસ્માત્ રીતે થઇ આવે છે, તેમાં બુદ્ધિપૂર્વક થવાનું વૃથા અભિમાન રાખવું નહીં.

ભગવાન્ કહે છે, હે ગૌતમ, જે અન્યતીર્થીઓ શુભાશુભ કર્મ વેદના સુધીના સંબંધે જે કહે છે, તે મિથ્યા કહે છે, અને હે ગૌતમ, હું આ પ્રમાણે કહુંછું. જે ચલિત થતું હોય તે પ્રથમ સમયે ચલિત ન થાય ત્યારે બીજા પ્રમુખ સમયોમાં પણ અચલિતજ કહેવાય, કદિપણ તે ચલિત થાય નહીં, તેથી કરીને વર્ત્તમાનપણાની ભૂતકાલપણું વિરૂદ્ધ ગણાતું નથી, તે વિષે મેં પ્રથમ નિર્ણય કરેલો છે તેથી ફરીવાર કહેતો નથી. તેવી રીતે નિર્જરાસુધી સમજી લેવું. વળી કહેવામાં આવ્યું કે, ચલિતકાર્યના ન કરવાથી તે અચલિતજ છે, તે પણ અયુક્ત છે, કારણકે, જે સ્થાસ-કોશ વગેરે વસ્તુ પ્રથમ ક્ષણે ઉત્પન્ન થતી હોય તેની અંદર છેલ્લેક્ષણે થવાની વસ્તુ પહેલા ક્ષણમાં પોતાનું કાર્ય કરેજ નહીં, કારણકે, તેમાં સત્વ હોતું નથી. એથી કરીને જે છેલ્લે સમયે ચલિત કાર્ય કહેવા ઇચ્છયું હોય તેપરથી પ્રથમ સમયે ચલિત ન કરે તો તેમાં શો દોષ છે? કારણકે, પોતપોતાના કાર્યો કરવાનો કારણોનો સ્વભાવ છે.

વળી અન્યતીર્થીઓ કહે છે કે, બે પરમાણું એકઠા મળે નહીં, કારણકે, સૂક્ષ્મપણાને લઇને તેમનામાં સ્નિગ્ધપણાનો અભાવ છે, તેપણ તેમનું કહેવું મિથ્યા છે, કારણકે બે પરમાણું એકઠા શામાટે મળે છે? તે બંને પરમાણુ પુદ્ગળો સ્નેહકાયપર્યાયનો રાશિ એકજ છે, તેથી તે બે પરમાણુપુદ્ગલો એકઠા મળી શકે છે, જ્યારે તેના બે ભેદ કરવામાં આવે ત્યારે એક પાસે પણ એક પરમાણું પુદ્ગળ થાય, અને બીજી પાસે પણ પરમાણુ પુદ્ગળ થાય; વળી ત્રણ પરમાણુપુદ્ગળ એકઠા મળે, તે ત્રણ પરમાણું શામાટે એકઠા મળે? કારણકે, ત્રણ પરમાણુપુદ્ગળોને સ્નેહપર્યાયનો રાશિ હોય છે, તે કારણને લઇને ત્રણ પરમાણુપુદ્ગલો એકઠા મળી શકે છે. તે પરમાણુપુદ્ગલો બે ભેદે પણ થઇ શકે અને ત્રણ ભેદે પણ થઇ શકે; જ્યારે તેને બે ભેદે કરવામાં આવે ત્યારે તે એકપાસે બે પ્રદેશી સ્કંધ થાય અને ત્રણ ભેદે કરવામાં આવે ત્યારે ત્રણ પરમાણુપુદ્ગળ થાય, એવી રીતે યાવત્ ચાર પાંચ પરમાણુપુદ્ગળ એકઠા મળી શકે અને તે મળીને સ્કંધપણે થાય છે; તે સ્કંધ અશાશ્વત છે, કારણકે, તેનામાં ઉપચય અને અપચયપણું છે. એટલે તે સદા સમયભાવે ઉપજી શકે છે, તેથી તેને પુષ્ટ કરી શકાય છે અને હીન પણ કરી શકાય છે.

પ્રથમ ભાષા એટલે જે પહેલા બોલાય તે ભાષા કહેવાય અને ભાષણ પહેલા ન બોલાય તે અભાષા કહેવાય, જે ભાષણ કરતાં બોલાય તે ભાષા કારણકે, તેથી શબ્દાર્થની ઉપપત્તિ છે અને ભાષાનો સમય અતિક્રમણ થયા પછી જે ભાષણ કરેલી ભાષા તે અભાષા કહેવાય, કારણકે, તેમાં શબ્દાર્થનો વિયોગ થાય છે. ત્યારે જે બોલાતી ભાષા તે ભાષા કહેવાય અને ભાષણનો સમય ચાલ્યા ગયા પછી જે બોલેલી ભાષા તે અભાષા કહેવાય, તોપછી જે ભાષક–ભાષણ કરનાર–બોલનાર છે, તેનાથી ભાષા છે કે જે અભાષક–બોલનાર નથી, તેનાથી ભાષા છે? તેમાં એમ સમજવું કે જે ભાષક–બોલનાર છે, તેનાથી ભાષા છે પણ જે અભાષક–બોલનાર નથી તેનાથી ભાષા નથી. તેવી રીતે ભાષાની જેમ પેહેલી જે ક્રિયા છે, તે દુઃખની કરનારી છે, એમ સમજવું, કારણકે કરવા પહેલા ક્રિયાજ હોતી નથી તેથી તે દુઃખરૂપ કે સુખરૂપ થતી નથી. પણ જે દુઃખરૂપ દેખાય છે, તે અન્યમત પ્રમાણે છે. ક્રિયા કરવામાં આવે તો દુઃખરૂપ થાય છે, પણ તે કરવામાં ન આવે તો દુઃખરૂપ થતી નથી. અહિં વક્તવ્ય એ છે કે, ક્રોધ પણ દુઃખરૂપ, સ્પર્શ પણ દુઃખરૂપ, કરવા માંડયું અને કર્યું, એ પણ દુઃખરૂપ–એમ પ્રાણભૂત જીવ સત્વ વેદનાને વેદે છે, એમ વક્તવ્યછે.

અહિં અન્યમતીઓનો મત કહે છે–હે ભગવન્! એક જીવ એક સમયે જે બે ક્રિયાઓ કરે છે, જેમ એક ઇર્યાપથિકી અને બીજી સાંપરાયિકી. ઇર્યા એટલે ગમન કરવું, તે વિષયનો પંથ એટલે માર્ગ–અર્થાત્ માર્ગે ચાલવા સંબંધી ક્રિયા અર્થાત્ કેવળ કાયયોગ પ્રત્યય કર્મબંધ અને અને જેમનાથી પ્રાણી ભવમાં ભ્રમણ કરે તે સંપરાય એટલે કષાયો, તે સંબંધી ક્રિયા તે સાંપરાયિકી ક્રિયા અર્થાત્ કષાય હેતુક કર્મબંધ, તે બંને ક્રિયાઓ જીવ એક સમયે કરે છે. તે જીવ જે સમયે ઇર્યાપથિકી ક્રિયા કરે અને જે સમયે સાંપરાયિકી ક્રિયા કરે તે સમયે ઇર્યાપથિકી ક્રિયા કરે તેમ વળી ઇર્યાપથિકી ક્રિયા કરતો થકો સાંપરાયિકી ક્રિયા કરે અને સાંપરાયિકી ક્રિયા કરતો થકો ઇર્યાપથિકી ક્રિયા કરે, એવીરીતે નિશ્ચયથી એક જીવ એક સમયનેવિષે બે ક્રિયાઓ કરે. ગૌતમ પુછે કે, હે ભગવન્, તે જીવ એક સમયનેવિષે તે ઇર્યાપથિકી અને સાંપરાયિકી–એ બે ક્રિયા શીરીતે કરી શકે?

ભગવાન્ ઉત્તર આપે છે. હે ગૌતમ ! અન્ય તીર્થીઓ તે પ્રમાણે માને છે. અને તે તેમનું મિથ્યાત્વ છે–અસત્ય છે, કારણ કે, જે ઐર્યાપથિકી ક્રિયા છે, તે અકષાયના ઉદયથી થાય છે, અને જે સાંપરાયિકી ક્રિયા છે. તે કષાયના ઉદયથી થાય છે, તો એક જીવને એક સમયે તે બંને ક્રિયાઓનો સંભવ થઇ શકે નહીં. તે વિરોધ વાલો છે. હે ગૌતમ,

તે સંબંધમાં હું એમ કહું છું કે, જીવ એક સમયે એકજ ક્રિયા કરી શકે. કાંતો એક ઐર્યાપથિકી ક્રિયા કરે અથવા કાંતો એક સાંપરાયિકી ક્રિયા કરે. પણ બંને ક્રિયા એક સમયે એક સાથે થઇ હવે અનંતર પછીની જે ક્રિયા કહી અને તે ક્રિયા કરનારનો ઉત્પાદ થાય છે-ઉત્પત્તિ થાય છે. તે ઉત્પાદના વિરહની પ્રરૂપણા કરવા માટે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે.

ગૌતમ સ્વામી પુછે છે, હે ભગવન્! નરક ગતિને વિષે ઉત્પન્ન થવાના વિરહનો કાળ કેટલો કહયો છે? ભગવાન ઉત્તર આપે છે, હે ગૌતમ, નરક ગતિને વિષે ઉત્પન્ન થવાનો વિરહજ સામાન્યપણે એક સમયનો અને ઉત્કૃષ્ટપણે બાર મુહૂર્ત્તનો કહયો છે. આ જીવોની ઉત્પત્તિનું પ્રકરણ પ્રજ્ઞાપના સૂત્રમાં છઠું છે. તેનો સંક્ષેપાર્થ આ પ્રમાણે ત્યાં દર્શાવ્યો છે. પંચેંદ્રિય તિર્યંચગતિમાં, મનુષ્ય ગતિમાં અને દેવ ગતિમાં ઉત્પન્ન થવાના વિરહનો કાળ ઉત્કર્ષથી બાર મુહૂર્ત્તનો અને જઘન્યથી એક સમયનો છે. રત્નપ્રભા વગેરે સાત નારકીમાં અનુક્રમે ચોવીશ ૧ મુહૂર્ત્ત, ૨ સાત અહોરાત્રિ, ૩ પંનર અહોરાત્રિ, ૪ એક માસ ૫ બે માસ, ૬ ચાર માસ અને ૭ છ માસનો ઉત્કર્ષથી ઉત્પન્ન થવાનો વિરહકાળ સમજવો અને જઘન્યથી એક સમયનો સમજવો એવી રીતે ચ્યવનાનો વિરહપણ જાણવો, ઉત્પન્ન થવાની અને ચ્યવવાની સંખ્યા જઘન્યપણે બે ત્રણની અને ઉત્કૃષ્ટપણે સંખ્યાતા અસંખ્યાતાની છે. તિર્યંચની ગતિમાં વિરહકાળ ભિન્ન મુહૂર્ત્તનો છે. અને વિકલેંદ્રિય તથા સંમૂર્છિમ જીવોનો પણ ઉત્કર્ષપણે બાર મુહૂર્ત્તનો અને જઘન્યપણે એક સમયનો છે. એકેંદ્રિય જીવોને તો વિરહકાળ છેજ નહીં. ઇત્યાદિ વિશેષ જાણવા માટે પ્રજ્ઞાપના સૂત્રમાંથી જાણી લેવું.

ગૌતમ કહે છે, હે ભગવન્! આપે જે કહ્યું, તે સર્વ સત્ય છે, અન્યથા હોય નહીં.

इति गुरुगमभङ्गैः सागरस्याहमस्य
स्फुटमुपचितजाडयः पञ्चमाङ्गस्य सद्यः ।
प्रथमशतपदार्थावर्त्तगर्तं व्यतीतो
विवरणवरपोतं प्राप्य सद्धीवराणाम् ॥ १ ॥

श्रीमदभयदेवसूरिः

# प्रथम गुच्छक समाप्त.